ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Prabuddh Jeevan

(ઈ.સ.૧૯૨૯થી)

Vol No.: 8 • Issue:5 • Mumbai • August 2020 • Pages : 96 • Price 30/-
ગુજરાતી–અંગ્રેજી વર્ષ – ૮ (કુલ વર્ષ ૬૮) • અંક–૫ • ઓગસ્ટ ૨૦૨૦ • પાનાં – ૯૬ • કિંમત રૂ. ૩૦/–



## પર્યુષણ વિશેષાંક : સંતવાણી

सन्तप्तायसि संस्थितस्य पयसौ नामापि न ज्ञायते मुक्ताकारयतया तदेव नलिनीपत्रे स्थित रजते।
स्वात्यां सागरशूक्तिमध्यपतितं सन्मौक्तिकं जायते प्रयेणाधमम्ध्यमोक्तम गुण:संसर्गतो जायते ।।

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન: ૧૯૩૨ થી ૧૯૩૩

બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુન: પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન: ૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ:**

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |

## રજિસ્ટર્ડ ઑફિસ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com

## સર્જનસૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી સ્થાનેથી | સેજલ શાહ | ૩ |
| ૦૨. | વિદ્વાન સંપાદક શ્રી ગુણવંત બરવાળિયાનો પરિચય | સેજલ શાહ | ૫ |
| ૦૩. | સંપાદકીય - સંતવાણીની પરિકમ્મા | ગુણવંત બરવાળિયા | ૬ |
| ૦૪. | 'દલ દરિયેમેં ડૂબકી દેના, મોતી લેના ગોતી' | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૭ |
| ૦૫. | અવધુતયોગી આનંદઘનજી | ગુણવંત બરવાળિયા | ૯ |
| ૦૬. | શ્રી યાકિની મહત્તરા | પ્ર. સા. વાચંયમાશ્રીજી મ.સા. | ૧૩ |
| ૦૭. | ''ન પકડે તંત, એનું નામ સંત'' | આચાર્યશ્રી રાજયશ સૂરીશ્વરજી મહારાજસાહેબ | ૧૫ |
| ૦૮. | લલ્લેશ્વરી (કાશ્મીરની આદી સંત કવિયત્રી) | સુરેશ ગાલા | ૧૬ |
| ૦૯. | સુફી સંતત્વ : સિલ સિલા - એ - નૂર | સુભાષ ભટ્ટ | ૨૧ |
| ૧૦. | આદિગુરુ રામાનંદનું તેજસ્વી અનુસંધાન: ઉગમસાહેબ સત અને ઋત | બળવંત જાની | ૨૩ |
| ૧૧. | સૌરાષ્ટ્રની સંતમાળાના મેરુ સમાન સંતકવિ મૂળદાસજી | નિરંજન રાજ્યગુરુ | ૨૭ |
| ૧૨. | ગંગાસતી : સમર્થ કવિયત્રી | દલપત પઢિયાર | ૩૫ |
| ૧૩. | સંતશ્રી બજરંગદાસ બાપા: સત્ અને ઋત | બળવંત જાની | ૩૭ |
| ૧૪. | સૌરાષ્ટ્રમાં સદાવ્રત પરંપરાના નાંદી: મહાસિદ્ધ શ્રી આણંદાબાવા | સતીશચંદ્ર વ્યાસ | ૪૫ |
| ૧૫. | સંતવાણીનો વિલક્ષણ પ્રવાહ: અવળવાણી | રવજી રોકડ | ૪૮ |
| ૧૬. | ગોરખનાથ | મનોજ રાવલ | ૫૪ |
| ૧૭. | ગોરા કુંભાર અને સાવતામાળીની આધ્યાત્મિક કવિતા | અભય દોશી | ૫૭ |
| ૧૮. | કલ્યાણકારી પ્રવૃત્તિઓના સંવાહક, જીવદયાના પ્રખર પ્રણેતા સાધુ ટી.એલ. વાસવાણી | જેઠો લાલવાણી | ૬૦ |
| ૧૯. | સમર્થ રામદાસ સ્વામી | રશ્મિ ભેદા | ૬૨ |
| ૨૦. | સંત શ્રી મેકરણ દાદા | પાર્વતીબેન નેણશી ખીરાણી | ૬૫ |
| ૨૧. | દક્ષિણભારતના સંત શિરોમણી - મહર્ષિ રમણ | રતનબેન ખીમજી છાડવા | ૬૮ |
| ૨૨. | સ્વામીનારાયણ સંપ્રદાયના વિરલ પરમહંસ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી | જયેશ મંડા ણકા / આનંદ આચાર્ય | ૭૧ |
| ૨૩. | પૂ. શ્રી મોટા વીસમી સદીના આર્ષદૃષ્ટા | ગૌતમ પટેલ | ૭૫ |
| ૨૪. | મનુષ્યની આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં શ્રી માતાજી તથા શ્રી અરવિંદનું પ્રદાન | સ્વાતિબેન નવલકાંત જોષી | ૭૮ |
| **25.** | **Sant Kavi Surdas... A visionary via Soul Insight!** | **Prachi Dhanvant Shah** | **81** |
| ૨૬. | અદ્વૈતતાની અંતરની ભાવના એટલે આત્મા અને બ્રહ્મનો સમન્વય | તત્વચિંતક વિ. પટેલ | ૮૩ |
| ૨૭. | શ્રાવક અતિચાર: પશ્ચાતાપની ગંગામાં સ્નાન કરીને પુનિત થવાની ગંભીર વૈજ્ઞાનિક પ્રક્રિયા | અભય દોશી | ૮૪ |
| ૨૮. | પાપની કબૂલાત (કન્ફેસન) કરવાની રીત | થોમસ પરમાર | ૮૭ |
| ૨૯. | બૌદ્ધ ધર્મમાં પાપની આલોચના | જાગૃતિ નલીન ઘીવાલા | ૮૮ |
| ૩૦. | મિચ્છામી દુક્કડમ્ એવં આલોચના | પાર્વતીબેન નેણશી ખીરાણી | ૮૯ |
| ૩૧. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૯૧ |
| ૩૨. | ચાણક્યનાં સુભાષિત સૂત્રો | પી. યુ. શાસ્ત્રી | ૯૩ |
| ૩૨. | અતીતની બારીએથી.... | બકુલ ગાંધી | ૯૪ |
| ૩૩. | પૂ. ભાઈ (નાથાલાલ હ. જોશી)ને પત્ર | કમલ વોરા | ૯૬ |


મુખપૃષ્ઠ પર આપેલા સંસ્કૃત શ્લોકનો અર્થ : તપી રહેલા લોઢા ઉપર જળ બિંદુ ટકતું નથી, જ્યારે કમળ પત્ર ઉપર મોતીનો આકાર ધારણ કરી લે છે. તથા સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રના છીપલામાં પડેલ એ ટીપું મોતી બની જાય છે. નીચ, મધ્યમ અને ઉત્તમ સંગથી આવા ગુણો બને છે.

**(શતબોધ શતક-૧૬)**

**આ અંકનું સૌજન્ય રૂા. ૮૦.૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૫ • વીર સંવત ૨૫૪૫ • શ્રાવણવદ - ૧૨

## પર્યુષણ વિશેષાંક : સંતવાણી

આ અંકના વિદ્વાન સંપાદક : ગુણવંત બરવાળિયા

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

તંત્રી સ્થાનેથી...

# સત સમજાવે તે સંત

જે સતને સમજાવે તે સંત. મનુષ્યજીવનમાં ખૂબ તાર્કિકતા, વૈજ્ઞાનિકતા સ્વીકાર્યા પછી સગવડથી ભરપૂર જીવન મળે છે. એ જીવનને મુઠ્ઠીમાં ભરીને ખૂબ દોડતા માણસો, સતત ખાલીપાને અનુભવે, કિનારે પહોંચીને શોધને જારી રાખે, મેળવીને પ્રાપ્તિની ઝંખના કરે ત્યારે જે આવે અને હાથ પકડીને લઇ જાય અને પ્રાપ્તિનો અનુભવ કરાવે તે સંત. સંત એટલે એક વ્યક્તિ વિભૂતિ માત્ર નહી, પણ સંત એટલે અનુભૂતિ, આભાનું મંડળ જેમાં સહુ કોઈને પ્રવેશ હોય, સહુ કોઈનો સમાવેશ હોય. સંત એ માત્ર બાહ્ય અભિનિવેશથી ન પણ પરખાય પણ એના સહવાસમાં મન નિર્મળ રહે, મનનો કાંપ ઉછાળા ન મારે અને પોતાના આત્મા સાથે વાત કરવાનું મન થાય. પોતાનો આત્મા ન સમજાય તો સંતને સોંપી દેવાનું મન થાય અને થાય કે આને જરા પકડવાની કુંચી આપો.

પર્યુષણ પર્વ મારા માટે હંમેશ વાંચન, સાધનાનો સમય રહ્યો છે. એ સમય દરમ્યાન પ્રબુદ્ધ વાચકો સાથે વાત કરવાનું, ચર્ચા કરવાનું, ચિંતન કરવાનું, પ્રબુદ્ધ વાચકોના અનુભવ અને વાંચન સાધના વિષે સાંભળવાનું ખૂબ મન થાય. આજે આટલા બધા અવાજો વચ્ચે થાય, કે આ વાચકોનો ભીતરનો પ્રવાસ હું સાંભળું અને મારી જાતને પણ સમૃધ્ધ કરું. પણ એ બનતું નથી. ભૌગોલિક અંતર અને સમયના આપણે સહુ શરણાર્થી એટલે સમયને ભલે કાંડા પર બાંધીને ચાલીએ પણ આમ તો સમય જ આપણને બાંધીને ચાલતો હોય છે. આ સમયને આધીન થનાર, સમય સામે થનાર, સમય સાથે સહજ થઇ ભળી જનાર, સમયને બદલવાનો પ્રયત્ન કરનાર, સમયની ફરિયાદ કરનાર, પોતાને સમયથી પર માનનાર, સમયના સિકંદર અને સમયની ગરીબ ગાય....કઈ કેટલાયે અવાજો અને કઈ કેટલાય પરિમાણો. પણ એક અવાજ એવો છે જે પોતાના અસ્તિત્વને અંકિત કરવાની કોશિશ કર્યા વગર સમયના પટ પર પોતાના હસ્તાક્ષર લખે છે. જેને ફરિયાદ નથી પણ પાણી જેવો સ્વભાવ છે, તરસ છીપાવે પણ એનો અણસાર ન આવે. થોડી વાર એમ લાગે છે પણ પછી તો તમારામાં એવા ભળી ગયા હોય કે તમને એની હયાતીની જાણ ન પણ હોય. એમને તમારા જીવનને પલ્લવિત કર્યું હોય. સંત એ ચિંતન અને સેવાનો એવો પ્રવાહ છે કે જમીનમાંથી મળતા ખાતરનો જેમ પ્રત્યક્ષ ખ્યાલ ન આવે તેમ તેમના હોવાનો પ્રત્યક્ષ ખ્યાલ ન આવે અને તેમનો ઉદ્દેશ્ય પણ એવો ન હોય. ભારતની સંત પરમ્પરા મૂલ્ય, સંસ્કૃતિ, સંસ્કારની પોષક રહી છે. ભારતીયતાને સિધ્ધ કરવામાં તેમનો લય બહુ જ ઉપકારક રહ્યો છે.

આ અંકના સૌજન્યદાતા

**શ્રી સી. કે. મહેતા પરિવાર**

પુણ્ય સ્મૃતિ

**પ.પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી મ.સા.**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ.રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪ ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બૅન્ક ઑફ ઈન્ડિયા IFSC : BKID0000039
• Website : www. mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com web Editor : Hitesh Mayani - 9820347990

પર્યુષણ પર્વના વિશેષ અંકની આતુરતા આપણને સહુને રહેતી હોય છે. કારણ દરવર્ષે આપણે અનેક નવા વિષયોને તાકતા હોઈએ છીએ, જેનું કારણ નવા વિષય માત્ર નહી, પણ નવા વિચારો અને તેની ફળદ્રુપતા મહત્વની હોય છે. પર્યુષણપર્વના વિશેષ અંકમાં ગયાવર્ષે ભારતીય ચિંતકો વિષે વાત કરી હતી. ત્યારે હું ખ્યાલ હતો કે વિચાર અને ચિન્તન પછી મારે, માનવીય વાત્સલ્યની વાત કરવી છે. અને હમણાં જે સમયમાંથી પસાર થવાનું બન્યું ત્યારે તો આની આવશ્યકતા ખાસ જણાઈ. આ જગતમાં મા પછી કોઈ વ્યક્તિ પાસે નિર્મળ સ્નેહ મળે તો તે હોય છે સંત. સંત એ માત્ર સતના દર્શન નથી કરાવતા પણ પોતાની કરુણાથી બને તેટલા લોકોના જીવનમાં સુખ/આનંદ લાવવાનો પ્રયત્ન કરે છે. સંત માત્ર ધર્મ કે ચિન્તન નથી પણ જીવનના રસની વાત છે, સંતના પહેરવેશનો રંગ કેસરી, પીળો, સફેદ, રાખોડી કે કાળો કે અન્ય કોઈ ? સંત તો આ સર્વ રંગોથી પર છે, તેમને હું પરમશક્તિના પ્રતિનિધિ કહું છું, તેઓ માનવતાની પ્રહરી છે. સંત તમને ટ્રેન, બસ, રસ્તા પર ગમે ત્યાં મળી જાય, ક્યારેક તે પોતાના આત્મમાં રત હોય તો ક્યારેક મનુષ્યની સેવામાં. તેમને આ વિશ્વ જેને આપણે પ્રગતિ અને વિકાસના નામે મોટું મશીન બનાવી દીધું છે, તેને ઉદ્યાન, નિરાંતનો બગીચો બનાવવામાં રસ છે. આ જગતમાં થોડાક સ્પંદનો, લાગણીઓ સ્વાર્થરહિત રહે, તેમાં તે મગ્ન છે. પાછા પોતાના હાથે જ પોતાના કાર્યને રૂપ આપે છે, તેમને માત્ર શબ્દોના તાડ નથી ઉગાડવા, તેમને તો કાર્યના રોપાં વાવવા છે. વેલ ઉગાડવી છે, છાંયડો આપી શકે તેવા વૃક્ષો વાવવા છે.

અનેક સામાજિક ઉધ્ધારના કાર્યો આ સંતોના હાથે નિરંતર થતાં રહ્યા છે. બહારવટિયા, ચોરી-લુંટફાટ, દારુ, તાડી જેવા વ્યસનોથી લોકોને મુક્તિ અપાવવી, બલિદાન રોકવા, અંધશ્રધ્ધાથી લોકોને છોડાવવા વગેરે જેવા અનેક કાર્યો સંતો કરતાં. અંદાજે ૧૨મી સદીથી અને કદાચ તે પૂર્વે પણ સંતો સમાજજીવનને શુદ્ધ અને પારદર્શી બનાવવાના કાર્યમાં રત રહેતા. આવા સંતો હંમેશાં લોકકલ્યાણની ચિંતા કરી લોકમાનસને ઘડવાનું, તેમના વ્યવહાર અને વર્તણુકને સુધારવાનો પ્રયત્ન કરતા. એક તરફ સંતો આ લોકો માટે આદર્શ સમાન હતા, તેમનું જીવન લોકો માટે સદમાર્ગે વળવાનું માધ્યમ હતું. સરળ અને સાદગીભર્યું જીવન અને લોકહિતને હૈયે ધરીને તેઓ જીવતા. તેમનું જીવન એક તરફ અધ્યાત્મને વરેલું હતું તો બીજી તરફ એ અધ્યાત્મને તેઓ સમાજજીવન સાથે જોડીને કાર્યાન્વિત કરતા. જ્ઞાન અને સેવા તેમના જીવનના બે મહત્વના સ્તંભો. એક તરફ લોકસેવાની પરબ છીપાવે તો બીજી તરફ જ્ઞાનના પ્રકાશના ઓજસથી આત્માને દીપાવે.

સંતમાં સેવાનો સ્વભાવ સહજ હોય છે, વાત્સલ્ય અને કરુણા તેમની ઓળખ હોય છે, સંત એ કોઈ ચોક્કસ ધર્મ કે મઠની એક ઓળખમાં બંધાઈ નથી રહેતા. તે માનવતાના વિસ્તારને વધુ વિકસાવે છે, તેમના જ્ઞાનનો ભાર તેના ભાવકોને નથી લાગતો, જ્યાં ભૂખ હોય ત્યાં તે જ્ઞાન આપવા અને જ્યાં અજ્ઞાન હોય ત્યાં તે તૃષા છીપવા નથી રોકાતા. જેમની જે જરૂરિયાત હોય છે, જેમની જે તરસ હોય, તેને તે સંતોષે છે. સંતની આ અનુપમ જ્યોત ભારતના અનેક ખૂણે છવાયેલી છે, અનેક નાના-નાના ગામોથી લઇ મોટા શહેર સુધી આ સંતો લોકહ્રદયમાં, લોક સાહિત્યમાં, દુહામાં પ્રસરેલા છે. તેમના ચરિત્રો આજે પણ લોકગીતોમાં કે લોકવાર્તામાં સચવાયા છે. તેમના દિવ્યજીવનને લોકો કરુણા, પ્રેમ સમજી પોતાની કાલી ભાષા વ્યક્ત કરે છે. ત્યારે સંતના ચહેરા પર પ્રસન્નતા તો હોય જ છે પણ સાથે જયારે કોઈ અપશબ્દ પણ કહે તો પણ આનંદ બરકરાર જ જોવા મળે છે. આ સંતોના જીવન વિષે ફરી ફરી લખવું જોઈએ, તેમના આદર્શ ચરિત્રને લોકો સામે ઉજાગર કરી, તેના ઉદાહરણ આવનારી પ્રજા માટે દિશા પ્રેરક બની શકે. આ અભ્યાસ આગળ જતાં અનેક સામજિક જીવનના ઈતિહાસ પણ પૂરા પાડે છે. સંતશ્રી મેઘમાયાથી લઇ સંતશ્રી વેમન, નામદેવ, ચોખામેળા, લલ્લેશ્વરીદેવી, તોરલ, રવિદાસ, લોયણ. આનંદી મા વગેરે જેવા અનેક નામો લઈએ તો પણ ઓછા પડે. પ્રત્યેક સમયે આ સંતો જીવનને મહેકતું રાખ્યું છે. આ સમાજ જે યંત્રવત બની જતો રોકવાનું કાર્ય આ સંતોએ કર્યું છે. આ સમાજમાં માનવતા પર શ્રધ્ધા ટકાવી રાખતા, માણસમાં જ ઈશ્વરને જોવાનું શીખવવાનું કાર્ય સંત કરે છે. પ્રબુદ્ધ જીવનનો આ વિશેષ અંક સંત પર કરવાનું એક મહત્વનું કારણ કે આજે કપરા સમયમાં કોઈ અંતરની આશા જગાડે અને કોઈ હાથ ઝાલે તેમ હોય તો તે છે સંત. આ સંતો વિષે આપણે જાણીએ, સમજીએ અને તેના જેવા બીજા ચરિત્રો શોધીએ અને વાંચીએ, એટલે આપણા વિશ્વમાં હજી પણ મૂલ્યમય, આશાસ્પદ, જીવન ટકી રહે. પોતાના અસ્તિત્વને વિસરી, અન્યના સુખ માટે જીવવું, તેની આંગળી પકડીને ચાલવું, એ વિભૂતિ કેવી મહત્વની હશે. જેને પોતાનો વિસ્તાર, સમાજ અને વિશ્વ કલ્યાણ માટે કર્યો. મારા માટે સંત એક એવું અસ્તિત્વ છે, જેને જોઈ આપણે ઈશ્વર અને માતાની કલ્પના કરી શકીએ છીએ. આ વિશેષ અંકનું સંપાદનનું કાર્ય શ્રી ગુણવંતભાઈએ બરવાળિયાએ સ્વીકાર્યું, તેનો આનંદ અને આભાર. આ કપરા સમયમાં પ્રૂફરીડીંગની જવાબદારી સંભાળનાર પુષ્પાબેન પરીખનો પણ ખૂબ આભાર. મને નિરંતર સહાય કરનાર માતુશ્રી અરુણાબેન શાહનો આભાર.

આપણા સહુમાં સંત તત્વ આવે અને વિકસે, એ જ અપેક્ષા.

■ ડૉ. સેજલ શાહ (પીએચ.ડી)
Mobile : +91 9821533702
sejalshah702@gmail.com

| ભારત માટેના લવાજમના દર | | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|---|
| ● વાર્ષિક લવાજમ | ₹ ૩૦૦ | | ● ૧ વર્ષના લવાજમના | $ 30 |
| ● ત્રણ વર્ષનું લવાજમ | ₹ ૭૫૦ | | ● ૩ વર્ષના લવાજમના | $ 80 |
| ● પાંચ વર્ષનું લવાજમ | ₹ ૧૨૫૦ | | ● ૫ વર્ષના લવાજમના | $ 130 |
| ● દસ વર્ષનું લવાજમ | ₹ ૨૫૦૦ | | ● ૧૦ વર્ષના લવાજમના | $ 250 |

**વાર્ષિક લવાજમ ડોલરમાં મોકલાવો તો ડોલર પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CURRENT ACCOUNT No. 003920100020260. IFSC:BKID0000039**

# વિદ્વાન સંપાદક શ્રી ગુણવંતભાઈ બરવાળિયાનો પરિચય

ખાંભા (અમરેલી)ના વતની ગુણવંત બરવાળિયાએ C.A. સુધી અભ્યાસ કર્યા બાદ, હાલ ટેક્સટાઈલ્સ ઈન્ડસ્ટ્રીમાં પ્રવૃત્ત છે. જૈન કોન્ફરન્સના મંત્રી, મુનિશ્રી, સંતબાલજી પ્રેરિત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ મુંબઈ-ચીંચણી, કલ્પતરુ સાધના કેન્દ્ર-દેવલાલી, પ્રાણગુરુ જૈન સેંટર, એમ.બી.બરવાળિયા ફાઉન્ડેશનની સ્પંદન હોલીસ્ટીક ઈન્સ્ટિટયૂટ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ-અમદાવાદ વગેરેમાં ટ્રસ્ટી છે. ઘણી સંસ્થાઓના મુખપત્રમાં તંત્રી તરીકે સેવા આપેલ છે. અમેરિકા, સિંગાપોર વગેરેમાં તેમના સફળ પ્રવચનો યોજાયાં છે. પારસધામ સંઘ, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ ઘાટકોપર સાથે સંકળાયેલા છે. તેમના ધર્મપત્ની મધુબહેને હિન્દી સાહિત્યમાં ડૉક્ટરેટ કરેલ છે. એમનાં પુસ્તકોની સંખ્યા ૭૫ થી વધુ છે. જૈન વિશ્વકોશ ભાગ ૧ થી ૪ (ડૉ. કુમારપાળ દેસાઈ સાથે) કર્યા છે, જે જૈન સાહિત્યનું આજના સમયનું મહત્વનું કાર્ય છે. હાલમાં જ તેમનું પુસ્તક પાકિસ્તાનનાં જૈન મંદિરોઃ વિસરાયેલા વારસાની વાતો નો અનુવાદ પ્રગટ થયો.

ગુણવંતભાઈએ સાહિત્યના પ્રદેશમાં પોતાનું ઉપનાગ 'ગુંજન' રાખ્યું છે. પોતાની વાત તેઓ હંમેશા ધીમા 'ગુંજન' રૂપે જ રજૂ કરે છે. તેમના પુસ્તકોના વિષયોમાં દર્શન, ચિંતન, કથા, સંશોધન તેમ જ સમાજ સુધારણાના વિષયો છે. સંઘર્ષ, શ્રમ, સાધના અને સિદ્ધિ-ગુણવંતભાઈના જીવન અને શબ્દયાત્રાના આ સોપાનો છે.

ગુણવંતભાઈ 'જૈન જગત', વિશ્વવાત્સલ્ય, જૈન પ્રકાશ, જાગૃતિ સંદેશ, કાઠિયાવાડી જૈન વગેરે સામાયિકમાં પોતાની સેવા આપે છે. અનેક જૈન સ્થાનકવાસી સંઘ, મંડળો, જૈન અધ્યાત્મ સેન્ટરોમાં તેમનું આગવું પ્રદાન છે. તેમને જૈન પત્રકાર સંઘનો બેસ્ટ જર્નાલિસ્ટ એવોર્ડ મળેલ છે.

ગુણવંતભાઈ એટલે સરળ, સહજ વ્યક્તિત્વ. કાર્ય કરવા માટે જેમને ઉંમર ન નડે અને અનેક પુસ્તકો કરવાની કદી થાક ન લાગે, એવા સતત અભ્યાસુ જીવ. સાધુ-ભગવંતોની શ્રુસેવા, સંસ્થાઓને ધબકતી રાખવી, જૈન સાહિત્યના વિશ્વમાં સતત શ્રાવક-શ્રાવિકાઓને રત રાખવાનું કાર્ય તેઓ કરે છે. સમગ્ર ભારતમાં અનેક સમારોહનું આયોજન કરવું, અભ્યાસુ-વિદ્વાનોને બોલાવવા અને તેમના સંશોધન લેખોને વિશાળ સમાજ સુધી પહોંચાડવાની અનોખી નીમ ધરાવે છે. પત્ની ડૉ. મધુબહેન મધુર કંઠ થી ભક્તિ રસ વહાવે અને ગુણવંતભાઈ જ્ઞાનની સરવાણી વહાવે - એવું આ અનોખુ યુગલ છે. સંતાનોમાં પણ ધર્મભાવ અને સ્વાધ્યાયભાવ રોપ્યા છે. તેમની વાત્સલ્યસભર દૃષ્ટિ અને ચોકસાઈથી ભાગ્યે જ કોઈ વંચિત રહે.

દર વર્ષે તેઓ જૈન ધર્મ-ચિંતનના વિષયને ધ્યાનમાં રાખી વિવિધ જ્ઞાનસત્રોનું આયોજન કરી નવી પેઢીને તૈયાર કરવાનું પાયાનું કાર્ય કરે છે. આવા વિદ્વાન શ્રાવક પાસેથી પ્રબુદ્ધ જીવનને વધુ ને વધુ લેખનકાર્ય મળે, તે જ ઈચ્છનીય.

હાલમાં જ શ્રી ગુણવંતભાઈ બરવાળિયાને મહારાષ્ટ્રસાહિત્ય અકાદમી વર્ષ ૨૦૧૮-૧૯નો 'વાડીલાલ ડગલી' પ્રથમ પુરસ્કાર મળ્યો. તેમના પુસ્તક 'વિશ્વ કલ્યાણની વાટે' જે ગુજરાતી લલિત નિબંધનું પુસ્તક છે, જૈન સાહિત્ય અને તત્વજ્ઞાનના કાર્ય માટે ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજી - લંડન (U.K) એ તેમને લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપેલ છે. માટે તેમને અઢળક અભિનંદન.

**- ડૉ. સેજલ શાહ**

When you deeply love someone from that space that is beyond attachment to certain projections or desires, when you love someone just deeply, totally, completely, without any games that the mind or emotions play, then that love remains eternal in the heavens forever, and that is what pulls you back to remembering that love.

## સંપાદકીય

# સંતવાણીની પરિકમ્મા

સમગ્ર વિશ્વ એક વિષમ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. સાંપ્રત કાળમાં કોરોના મહામારીને કારણે જન-જીવન સ્તબ્ધ છે. સૌ વિક્ષુબ્ધ છે. ચિંતા અને આર્તધ્યાનથી બધા ગ્રસ્ત છે. આરોગ્ય વિજ્ઞાનીઓ અને ડૉક્ટર્સ ઈમ્યુનીટી વધારવા અને ઔષધ આહાર અને બાહ્ય ઉપચાર સૂચવે છે. જેમ શારીરિક તંદુરસ્તી માટે રોગપ્રતિકારક શક્તિ વધારવાની જરૂર છે તેમ માનસિક, ભીતરની તાકાત વધારવાની પણ હવે જરૂરિયાત ઉભી થઈ છે. જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે ત્યારે હતાશા ડીપ્રેશન થી બચવાનું છે. એક બાજુ એકાંત છે તો બીજી બાજુ લોકડાઉન ને કારણે વર્ક ફ્રોમ હોમને કારણે પરિવારના સભ્યો સાથે સહજીવન કે અને સંસ્થાગત સમૂહજીવનનો વ્યાપ વધ્યો છે ત્યારે વિસંવાદિતા ન થાય અને સાંમજસ્ય જળવાઈ રહે તે માટે સંતો અને સત્પુરુષોની વાણી આપણી માનસિક ઈમ્યુનીટી વધારવા પ્રેરક બળ રૂપે બની રહેશે ડૉ. સેજલબેન પ્રબુદ્ધ જીવનના વિદ્વાન તંત્રીએ, આવા સમયે સંતવાણી વિશેષાંક પ્રગટ કરવાનું વિચાર્યું તે અનુમોદનીય છે.

આમાં સંપાદિત કરેલ સંતોના વિચારો, તેમનું આચરણ અને તેમનું પાવન જીવન કવન વાંચતા ગમે તેવી કપરી પરિસ્થિતિમાંય જીવનમાં સમાધિ ટકાવી રાખવાનું અપૂર્વ બળ મળશે.

આ સંતોની વાણી એ એમના અનુભવનું અમૃત છે. તેમણે એમની સાધનાના પરિપાક રૂપે જે કાંઈ પ્રાપ્ત થયું છે તે વાણી દ્વારા પીરસ્યું છે એમના કવનમાં નિજી સંવેદનોનો પ્રતિઘોષ ઝીલાયો છે.

અહીં સંતો માટે કહેવાયું છે કે ''દલ દરિયામેં ડૂબકી દેના મોતી લેના ગોતી'' આ સતવાણીમાં જીવન સાહિત્ય અને અધ્યાત્મનો એવો ત્રિવેણી સંગમ રચાયો કે અનેક મહાનુભાવો કવિઓ અને અન્ય અધ્યાત્મ સાધકો અને જીજ્ઞાસુઓ પર એનો પ્રભાવ પડ્યો કે આ સંતવાણી સહુ કોઈ માટે પ્રેરક બની રહી.

પારસમણીના સ્પર્શથી લોઢામાંથી સોનાનું સર્જન થાય પરંતુ આ સંતો તો પારસમણીથી ઉંચા કે જેની વાણી જીવન કવનના સંસ્પર્શે સંતોનું સર્જન થાય. અહીં એક સંત શ્રી મોટા ફીઝીક્સની પ્રયોગશાળા સ્થાપવા વિક્રમ સારાભાઈ ને સહાય કરે. અહીં એક અધ્યાત્મ વિજ્ઞાની અણુવિજ્ઞાનીના ઉદયમાં નિમિત્ત બને તેવા સંતો આ ભૂમિમાં પાક્યા છે.

રમણ મહર્ષિનું તપોમય જીવન, લલ્લેશ્વરીની યોગ સાધના સમર્થ સ્વામી રામદાસ સર્જીત શ્લોક, ગોરા કુંભાર નું અલગારીપણું, મનુષ્યની આધ્યાત્મિક ઉત્ક્રાંતિમાં શ્રી માતાજી અને અરવિંદનું અનેરું પ્રદાન છે.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના એક શસક્ત સૂત્રધાર રૂપે આપણને શ્રી અરવિંદના વણસ્પર્શાયા પાસાનું દર્શન થાય છે.

આનંદઘનમાં એક અવધુતયોગીની મસ્તી અને અનાસક્તભાવ સંસારમાં લિપ્તતાના ભાવથી અલિપ્ત બનવાની પ્રેરણા આપે છે. મૂક્તાનંદ સ્વામીના કીર્તન અને નેતૃત્વ તથા આણંદાબાવાનો સેવાભાવ આપણને પ્રેરણાના પિયુષ પાય છે.

સંતવાણીનો વિલક્ષણ પ્રવાહ અવળવાણીના રહસ્યો અને ગૂઢ સંકેતો આપણને તાજ્જુબ કરી દે તેવા છે.

આ સંતો અવળવાણી દ્વારા થોડામાં ઘણું બધું કહી જાય છે. આજે પણ ગામડામાં રાવણ હથ્થાવાળા ભરથરી ભિક્ષા અર્થે નિકળતીવેળાએ તે ભજનો ગાય તે ગોરખનાથજીની રચનાઓ ખૂબજ લોકપ્રિય છે - વળી સંત મૂળદાસજીના ભજનોની ક્ષણો ભક્તિરસમાં તરબોળ થવાની આબોહવા સર્જે છે. રણપ્રદેશમાં માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા અને રોટલા આપતા સંત મેકરણદાદામાં અન્નદાતા અને ભોમીયાના દર્શન થાય છે સંત વાસવાણીની સેવાભાવની વાત અને ગંગાસતીની અધ્યાત્મ કૃતિયો વાગોળવી ગમે સોનગઢના જૈનમુનિથી જેને જીવનની નવી દિશામળી તેવા સંત બગદાણાના લોકપ્રિય સંત બજરંગદાસ બાપુ વિનોબાજી, સંતબાલજી અને દુલાભાયા કાગ સાથે સમાજોત્કર્ષ માટે હૃદયના તાર સાંધે આ સંત વૃક્ષારોપણની ઝૂંબેશ ચલાવે ૧૯૬૨ના ચીની આક્રમણ વખતે પોતાની વસ્તુઓની હરરાજી કરી રકમ નેશનલ ડીફેન્સ ફંડમાં આપે તે વિશિષ્ટ ઘટના છે.

આવા સંતોના જીવન કવન વાંચતા આત્મગુણોનો વિકાસ થાય. આપણે સૌ આ સંતવાણીની પરિકમ્મા કરીએ.

શોધ નિબંધો પાઠવનાર તમામ વિદ્વાનોનો, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા ડૉ. સેજલબહેનનો આભાર

**- ગુણવંત બરવાળિયા**

# 'દલ દરિયામેં ડૂબકી દેના, મોતી લેનાં ગોતી.'

- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

યૂરોપ, આફ્રિકા કે અમેરિકામાં ક્યાંય પણ ઘૂમી વળો, કિંતુ ક્યાંય તમને ભારત જેવી સંતપરંપરા નજરે પડશે નહીં. વિદેશોમાં સમાજસેવકો મળશે. ધર્મગુરુઓ મળશે, પરંતુ સંતો નહીં મળે!

મજાની વાત એ છે કે આપણી કોંકણી ભાષામાં ખ્રિસ્તી સંતકવિઓ મળે છે અને સિંધી ભાષમાં મુસ્લિમ સંતકવિઓ છે! ગુજરાતી ભાષામાં ઘણા મુસ્લિમ ભક્તકવિઓ છે, તો મરાઠી ભાષામાં આખુંય વારકરી આંદોલન આ પ્રકારનું છે.

આ સંત પરંપરાનો વિચાર કરીએ તો એમાં અખો સોની હતો, નામદેવ દરજી હતા, ચોખમેલા મહાર હતા, કબીર વણકર હતા અને ગોરો કુંભાર હતો.આવી સર્વજાતિ સમાનતા એ આ સંતપરંપરામાં જોવા મળે છે. ક્યાંક કોઈ સંત ધર્મક્ષેત્રે જોવા મળતા સ્થાપિતોના વર્ચસ્વ પર પ્રહાર કરે છે, તો કોઈ વળી જાતિ અને વર્ણની સમાનતા પર આધારિત પરંપરાનું નિર્માણ કરે છે. મહારાષ્ટ્રના એકનાથ અને જ્ઞાનદેવ જેવા બ્રાહ્મણ કુળમાં જન્મેલા સંતો કે પછી બંગાળના ચૈતન્ય મહાપ્રભુ અને આસામના શંકરદેવ એ બધા ધર્મક્ષેત્રે પરિવર્તનનો શંખનાદ ફૂંકે છે, તો બીજી બાજુ મહારાષ્ટ્રમાં થયેલા નામદેવ, તુકારામ કે ચોખમેલા અથવા તો કર્ણાટકના લિંગાયત એવા બાસવા, અક્કા મહાદેવી અને અલ્લમ્મા પ્રભુ કે પછી રાધાસ્વામી આંદોલન સર્જતા સ્વામી દયાલસિંહ અને આનંદસ્વરૂપ એ માનવમાત્રની સમાનતા દર્શાવતી નવી પરંપરાની વાત કરે છે.

આ સંત પરંપરાએ ભારતીય ધર્મશાસ્ત્રોમાં રહેલા ગહન તત્ત્વજ્ઞાનને પોતાના અનુભવના પાત્રમાં કસીને જનભાષામાં જનસામાન્ય સુધી વહેવડાવ્યું. ભક્તિ આંદોલને મૃતપાય બનેલા ભારતીય જીવનનું ધર્મની નાડીમાં ચેતન ધબકતું રાખ્યું અને એને સમગ્ર દેશને આપ્લાવિત કર્યું. આ ભક્તિ કવિતા એ માત્ર શ્રુત પરંપરા નથી, એ કોઈ આર્કાઈઝ્ નથી, ભૂતકાલીન દસ્તાવેજ નથી, પરંતુ આજના કવિઓ, અનુભવીઓ અને અધ્યાત્મરસિકો પણ એમાંથી ખોબે ખોબે આચમન કરતા હોય તેવી કવિતા છે. એની આધ્યાત્મિક્તા સદીઓ પછી ય એટલી જ આંતરસ્પર્શી રહી છે.

ભારત પર વિદેશીઓનાં આક્રમણો થયાં. વિધર્મીઓએ પોતાના ધર્મને બળથી અને કળથી લાદવાની કોશિશ કરી. આ સમયે હિંદુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિના રક્ષણનું કાર્ય સંતોએ કર્યું, એમ મનાય છે. આ અતિ જાણીતી વાત હકીકતમાં સાવ નિરાધાર છે. પરધર્મી સંસ્કૃત સામે સ્વધર્મ અને સંસ્કૃતિને બચાવવાના ભગીરથ પ્રયાસ રૂપે આજ સુધી આ ભક્તિ આંદોલનને જોવામાં આવ્યું છે, પરંતુ સમગ્ર દેશમાં વ્યાપેલા ભક્તિ આંદોલનના હાર્દને તપાસીએ તો એમ લાગે છે કે આ ભક્તિ આંદોલનમાં મુસ્લિમ ધર્મ પર મુસ્લિમ સંસ્કૃતિ પર, ઈસ્લામ પર કે મુસલમાનો પર સીધો પ્રહાર કરતાં કાવ્યો મળતા નથી. આથી એમ લાગે છે કે હકીકતમાં તો હિંદુ ધર્મમાં વ્યાપેલી રૂઢિચૂસ્તતા, જડ બની ગયેલા ક્રિયાકાંડો, વર્ણ, જ્ઞાતિ અને જાતિના ભેદની સામેનો આ જનસામાન્યનો સાહજિક અવાજ હતો. અધ્યાત્મના આકાશમાં સંપ્રદાય અને મતમતાંતરો ઓગળી જાય છે. જાતિ અને વર્ણના ભેદો પીગળી જાય છે. નરસિંહ હોય કે નાનક હોય એ બધા એક જ વાત કરે છે 'હરિ કો ભજે, સો હરિ કા હોઈ.' આમ સંતકવિતા એ કોઈ એક પરંપરા કે સંપ્રદાય-વિશેની કવિતા બનવાને બદલે સર્વધર્મની કવિતા બની રહી છે. ક્યાંક તો બે ધર્મોનો સમન્વય સાધવામાં આવ્યો છે. જેમ કે શીખ ધર્મમાં હિંદુ અને મુસ્લિમ બંને પરંપરાનું સંમિશ્રણ અનુભવાય છે તો એ જ રીતે સૂફી પરંપરામાં ઈસ્લામ અને ભક્તિ બંનેનો સુમેળ છે.

આ સંતોએ વર્ણ, જાતિપ્રથા અને બ્રાહ્મણોના ચડિયાતાપણાનો વિરોધ કર્યો છે, એ જ રીતે વચ્ચે કોઈ ધર્મગુરુને સ્થાપવાને બદલે એમણે સીધેસીધું ઈશ્વરને સંબોધન કર્યું છે. લિખિત પરંપરાને બદલે મૌખિક પરંપરા પર ઝોક આપ્યો. આનું એક કારણ એ પણ ખરું કે મૌખિક પરંપરાથી વધુ ને વધુ લોકો સુધી પહોંચી શકાય અને એની અનુભવવાણી કંઠોપકંઠ જળવાય. એક બીજી પણ વાત છે કે લિખિત પરંપરા સુધી પહોંચવું સામાન્ય માનવીને માટે શક્ય નહોતું. ઈસ.સ. ૧૭૬૭માં 'યોગવિશિષ્ઠ' ગ્રંથની હસ્તપ્રત એ સમયના ચારસો રૂપિયાની કિંમતે મળતી હતી તેવો ઉલ્લેખ છે.

વળી આ પરંપરામાં સંસ્કૃતને બદલે પ્રાદેશિક ભાષાઓ અને બોલીઓમાં સર્જન થયું. આને કારણે આ ભારતીય ભાષાઓ સમૃધ્ધ થઈ અને બાળકને પહેલો પરિચય સસ્કૃતને બદલે નરસિંહના પ્રભાતિયાં, મીરાંનુ પદ કે તુકારામના અભંગથી થવા લાગ્યો.

આ સંતોએ એ સમયની ભાષાનો સમર્થ ઉપયોગ કર્યો. તુકારામ જેવા તો કહે છે કે, 'અમારી પાસે શબ્દશક્તિ છે અને એનાથી લડીશું.' જ્ઞાનેશ્વરી, નરસિંહની ગુજરાતી જેવી સંતકવિતાઓએ ભાષાવિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

આ સંતકવિઓ ઘણો લાંબો પ્રવાસ કરતા હતા. આને પરિણામે કેટલાક સંતકવિઓ દ્વિભાષી કે ત્રિભાષી પણ છે. મીરાં, કબીર, નાનક, નામદેવ, દયારામ, વિદ્યાપતિનાં કાવ્યો બે ભાષાઓમાં પ્રાપ્ત થાય છે. વળી સતત પ્રવાસ કરતા હોવાથી સાંજે ગામને પાદરે સંતમંડળી ભેગી થતી અને સહુ કોઈ પોતાની અનુભવવાણી કહેતા, આથી જૈન સંતકવિઓમાં પણ હિંદુ યોગની પરિભાષા મળે છે, એટલે કે ધર્મના ભેદો ભૂંસાઈ જતા એ વાણી સર્વજનસ્પર્શી બનતી હતી. આ સંતોનું તો એક જ કામ હતું 'દલ દરિયામેં ડૂબકી દેના,

મોતી લેનાં ગોતી.'

આ સંતવાણીમાં જીવન, સાહિત્ય અને અધ્યાત્મનો એવો ત્રિવેણીસંગમ સધાયો કે મહાત્મા ગાંધીજી, વિનોબા ભાવે, મહાદેવ ગોવિંદ રાનડે, સાને ગુરુજી, ડૉ. આંબેડકર, ગાડગે મહારાજ, સાધુ વાસવાણી જેવા અનેક મહાનુભાવો, કવિઓ અને અન્ય અધ્યાત્મજિજ્ઞાસુઓ પર એનો પ્રભાવ પડ્યો. શિક્ષિત અને શિક્ષણની તક નહીં મેળવનારા સહુ કોઈને માટે આ સંતવાણી પ્રેરણાસ્થ બની રહી.

આ સંત કવિતા એ તો નરસિંહ મહેતાએ કહ્યું છે તેમ 'અઢારે વરણ જેને વહોરવાને આવે એવું રામનામનું ભરપૂર વસાણું છે.' આ એવી સાધના છે કે જેને ગુરુમુખી કહી છે. અશિક્ષિતોને માટે પણ એ સરળ અને સહજ છે, પણ મૂળે તો સંતનો 'બાવન બાહેરો' અનિર્વચનીય અનુભવ છે. આ 'બાવન બાહેરો' એટલે બાવન અક્ષર દ્વારા સમગ્ર નામસૃષ્ટિ બને છે અને આ નામસૃષ્ટિ સાથે રૂપસૃષ્ટિ સંકળાયેલી છે એટલે આ નામરૂપાત્મક જગતની બહારની આ વાત છે. સાંખ્યની એક પરંપરામાં પ્રકૃતિને બાવન તત્ત્વોની માનવામાં આવી છે, તેથી આ એની બહારની વાત આ સંતોએ કહી છે અને એને કારણે જ ઘણી વાર એમણે એમનો અનુભવ કે દર્શન તેઓ સાંકેતિક ભાષા કે અવળવાણી દ્વારા બતાવે છે.

કેટલાકને તો ગુરુ પાસેથી પ્રભુભજન કરવાની પ્રક્રિયા પામવાની હોય છે અને એ ગુરુ માત્ર અધિકારીને જ જ્ઞાન આપે છે. સંતમાર્ગ એક યોગપ્રક્રિયા છે. એને 'શબ્દસૂરત્યોગ' કહીને વર્ણવવામાં આવ્યો છે.

આ કવિતા એ મધ્યકાલીન સમયની કવિતા છે, કેટલાક માને છે કે વિધર્મી આક્રમણ સામે બચાવ રૂપે આ સંતવાણી પ્રગટી છે, પણ તે સાચું નથી. હકીકતમાં તો ભારતીય સંસ્કૃતિના તેજોવધને કારણે સંતકવિતા જન્મી નથી, બલ્કે ભારતીય સંસ્કૃતિની તેજવૃદ્ધિનું આ કારણ છે. અને આથી જ આ કવિતા આત્મરક્ષા કે પ્રતિરક્ષા માટે નહીં, પણ સામાજિક જીવનની સુધારણા અને અધ્યાત્મ જીવનની ઊર્ધ્વતા કાજે રચાયેલી છે.

મકરંદભાઈએ કહ્યું છે તેમ 'મડદાં બેઠાં કરવાનો' આ સંતોનો ધંધો હતો. પરંપરામાં પુરાઈને આપણે બંધિયાર બની જઈએ અને આપણું ચૈતન્ય શબવત્ થઈ જાય તેવી પરિસ્થિતિ હોય, ત્યારે આ સંતોએ નવી જ્યોત જગાડીને સમાજને જગાડ્યો છે.

એમણે સમાજને નૈતિકતા આપી, સ્થગિતતાનો વિરોધ કર્યો, પોતાના જ મત, પંથ કે ધર્મમાં રહેલી ત્રુટિ અને દોષોને નિર્ભયપણે દર્શાવ્યાં. આને કારણે આ કવિતાએ ભારતીય સમાજને પંથ, સંપ્રદાય કે ધર્મની સહિષ્ણુતા આપી. એણે રૂઢિગ્રસ્તતા, સ્થૂળતા, આડંબર, મિથ્યાત્વ કે જડતાને દૂર કરવા પ્રયત્ન કર્યો, તો એની સાથે પ્રજામાંથી અંધશ્રદ્ધા, એકાંગીતા અને ધર્મઝનૂન દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

ધર્મમાં અધર્મ પ્રવેશે ત્યારે એ ધર્મયાત્રા સ્મશાનયાત્રામાં ફેરવાઈ જાય છે અને આથી જ સંતો ધર્મતત્ત્વ વિશે સતત શોધન કરતા રહ્યા. વિશ્વભરમાં રચાયેલી કવિતા સ્વધર્મના ગુણગાન ગાય છે, ત્યારે રામ અને રહીમને એક ગણનારા આનંદઘન કે ગોવિંદ અને કેશવને પોકાર પાડતા કબીર ભારતીય પરંપરામાં જ મળે છે. વિશ્વકવિતામાં સર્વધર્મ-સમભાવની વાત માત્ર ભારતીય સંત કવિતામાં જ મળે છે.

આ સંતને મળેલાં વિશેષણો વિશે પણ વિચારવા જેવું છે. સંત કબીરસાહેબ જ્ઞાની અખો, દાસી જીવણ, ભક્ત ભોજો, અવધૂ આનંદઘન, વલીમસ્તાન દરિયાસાહેબ, સતી તોરલ, જેસર પીર - આ બધાં વિશેષણોની પાછળ ઊંડી સમજદારી રહેલી છે. પ્રજામાનસ પર પડેલી છબીનો એ ભાવ ઝિલાયો છે અને તેથી પીર, ફકીર, સાંઈ, સંન્યાસી, સિદ્ધ, સાધક, સૂફી, સંત, ધ્યાની, જ્ઞાની, જોગી, ડુંગરપરી જેવાં વિશેષણો એ સંતની વિશેષતા પ્રગટ કરનારાં છે.

સામાન્ય રીતે પ્રાચીન કે મધ્યકાલીન સાહિત્યનું પરિશીલન થતું રહે છે. પરંતુ જેટલી આપણી સાહિત્યની પરંપરા સમૃદ્ધ છે, તેવી જ ચિંતન અને દર્શનની પરંપરા પણ સમૃદ્ધ છે. છેક પ્રાચીનકાળમાં ઋગ્વેદમાં આપણે આ જોઈએ છીએ. વેદ અને ઉપનિષદમાં આનું દર્શન થાય છે અને એ જ દર્શન મધ્યકાલીન સમયમાં પણ મળે છે. હિંદુ સૂફી, નિર્ગુણ કે સાકાર, જૈન કે બૌદ્ધ-આ દરેકની પાસે પોતાનું વિશિષ્ટ દર્શન છે. જે એમણે કવિતામાં ગૂંથ્યું છે. આ ધારા છેક આજના યુગમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને ટી.એસ. એલિયટ જેવા સર્જકોમાં પણ વહેતી જોવા મળે છે.

કોરુ દર્શન સર્વને સુગ્રાહ્ય નથી હોતું. સોહમ્ સોહમ્ ને અહમ્ બ્રહ્માસ્મિ એ આધ્યાત્મિક દર્શન જ્યારે નરસિંહની પંક્તિમાં પ્રગટ થાય છે ત્યારે એ કેવું લાગે છે.

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,
તે જ હું તે જ હું શબ્દ બોલો

ઝૂલણાના લયમાં આપણી આખી દર્શન-પરંપરા કાવ્ય સાથે તદ્રૂપ થઈને આપણા મસ્તિષ્ક અને હૃદયને આપ્લાવિત કરી દે છે. એવી જ રીતે કોરી કવિતા પણ માત્ર ઊર્મિ કે લાગણીની અભિવ્યક્તિ થઈને રહી જાય છે. સર્જકનું કોઈ વિશિષ્ટ દર્શન એમાં રહેલું હોય તો જ એ કવિતા હૃદયસ્પર્શી બને છે.

૧૮૪૩માં વીસનગરમાં જન્મેલા અનવર કાઝી વિરાગી પુરુષોના સમાગમમાં રહેતા હતા. રાતદિવસ ખુદાની બંદગી કરતા અને તસવ્વુર (ધ્યાન)માં મસ્ત મૌલી બની કબ્રસ્તાનમાં પડ્યા રહેતા. એમની એક કવિતાની સૂફી ઝલક જોઈએ. 'ઈશ્કમાં તો કેવળ વીર હોય એજ ટકી શકે, એ હરિનો મારગ છે, શૂરાઓની છે વાત. શ્રી અનવર કાઝી કહે છે,

'સનમકી હૈ તલબ અનવર પડા રહે જો વહી દર પર,
ઉઠ લાખોં બલા સર પર ઈશ્કમેં રહે તું મર્દાના.'

હે અનવર! જો તને પરમેશ્વરને મળવાની ઈચ્છા હોય તો તું તેના દ્વાર પર-આગળ ફરી રહે અને તારા માથા પર લાખ્ખો દુઃખ પડે તો પણ સહન કરી પ્રેમમાં બરાબર શૂરવીર રહે અર્થાત્ ભક્તિમાં દૃઢ રહે.

અથવા તો મણિલાલ નભુભાઈનું સ્મરણ થાય.

'ફના કરવું, ફના થાવું, ફનામાં શહ્ સમાઈ છે,
મરીને જીવવાનો મંત્ર, દિલબરની દુહાઈ છે.'

કે પછી દાસી જીવણ કહે છે,

'એવાં હેત રાખો તમે રામસે,
રાખે જેમ ચંદ્ર ને ચકોર, રાખે જેમ બપૈયા ને મોર,
એવાં હેત રાખો તમે રામસે...'

ચકોર પક્ષીને ચંદ્ર સાથે ગાઢ પ્રીતિ છે, મોર અને બપૈયાને મેઘ સાથે પ્રીત છે એટલે વિયોગ સહન નથી થતો, એવો -એટલો સ્નેહ પરમાત્મા સાથે બંધાયો હોય અને અખંડપણે જળવાય તો ઈશ્વરની કૃપા થાય.

શ્રીમદ્ રાજચંદ્રજીનું સ્મરણ કરીએ તો એમ લાગે કે એમણે દોહરા-છંદમાં આત્મસિદ્ધિશાસ્ત્રની રચના કરી. પહેલા એમણે છ પદનો પત્ર લખ્યો, પછી એ જ દર્શનને કાવ્યરૂપ આપ્યું અને તેથી એ દર્શન આપણા જિહ્વાગ્રે અને કંઠાગ્રે રમવા લાગ્યું છે.

'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.' ૧૧૭

સાહિત્ય અને દર્શનનો પ્રભાવ અને એનો જીવન સાથેનો કેવો અનુબંધ છે, ફિલૉસૉફી કઈ રીતે મનુષ્યની આંતરિક સમૃદ્ધિમાં વધારો કરે છે અને એની ચૈતસિક પ્રજ્ઞાને તેજસ્વી બનાવે છે, એનું આપણા જીવનમાં આનું કઈ રીતે એપ્લિકેશન થઈ શકે તે પણ વિચારવું છે.

કબીર કહે છે,

'કાસી કાઠૈં ઘર કરૈ, પીવે નિરમલ નીર,
મુકુતિ નહીં હરિ નાઉં બિનુ, યો કહે દાસ કબીર'

કાશીની નજીક જ ઘર બનાવે એ ગંગાનું નિર્મળ જળ પીધાં કરે, પરંતુ હરિના સ્મરણ વિના મુક્તિ નહિ મળે - એવું કબીરદાસ કહે છે. તાત્પર્ય એ છે કે માત્ર કાશીમાં રહેવાથી મુક્તિ મળતી નથી. મુક્તિ મળે છે પરમાત્માના નામમાં શ્રદ્ધા રાખવાથી.

આ સંતોની વાણી આજના આપણા જીવનને સ્પર્શે છે અને એ અર્થમાં આ કવિઓની વાણી એ અમુક સમયનું સત્ય નથી, પરંતુ સર્વ-સમયનું સત્ય છે અને આથી ભારતીય પરંપરા જ્યાં સુધી જીવંત રહેશે ત્યાં સુધી સંત કવિઓની દર્શનમય વાણી જીવંત રહેશે.

---

# અવધુતયોગી આનંદઘનજી

**- ગુણવંત બરવાળિયા**

જેમના સમગ્ર જીવન અને કવનમાં અધ્યાત્મ નીતરતું હોય તેવા અધ્યાત્મયોગી આનંદઘનજીની વૈરાગ્યવૃત્તિ કોઈ સાંસારિક ઘટનાની ઠેસથી જાગી ઉઠેલ નથી પરંતુ આવા સંતોના જન્મજાત સંસારમાં જ વૈરાગ્ય બીજ રોપાયેલા હોય છે. જે સમયજતાં વિકાસ પામે છે.

સત્‌ના પિપાસુ સાધકો, સત્‌ને પામવા, સત્‌ની શોધમાં નીકળી પડે છે. તેઓ બાહ્ય દૃષ્ટિએ દુનિયાની વિવિધ દિશાઓમાં ઘૂમે છે અને આત્માના અતલ ઊંડાણમાં ચાલ્યા જાય છે. સ્વાધ્યાય એ એમનું રટણ અને ધ્યાન એ જ એમનું ભોજન બને છે. આવા સંતોની ઓળખ તેમના દેહથી દૈહિક ક્રિયાથી નહિ પણ તેમના જ્ઞાનથી થાય છે. માટે જ કબીરે કહ્યું છે કે -

**''જાતિ ન પૂછો સાધુ કી, પૂછ લીજિએ જ્ઞાન;**
**મોલ કરો તરવાર કા, પડી રહનો મ્યાન.''**

તરવારની કિંમત તેની ધારથી થાય છે, નહિ કે તેના મ્યાનથી. તેવી રીતે સાધુ-સતોની કિંમત તેમના સ્થૂલ જીવનથી કે ક્રિયાથી નહિ, પણ ક્રિયા કરનાર અખંડ આત્મતત્ત્વથી થાય છે.

અવધૂતયોગી શ્રી આનંદઘનજી મહારાજાના જન્મકાળ વિષે તથા જન્મસ્થળ વિષે જુદા-જુદા મત પ્રવર્તે છે. કારણ કે તે વિષે કોઈ નક્કર પુરાવા મળતા નથી. આનંદઘનજીના જન્મસ્થળ કે જીવનકાળ વિષે કોઈ બાબત કે પ્રમાણો હજુ સુધી મળ્યાં નથી. તેની કોઈ પાદુકા, કોઈ શિલાલેખ કે કોઈ ચરિત્રકૃતિ તેમના વિષેની ઉપલબ્ધ નથી. આનંદઘનજીએ પોતે પણ પોતાની કૃતિઓમાં જીવન વિશે કોઈ ઉલ્લેખ કર્યો નથી. પણ આનંદઘનજી વિક્રમના સત્તરમાં સૈકામાં થયા હતા તે હકીકત નિર્વિવાદ છે, કારણ કે તેઓ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ના સમકાલીન હતા.

કવિ આનંદઘનજીનો જીવનકાળ તે અકબર બાદશાહના જીવનનાં અંતિમ વર્ષો અને જહાંગીર બાદશાહનો શાસનકાળ એ કાળ ભૌતિક દૃષ્ટિએ સુખ-શાંતિ, સલામતી અને સમૃદ્ધિનો કાળ હતો. હિન્દુ અને મુસલમાન વચ્ચે ધાર્મિક વૈમાનસ્ય રહ્યું ન હતું. અકબર બાદશાહનો સુવર્ણકાળ હતો. જહાંગીર તેનો પુત્ર હોવાથી તે પરંપરા જાળવી રાખી હતી. આનંદઘનજી આ સમયે થયા હોવા જોઈએ. શ્રી યશોવિજયજીની પાદુકાના લેખથી જણાય છે કે તેઓનો જન્મ સમય સંવત ૧૬૭૦ થી ૧૬૮૦ સુધીમાં હોવાનું અનુમાન થાય છે. આ ઉપરથી જણાય છે કે શ્રી આનંદઘનજી પણ સત્તરમા સૈકામાં વિદ્યમાન હશે.

લાભાનંદ એ આનંદઘનજીનું મૂળ નામ હતું, ઉપાધ્યાય

યશોવિજયજી જેવા વિદ્વાનરત્ન શ્રી આનંદઘનજીને અત્યંત આદર-માન આપતા હતા, તેથી અનુમાન થાય છે કે યશોવિજયજી કરતાં આનંદઘનજી ઉંમરમાં મોટા હોવા જોઈએ. આનંદઘનજીની ઉચ્ચ આધ્યાત્મિક દૃષ્ટિ અને યોગાભ્યાસની હકીકતો જોતાં વિક્રમ સંવત ૧૬૬૦માં તેમનો જન્મ થયો હોય અને ૧૭૨૦ થી ૧૭૩૦માં તેઓ કાળધર્મ પામ્યા હોય તેમ જણાય છે.

**માતા-પિતા :** શ્રી આનંદઘનજીનાં માતા-પિતા વિષે આજ સુધી કોઈ આધારભૂત માહિતી મળતી નથી. પણ ડૉ. કુમારપાળ દેસાઈ અનુમાન કરતાં લખે છે કે - ''જો સત્યવિજયજી આનંદઘનજીના મોટા ભાઈ હોય તો બંનેના માતા-પિતા એક જ હોય. સત્યવિજયજી ઓસવાલ શાહ વીરચંદભાઈ અને તેની પત્ની વીરદેવની કૂખે જન્મ્યા હતા, તેથી આનંદઘનજીનાં માતા-પિતા પણ એ જ હોવાં જોઈએ.

'આનંદઘન' એમનું ઉપનામ હતું.

અધ્યાત્મયોગી, એકલવિહારી શ્રી આનંદઘનજીએ પોતાની ઓળખ એક પદમાં નીચે મુજબ આપી છે.

**મેરા નામ આનંદઘન ગામ આનંદઘન.**

આનંદઘનજીનું ચિત્ત વૈરાગ્ય અને અધ્યાત્મજ્ઞાનથી રંગાયેલું હતું. તેઓશ્રી સ્વભાવે શાંત અને નિઃસ્પૃહ હતા. આત્મ ખમીરીથી તેઓ જીવનાર હતા તથા આત્મજ્ઞાનમાં મગ્ન રહેતા હતા. તેઓશ્રી ગચ્છભેદના વાદ-વિવાદોથી દૂર રહેતા હતા, તેથી જ શ્રી અનંતનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે કે-

**''ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે**
**ઉદર ભરણાદિ નિજ-કાજ કરતા થકા, મોહ નડિયા કલિકાલ રાજે''**

આ તેઓશ્રીની અંતર-વેદનાનાં વાક્યો છે. આનંદઘનજીને યોગ અને અધ્યાત્મદશા દૃષ્ટાંતરૂપ ગણાય છે.

શ્રીયશોવિજયજી સર્વ સાધુઓમાં બહુ શ્રુત ગણાતા હતા. જ્યારે યશોવિજયજી આબુ તરફ વિહાર કરતા હતા ત્યારે તેમણે સાંભળ્યું હતું કે શ્રી આનંદઘનજી અધ્યાત્મમાં ઊંડા ઊતરી ગયા છે અને અધ્યાત્મ જ્ઞાનનો ઉપદેશ આપવામાં એક્કા છે.'

કોઈક સમયે શ્રી યશોવિજયજી મેડતા શહેરમાં બિરાજમાન હતા તેવા સમયે અવધૂત આનંદઘન સિદ્ધાંત પારગામી કુશળ એવા ઉપાધ્યાયજી પોતાની નજીકના પ્રદેશમાં વિચારી રહ્યા છે, તે સાંભળી ઉપાધ્યાયને મળવા એકાકી ચાલી નીકળ્યા. તે સમયે શ્રી યશોવિજયજી ગામના ઉપાશ્રયમાં પ્રવચન આપી રહ્યા હતા. સાધુઓ, શ્રાવક-શ્રાવિકાઓ તથા યતિઓ એકચિત્તે વ્યાખ્યાન સાંભળી રહ્યાં હતાં. અધ્યાત્મભાવોથી ભરેલી વાણી સહુ કોઈના હૃદય ભીંજવી રહી હતી અને અધ્યાત્મરસ માનવસમૂહ પી રહ્યો હતો. તે સમય આનંદઘનજી યતિઓ સાથે એક બાજુ બેસી ગયા ને વ્યાખ્યાન શ્રવણ કરવા લાગ્યા. તે સમયે યશોવિજયજીની નજર યતિઓના સમૂહમાં બેઠેલા એક જીર્ણ વસ્ત્રધારી વૃદ્ધ સાધુ પર ગઈ. પોતાના વ્યાખ્યાનમાં આ વૃદ્ધ સાધુને રસ ન પડ્યો તેવું લાગ્યું, તેથી તેમણે પૂછયું, ''હે વૃદ્ધ સાધુ! તમે વ્યાખ્યાન બરાબર સાંભળ્યું ને! આ અધ્યાત્મ જ્ઞાનયુક્ત વ્યાખ્યાનમાં તમને કાંઈ સમજણ પડી કે?''

ત્યારે આનંદઘનજી બોલ્યા કે- ''આપ તો અધ્યાત્મ જ્ઞાનના વ્યખ્યાનમાં શાસ્ત્રોથી ઉત્તમ દક્ષતા દાખવો છો.'' પછી શ્રી યશોવિજયજીએ પોતે કહેલા શ્લોક ઉપર જ પ્રવચન કરવા વિનંતી કરી. આનંદઘનજી ઉપાધ્યાયના અતિ આગ્રહથી પાટ પર બેસીને તે જ શ્લોક પર વિવેચન કરવા લાગ્યા. ત્રણ-ત્રણ કલાક વીતી ગયા તો પણ કોઈને ખ્યાલ ન રહ્યો. આનંદઘનજીની નાભિમાંથી તન્મયપણે પરિણામ પામીને જે શબ્દો નીકળતા હતા, ને જે રસ રેલાતો હતો તે અલૌકિક અધ્યાત્મરસના ઘૂંટડા શ્રી યશોવિજયજી પીવા લાગ્યા. તે સમયે સહુ કોઈને આનંદઘનજીના સાચા આત્મદર્શનની ઝાંખી થઈ. ઉપાધ્યાયજીના દિલમાં આનંદઘનજી પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ્યો અને બંનેએ પરસ્પર ગુણાનુરાગભરી જ્ઞાનગોષ્ઠી કરી. આનંદઘનજીના મેળાપથી ઉપાધ્યાયજી અધ્યાત્મના રંગે રંગાયા ને સાધનાપંથે વિહરવા લાગ્યા. અધ્યાત્મની ગહનતામાં ઊંડા ઊતરતા અદ્ભુત આનંદની પ્રતીતિ તેઓ કરવા લાગ્યા. આમ અધ્યાત્મયોગીએ કર્મયોગીને અધ્યાત્મમાર્ગ બતાવ્યો હતો.

પરોપકારી સંતોનો વિહાર, વિચાર, વ્યાખ્યાન અને જીવન પરોપકારનું સર્જન કરે છે. તેઓનું જીવન વહેતા જળપ્રવાહ જેવું છે. આનંદઘનજી અધ્યાત્મરસ પીતા હતા અને મુખેથી વહેતી જ્ઞાનધારામાં સુહ કોઈને ભીંજવતા હતા.

અંતરના અતલ ઊંડાણમાંથી અનુભવયુક્ત નીકળેલો આ ધારાપ્રવાહ અલૌકિક, અદ્ભુત અને અપાર હોય છે.

આ મહાયોગી અને મહાકવિ એવા શ્રી આનંદઘનજીના જીવન વિષે વિવિધ પ્રકારની દંતકથાઓ પ્રચલિત છે. એમાંની કેટલીક દંતકથાઓ સામાન્ય પ્રકારની છે, કેટલીક ચમત્કારયુક્ત છે તો કેટલીક માત્ર તર્ક કે અનુમાનના પ્રકારની છે, કેટલીક દંતકથા એમના પદની પંક્તિ ઉપરથી સ્ફૂરી હોય એ પ્રકારની છે.

સંતોનાં જીવનની આસપાસ આવી દંતકથાઓ વણાઈ જાય એ સ્વાભાવિક છે.

શ્રી આનંદઘનજી મહારાજ આબુ પર્વત તથા મંડલાચલની ગુફાઓમાં સિદ્ધાચલ તીર્થમાં, તળાજામાં, ગિરનારમાં, ઈડરમાં, તારંગામાં એમ કેટલાંક સ્થળોએ એકાંત સ્થાનમાં રહી, ધ્યાન કરતા હતા. આબુ પર્વતની ગુફાઓમાં તે સમયે ઘણા યોગીઓ રહેતા હતા અને તેઓ વારંવાર આનંદઘનજીને મળતા હતા. શ્રી આનંદઘનજી તેમની સાથે સ્વાનુભવની વાતો કરતા, તત્ત્વનો વિચાર-વિનિમય કરતા તથા સાપેક્ષ દૃષ્ટિએ વીતરાગ ધર્મનો ઉપદેશા આપી સહુ કોઈને આનંદરસમાં મગ્ન કરતા હતા.

**૧. આનંદઘનજીના અણુએ અણમાં અહિંસા તથા નીડરતા :** આનંદઘનજીએ આબુની ગુફાઓમાં ઘણો સમય વ્યતીત કર્યો. તેઓ જ્યારે ધ્યાન-સાધનામાં રત રહેતા હતા ત્યારે ઘણી વખત જંગલના મહાભયંકર ઝેરી સર્પ તેમની પાસે આવી બેસી જતા હતા, તો વળી ગર્જના કરી આખાયે જંગલને ગજાવતા પહાડો ડોલાવતા સિંહ પણ

આવી પૂજ્યશ્રીનાં ચરણોમાં બાળક બની બેસી જતા હતા. જાણે કે તેઓ પણ પોતાની ક્રૂરતા મૂકી, વેર-ઝેરની ભાવના મૂકી ધ્યાનયોગીની જીવદયાની ઉત્કટ ભાવનાનો છે. પવિત્ર પુરુષોનો સંગ બીજાને પવિત્ર બનાવે છે તથા પોતાના સ્વભાવને છોડી, સરળ, શાંત અને નમ્ર બની જાય છે. સિંહની ગર્જનામાત્રથી જ કાયર પુરુષો કંપી જાય ત્યારે આનંદઘનજી તો પર્વતની ટેકરી પર ધ્યાનદૃઢ થઈ દેહ તથા દુનિયાનું ભાન ભૂલી આત્માનંદમાં લીન રહેતા હતા. ધ્યાન અને સમાધિને કારણે તેમનામાં સંકલ્પબળ સિદ્ધ થયું હતું. આત્મવિશુદ્ધિ થતાં અનેક લબ્ધિઓ તથા સિદ્ધિઓ તેઓશ્રીના ચરણ ચૂમતી હતી.

**૨. સંકલ્પબળે પેશાબથી સુવર્ણસિદ્ધિ :**

આનંદઘનજીમાં કેટલકી ચમત્કારી શક્તિઓ પ્રગટેલી હતી એમ તેમની પાસે આવનારાઓ કહેતા હતા.

કોઈ એક યોગી મહાત્માને શ્રી આનંદઘનજી સાથે મિત્રતા થઈ હતી. એ યોગી સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરવા અનેક પ્રયત્નો કરતા હતા. તે માટે તેમણે 'રસસિદ્ધિ' પ્રાપ્ત કરી હતી. તેમણે રસસિદ્ધિની એક શીશી આનંદઘનજીને ભેટસ્વરૂપ પોતાના શિષ્ય સાથે મોકલી એ સમયે આનંદઘનજી આબુની એક ટેકરીની શિલા ઉપર ધ્યાનરૂઢ થયા હતા. યોગીનો શિષ્ય રસની શીશી લઈ આનંદઘનજી પાસે આવ્યો. જ્યારે શ્રી આનંદઘનજી ધ્યાનમુક્ત થયા ત્યારે પેલા શિષ્યે રસસિદ્ધિની શીશી તેમની આગળ ધરી અને કહ્યું કે- ''અમારા ગુરુએ આપને માટે ભેટસ્વરૂપ આ શીશી મોકલી છે'' આનંદઘનજીએ શીશી હાથમાં લીધી અને પથ્થરની શિલા પર પછાડી ફોડી નાખી. તેમની આ ક્રિયા જોઈને પેલો શિષ્ય ડઘાઈ ગયો. એનાથી રહેવાયું નહિ, રોષે ભરાઈ તેણે કહ્યું- ''અરે શેવડા! તું રસસિદ્ધિને શું જાણી શકે? મારા ગુરુએ કેટલી બધી ઉગ્ર સાધના કરીને આ રસસિદ્ધિ તૈયાર કરી હતી અને તેં તેને ઢોળી નાખી? તું ખરેખર મૂઢ છે, ગમાર છે.'' આનંદઘનજી પેલા અજ્ઞાની ચેલાનું અયોગ્ય વચન સાંભળીને બોલ્યા - ''તારા ગુરુજી રસસિદ્ધિ વડે શું આત્મકલ્યાણ કરવા ધારે છે?'' ચેલો બોલ્યો - ''રસસિદ્ધિ વડે પથ્થરમાંથી સુવર્ણ બનાવી શકાય છે. આ ચમત્કારથી જગતને વશ કરી શકાય છે.'' આનંદઘનજીએ કહ્યું - ''આત્મસાધનાની આગળ સુવર્ણસિદ્ધિ એ કોઈ મોટી વાત નથી.'' ચેલો કહે - ''આત્માની મોટી વાતો કરનારા ઘણા છે, પણ આવી સિદ્ધિઓ મેળવનાર કોઈક જ વિરલા હોય છે.'' આ શબ્દો સાંભળીને આનંદઘનજીને થયું કે શિષ્યને કંઈક ચમત્કાર બતાવવો જોઈએ. તેમણે ઊઠીને પાસેના એક પથ્થરની ચાટ ઉપર પેશાબ કર્યો, તે પથ્થરની ચાટ સોનાની થઈ ગઈ. એ જોઈ પેલો ચેલો આશ્ચર્યચકિત થઈ ગયો. તે બોલ્યો - ''અહો ! જેના પેશાબમાં સુવર્ણસિદ્ધિ છે, તેને રસસિદ્ધિનું શું કામ? પોતાના પેશાબ વડે જો સુવર્ણ બનાવી શકાતું હોય તો તેમની યોગશક્તિ કેટલી વિશિષ્ટ હશે?'' આનંદઘનજીના આત્માની એટલી વિશુદ્ધિ થઈ હતી, તેથી તેઓના શરીરના અણુ અને પરમાણુઓ એવા ઉત્તમ બની ગયા હતા કે તેમના પેશાબમાં પણ પ્રબળ શક્તિ હતી, એટલે પેશાબથી પણ સુવર્ણ થઈ જતું હતું.

આવું જ એક બીજું ઉદાહરણ છે.

એક સમયે આનંદઘનજી મહારાજ મારવાડના કોઈ ગામમાં એક ગરીબ વણિકને ત્યાં કેટલાક દિવસ રહ્યા હતા. એક વખત તે વણિક બહુ ચિંતાતુર ચહેરે આનંદઘનજી પાસે આવીને બેઠો. છાતી ભરાઈ જવાથી તે રડવા લાગ્યો, આનંદઘનજીએ તેને રડવાનું કારણ પૂછ્યું. તેણે પોતાના દુઃખની વીતકકથા કહી સંભળાવી. આનંદઘનજીએ એ વણિકને કહ્યું- ''તારી પાસે લોઢું હોય તો લાવ.'' તેણે એક શેરીઓ (શેરનું કાટલું) લાવીને શ્રી આનંદઘનજીને આપ્યો. વહેલી પ્રભાતે આનંદઘનજી કોઈને કહ્યા વગર વિહાર કરીને ચાલ્યા ગયા. પેલો વણિક આનંદઘનજીના ખંડમાં ગયો તો ત્યાં આનંદઘનજી દેખાયા નહિ પરંતુ તેઓ જ્યાં બેઠા હતા ત્યાં પોતાનો શેરીઓ દેખાયો, તે સુવર્ણનો થઈ ગયો હતો. તે વેચીને વણિકે બધું જ દેવું ચૂકવી દીધું અને ઘણું ધન પામી સુખી થઈ ગયો.

આ રીતે આનંદઘનજી મ.સા. વિવિધ ક્ષેત્રોની સ્પર્શના કરતા કરતા એક સમયે મારવાડમાં વિચરતા હતા. કોઈ વખત જોધપુર રાજ્યમાં વિહાર કરતાં તેઓ કોઈ પર્વત પાસેના ગામની બહાર મંદિરમાં રહ્યા હતા. આ વાતની જોધપુરના રાજાને ખબર પડી, તેથી તેઓ આનંદઘનજી મહારાજનાં દર્શન કરવા આવ્યા. આનંદઘનજીનું શરીર એ વખતે તાવથી ઘણું જ ગરમ થઈ ગયું હતું તથા ધ્રૂજી રહ્યું હતું. જોધપુરના રાજાની આવાગમનની વાત જાણીને આનંદઘનજીએ પોતાના તાવને કપડામાં ઉતારીને તે કપડું દૂર મૂક્યું. રાજા પધાર્યા ત્યારે તેઓ શાંત અને સ્વસ્થ ચિત્તે ઉપદેશ આપવા લાગ્યા. આત્મગુણોની પ્રાપ્તિ માટે જે જે ઉપાયો કરવા જોઈએ તે તેઓ રાજાને સમજાવવા લાગ્યા. ઉપદેશ પૂર્ણ થયા પછી, રાજાની દૃષ્ટિ કપડા પર પડી. કપડું ધ્રુજતું હતું. રાજાને થયું કે આ કપડું કેમ ધ્રૂજતું હશે? કાંઈ ન સમજાયું એટલે તેમણે આનંદઘનજીને તેનું કારણ પૂછ્યું. આનંદઘનજીએ કહ્યું કે - ''આ કપડામાં તાવનાં પુદ્ગલો છે - રાજન્ ! તમારી સાથે ધર્મમાર્ગની ચર્ચા કરવી હતી, એટલે તાવને મેં શરીરમાંથી કપડામાં ઉતાર્યો અને કપડાને દૂર મૂક્યું. હવે હું તે કપડામાંથી તાવને પાછો શરીરમાં સ્થાપી દઈશ.''

સાધકો કર્મથી પીછેહઠ કરતા નથી, પણ તેને સ્વભાવે ભોગવી લેવામાં જ જીવન ધન્યતા અનુભવે છે. તેની પાસે અપાર શક્તિ હોય છે. આનંદઘનજીમાં આવી અનેક શક્તિઓ હતી.

**મેડતાની ભૂમી પર મીરા પછી સવાસો વર્ષે આનંદઘન વિચર્યા હશે**

મીરાંની પ્રેમલક્ષણા ભક્તિનું સ્વયંભૂ ઝરણું પ્રગટ થયું, તે જ ભૂમિ તપસ્વી આનંદઘનની કર્મભૂમિ બની. અહીં મીરાં અને આનંદઘનના પદ-સાહિત્યની ડૉ. કુમારપાળ દેસાઈએ કરેલી તુલના રસપ્રદ છે.

આ બંને સંતોના પદો સ્વયંકુરિત છે, ક્યાય સહેજે અભ્યાસ માલૂમ પડતો નથી. મીરાંએ ભક્તિ અને આનંદઘને યોગના રહસ્યને આત્મસાત કર્યું છે અને એ પછી બંનેએ અંતરા નિગૂઢ ભાવોને પ્રેરણામય ઉલ્લાસથી ભાવવાહી વાણીમાં અભિવ્યક્ત કર્યા અથવા અભિવ્યક્ત થઈ ગયા એમ કહેવું યોગ્ય ગણાશે.

મીરાંને માટે કૃષ્ણભક્તિ જેવી સ્વાભાવિક હતી એજ રીતે

આનંદઘનજીને માટે યોગ એ ચર્ચા કે અભ્યાસની નહીં, પણ અનુભવમાં ઊતરેલો વિષય હતો. આથી તેઓ યોગ અને આધ્યાત્મિક તત્ત્વોને રસિક અને ઉત્કટ વાણીમાં પોતાની કવિતામાં ઉતારી શક્યા છે. મીરાંની માફક આનંદઘનનાં પદોમાં અનુભૂતિ અને અભિવ્યક્તિ બંનેની વેધકતા પ્રતીત થાય છે. વિરહિણી મીરાંએ પિયામિલન માટે ઝૂરતાં, અકળાતાં અને તરફડતાં વિરહના આંસુ સાર્યા છે. મીરાંનુ વિરહગાન તે મીરાંનું જ, અન્ય કોઈ એની તોલે ન આવે. એનો વિરહ એ કોઈ આતુર ભક્તનો વિરહ નથી, પણ પ્રેમવિહ્‌વળ વિરહિણીની વેદનાભરી ચીસ છે. કોઈ અન્યનું વિરહગાન એ ગાતી નથી પણ પ્રેમની વેદી પર સર્વસ્વ સમર્પણ કરી ચૂકેલી નારીની રીતે કૃષ્ણવિરહની વેદના ઠાલવે છે.

''મૈં વિરહણી બૈઠી જાગૂં, જગત સબ સોવે રી આલી''....

વિરહની એ પીડા આનંદઘનજીએ એટલી જ તીવ્રતાથી અને તલસાટભરી રીતે વ્યક્ત કરી છે. મીરાં 'ગિરધર નાગર'ને માટે તલસે છે, તો આનંદઘન પોતાના 'મનમેલુ'ની રાહ જોતાં વિચારે છેઃ

''મુને મારાં કબ મિલશે મનમેલુ,
મનમેલુ વિણ કોલિ ન કલીએ, વાલે કવલ કોઈ વેલું.''
(આનંદઘનનાં પદો,' ભાગ ૧, પૃ. ૨૭૮)

મનનાં મેળાપી વિનાની રમત એ કોઈ મૂર્ખ રેતીના કોળિયા વાળતી હોય તેના જેવી છે મેળાપી સાથે અંતર રાખે તે માનવી નહિં પણ પથ્થર છે.

અવધૂતયોગી, અધ્યાત્મજ્ઞાની અને પ્રભુભક્તિની મસ્તીમાં મગ્ન એવા શ્રી આનંદઘનજી મહારાજે અન્ય જૈન-કવિઓની જેમ ચોવીશીની રચના કરી છે. જૈન સિદ્ધાંતના સાચા, ઊંડા અને માર્મિક નિરૂપણની સાથે-સાથે ભક્તિ અને અલખનો નાદ ગજવતાં આ સ્તવનોમાં આનંદઘનજી એક શ્રેષ્ઠ સંત-કવિ તરીકે જોવા મળે છે.

તેઓશ્રીની કવિ તરીકેની બહુ ઊંચી ખ્યાતિ છે. આત્માને ઉદ્દેશીને તેને વિશિષ્ટ ઉદ્દેશથી લખાયેલાં પદ્યરત્નો અને સ્તુતિગર્ભિત સ્તવનો લગભગ રહસ્યજ્ઞાનના ભંડાર છે, યોગમાર્ગનાં પગથિયાં છે, સત્યમાર્ગના દર્શક છે અને વિશિષ્ટ પંથના પ્રરૂપક, પ્રદર્શક અને પ્રયોજક છે.

અન્ય જૈન-કવિઓની જેમ અધ્યાત્મયોગી કવિ આનંદઘનજીએ રચેલ આ સ્તવનો જૈન ચોવીશીઓમાં એક અનોખી ભાત પાડે છે, આનંદઘનજીનાં સ્તવનો માત્ર ભક્તિભાવની જ અભિવ્યક્તિ કરતાં નથી, પરંતુ હૃદયમાંથી સહજભાવે સરી પડતા સ્વયં-સ્ફુરિત ઉદ્‌ગારોમાં જ્ઞાન અને ભક્તિનું અનોખું મિલન થયેલું જોવા મળે છે, કવિ આનંદઘનજી માત્ર કવિ ન હતા, અધ્યાત્મયોગી પણ હતા, તેથી તેમનાં આ સ્તવનોમાં અધ્યાત્મરસ છલોછલ ભરેલો છે અને પંક્તિએ અત્મદર્શનની ગહન અનુભૂતિ પથરાયેલી દેખાય છે.

કવિ આનંદઘનજીની પ્રભુભક્તિ સ્વયંપ્રેરિત છે, તેથી તેમનાં આ સ્તવનોમાં અભિવ્યક્તિની રીતે પણ વિશિષ્ટ છે. દરેક સ્તવનોમાં પ્રારંભ કવિ નવી નવી રીતે કરે છે. કોઈમાં પ્રભુપ્રીતિ, કોઈમાં વિરહ, કોઈમાં વિનંતી, કોઈમાં ઉપાલંભ એમ વિવિધ ભાવો જોવા મળે છે.

આનંદઘનજીની અભિવ્યક્તિમાં કોઈ અનોખી ખુમારીનું દર્શન થાય છે. આનંદઘનજી સ્વયંસંવેદી, નિજાનંદમાં મસ્ત એવા યોગી-વૈરાગી કવિ છે, તેથી તેમનાં સ્તવનોમાં અધ્યાત્મની સુવાસ ભળેલી છે. એમને આનંદઘન-પદની પ્રાપ્તિ થઈ છે.

તેઓશ્રીનાં સ્તવનોમાં સંપ્રદાયની સંકુચિતતા નથી. સંપ્રદાયિક્તાથી પર રહી, સર્વદર્શનોને જૈનદર્શનમાં તેઓ સમાવી લે છે. આમ, કવિશ્રી આનંદઘનજીનાં સ્તવનોમાં વિષયનું, ભાવનું, તત્ત્વવિચારનું, અભિવ્યક્તિનું સુચારુ વૈવિધ્ય અનુભવાય છે. તેથી જ આનંદઘનજી આપણા મધ્યકાલીન કવિઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

સ્તવન ચોવીશીના પહેલા જ સ્તવનામાં

''ઋષભજિનેશ્વર પ્રીતમ મહારો રે, ઓર નમાનુકંત;
રીઝયો સાહિબ સંગ ન પરિહરે, ભીગી સાદિ અનંત.

ભક્ત તથા ભગવાનનો પ્રેમ કેવો છે તે દર્શાવતા આ સ્તવનમાં શુધ્ધ ચેતનાની વાત કહી છે. ઋષભ જિનેશ્વર જ મારો સાચો પતિ છે. તેના સિવાય હું બીજા કોઈને ચાહતી નથી પણ મારો નાથ તો મારા અનાદિકાળથી રીસાઈને બેઠો છે. એ જો એક વખત રીઝી જાય તો આદિ-અનંતમે ભાગે માસો સાથ છોંડે નહિ

તેમની સ્તવન ચોવીશીના પ્રત્યેક સ્તવનોમાં જિન ભક્તિનો સિંધુ ઉછાળા મારી રહ્યો છે. પરમાત્મા પ્રત્યેની પ્રીત સગાઈના કાકુઓ અને સક્તિઓ સ્તવનોમાં જાણે સાક્ષાત ઠેર ઠેર જોવા મળે છે.

આ મહાન સંત કવિએ પ્રેમલક્ષણા ભક્તિનો જૈન સાધનામાં ઉદય કર્યો.

એમના પદો વાંચતા અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજના શ્રીમુખે ભણો સાક્ષાત સરસ્વતી દેવીએ વાસ કર્યો હોય અને તે મુનિજીની વાણીમાં ધારા રૂપે વહી રહ્યાં હેય તેવું લાગે છે. અનુભૂતિ થાય છે તેઓશ્રીના વચનો જાણે કે સાધનાની સરાણે ચડેલા મોતી હોય તેવું શ્રદ્ધાન થયા કરે છે. માતૃદેહથી સંતો મુમુક્ષુમાં ને વાત્સલ્ય વાણીરૂપ અંજલિ વડે છંટકાવ કરી જાગૃત કરે છે.

શ્રી આનંદઘનજી આ પદો દ્વારા જગતના જીવોને આત્માની પ્રતિતી કરાવે છે. મોહ નિંદ્રામાં પડેલા પ્રાણીઓને પોતાની આત્મદશાનું ભાન કરાવે છે.

ક્યાં સોવે, ઉઠજાગ બાઉરે,
ક્યાં અંજલિજલ 'જપ' આયુ ઘટત હૈ
દેત પહોરિયા ધરિપ ધાઉ રે.

અરે એ ભોળા પ્રાણી, તું કેમ સુઈ રહ્યો છે? ઉઠ જાગ! જેમ ખોબામાં ભરેલું પાણી ધીરે ધીરે વહી જાય છે તેમ આયુષ્ય રૂપી જળ પણ ઘટતું જ જાય છે, પ્રહર (સમય) જણાવવા જેમ પહેરગીર પરહ ઉપર ઘા મારે છે ને લોકોને જાગૃત કરે છે તેમ સંતો પણ પહેરગીરનું કામ કરે છે.

આનંદઘન બહોંતરી ના આ પદોમાં આધ્યાત્મિક રૂપકો અંતરજ્યોતિ નો આવિર્ભાવ પ્રેરણામય ભક્તિ ભાવનાનો ઉલ્હાસ જોવા મળે છે. તેમની સ્પષ્ટ છતાં ગુઢાશયવાળી વાણી, પદલાલિત્ય મંત્રો મુગ્ધ કરે તેવું છે. તેમના વિચારની વિશાળતા તેમની નિજાનંદની મસ્તીમાં નામ કિર્તનને ક્યાંય સ્થાન આપ્યું નથી

એમણે ગાયું છે.

રામ કહો રહેમાન કહો
કોઈ કહાત કહો, મહાંદેવરી
પારસનાથ કહો કોઉ બ્રહ્મા
સકલ બ્રહ્મ સ્વયમેવ રી

અહીં તેમની વિશાળ ઉદાર ..દૃષ્ટિ જોવા મળે છે. પોતાનામાં રહેલું ચૈતનતત્વ એ પોતે જ પરમ તત્ત્વ છે.

તેમણે પરમ તત્ત્વને કેન્દ્રમાં રાખી ગાન ગાયા છે એમની કેટલીક લોકપ્રિય રચનાઓ

''બાર બાર નહિ આવે અવસર''

''અબહમ અમર ભયે ન મરેગે'' આ પુદગલ કા કયા વિશ્વાસરૂપ ''અવધુત નામ હમારા રાખે'' પંથડો નિહાળુ રે બીજા જીનતણો રે.'' વિગેરે ઉત્કૃષ્ઠ કૃતિઓ લોક હૃદયમાં વસી ગઈ છે.

તેમની રચનાઓ ઉપર ઉ. યશોવિજયજી, પૂ. જ્ઞાનવિમલસુરી યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિ સાગરજી શ્રી મુક્તિદર્શન વિજયજીએ ટબ્બા અને વિવેચન રૂપે રચના કરી છે.

બીકાનેરમાં દિલ્હીના બાદશાહનો દિકરો સાધુ સંતોની સતામણીને મશ્કરી કરતો આનંદઘનજીને આ  જાણ થતાં તે શાહજાદો ઘોડા પર જતાં તેને દિવ્ય શક્તિથી સ્થિર કરી દીધો જ્યારે સંતોની માફી માગી અને ભવિષ્યમાં કદી સાધુની સતામણી નહિ કરે તેવી ખાત્રી આપ્યા બાદ તેને ચાલતો કર્યો. અહીં તેની નિડરતા ઉપકાર દૃષ્ટિ અને માત્ર પરહિત માટે લબ્ધિ પ્રયોગની ઉચ્ચ ભાવનાનું દર્શન થાય છે.

રાજાની બે વિધવા પૂત્રીઓના શૉક અને આર્તધ્યાન દૂર કરવા ઉપદેશ આપી ધર્મધ્યાન તરફ પ્રવૃત કરવાનો સમયક્ પુરુષાર્થ અને દુઃખી પ્રત્યેની તેમની કરૂણા બુદ્ધિના દર્શન કરાવે છે.

પતિ પાછળ સતી થવા નિકળેલી સ્ત્રીને ઉપદેશ આપ્યો કે બહેન તારો પ્રિયતમ તે તારા સ્વામીનું શરીર છે કે એના શરીરમાં રહેલો આત્મા છે. શરીર ક્ષણ વિનાશી છે. જેની પાછળ જવું તે અયુક્ત છે. ઉપદેશથી તે સ્ત્રીને આત્માની અમરતા સમજાણી અને સતી થવા નું માંડી વાળ્યું અહીં કુરીવાજોથી સમાજને મૂક્ત કરવાના આનંદઘનજીના ભાવમાં એક સમાજ સુધારકના આપણને  દર્શન થાય છે.

સરળ હૃદયના આત્મ મસ્તીના સાધક, આનંદઘનજી પદો અને સ્તવનો હૃદયગાન હોઈ ભાવુકો પરમતત્વો પ્રત્યેની ભક્તિમાં તરબોળ બની જશે. એમના કવનો આત્મસ્થ કરવાથી આપણા જીવનમાં અલૌકિક અધ્યાત્મ ચિંતનની આબોહવા સર્જાશે.

સંપર્ક :  +૯૧ ૯૮૨૦૨૧૫૫૪૨
gunvant.barvalia@gmail.com

✠ ✠ ✠ ✠

સંદર્ભ ગ્રંથ :

| | |
|---|---|
| અનુભવ રસ ભા. ૧-૨ | ડૉ. જશુબાઈ મહાસતીજી |
| અનુભવ ધારા | ડૉ. જશુબાઈ મહાસતીજી |
| જ્ઞાનધારા - ૪ | સંપાદક : ગુણવંત બરવાળિયા |
| જૈન વિશ્વકોશ ભા-૧ | સંપાદક : ડૉ. કુમારપાળ દેસાઈ, ગુણવત બરવાળિયા |

# શ્રી યાકિની મહત્તરા

## - પ્રવર્તિની સાધ્વીવર્યા વાચંયમા શ્રીજી મહારાજસાહેબ (પૂ. બેન મહારાજ)

જિનશાસનમાં ચતુર્વિધ સંઘનું મહત્વનું સ્થાન છે. બે સાધક છે બે સાધના ભાવન! ઉપાસક છે. સાધુ-સાધ્વી સાધક છે. તેથી તેઓ વિશિષ્ટ રીતે વંદનીય-પૂજનીય-નમસ્કરણીય છે. સંસારની સર્વ ઉપાધિ ત્યાગી તેઓ વીતરાગ માર્ગના ઉપાસક છે. તેઓનો વિશિષ્ટ ઉદ્દેશ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-ત્યાગ દ્વારયા ખુદના જીવનને પવિત્ર કરવું અને વિશ્વને પવિત્રતાનો માર્ગ ચીંધવો તેઓમાં જ્ઞાનની ગરિમા અને સંયમની પવિત્રતા હોય છે. સમતા-શાંતિ-નમ્રતા-નિષ્પરિગ્રહતા તેઓના મહાગુણો હોય છે.

જ્યારે જગતમાં સ્ત્રીની તુચ્છતા નિર્માલ્યતા ગણાતી હતી ત્યારે પરમાત્મા મહાવીરનો સાધ્વી સંઘ વિશિષ્ટ કોટીના જ્ઞાન અને ગંભીરતાથી વિશ્વમાં શોભી રહ્યો હતો. સાધ્વી સંઘમાં રાજપુત્રીઓ, રાજમાતાઓ, શ્રેષ્ઠપુત્રીઓ, પરમ વિદુષી ત્યાગ ઈચ્છુક, જ્ઞાન સાધક અને કુલીન કન્યાઓ જૈન સાધ્વી બની રહી હતી.

જૈન સાધ્વીમાં અનેક શ્રમણીઓ આ પૃથ્વીને ત્યાગ-તપશ્ચર્યા સમતા-શાંતિ દ્વારા પવિત્ર કરતા હતા. તેમાં કેટલાક ગણિની-પ્રવર્તિની-મહત્તરાપદ પ્રાપ્ત કરી ગચ્છની - સમુદાયની સારણા-વારણા-ચોયણા-પડિચોયણા દ્વારા સુરક્ષા કરતા હતા. તેઓની ગુણ ગરિમા વિશિષ્ટ રહેતી. પ્રેમ-સ્નેહ વાત્સલ્ય દ્વારા સાધ્વી સંઘનું જન્મદાતા-જનની કરતાં ધર્મ જનની બની લાલન કરતાં હતાં. સાધ્વી સંઘની ઉજ્જવલતામાં અભિવૃદ્ધિ કરતા હતા. સાધ્વી સંઘના વકીલ મહત્તરા પદ પામેલા સાક્ષાત્ નમ્રતાના મૂર્તિ રહેતા હતા. પદ-પ્રતિષ્ઠાની તેમનામાં ઝંખના ન હતી. આત્માની ઉન્નતિ તે જ તેમનો આદર્શ હતો.

સાધ્વી સંઘમાં લગભગ ૧૦૦૦ વર્ષ પૂર્વે એક મહાસાધ્વી હતા. યાકિની મહત્તરા' તેમનું નામ હતું તેઓનો વિશાળ સાધ્વી સંઘ અનેક ગ્રામ નગરને પવિત્ર કરી રહ્યો હતો. યાકિની મહત્તરા વિશાલ આર્યગણ સાથે એક મોટા નગરમાં પધાર્યા છે. શહેરના રાજમાર્ગ ઉપર તેમની વસતિ-ઉપાશ્રય છે. ત્યાં સદા સ્વાધ્યાય-જ્ઞાનનો નંદિઘોષ ચાલતો હતો. યાકિની મહત્તરાનું જ્ઞાન અદ્ભુત હતું તેમનો સ્વર સ્પષ્ટ અને મધુર હતો. તેઓ સૂત્રનું ઉચ્ચારણ કરે પઠન-પાઠન કરે તોય એક મધુરી સ્વરની લહરી ફેલાઈ જાય. તેમના ઉચ્ચારની મધુરતા સૌને આકર્ષિત કરી દેતી.

એજ નગરમાં ૧૪ વિદ્યાના જાણકાર મહાવિદ્વાન બ્રાહ્મણ રાજ પૂરોહિત હરિભદ્ર હતા. તેઓની જ્ઞાનશક્તિ-અપ્રતિમ સર્વોત્કૃષ્ટ પ્રતિભા શ્રેષ્ઠ યાદશક્તિથી ભારતના અનેક વિદ્વાનો તેમના ચરણો ચૂમતા હતા. વાદ-વિવાદ-વિતંકા કરવા આવેલા વિદ્યાનો પરાજય પામી શરમિંદા બનતા હતા. આવા અનેક કારણોએ હરિભદ્ર પુરોહિતે એક મહાન પ્રતિજ્ઞા કરી હતી. મને જે ગ્રંથ શ્લોક કે શબ્દનો અર્થ ન આવડે તેનો હું શિષ્ય બનીશ તેમને ગુરુ તરીકે સ્વીકારીશ.

જ્ઞાનીની કેવી ભવ્ય યોગ્યતા છે કેવી જ્ઞાનની અદ્ભુત ભાવના છે. મારાથી વધુ જ્ઞાની હોય તેને ગુરુ તરીકે સ્વીકારવા અને જ્ઞાનીના ચરણે શિર ઝૂકાવી શિષ્યત્વ સ્વીકારવું. સાચા જ્ઞાનોપાસક આત્માની વિશિષ્ટતા છે. જ્યાં જ્ઞાની હોય તેના ચરણમાં રહી અધિક જ્ઞાન પ્રાપ્ત કરવું. આવા હતા. રજપુરોહિત હરિભદ્ર.

એક દિવસ રાજપુરોહિત હરિભદ્ર શાંત રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં એક સ્ત્રીનો સ્વર સંભળાય છે. શું સુંદર! સ્પષ્ટ ઉચ્ચારણ મધુર ગુંજારવ. ત્યાં સ્થંભી ગયા. શ્લોકનું અનુસંધાન કરવા લાગ્યા. શબ્દ સમજાય પણ અર્થ ન સમજાય જ્ઞાનની ઝંખનાએ તેમને રોકી દીધા. પોતાને પ્રતિજ્ઞાની સ્મૃતિનું પુનઃ સ્મરણ થયું. આ મધુર સ્વરમાં કેવી દિવ્યશક્તિ છે. શું તેમનું જ્ઞાન છે. મને અર્થ નથી સમજાતો. મારે તેમની પાસે જવું જોઈએ. તેમની જ્ઞાન ગંગામાં સ્નાન કરવું જોઈએ બે હાથ જોડી શિર ઝુકાવી કહેવું જોઈએ. મને આપ જે શ્લોક બોલો છો તેનો અર્થ નથી સમજાતો મને સમજાવો. રાજપુરોહિત હરિભદ્રના પગ થંભી ગયા. સાધ્વીજીના ઉપાશ્રયે પહોંચ્યા.

હે ભગવતી પરમવિદુષી માતા! આપની સેવામાં આવ્યો છું. માતા મારી ઉપર ઉપકાર કરો. આ માર્ગ પરથી પસાર થતાં આપ દ્વારા પ્રગટ થતાં સ્વાધ્યાયના શ્લોક સંભળાયા આપની પાસે આવ્યો છું. મારું અજ્ઞાન દૂર કરો. મને અર્થ સમજાવો. મારી પ્રતિજ્ઞા છે. 'મને જેનો અર્થ ન સમજાય તેનો હું શિષ્ય બનીશ' હવે આપ મારા ગુરુ હું આપનો શિષ્ય.

યાકિની મહત્તરાએ મસ્તક ઊંચું કરી ધર્મલાભના આશિષ આપ્યા. આગંતુકને નિહાળ્યા. અલૌકિક પ્રતિમા અપૂર્ણ જ્ઞાનજિજ્ઞાસા-પાંડિત્યની સાક્ષાત મૂર્તિ. રાજપુરોહિત સામે એક પ્રાંજલ આર્ષદૃષ્ટિ કરીને બોલ્યા.

મહાનુભાવ! મેં તમારૂં નામ સાંભળ્યું છે. તમારા જ્ઞાનવૈભવનું સમસ્ત વિદ્વાનોને ગૌરવ છે. આપ જ રાજપુરોહિત હરિભદ્ર ભટ્ટ ને!

હા જી ! હવે હું આપનો શિષ્ય!

જ્ઞાનપિપાસુ પુણ્યાત્મા! તમારી જ્ઞાનની તીવ્ર ઝંખના યોગ્યતાના દર્શન કર્યા બાદ મને થયું અમારા ગુરૂદેવ જ્ઞાનના હિમાલય છે. તેના સાનિધ્યમાં તમે પધારો. તમારી જ્ઞાનપિપાસાને જ્ઞાનઝંખનાને અપૂર્વ રીતે પૂર્ણ કરો.

રાજપુરોહિત હરિભદ્ર ભટ્ટની માનસ સૃષ્ટિમાં એક અદ્ભુત પ્રકાશ પ્રગટ્યો. મેં આ જ્ઞાનમૂર્તિ માતાને ગુરૂ માન્યા. હવે મારાથી પ્રશ્ન ન થાય. તેમની સાથે ચર્ચા ન કરાય. તેમની આજ્ઞા જ હિરૂસાવંધ કરાય.

મય ધર્મ જનની! આશીર્વાદ આપો, છેવટે મહાગુરૂના ચરણ શરણમાં પહોંચ્યા. મહાગુરૂ હરિભદ્ર ભટ્ટને જોઈને આશ્ચર્ય પામ્યા. વાર્તાલાપ થયો. જ્ઞાનની પ્રાપ્તિ થઈ ભટ્ટજીના સાડાત્રણ કરોડ રોમરાજીમાંથી એક નાદ પ્રગટ્યો. **प्रभो! तवा चरणौ प्रपन्नोहं! माम् कृपया स्वीकुरुत!**

રાજપુરોહિત આકિંચન મુનિ બન્યા બાદમાં સુરિ પુરંદર હરિભદ્ર સૂ. બન્યા જ્ઞાનની જ્યોતે તેમના દિલમાં એક વાત જ્યોતિ પ્રગટી. મહાગુરૂ મળ્યા. જિનશાસન મળ્યું. વિતારગનો ધર્મ મળ્યો. મોક્ષમાર્ગ મળ્યો. પણ મારાં પથપ્રદર્શક કોણ? ''યાકિની મહત્તશરા''

તેમની કૃપા ન થઈ હોત તો આ હરિભદ્રને અહંકારનો મેરૂ આભડી ગયો હોત મોહના વિષ દૂર કરનાર જ્ઞાનનિધિને મેં ઝેરી સમુદ્ર બનાવી દીધો તેમ આત્મરક્ષક જ્ઞાનને અભિમાનથી ભક્ષક બનાવી દીધો હોત.

માતા મહત્તરાએ મને સાચું સરનામું આપ્યું મારા દુર્ગુણોને દૂર કરનાર સદ્ગુરુ ગુરૂદેવના ચરણ-શરણમાં મોકલ્યો. આપ ઉપકારી પ્રત્યે મારી શું કૃતજ્ઞતા? શું ક્ષણે ક્ષણે સ્મૃતિ ગુરુદેવ જ્ઞાનના હિમાલય છે. મહત્તશ જ્ઞાનની ગંગા છે. નમ્રતાની યમુના છે. સાધનાની સાક્ષાત્ મૂર્તિ છે.

હવેથી હરિભદ્રની માતા-પાલક-રક્ષક રાહબર યાકિની મહત્તશ છે. હું ગૌરવપૂર્વક કહું છું. આનંદપૂર્વક ઉદ્ઘોષણા કરું છું. અહં, ના, હરિભદ્ર સૂરિ! કિન્તુ યાકિની મહત્તરા સુનુઃ-ધર્મ પુત્ર.

હું સૌને વિનંતી કરું છું હરિભદ્રને ભૂલશો તો કશો વાંધો નથી. હરિભદ્ર નામ તો ભૂલાય તે મને ગમશે પણ, સદા યાદ રાખજો. મારા ધર્મ જનની યાકિની મહત્તરાને મને આનંદ છે. મારા જીવનના ઉપકારીના નામ સ્મરણમાં હરિભદ્રનો એક પણ ગ્રંથ માતાનો નામ વગરનો નહિ હોય. માતાના ઉપકારી સ્મૃતિ કરી હું કૃત-કૃત્ય બનું. કૃતજ્ઞ બનું. ધર્મ માતા તમારૂં નામ સ્મરણ થતાં તમારા પવિત્ર ચરણોના દર્શન થાય છે. તમારા નમ્રતાના સાક્ષાત્ મૂર્તિના મને દર્શન થાય છે. તમારા જ્ઞાનપૂર્ણ આત્માને પુનઃપુનઃ વંદન કરું છું.

ધન્ય હરિભદ્ર સૂર જે જમાનામાં સ્ત્રીનું નામ લેવું, તેને વિક્રમી કહેવું. ઉપકારી તરીકે સ્વીકારવું. જાહેરમાં બોલવું કેટલી હિંમત જોઈએ. કેટલું સાહસ! કેટલી પડકાર ઝીલવાની શક્તિ હોય તો ગ્રંથસ્થ કરી શકે? યાકિની મહત્તરા સૂનું!

આ બાજુ વિચાર કરીએ તો યાકિની મહત્તરા કેટલા ધીર-ગંભીર વિચારક હશે? હરિભદ્ર રાજ પુરોહિત પર દૃષ્ટિપાત કરતા તેમના ભવ્ય ભાવિના દર્શન કર્યા હશે સુપાત્ર વ્યક્તિ સુયોગ્ય

વ્યક્તિના સાનિધ્યમાં આવે તો કેવો ભવ્ય ઈતિહાસ રચાય. યાકિની મહત્તરાને હરિભદ્રના ભાગ્ય સિતારાના દર્શન થયા હશે! એટલે જ તેમને ગુરૂ ચરણના ઉપાસક બનાવ્યા.

હરિભદ્ર સૂ. મ.સા. ૧૪૪૪ ગ્રંથ રચ્યા. આ મહાન જ્ઞાનવિધિનું ઝરણું યાકિની મહત્તરા!

જૈન સંઘમાં-વિશ્વમાં યાકિની મહત્તરા જેવા અનેક સાધ્વી-સતિ-પવિત્ર પુણ્યશાળી નારી રત્નોના સર્જન થયા હશે.

જૈન સંઘે સદા ચતુર્વિધ સંઘના અદ્ભુત મૂલ્યાંકન કર્યા છે. પ્રાતઃ કાલના મંગલ સમયે સાધુ સાધ્વી શ્રાવક-શ્રાવિકા-પદસ્થો-આચાર્યો-ગચ્છાધિપતિઓ પ્રતિક્રમણમાં ભરહેસર સજ્ઝાયના પાઠ દ્વારા નામ સ્મરણ કરે છે. અને કહે છે 'જેસિ નામગ્ગહણે પાવચ્ચબંધા વિલયં જંતિ'

પુનઃ પુનઃ યાકિની મહત્તરા દ્વારા મળેલ વિશિષ્ટ યોગદાનની અનુમોદના....

સંપર્ક :
E-mail : 2yash89@gmail.com
Mo.: 9879035789

# "ન પકડે તંત, એનું નામ સંત"

**- આચાર્યશ્રી રાજયશ સૂરીશ્વરજી મહારાજસાહેબ**

સંત-સાધુ-મહાત્મા આવા શબ્દો કાનમાં પડતા જ કંઈક જ્ઞાન ઉત્પન્ન થાય છે. સંસારી માનવ ભલે શ્રીમંત હોય કે સાધારણ હોય. પરિશ્રમી હોય કે દરિદ્ર પણ તે અનેક સમસ્યાઓથી ઘેરાયેલો જ હોય છે.

સંત-સાધુ-મહાત્માનું નામ પડતાં તેને એક સહારો મળવાનો અહેસાસ થાય છે. કદાચિત સંત-સાધુ-મહાત્માથી દુઃખ ઓછું ન જ થઈ શકે એવું હોય તો પણ એને પોતાના દુઃખને શાંતિથી સાણભળનાર મળે તો પણ શાતા ઉપજે છે.

મને તો લાગે છે. જેમ પૃથ્વી પર વૃક્ષો શાંત રહી માનવજાતને શુદ્ધ વાયુ આપે છે તેમ સંતો પણ શાંત રહીને આધિ-વ્યાધિ-ઉપાધિમાં ફસાયેલા માનવોને નવજીવન માટે એક નવી પ્રાણશક્તિ પૂરી પાડે છે.

આવા સંતો એક જમાનામાં સુલભતાથી પ્રાપ્ત થતા હતા. પણ કૃતજ્ઞ સમાજે સંતોનો મહિમાં અનેક રીતે વધારવા માંડ્યો. તેમાં કેટલાક સંતો ભરમાયા. આ પ્રતિભાવની રસધારામાં ભીંજાયા જ નહીં પણ પૂરેપૂરા તણાઈ ગયા. જે લોકોને સંત સાધુ કે મહાત્મા થવાનું મન ન હતું સ્વપ્ન પણ આવતું ન હતું તેમને પણ કંઈક આંચલો પહેરી સંત સાધુ અને મહાત્મા બનવાના કોડ જ્યા. તેઓ વેશધારી બન્યા. વેશધારી પણ ઉચ્ચ સાધુની પંગતમાં પ્રવેશ પામી ગયા.

સમાજ માટે હવે સાચા સંતની પરખ જટિલ બની ગઈ. બીજી વાત એ રહી કે સાધુ, સંત કે મહાત્મા પાસેથી અનંતતત્વ સમજવાની આત્માની અનુભૂતિ કરવાની કંઈક નિર્ણાયત્મક તત્વજ્ઞાન મેળવવાની ઈચ્છા સામાન્ય જનમાં નહિવત બની ગઈ. હું કેમ ધનવાન બનું? કેમ સત્તાવાન બનું? હું કેમ નિરોગી બનું? એ પળ પાછું ધીરે ધીરે પ્રાપ્ત થાય એ નથી જોઈતું કોઈ પરિશ્રમના અંતે કે ત્યાગ કે સાધનાથી મળતું હોય તો તે ત્યાગ કે સાધના નથી કરવી. પણ વિના કોઈ પ્રયાસ બધું જ ઈચ્છા કરતાની સાથે મળી જાય તેવું જોઈએ છે. પરિણામે લાખો ભક્તો અને ધૂર્ત સાધુઓની એક જમાત સમાજમાં ઉભી થઈ છે.

તેમ છતાંય હજી અનેક ભાવિકોના સજ્જનોના મનમાં, મુમુક્ષુઓના મનમાં સંતત્વનો આદર્શ જીવંત છે. તેમનો પ્રયત્ન જીવનને સફળ કરવા સંતત્વ પ્રાપ્ત કરવાનો છે.

આવા સંતને કોઈ તંત નથી હોતો. ઓછામાં ઓછી આવશ્યકતા પોતાના જીવનમાં રાખે છે. પોતાની આવશ્યક્તા માટે કોઈના પર પણ બોજ પડે તેવું તેઓ ઈચ્છતા નથી. કારણ સંતની ઈન્દ્રિયો અને મન તેમના કાબૂમાં હોય છે.

આવા સંતોને કદાચિત કોઈ એક તત્ત્વપરંપરા, કોઈ એક સાધના પરંપરા, કોઈ એક આચાર પરંપરામાં જોડાવું પડે છે. પણ તેમનો માનસિક વિકાસ એટલો સુંદર થયો હોય છે કે તેઓ પોતાનાથી વિભિન્ન હોવા છતાં જે પણ સત્યલક્ષી, આત્મલક્ષી સાધના પરંપરા છે તેને પ્રેમથી સ્વીકારે છે.

જેઓ પોતાના સિવાયની પ્રત્યેક પરંપરાને દરેક અપેક્ષાઓ ખોટી માનતા હોય છે. પોતે શીખ્યા છે. સમજ્યા છે તેને જ સાચું માનતા હોય છે તેઓમાં મનાગ્રહ ભયંકર હોય છે. તેઓ પોતાની સમજણનો તંત છોડી શકતા નથી. પરિણામે તેઓની અન્ય શક્તિઓ પણ સરવાળો વિનાશકારી બનતી હોય છે.

હું તો માનું છું. જેમ દુનિયાના કોઈપણ માનવને ભૂખ લાગે છે. તેમ એક કથામાં પ્રવેશ કર્યા બાદ દરેક માનવને આત્મસુખની ભૂખ લાગે છે. ઈન્દ્રિયોની લંપટતા, વિષયસુખની દરેક માનવને આત્મસુખની ભૂખ લાગે છે. ઈનિદ્રયોની લંપટતા વિષયસુખની ક્ષણિકતા. ધનવૈભવના દૂષણો ને સત્તા માટેના પ્રપંચો કોઈ ન સમજાવે તો ય સમજમાં આવ જાય છે. એક જૈનશાસ્ત્રના ચિંતનકારે જણાવ્યું છે કે જ્યારે આત્મા સંસારનો સ્વભાવ સમજી જાય છે ત્યારે એક ગુરુત્વ તેના પોતાનામાં જ આકાર લેવા માંડે છે. તે જ ગુરુનું સદ્ગુરુનું કાર્ય કરે છે. આકાશમાં વરસતું પાણી નિર્મલ હોય છે. પણ જ્યાં પડે છે ત્યાં ત્યાંના વાતાવરણ પ્રમાણે આકાર લે છે અને પછી દરેક કહે છે. મને મારા પાત્રમાં સ્થાનમાં પડેલું પાણી

જેવું અનુભવાયું છે. તે જ પાણીનું સ્વરૂપ છે. બીજાના સ્વરૂપો ખોટા છે. ભ્રાંતિભર્યા છે. મિથ્યા છે. ખંડનીય છે.

ત્યાંથી પણ વાત આગળ વધે છે. અને એ તે તત્ત્વોને તિરસ્કરણીય માનવા માંડે છે. એટલું જ નહીં પોતાનાથી ભિન્ન મત ધરાવનારાઓનો નાશ કરવાની ચેષ્ટા થાય છે.

જેમાં પરમત સહિષ્ણુતા નથી. જેનામાં સંસાર સ્વભાવની અને માનવ સ્વભાવની પરખ નથી તેવા સંતો પોતાનો તંત છોડતા નથી. આચાર્ય હરિભદ્ર સૂ મ.સાહેબે તો કહ્યું છે. જેઓમાં ખેરખરી જિજ્ઞાસા પ્રગટિત નથી થઈ તેને ધર્મ આપવાની ઘેલછા એ જ મોટો અધર્મ સર્જે છે. આખું જગત મારી સમજ પ્રમાણેના ધર્મને જ માને. આખા જગતનું ધર્મ સામ્રાજ્ય હું હસ્તગત કરું. આવા મનોરથોએ આ જગતમાં ભૌતિક દુઃખ કરતાં પણ મોટું માનદુઃખજ કે ધામિક દુઃખ પેદા કર્યું છે. બસ, આથી જ શય્યંભત સૂરિ જેવા મહાત્મા કહે છે.

સોચ્ચા જાણઈ કલ્લણં.
સોચ્ચા જાણઈ સોચ્ચા
જં સેઅં તં સમાયરે

સાંભળ, અંતર આત્માને જગાડ અને તેને જે શ્રેયસ્કર લાગે તે તું સ્વીકારી આચારમાં મૂક.

વિશ્વના મહર્ષિઓ પોતપોતાના દેશકાળ અને સુઝ પ્રમાણે લોકોની રુચિ જોઈને રસોઈ બનાવી છે. તરા રસોઈ જ સહુએ ખાવી એવા તંત સાધુને ન હોય. સાચા સંતને ન હોય.

બસ, મારામાં, અમારામાં આવું સંતત્વ પ્રગટે સમાજમાં આવા સંતો પ્રગટે અને આ વિશ્વમાં સહુને શાંતિ પમાડે.

સંપર્ક :
E-mail : 2yash89@gmail.com
Mo.: 9879035789

# લલ્લેશ્વરી (કાશ્મીરની આદિ સંત કવયિત્રી)

**- સુરેશ ગાલા**

**એ**ક ઉપવનની કલ્પના કરી જુઓ કે જેમાં વિવિધ પ્રકારનાં, વિવિધ રંગના, વિવિધ જાતનાં અને વિવિધ સુગંધયુક્ત ફૂલો જ હોય ! એ વિવિધ સુગંધોની વિશિષ્ટતા એવી હોય કે એમનું ઉદ્‌ભવસ્થાન એક 'અનોખી સુગંધ' હોય !

ભારતના અધ્યાત્મિક ઉપવનમાં પ્રગટેલા સંતો આ વિવિધ પુષ્પો જેવા છે. ભારતના વિવિધ પ્રદેશોમાં, વિવિધ વેશમાં, વિવિધ કાળમાં, વિવિધ જ્ઞાતિમાં પ્રગટેલા આ બધા જ સંતોની વાણીરૂપી સુગંધની એક વિશિષ્ટતા એ છે કે એનું ઉદ્‌ભવસ્થાન એક અનોખી અનિર્વચનીય સુગંધ છે જેનું નામ છે 'પરમતત્ત્વ', આ સંતોએ દેશ, કાળ અને અનુયાયીઓની માનસિક સ્થિતિ અને જરૂરિયાતને લક્ષમાં રાખી શબ્દો દ્વારા સુગંધ વહાવી છે.

જેમ પુષ્પને પ્રગટવા અને પોષણ મેળવવા જરૂર છે માટીની, પાણીની, સૂર્યપ્રકાશની અને ખાતરની એમ આ સંતોએ પણ પુષ્પની જેમ પ્રગટીને, વિકસીને જે શબ્દસુગંધ વહાવી છે એના મૂળમાં છે -

**પરમતત્વનું કૃપારૂપી પાણી, પ્રાણશક્તિરૂપી સૂર્યપ્રકાશ**
**શરણાગતિના ભાવરૂપી માટી ગુરુકૃપારૂપી ખાતર**

આવું ભારતના આધ્યાત્મિક ઉપવનમાં પ્રગટેલું એક વિશિષ્ટ પુષ્પ એટલે કાશ્મીરમાં જન્મેલી 'લલ્લેશ્વરી'. ડૉ. શરદ ઠાકર કહે છે કે, કાશ્મીર એટલે જેના નામમાં કશ્યપ ઋષિ સમાયેલા છે, જે ભૂમિ પર કાશ્મીરી શૈવમતનો જન્મ થયો હતો, જ્યાં પૃથ્વી પરના સૌથી વધારે નિષ્પાપ પંડિતો વસતા હતા, જ્યાંની જમીન પર આદિ શંકરાચાર્યે શિવમંદિરનું નિર્માણ કર્યું હતું, જ્યાં પૃથ્વીતત્ત્વની બનેલી ગુફામાં જળતત્ત્વ પૃથ્વીતત્ત્વ બનીને શિવલીંગનું રૂપ ધારણ કરે છે (અમરનાથની ગુફા).

લલ્લેશ્વરીના જીવનકાળ દરમ્યાન કાશ્મીરમાં ઈસ્લામ ધર્મનું આગમન થઈ ચૂક્યું હતું. સમગ્ર ભારતમાં ઘોર અશાંતિ તથા ધાર્મિક અવ્યવસ્થા વ્યાપ્ત હતી. સામાજિક, આર્થિક તથા રાજનૈતિક વિષમતાઓને કારણે સામાન્ય જનતા ત્રસ્ત હતી. ધર્માંધ કટ્ટરવાદનું જોર વધતું હતું. દરેક સંપ્રદાય પોતાને શ્રેષ્ઠ માનતો હતો. કાશ્મીર પણ આમાંથી બાકાત ન હતું. આવે સમયે લલ્લેશ્વરીએ પોતાને થયેલ અનુભૂતિઓને આધારે ધર્મના વાસ્તવિક સ્વરૂપને સીધી-સાદી સરળ ભાષામાં જે પદો દ્વારા વ્યક્ત કર્યું એને 'વાખ' કહે છે. આ વાખ ચાર પદના હતા. છંદમુક્ત પણ લયબદ્ધ અને ગેય. જેમ નરસિંહ મહેતા રચિત ભજનો, પદો કે પ્રભાતિયાં આજ દિન સુધી ગુજરાતનાં ગામોમાં ગવાતાં આવ્યાં છે એમ લલ્લેશ્વરી રચિત 'વાખ' પણ પેઢી દર પેઢીથી કાશ્મીરનાં ગામોમાં ગવાતાં આવ્યાં છે. આ વાખ લલ્લેશ્વરીના સમયમાં લિપિબદ્ધ ન થયા પણ સેંકડો વર્ષો સુધી મૈખિક પરંપરા દ્વારા સચવાણા. પ્રાચીન ભારતીય પરંપરા અનુસાર આવું સાહિત્ય કાગળ ઉપર નહીં પણ સ્મૃતિપટલ પર અંકિત થવું જોઈએ. ભોજપત્ર કે કાગળ પર લિખિત સાહિત્ય કરતાં હાડમાંસના બનેલ સ્મૃતિપટલ પર અંકિત થયેલું સાહિત્ય અધિક વિશ્વસનીય છે એવી માન્યતા પ્રચલિત હતી.

સર્વપ્રથમ મહામહોપાધ્યાય પંડિત મુકુંદરામશાસ્ત્રીની સહાયતાથી અંગ્રેજ સર જ્યોર્જ ગિયર્સન મહોદયે **'લલ-**

**વાક્યાનિ'** શીર્ષક હેઠળ આ 'વાખ'ને સંપાદિત કર્યા અને ઈ.સ. ૧૯૨૦માં રોયલ એશિયાટિક સોસાયટી, લંડન દ્વારા 'લલવાક્યાનિ' પુસ્તક પ્રકાશતિ થયું.

ભારતની મધ્યકાલિન સંત પરંપરાની જેમ લલ્લેશ્વરીની 'વાખ' દ્વારા બાહ્યાડંબરો તથા ક્રિયાકાંડોનું ખંડન કર્યું હતું અને આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ તથા નિષ્કામ સાધન પર વિશેષ જોર આપ્યું હતું.

એમના વાખના કેન્દ્રમાં હતી કોઈ પણ સંપ્રદાયના વિધિવિધાનના કે બાહ્યક્રિયાકાંડના આગ્રહથી પર એવી પરમતત્ત્વની અનુભૂતિ. એમના 'વાખ' પર શૈવ, વેદાંત તથા સૂફીદર્શનની સ્પષ્ટ છાપ દેખાઈ આવે છે. માત્ર મૂર્તિપૂજા, પશુબલી, તીર્થાટન, શાસ્ત્રપાઠ કે વ્રતપાલનને જ જેઓ ઈશ પ્રાપ્તિના સાધન માને છે અને એનાથી જ જેઓ સંતુષ્ટ છે એમનું પણ લલ્લેશ્વરીએ ખંડન કર્યું હતું. કાશ્મીરી બ્રાહ્મણો માંસાહાર કરતા હોય છે એની પણ લલ્લેશ્વરીએ ટીકા કરી હતી અને દેવતાઓને પ્રસન્ન કરવા માટે થતા પશુબલીનો પણ નિષેધ કર્યો હતો.

લલ્લેશ્વરી માનતાં હતાં કે માનવીના દેહમાં વિશ્વચેતનાનો એક અંશ હોય છે જેનો અંતર્દષ્ટિ દ્વારા અનુભવ થઈ શકે છે. લલ્લેશ્વરીએ નિયતીનો સ્વીકાર કરેલ છે. ભાગ્યનો પણ સ્વીકાર કરેલ છે. એઓ માનતાં હતાં કે ભાગ્યના લેખ અમીટ છે, એને કોઈ મિટાવી શકતું નથી.

લલ્લેશ્વરીની સાધના યોગસાધના છે. ભારતનાં એ બીજાં સ્ત્રીસંત છે જે દિગંબર અવસ્થામાં વિચર્યાં છે. (પહેલાં સ્ત્રીસંત અક્કા મહાદેવી છે.) એમના 'વાખ'માં કુંડલિની જાગરણનો, ષટ્ચક્રનો, પ્રાણાયામનો, પંચપ્રાણનો કે ઇડા, પિંગલા, સુષુમણા નાડીનો ઉલ્લેખ જોવા મળે છે. એમના વાખમાં કોઈ વાદનો કે દર્શનનો ઉલ્લેખ નથી, ઉલ્લેખ છે માત્ર અનુભૂતિઓનો.

લલ્લેશ્વરીની અભિવ્યક્તિમાં કાવ્યાત્મક સુંદરતા પણ જોવા મળે છે. એમણે પોતાના 'વાખ'માં ઉપમા, ઉત્પ્રેક્ષા, વિરોધાભાસ અને અનુપ્રાસ જેવા અલંકારોનો ઉપયોગ કર્યો છે. 'વાખ'ની મૂળ ભાષા સંસ્કૃતનિષ્ઠ છે પણ એમાં ફારસી અને અરબી શબ્દોનો પ્રભાવ પણ દેખાય છે. એમના વાખ કાશ્મીરી ભાષાની પહેલવહેલી રચના છે.

કાશ્મીરમાં હજી પણ ઘેર ઘેર લલ્લેશ્વરીના વાખ ગવાય છે. કોઈ પણ કાશ્મીરી હિંદુ હોય કે મુસલમાન હોય લલ્લેશ્વરીથી પરિચિત હોવાનો જ. કાશ્મીરની પદયાત્રા દરમ્યાન પૂજ્ય શ્રી વિનોબાજીએ કહેલું કે, **'કાશ્મીરમેં દો હી નામ ચલતે હૈં, એક હૈ અલ્લા ઔર દૂસરા હૈ લલ્લા.'**

આ વાત મને વિનોબાજીની નિકટ રહેલા શ્રી અરૂણભાઈ ભટ્ટે કરી હતી.

**લલ્લેશ્વરી રચિત 'વાખ' એટલે શું ?**

શરદની કો'ક વહેલી સવારે શ્રીનગરમાં શંકરાચાર્યની ટેકરી પરથી સૂર્યોદય નિહાળીએ ત્યારે પૂર્વાકાશમાં વિવિધ રંગોની અવનવી આકૃતિઓ સર્જાતી દેખાય, બસ એ જ પ્રમાણે પરમના પ્રતિસાદ રૂપે લલ્લેશ્વરીના ચિત્તમાં કૃપાના સૂર્યોદય દ્વારા વિવિધ ભાવરૂપ સર્જાયેલ સ્પંદનોનું શબ્દરૂપ એટલે જ વાખ.

કો'ક વાસંતી બપોરે સુગંધી પુષ્પો પરથી પસાર થઈને આવતી ઠંડી હવાની લહેરખીઓ શ્રીનગરના ડાલલેકના જળને આંદોલિત કરે અને જળમાં વલયો રચાય, બસ એ જ પ્રમાણે અગમ્ય પ્રદેશમાંથી ઉદ્ભવેલી કૃપાની લહેરખીઓ લલ્લેશ્વરીના ચિત્તને આંદોલિત કરે અને જે શબ્દોમાં પ્રગટે એનું નામ છે 'વાખ'.

શિયાળાની કો'ક સાંજે હિમવર્ષાને કારણે શ્રીનગરની ભૂમિ બરફથી આચ્છાદિત થવાને કારણે જે ધવલતા સર્જાય બસ એવી જ ધવલતા/શ્વેતલતા ચિત્ત શુદ્ધ થવાને કારણે લલ્લેશ્વરીના ચિત્તપદેશમાં સર્જાય ત્યારે જે શુભશબ્દો ઉદ્ભવે એનું નામ છે 'વાખ'.

ભારતભરમાં થયેલ અનેક સંતોની જેમ લલ્લેશ્વરીએ કોઈ પણ સંપ્રદાયમાં અટવાયા વિના પરમ સત્યને લોકવાણીમાં 'વાખ' રૂપે વહાવ્યું છે. આ 'વાખ'ના કેન્દ્રવર્તી વિચારને, અર્કને, માત્ર ચાર પંક્તિમાં રજૂ કરવો હોય તો એમ કહી શકું -

**લોઢું સોનું છો બને, ઘનતા તે ના જાય,**
**સતત અગ્નિમાં જો તપે એ તરલ થઈ જાય;**
**પાર હુઆ જબ મનસે, દેખ લિયા દરબાર,**
**હમ સબ કઠપૂલિયાં, તૂં હી હૈ સરકાર.**

લલ્લેશ્વરીનો જન્મ શ્રીનગરથી લગભગ નવ માઈલ દૂર આવેલા સિમપુરા ગામમાં એક બ્રાહ્મણ ખેડૂતના ઘરે થયો હતો. વિદ્વાનો લલ્લેશ્વરીનો જન્મકાળ ઈ.સ. ૧૩૩૫ માને છે. લલ્લેશ્વરીને કાશ્મીરી જનતા લલદ્યદ્ લલયોગેશ્વરી, લલા લલારિકા આદિ નામોથી ઓળખે છે. વિદ્વાનો લલ્લેશ્વરીનું જન્મ નામ પદ્માવતી માને છે.

પંડિત આનંદ કૌલે લલ્લેશ્વરીના જન્મ સંબંધી લોકવાયકાઓ એકત્રિત કરી છે એ મુજબ લલ્લેશ્વરી તરીકે જન્મી એ પહેલાનાં સાતમા ભવમાં કન્યા તરીકે જન્મેલી લલ્લેશ્વરીના લગ્ન પાંદેઠન ગામના એક વ્યક્તિ સાથે થયાં હતાં અને એક પુત્રની માતા બન્યાં હતાં. કાશ્મીરની પરંપરા પ્રમાણે પ્રસૂતિ પછીના ૧૧મા દિવસે થતા 'કાહનેથર' નામના અનુષ્ઠાનના સમયે લલ્લેશ્વરીએ પોતાના કુળપુરોહિત સિદ્ધશ્રીકંઠને પૂછયું કે, આ નવજાત શિશુનો મારી સાથે શું સંબંધ છે ? સિદ્ધશ્રીકંઠે કહ્યું, 'આ તમારો પુત્ર છે.' આ સાંભળીને લલ્લેશ્વરી હસી અને કહ્યું, 'હું તરતમાં જ પ્રાણત્યાગ કરવાની છું અને 'મારહોમ' નામના ગામમાં હું વાછરડી તરીકે

જન્મ લઈશ. મારા શરીર પર વિશિષ્ઠ પ્રકારનું ચિહ્ન હશે. તમે બરાબર એક વર્ષ પછી 'મારહોમ' ગામમાં આવજો અને આ વાતની સત્યતાની ચકાસણી કરી લેજો.' લલ્લેશ્વરીએ આટલું બોલી તરત જ પ્રાણત્યાગ કર્યો

સિદ્ધશ્રીકંઠ એક વર્ષ પછી 'મારહોમ' ગામમાં ગયા. એમને ત્યાં વિશિષ્ઠ ચિહ્નવાળી વાછરડી મળી ગઈ. વાછરડીએ એમને જોઈને કહ્યું, 'હું તરત **જ પ્રાણત્યાગ કરવાની છું. મારો નવો જન્મ બિજીબોર (બ્રિજબિહાડા) ગામમાં પિલ્લાના (મરઘીનું બચ્ચું) રૂપમાં થશે. ત્યાં તમને આગળની વાત કહીશ.' વાછરડી આટલું બોલી રહી ત્યાં ઓચિંતો એક ચિત્તો આવ્યો અને એણે વાછરડીને ફાડી ખાધી. સિદ્ધશ્રીકંઠની જિજ્ઞાસા વધી ગઈ. એઓ બિજીબોર) ગામમાં પિલ્લાના રૂપમાં** લલ્લેશ્વરીને મળવા ગયા. લલ્લેશ્વરી અમુક અમુક ગામમાં અમુક અમુક રૂપમાં જન્મ લેવાની દરેક વખતે જે વાત કરતાં એ પ્રમાણે સત્યતાની પરીક્ષા કરવા માટે સિદ્ધશ્રીકંઠ બરાબર એનું અનુસરણ કરતા રહ્યા. લલ્લેશ્વરી તરીકે જન્મ એના પહેલાના ભવમાં એણે દેહત્યાગ કરતી વખતે સિદ્ધશ્રીકંઠને પોતાના આવતા ભવની વાત ન કરી, માત્ર મૌન રહી, મલકીને દેહ છોડી દીધો.

સાતમા ભવે એનો જન્મ લલ્લેશ્વરી તરીકે સિમપુરા ગામમાં થયો. આ છ ભવ એણે ૧૦ વર્ષમાં પૂરા કરી નાખ્યા હતા. લલ્લેશ્વરી જ્યારે ૧૨ વર્ષનાં થયાં ત્યારે એમનાં લગ્ન પાંપોર ગામના સોનપંડિત નામના યુવક સાથે થયાં. આ એ જ યુવક હતો જે સાત ભવ પહેલાં લલ્લેશ્વરીના પુત્ર તરીકે જન્મ્યો હતો અને લલ્લેશ્વરીએ એ ભવમાં પુત્રજન્મ આપીને માત્ર ૧૧ દિવસમાં દેહ છોડી દીધો હતો. પાણિગ્રહણ વખતે હાજર રહેલા સિદ્ધશ્રીકંઠને લલ્લેશ્વરીએ હળવેકથી કહ્યું સાત જન્મ પહેલાં જે છોકરો મારી કૂખે જનમ્યો હતો એ જ આજે મારો પતિ બન્યો છે. તેમને યાદ આવે છે કે, 'મેં એ ભવમાં તમને પ્રશ્ન પૂછેલો કે આ છોકરો મારો શું થાય ?' સિદ્ધશ્રીકંઠને બધી વાતો યાદ આવી ગઈ અને આશ્ચર્યચકિત થઈ ગયા.

બચપણથી જ લલ્લેશ્વરીને સંસાર પ્રત્યે રૂચિ ન હતી. એમના કુલગુરુ શ્રી સિદ્ધમોલ પાસેથી એમણે પ્રારંભિક શિક્ષા-દીક્ષા તથા ધર્મ, દર્શન, જ્ઞાન અને યોગ સંબંધી ઘણાં રહસ્યો જાણ્યાં હતાં.

લલ્લેશ્વરીમાં વધતો વૈરાગ્ય જોઈ એમના પતિ સોનપંડિતે ગુરુ શ્રી સિદ્ધશ્રીકંઠને વિનંતી કરી કે, લલ્લેશ્વરીને તેઓ સમજાવે જેથી સાંસારિક બાબતોમાં એ રૂચિ લે અને સોનપંડિતની હાજરીમાં ગુરુશ્રી સિદ્ધશ્રીકંઠ અને લલ્લેશ્વરી વચ્ચે ગંભીર ચર્ચા શરૂ થઈ. સાંસારિકતા અંગે કંઈ વાતચીત થાય એ પહેલાં ચાર બાબતો અંગે ચર્ચા શરૂ થઈ.

૧) બધા પ્રકાશોમાં કયો પ્રકાશ શ્રેષ્ઠ છે ?

૨) બધાં તીર્થોમાં કયું તીર્થ શ્રેષ્ઠ છે ?

૩) બધા કુટુંબીઓમાં કયો કુટુંબી શ્રેષ્ઠ છે ?

૪) બધી સુખદ વસ્તુઓમાં કઈ વસ્તુ શ્રેષ્ઠ છે ?

**દરેક જણે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો**

| પતિ સોનપંડિતની માન્યતા | ગુરુ સિદ્ધશ્રીકંઠની માન્યતા | લલ્લેશ્વરીની માન્યતા |
|---|---|---|
| (૧) સૂર્યપ્રકાશ | નેત્રપ્રકાશ | આત્મજ્ઞાનનો પ્રકાશ |
| (૨) ગંગા તીર્થ | સ્વાવલંબન રૂપી તીર્થ | જિજ્ઞાસા તીર્થ |
| (૩) ભાઈ | ખીસું (પૈસા) | ભગવાન |
| (૪) પત્ની | આરોગ્ય | ઈશ્વરભય ઈશ્વરપ્રીતિ) |

લલ્લેશ્વરીને કોઈ સંતાન ન હતાં. વિષમ કૌટુંબિક જીવન હોવા છતાં પોતે ઈન્દ્રિયાતીત જગતમાં વિચરતી હતી.

લલ્લશ્વરીને સાસરિયામાં સાસુનો ખૂબ ત્રાસ સહન કરવો પડતો હતો. સાસુ ખૂબ કામ કરાવતી. એમનો મુખ્ય ખોરાક ભાત હતો. સાસુ થાળીમાં મોટો પત્થર મૂકી એની ઉપર થોડાક ભાત મૂકી એ પથ્થરને ઢાંકી દેતી અને લલ્લેશ્વરીને જમવા એ થાળી આપતી. બીજાને એમ થાય કે સાસુ કેટલા બધા ભાત વહુને ખાવા આપે છે !

એક દિવસ લલ્લેશ્વરી પાણી ભરવા ઘાટ પર ગઈ. સાસુએ લલ્લેશ્વરીના પતિ સોનપંડિતને ચડાવ્યો અને કહ્યું કે, 'જા તપાસ કર કે આ ચૂડેલ આટલો બધો વખત ઘાટ પર શું કરી રહી છે ?'

સોનપંડિત લાકડી લઈ ઘાટ પર ગયા. સામેથી લલ્લેશ્વરી માટીના ઘડામાં પાણી ભરી આવી રહી હતી. સોનપંડિતે ગુસ્સામાં ઘડા પર લાકડીનો પ્રહાર કર્યો. ઘડો ફૂટી ગયો. લોકવાયકા એવી છે કે, ઘડો ભલે ફૂટી ગયો, પણ ઘડામાંનું પાણી ઘડાના આકારમાં લલ્લેશ્વરીના માથા પર ટકી રહ્યું. ઘરે પહોંચીને લલ્લેશ્વરીએ પાણીથી વાસણો ભર્યાં અને વધેલું પાણી બહાર ફેંકી દીધું. થોડા દિવસ પછી ત્યાં એક તળાવ બની ગયું જે અત્યારે 'લલ્લત્રગ'ના નામથી પ્રસિદ્ધ છે.

એક લોકવાયકા મુજબ સિદ્ધશ્રીકંઠ સવારના એક નદીકાંઠે સ્નાન કરી રહ્યા હતા. એમણે જોયું કે થોડેક દૂર લલ્લેશ્વરી માટીનાં વાસણને બહારથી માંજી રહી હતી. સિદ્ધશ્રીકંઠે તરત જ લલ્લેશ્વરીને કહ્યું, 'અંદરથી ગંદા એવા આ વાસણને બહારથી માંજવાનો શું ફાયદો ?' લલ્લેશ્વરીએ તરત જ જવાબ આપ્યો, 'ભીતરથી મેલી (મલિન ચિત્ત) એવી આ કાયાને ધર્મને નામે માત્ર બહારથી ધોવાનો શું ફાયદો ?' સિદ્ધશ્રીકંઠ તરત જ મર્મ

સમજી ગયા કે ચિત્તશુદ્ધિના ધ્યેય વિનાની બાહ્યક્રિયાઓ મિથ્યા છે.

એક વખત સિદ્ધશ્રીકંઠ ૪૦ દિવસનું કઠોર ચન્દ્રાયણ વ્રત કરી રહ્યા હતા એ દરમ્યાન એક વખત સવારના લલ્લેશ્વરી એમને મળવા પહોંચી ગઈ. એમના ભક્તોએ લલ્લેશ્વરીને કહ્યુ કે, 'ગુરુજી તો સમાધિમાં લીન છે એટલે તમને મળી શકશે નહીં.' લલ્લેશ્વરીએ હસતાં હસતાં કહ્યું કે, 'વાત બરાબર છે, તમારા ગુરુજી નંદમરગ ગામના ઘાસના મેદામાં ચરતા પોતાના ઘોડાને બીજો ઘોડો કદાચ લાત મારી દેશે તો, એ વિચારમાં લીન છે !' સિદ્ધશ્રીકંઠને ખૂબ જ ગ્લાની થઈ, કારણ કે એમનું ચંચળ મન એ વખતે પોતાના ઘોડાનો વિચાર કરી રહ્યું હતું કે જેને નંદમરગ ગામના મેદાનમાં એમણે ચરવા મોકલ્યો હતો અને એમના ઘોડાને કદાચ કોઈ બીજો ઘોડો લત મારતે હશે તો ! ત્યારે કહેવાય છે કે લલ્લેશ્વરીએ સિદ્ધશ્રીકંઠને સમજાવ્યું કે ધ્યાન ખરેખર કેવી રીતે કરી શકાય !

દિવસે દિવસે સાધના દ્વારા લલ્લેશ્વરીએ એવી ભૂમિકા પ્રાપ્ત કરી હતી કે એમનો દેહભાવ છૂટી ગયો ગયો હતો. મનના જગતથી પર એવા પરમતત્ત્વ સાથે સતત અનુસંધાન રહેતું હતું. એમના મતે પુરુષ એટલે એવી વ્યક્તિ કે જે દેહભાવથી મુક્ત થઈ પરમતત્ત્વમાં રમમાણ રહેતી હોય. એવો પુરુષ ભાગ્યે જ જોવા મળે. બાકી બધી જ વ્યક્તિઓ પુરુષ નથી તો પછી એમની સામે નગ્નાવસ્થામાં ફરવામાં શરમ શેની ?

એક દિવસ લલ્લેશ્વરીએ દૂરથી પ્રસિદ્ધ સૂફી સંત સૈયદ હમદાનીને જોયા અને જોરથી બૂમો પાડવા માંડી કે આજે મને અસલી પુરુષનાં દર્શન થયાં છે. એક વાણિયાની દુકાને લલ્લેશ્વરી ગઈ અને દેહ ઢાંકવા વસ્ત્રની માગણી કરી. વાણિયાએ કહ્યું કે, 'આજ લગી તો તને વસ્ત્રની આવશ્યકતા ન હતી તો આજે શા માટે વસ્ત્ર માગે છે ?' લલ્લેશ્વરીએ ઉત્તર આપ્યો કે, 'આજે અસલી પુરુષ આવી રહ્યો છે, એ મને ઓળખે છે અને એને હું ઓળખું છું.' એટલામાં સંત હમદાની નજીક આવી ગયા. બાજુમાં નાનબાઈની ભઠ્ઠી સળગી રહી હતી. લલ્લેશ્વરી એ સળગતી ભઠ્ઠીમાં કૂદી પડ્યાં. સંત હમદાની લલ્લેશ્વરીને શોધતા શોધતા ભઠ્ઠી આગળ પહોંચી ગયા અને તરત જ વાસ્તવિકતા સમજી ગયા. એમણે હાક પાડી, લલ્લી, બહાર આવ, જો બહાર કોણ ઊભું છે ?' લોકવાયકા છે કે એ જ ક્ષણે દિવ્યવસ્ત્રો પરિધાન કરી લલ્લેશ્વરી પ્રગટ થઈ ગઈ. આ ઘટના પરથી કાશ્મીરમાં એક કહેવત પ્રચલિત થઈ છે કે, **'આવી હતી તો વાણિયા પાસે પરંતુ પહોંચી ગઈ નાનબાઈ પાસે'.**

એક વખત લલ્લેશ્વરીના સાસરિયાના ગામ પાંપોરમાં એક ખુલ્લી સભાનું આયોજન થયું હતું. ઘણા લોકોએ એમાં ભાગ લીધો હતો. લલ્લેશ્વરીના સસરા પણ એ સભામાં હાજર હતા. એમણે જોયું કે એમની પુત્રવધૂ લલ્લેશ્વરી એ સભામાં નિઃવસ્ત્ર આવી હતી. એમણે ગુસ્સે થઈને લલ્લેશ્વરીને કપડાં પહેરવાની આજ્ઞા કરી અને પછી બહાર આવવા કહ્યું. લલ્લેશ્વરીએ વિરોધ કરતાં કહ્યું કે, 'અહીંયા એને કોઈ મનુષ્ય દેખાતો નથી. માત્ર ઘેટાં અને બકરાં જ દેખાય છે'. અને લલ્લેશ્વરીએ પોતાના સસરાને ફરીથી સભામાં જોવા કહ્યું. એના સસરા અવાક્ થઈ ગયા કારણકે એમને સભામાં માત્ર ઘેટાં અને બકરાં જ દેખાણા, કોઈ પુરુષ દેખણો નહીં. તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિ માત્ર ભૌતિક ઉપલબ્ધિની પૂર્તિમાં જ વ્યસ્ત છે એ પશુ છે અથવા લાકડાનો ટુકડો છે કે પત્થર છે.

કાશ્મીરના મુસ્લિમ ઋષિ સંપ્રદાયના પ્રવર્તક સંત નંદ્રઋષિ કે જે પાછળથી શેખ નુરુદ્દીન વલીના નામે પ્રખ્યાત થયા હતા. કહેવાય છે કે, એમનો જન્મ થયો ત્યારે એમણે માના સ્તનમાંથી દૂધ પીધું નહીં. ત્યારે ફરતી ફરતી લલ્લેશ્વરી ત્યાં પહોંચી અને તાજા જન્મેલા શિશુને કહ્યું, 'માની યોનિમાંથી આવતાં (જન્મ લેતાં) શરમ ન આવી તો હવે માના સ્તનમાંથી દૂધ પીતાં શરમ શેની ?' કહે છે કે તરત જ શિશુએ સ્તનપાન શરૂ કરી દીધું. એમ પણ કહેવાય છે કે વર્ષો પછી લલ્લેશ્વરી અને નંદઋષિ અવારનવાર મળતાં અને એમની સાથે ક્યારેક ક્યારેક કુલરવી સંપ્રદાયના મીર સૈયદઅલી હમદાની પણ જોડાતા અને આધ્યાત્મિક વિષયો પર ચર્ચા કરતા તો ક્યારેક ત્રણેય અંદરોઅંદર એકબીજાને પોતાની પાસે રહેલ દિવ્ય અને રહસ્યપૂર્ણ શક્તિઓ બતાવતા અને ભવિષ્યવાણી પણ કરતા.

કુલરવી સંપ્રદાયના કેટલાક અનુયાયીઓ એમ પણ માને છે કે શાહ હમદાનીના માર્ગદર્શન હેઠળ લલ્લેશ્વરી ચાર ચરણ નાસૂત, મલકૂત, જબરૂત અને લાહુત પાર કરીને પરમ ધામ 'અર્શ-એ-માજિદ' (દુનિયાને ચલાવનાર આકાશસ્થિત ખુદા) સુધી પહોંચી હતી. કેટલાક મુસલમાનોનું એમ પણ માનવું છે કે લલ્લેશ્વરીએ પાછળથી ઇસ્લામ ધર્મ અપનાવ્યો હતો.

લલ્લેશ્વરીના જીવનની જે કિંવદંતીઓ છે એને ઐતિહાસિક ઘટના માનવી ઉચિત નથી. અધિકાંશ કિંવદંતીઓ ભક્તોની આસ્થા અને શ્રદ્ધાને કારણે ઉદ્ભવી છે એવું વિદ્વાનો માને છે.

**શેખ નુરુદ્દીન ઋષિએ લલ્લેશ્વરી વિશે એમ કહ્યું :**

એ પાંપોરની લલ્લાએ કર્યું દિવ્ય અમૃત પાન,

એ તો હતી અવતાર પ્રભુ, અમને પણ આપો એવું વરદાન.

**રૂપભવાનીએ લલ્લેશ્વરી વિશે એમ કહ્યું :**

લલ્લી એટલે પરમ ગુરુ.

**પરમાનંદે લલ્લેશ્વરી વિશે કહ્યું :**

યોગનાં સાત ચક્રો ભેદી અનાહત નાદ, બિંદુ અને ઓમ (ॐ)ને આત્મસાત કરી લલ્લેશ્વરી બ્રહ્માનંદમાં વિલિન થઈ ગઈ.

**શેખ નાસિર ઉદ્દીને લલ્લેશ્વરીની પ્રશંસામાં લખ્યું :**

પરમતત્ત્વની અનુભૂતિ માટે એણે હૃદયાગ્નિમાં બધી જ વાસનાઓ બાળી નાખી અને 'અહદ્-એ-અલસ્ત'નો પ્રેમપિયાલો પીને આનંદોલ્લાસથી ઉન્મત થઈ ગઈ.

**શમ્સ ફકીર એના વિશે કહે છે :-**

**ગઈ હતી ઘાટ પર કરવા દેહસ્નાન**
**ચિત્તને તો લાગી ગયું અલખનું ધ્યાન**
**કૂદી પડી તેજીથી એ તો પરમ ઘાટમાં**
**જ્યાં કોઈ ન હતું સિવાય કે ભગવાન.**

શ્રીનગરથી ૨૮ માઈલ દૂર શ્રીનગર-જમ્મુ હાઈવે પર સ્થિત વેજીબ્રોર (બ્રિજબિહાડા) ગામમાં જુમા-મસ્જિદની દીવાલની પાછળ લલ્લેશ્વરીએ દેહત્યાગ કર્યો હતો એવું મનાય છે.

મુહમ્મદીન ફોકે પોતાના પુસ્તકમાં લલ્લેશ્વરીના દેહત્યાગની ઘટનાનો ઉલ્લેખ આ રીતે કર્યો છે કે :

એક દિવસ લલ્લેશ્વરી માટીના ટબ જેવા મોટા વાસણમાં બેસી ગઈ અને એ વાસણને ઉપરથી એવા જ મોટા વાસણથી બંધ કરી દીધું. જેમણે આ જોયું એ બધા આશ્ચર્યચકિત થઈ ગયા. થોડી વાર પછી લોકોએ ઉપરના વાસણને હટાવીને અંદર જોયું તો અંદર કાંઈ ન હતું ! આ રીતે લલ્લેશ્વરીએ દેહનો ત્યાગ કર્યો. કેટલાક વિદ્વાનો એમ માને છે કે ફાગણ સુદ આઠમે લલ્લેશ્વરીએ દેહ-ત્યાગ કર્યો હતો.

લોકવાયકા એવી છે કે એમણે જ્યારે દેહ ત્યાગ્યો ત્યારે એમનો દેહ સુવર્ણની જેમ દેદીપ્યમાન હતો. ઈ.સ. ૧૩૭૬ સુધી એ જીવિત હતાં એમ મનાય છે.

આશ્ચર્યની વાત એ છે કે કાશ્મીરમાં લલ્લેશ્વરીનું કોઈ પણ સ્મારક, સમાધિ, મંદિર કે મકબરો ક્યાંય નથી. લલ્લેશ્વરીએ લખ્યું છે ને કે,

**ન હું કોઈ માટે રડી છું**
**ન કોઈ મારા માટે રડે**

**કારણ કે**

**મારા માટે તો જનમ મરણ છે સમાન.**
**મેં તો સદા ગાયા છે અલખનાં ગાન.**

સૂક્ષ્મસ્તરે લલ્લેશ્વરીની એણે રચેલા વાખની અનુભૂતિ કરવી હોય તો સાધના દ્વારા (ગુરુગમ્ય) આજે પણ લલ્લેશ્વરીની ચેતના સાથે અનુસંધાન થઈ શકે છે ! આ અનુભવેલું સત્ય છે !

**ચિનારકે વૃક્ષ ઔર બહેતી હુઈ જેલમ નદી,**
**લલ્લેશ્વરીકે વાખકો પીકે બીત ગઈ કીતની સદી !**
**આજ ભી યહ વાખ સુનનેકી હૈ એક તરકીબ,**
**ભોરકે ઉજાલેમેં જેલમતટ પર હોં જાયેં ધ્યાનસ્થ યદી !**

**૧) નીકળી શોધવા તુજને હું તો ઘરની બહાર,**
**અંતે તું ભીતર મળ્યો સફળ થયો અવતાર.**

**૨) એક વચને દીક્ષા કે ભીતર તું પ્રવેશ,**
**ત્યજી વસ્ત્ર નાચી ઉઠી રાખી છૂટા કેશ.**

**૩) પંચ પ્રાણીને આસરે ફરે કરણ અગિયાર,**
**ઉર્ધ્વ દિશામાં ગતિ કરે પામે કષાય હાર.**

**૪) નવ દ્વારને બંધ કરી પકડચો જ પ્રાણચોર,**
**વિંધ્યો હૃદયે ઓમથી લાધ્યો અનહદ છોર.**

આ વાખમાં લલ્લેશ્વરી યોગમાર્ગની એક પ્રક્રિયા કે જેનું નામ યોનિમુદ્રા છે અને જે ગુરુગમ્ય છે એની વાત કરતાં ક્હે છે કે મેં દેહના નવ દ્વારને બંધ કર્યાં (નવ દ્વાર = બે આંખ, બે કાન, બે નસકોરાં અને મુખ એમ સાત દ્વાર ને આંગળીઓ અને અંગુઠો દ્વારા બાકીના બે દ્વાર ઉપસ્થ અને પાયુને મૂલબંધ દ્વારા) આ ગુરુગમ્ય પ્રક્રિયા છે. પછી દેહમાં સ્થિત પ્રાણશક્તિ અને ઓમકારના સહયોગથી અનાહદ ચક્રનું (હૃદયચક્ર) ભેદન કર્યું અને મને પરમ તત્ત્વની આંશિક અનુભૂતિ જ્યોતિ રૂપે થઈ.

**૫) સૂર્ય ચંદ્રને છોડતાં ચિત્ત ન રહે મલીન,**
**કૃપા વરસે પરમની થાય સ્વરૂપે લીન.**

આ વાખમાં લલ્લેશ્વરી યોગસાધનાની વાત કરતાં કહે છે કે, ઇડા (ચંદ્રનાડી) અને પિંગળા (સૂર્યનાડી)ને બદલી સુષુમ્ણા નાડીમાં જ્યારે પ્રાણસંચરણ થાય છે ત્યારે ચિત્ત પરમ તત્ત્વમાં લીન થઈ જાય છે અને જન્મજન્માંતરથી ચિત્ત પરનો મેલ (કર્મ, વાસના અને સંસ્કાર) દૂર થવા માંડે છે. આ વાતને લલ્લેશ્વરી સાંકેતિક ભાષામાં એમ કહે છે કે સૂર્યનો અસ્ત થાય પછી ચન્દ્ર પ્રગટે અને ચન્દ્રનો અસ્ત થાય પછી ચિત્ત પ્રકાશિત થાય અને ચિત્ત ઓગળી જાય પછી બાકી રહે તે જ છે પરમ તત્ત્વ.

**કાશ્મીરમાં જન્મી લલ્લી સિમપુરા તણે ગામ,**
**નિયતિએ ગોઠવેલું કરવા પૂરું કામ.**
**વિવાહ કરીને આવી સોનપંડિતને ઘેર,**
**સાસુ વદે બહુ આકરું વર્તાવે ખૂબ કેર.**
**દીક્ષા લીધી યોગની થયું પ્રાણઉત્થાન,**
**દેહભાન વસ્ત્રો છૂટચાં સુણે પરમનું ગાન.**
**મળ્યો અણસાર આખરે નિકટ નિહાળ્યું મોત,**
**છોડી પિંજર દેહનું પહેર્યું પરમ પોત.**
**ઘેર ઘેર ગવાય હજી લલ્લીના એ વાખ**
**પરમ પ્રાપ્તિ ત્વરિત કરો થાશે સઘળું રાખ.**

સંપર્ક : 91 98210 25336

# સુફી સંતત્વ : સિલ સિલા – એ – નૂર

- સુભાષ ભટ્ટ

તો કૃપા હૈ ઇશુ ? વો ફના કા હૈ સાગર,
તૈર પાવત નહીં અકુલ રહુ જાવત હૈ બાહર.

- રૂમી

સૂફી એટલે આસિક, માશૂકા અને ઈશુ થકી રચાતું વિશ્વ. તેમાં સાધક આશિક છે, અલ્લાહ માશૂકા છે અને તેમને જોડતું તત્ત્વ છે ઇસુ. કદાચ વિશ્વમાં આ એકમાત્ર એવું દર્શન છે જે પરમ તત્ત્વને - અલ્લાહને માશૂકા ગણે છે. દર્શન કરવા પણ એક પ્રગાઢ અનુભવ છે. આપણે જાણીએ છીએ કે વિશ્વના બધા ધર્મો અને પંથોને જોવાની અને જીવવાની બે રીતો છે : બુદ્ધિથી અને હૃદયથી. સૂફી અલ્લાહને હૃદયથી નિરખે છે - પામે છે તેથી તેમાં હૃદયનું પ્રાધાન્ય છે. આશિક અને માશૂકાનું મિલન એ ફનાનો અનુભવ છે. બન્ને બચે કે વધે તો તે દ્વૈત છે આમાં અંતતઃ આશિક તો માશૂકામાં ઓગળી જાય છે. રૂમી કહે છે :

*કૈસે પાયેં ? જો જાતા હૈ વો ખો જાતા હૈ*
*બાઢ કા પાની જૈસે સમંદર મેં ડૂબ જાતા હૈ*

નદી સાગરને પામે છે ત્યારે નદીની ઓળખ અને અસ્મિતા તો ઓગળી જાય છે. અંતે સાગરની આનંદપૂર્ણ છોળ અને ઊંડાઈમાં સમાધિ-મૌન બચે છે. આવા સૂક્ષ્મ અર્થોમાં સૂફી એટલે ઈસ્લામનું રહસ્યવાદી આયામ. જેમ વેદનું આયામ ઉપનિષદો છે તેમ જ.

સૂફી સંતોની ધારામાં એક અમૂલ્ય સિદ્ધાંત છે : સિલસિલા-એ-નૂરનો. પયગંબર આદમથી આરંભાયેલા જ્યોત-નૂરનું હસ્તાંતરણ થાય છે. તેમાં લગભગ ૨૮ નામો છે. પૂરાતન જ્યોત નૂર-એ-મહમદી તરીકે પણ ઓળખાય છે. તો બધાં પાસે ઇલ્કામ (દિવ્ય પ્રેરણા) પણ હતું અને ઇલ્મ (જ્ઞાન) પણ હતું જે તેમણે દૈનિક જીવનમાં જીવી દેખાડ્યું. સૂફી કોઈ સામૂહિક આચાર નથી પણ વ્યક્તિગત સાધના છે. તેઓ સર્જકો નથી, સાધકો છે. તત્વજ્ઞાની નથી, પ્રેમીઓ છે. અત્વાર કે રૂમતનું કાવ્ય તેમની સાધનામાંથી પ્રગટ્યું છે. તેમનો આચાર નથી. સૂફી સાહિત્ય કે સંતત્વ એ પરમની ઝંખના અને ઝૂરાપામાંથી આવે છે. તેઓ માશૂકા માટે તલસે છે. તેથી જ તેમની સાધનામાં વિરહ, તરસ, ખૂમારી, નશો, બેફિકરાઈ અને દીવાનગી છે. તેમાં તજલ્લી (બુદ્ધત્વ પણ છે અને તવજ્જુત છે (સમાધિ) પણ છે. તેમની બદલાતી અવસ્થાઓમાં મરકબા (સજગતા) પણ છે અને મજધૂબી (મદહોશી) પણ છે. તેમાં નાસૂવત (જીભથી થતું જીક્ર) પણ છે.

અને આ બધાની અંતિમ અવસ્થા તો એક જ છે : પ્રેમ અને પ્રેમી અંતકિન પ્રેમિકામાં ખોવાઈ જાય છે. રૂમી કહે છે :

*બોલને સે ખામોશ રહે તાઈક રહે બોલને સે બરી*
*જાન વ જહાન છોડ દે તાકિ જાને જહાન દેખે.*

સૂફી સંતો ક્યાં તો મરીફા પંથના (જ્ઞાન માગ્ગી) છે અથવા સૂક્ષ્મ રીતે જોઈએ તો પ્રેમ અને મરમ એ પર્યાપ્તવાચી છે. આપણે જો હાઈકૂ, અત્વાર, જામી, રૂમી, રાબીઆ, મન્સૂર, સરમદ, નિઝામુદિન ઓલીઆ, ખ્વાજા મોઈનુદિન ચિશ્તી વગેરેના જીવન અને કવન જોઈએ તો સમજાશે કે જ્ઞાન અને પ્રેમ એક જ ચૈતન્યની બે અવસ્થાઓ છે, જ્ઞાન ઊંચાઈ છે અને પ્રેમ ઊંડાઈ છે.

સૂફી સંતો ક્રમશઃ સાધનાની ચાર અવસ્થાઓ વટાવે છે : શરીઅત, વારિકત, મારિફત અને હકીકત. આમાંથી પસાર થવામાં સાધક પરિપક્વ અને પરિશુદ્ધ થાય છે. આખરી અવસ્થામાં તેની ઓળખ-અસ્મિતા ઓગળી જાય છે. તેની ચેતના પરમ ચૈતન્યમાં 'ફના' થાય છે, તે નિર્વાણ જેવી અવસ્થા છે. રૂમી કહે છે :

*વો વક્ત આયા હૈ કિ નંગા હો જાઉં મેં,*
*નક્શ કો છોડ કે સરાસર રૂક બન જાઉં મૈં.*

આ ઐક્યની અવસ્થા છે, જ્યારે દ્વૈત નથી બચતા. આ જ્ઞાન અને જ્ઞાની, આ ખોજ અને ખોજી, આ આશિક, માશૂકા અને ઈશુ એમ નથી રહેતું. પ્રેમી પ્રેમ બની જાય છે. લહેર દરિયો બની જાય છે. આમ બે-હોશીથી ભલે આરંભ થાય પણ આખરે તે બા-હોશ બનીને એક એવા મુકામ પર આવી પહોંચે છે જ્યાં બધું એકાકાર બને છે. અહીં આ અવસ્થામાં મન્સૂરનું 'અનલહક' અને ઉપનિષદના ઋષિનું 'અહં બ્રહ્માસ્મી' એકમેકની લગોલગ આવી જાય છે, અહીં સૂફી અને મધ્યયુગીન પ્રેમ-ભક્તિની ધારા સમાંતર વહે છે, તેથી જ ભલેને રૂમી (તેરમી સદી) અને કબીરદાસજી (પંદરમી સદી) વચ્ચે સ્થળ-સમયનો તફાવત હોય પણ બન્નેમાં માનવજાત માટે બિનશરતી અને બેસૂમાર પ્રેમ જોવા મળે છે.

સૂફી પણ આપણા નિર્ગુણ સંતો જેમ જ દરેક માનવીમાં પરમનું પ્રાગટ્ય અનુભવે છે. આરંભમાં જે પ્રેમ માનવ માટે હોય છે (ઈશુ-એ-મજાઝા) તે જ પ્રેમ પરિશુદ્ધ બનીને પરમ પ્રત્યેનો પ્રેમ બની જાય છે (ઈશ-એ-હકીકી).

*

સંત કે સંતત્વ એટલે ઈશ્વર અને પ્રેમને સમાનવાચી અનુભવવા. તે વિધાનો-બૌદ્ધિકો નથી પણ પ્રેમીઓ છે તેથી જ સંતોની સાધના અને જીવન નીરસ અને શુષ્ક નથી, રસમય અન રંગીન છે. કારણ તેમની નિસ્બત માનવ અને જીવન સાથે છે. સાધુ શિખર પર હોઈ શકે અને ત્યાં જ્ઞાનની પરબ પણ ચલાવતો હોય પણ સંત તો ખાણમાં માનવવસ્તી વચ્ચે રહેતા હશે અને

પ્રેમથી રામરોટી ચલાવતા હશે. સાધુને કઠિનતા ગમે પણ સંતને સહજતા સરળતા ગમે છે. તે શાસ્ત્રની નહીં પણ પ્રેમની ભાષા બોલે છે. તે સૌનો એક જ ધર્મ છે : માનવધર્મ. સૂફી સંતો અને મધ્યયુગના સંતો - સાધુઓ - સર્જકોએ માણસને પ્રેમ ધર્મ શીખવ્યો. તેમણે બધા માણસોને આત્મ-પ્રતિષ્ઠા, આત્મ-સન્માન અને આત્મ-વિશ્વાસ આપ્યો. તેમણે એ પણ જીવન દેખાડ્યું કે ધર્મ-અધ્યાત્મ અને જીવન અલગ અલગ નથી. તેમણે માણસને પ્રતિષ્ઠિત કર્યો.

સૂફી સંતો અતિ-માનવ નથી અત્યંત માનવંતૈય છે. તેઓ પૃથ્વી પરના દરેક માનવીની પળ અને પડકાર, વિષદ અને અંધકારમાં ભાગ પડાવે છે. તેઓ માનવતાર્થી દૂર વસીને સાધના નથી કરતા પણ સૌની વચ્ચે સામાન્ય બનીને રહેવાની અસામાન્ય સાધના કરે છે. તેઓ આખો દિવસ પ્રાર્થના અને ધ્યાનમાં નથી વિતાવતા પણ જે કોઈ કૃત્ય કરે છે તે પ્રાર્થનામય-ધ્યાનમય બનીને કરે છે. તેમના બધામાં પરમનું નૂર દેખાય છે, પરમનો અણસાર આવે છે. તેને દરેક માનવીમાં પરમની જ્યોત અનુભવાય છે, તેથી જ :

તેમનો દરેક શબ્દ ઈબાદત,
તેમનો દરેક શ્વાસ ઝિક્ર,
તેમનું દરેક પગલું ઝીઆરત,
તેમનું દરેક કામ બંદગી ...

સાલેહ આમરી નામક એક સંત એમ નિરંતર કહેતા કે, 'દરવાજો ખટખટાવતા રહેવાનું છે, જેથી ક્યારેક તો સાંભળશે અને ખોલી નાખશે. તો રાબીઆ નામની સ્ત્રી સંત કહેતી, 'તેનો દરવાજો બંધ ક્યારેય પણ હોતો નથી કે તેને ખટખટાવીને ખોલવો પડે.' દરેક શ્વાસમાં અને દરેક પળમાં બધે અને બધામાં પરમની ઉપસ્થિતિ અનુભવે તે સંત છે. હુસેન બિન મન્સૂર એમ કહેતા કે, 'જ્યારે તમે મને જુઓ છો ત્યારે તમે તેને જુઓ છો અને જ્યારે તમે તેને જુઓ છો ત્યારે તમે મને જુઓ છો.' આ નાસ્તિકતા લાગી અને તેથી સમકાલિન ખલિફાએ તેમને મૃત્યુદંડ આપ્યો.

***

સૂફી સંતોનું વિશ્વ એ વ્યવસ્થિત ઉપવન કરતાં અડાબીડ જંગલ જેવું વધારે છે. તેમાં અસંખ્ય ઘટાટોપ ચૈતન્ય-વૃક્ષો છે. દરેકને પોતાનું અલગ ચારિત્ર્ય-વ્યક્તિત્વ, ઓળખ-અસ્મિતા, સ્પર્શ-સુગંધ, રૂપ-રંગ છે. આવો, તેમનાં નામોની નાનકડી ઝીઆરત (યાત્રા) કરીએ :

વિશ્વસ્તરે,

ઈબ્રાહીમ બિન અધમ, રાબીઆ અલ અદાબીઆ ધૂન-અલ-નૂન, બાયઝીદ બિસ્તામ્વી મૌલાના, રૂમી, મન્સૂર, શમ્ઝ વાબ્રીઝ, શિબલ્વી, અત્તાર, હઝરત સુલતાન બાહુ, શાહુ તલીફ...

તો વળી ભારત અને તેની આસપાસ :

બાબા ફરીદ, ખ્વાજા મોઈનુદ્દિન ચિશ્તી, હઝરત નિઝામુદિન ઓલીઆ, અમીર, સૂમરો, કુત્બુદ્દિન બખ્તીઆર, હમ્મી, કુરકી, દારા શિક્રંદ, બુલ્લેશાહુ, બૂ અહૃત કલંદર રજજબ, બાસિરઅલી, સરમદ ... આ કબીરદાસજી...

ભારતમાં પણ સૂફીની અનેક ધારાઓ છે પણ મુખ્યત્વે ચાર છે :

ચિશ્તીઆ, કાદરીઆ, સોહરાવર્દીઆ અને નક્ષનંદીઆ.

આ બધામાં અનન્ય - અસામાન્ય, સાધકો અને સંતો છે. ભારતમાં સૂફીની વિશિષ્ઠતાઓ છે કે તેમણે ભારતની ભક્તિ ધારાની, સંતોની જેમ જ માનવ-માનવ વચ્ચેનો પ્રેમ સર્વોત્તમ અને સર્વોપરી ગણ્યો.

આ કોઈ અંતિમ અને એકમાત્ર યાદી નથી. સંત કે સંતત્વ એ તો અવિરત અને અથાક ચાલતો ચૈતન્ય યક્ષ છે, ઈલ્મની જ્યોત. તો વળી રૂમી અને મન્સૂર ઇલ્મની જ્યોત છે. ભારતમાં ખ્વાજા મોઈનુદિન ચિશ્તી અને હઝરત નિઝામુદિન ઓલીઓની દરગાહ માનવ મહેરામણ જોશો તો અનુભવાશે કે ત્યાં માનવ જ પ્રતિષ્ઠિત થાય છે. જાણે કે હૃદયમાં સૌ માટે એક સરખો પ્રેમ એ જ માત્ર સત્ય છે. કબીરચૌટા પર એક સંધ્યા વિતાવો તો પણ આ વાત જ અનુભવાશે. આ પૃથ્વી પર પ્રેમાળ-મૈત્રીપૂર્ણ હૃદય સાથે જીવનાર દરેક કદાચ, નાની-મોટી ચૈતન્યધારામાં છે. અને આનંદ તો એક વાતનો છે. વિશ્વના સૌથી મોટા ધર્મમાં અને સાવ નાનકડા પંથો-સંપ્રદાયોમાં આવા હૃદયથી જીવન નિરખનારા અને જીવનારા હતા, છે અને રહેશે. હઝરત સુલતાન બાહુ તો સાચ્ચા ફકીરની સાવ સરળ વ્યાખ્યા સ્પષ્ટ છે કે :

*નામ ફકીર તિન્હા દા બાહુ,*
*કબર મુન્સુર દી જીવૈ હુ.*

જેની કબર જીવતી રહે, જગમગતી રહે, ધબકતી રહે તે સાચ્ચો ફકીર.

ભલે જગત ડરામણુ અને અંધકારમય લાગે પણ આસ્થા રાખજો કે ક્યાંક એકાદ દેરામાં કે દરગાહમાં કે હૃદયમાં પ્રેમની જ્યોત બળતી રહે...

સંપર્ક : +૯૧ ૭૩૪ ૭૦૦૮૫

✠ ✠ ✠ ✠

પરિચય :

ભાવનગર સ્થિત શ્રી સુભાષભાઈ ભટ્ટ એમ.એ, બી.એડ સુધી અભ્યાસ કર્યો છે. વિશ્વની શિક્ષણ પદ્ધતિઓના વિશિષ્ટ ક્ષેત્રે એમ.એડ. કર્યું છે. યોગ, ઝેન, તાઓ ઉપરાંત વિશ્વની ધર્મપરંપરાઓના અભ્યાસુ છેઃ

સંદર્ભગ્રંથ :-

૧. દિશા અંતરખોજની, જ્યોતિષવિદ્યા, ખોજ અનહદની વિગેરે

# આદિગુરુ રામાનંદનું તેજસ્વી અનુસંધાન : ઉગમસાહેબ સત અને ઋત

- ડૉ. બળવંત જાની

છેલ્લાં પાંચેક વર્ષથી હું રવિસાહેબકૃત 'ભાણપરચરી'ની હસ્તપ્રતના સંપાદનમાં ક્રિયાશીલ છું. એ રચના ભાણસાહેબના અધિકૃત જીવન માટેનો મોટો દસ્તાવેજી આધાર છે. એમાં રવિસાહેબે પોતાના ગુરુના જીવનસંદર્ભોને ઉપરાંત તત્કાલીન સમાજદર્શનના નીજ અનુભવ અને નિરીક્ષણો આલેખેલા હોઈને એ રચના ઘણી મહત્ત્વની ગણાય.

મૂળભૂત રીતે રામાનંદ શિષ્ય કબીરની બહુ મોટી શિષ્ય પરંપરાએ જ્ઞાતિ-જાતિના ભેદ તોડચા એનું ગુજરાતના સંત સમાજપરંપરામાં સીધું અનુસરણ અવલોકવા મળે છે. કબીરના એક શિષ્ય પદ્મનાભની શિષ્ય પરંપરામાં પષ્ટમદાસના શિષ્ય ભાણસાહેબની શિષ્ય પરંપરામાં હીરસાગર સાહેબ શિષ્ય ઉગમસાહેબના જીવનના તથ્ય સંદર્ભે તથા એમની સધના ધારાના તત્ત્વસંદર્ભે મારો સ્વાદયાય પ્રસ્તુત કરવાનો ઉપક્રમ અહીં જાળવ્યો છે.

જીવનમાં ડેવિએશન-ફંટાવું કે ઉફરા જવું-ઘણું મોટું પરિબળ ગણાય. ભક્તિમાં આ ઉફરા જવાની કે ફંટાવાની પરંપરાનું આરંભબિંદુ રામાનંદ છે. રામાનંદ ફંટાયા અને ભારતીય સમાજ વ્યવસ્થામાં નવી મુદ્રા રચાઈ. શિષ્ટ-પ્રશિષ્ટ ધર્મ-સંપ્રદાયના પ્રાચીન માળખામાં એક નવા ભક્તિમાળખાનો આરંભ થયો અને એને લોકધર્મ-લોકસંતો એવી સંજ્ઞા મળી. નામવરસિંહ જેવા આ લૌકિકધર્મ, સંસ્કૃતિ અને નીપજરૂપ સાહિત્ય પરંપરાને 'દુસરી પરંપરા'સંજ્ઞાથી ઓળખાવેલ. પરશુરામ ચતુર્વેદી જેવા હિન્દીના મોટા ગજાના સંશોધકે આ લોકસંતો અને એમની વાણીનો મહિમા સ્થાપિત કરવામાં બહુ મોટું યોગદાન અર્પેલ છે.

આભડછેટ અને છૂતા-છૂતના એ જમાનામાં ૧૮૭૬માં ઉગારામનો જન્મ. ગોંડલ સ્ટેટના ગોંડલી નદીકાંઠાના બાંદરા ગામે વણકર વ્યવસાયમાં રત કુટુંબ ડાહ્યાભાઈ ભારાભાઈ મકવાણા રહે એમના પત્નીનું નામ જાલુમાં. હાથ વણાટનું કાપડ વણે અને ખેતમજુરી દ્વારા કુટુંબ નિર્વાહ ચાલે. એમના ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ. ત્રણ ભાઈઓમાં સૌથી નાના ઉગારામ. ગામઠી ધુળી નિશાળમાં મુળાક્ષરોનું શિક્ષણ રવિભાઈ નામના મહેતાજી પાસેથી અને અંકશિક્ષણનું પ્રારંભિક જ્ઞાન મેળવીને આપમેળે લખતા-વાંચતા થયેલા.

નિમ્નવર્ણ-જ્ઞાતિનો સમાજ કંઈ મોટા આચાર્ય સંતો ભગવંતોની નિશ્રામાં રહીને ઉપદેશ ન મેળવી શકે. પણ રામાનંદ અનુપ્રાણિત લોકસંતો-લોકધર્મોની પરંપરામાં એમને ભજન સદ્દુપદેશ કે જ્ઞાનસત્સંગ દ્વારા પ્રાપ્ત થાય. આવા એક એ સમયના સુખ્યાત સંત બાપુ બાળકસાહેબનો સત્સંગ ડાહ્યાભાઈ મકવાણાને સુલભ થયેલો. ઉગારામ અક્ષર ઉકેલતા થયા, ઉછેરમાં તો રમવું, ખાવું અને ઊંઘવું. જાલુમાએ બનાવી રાખેલા રોટલા સન્મિત્રોને સાથે રાખીને સહભોગ કરાવવાનું બાળસહજ પ્રકૃતિથી ઉફરુ અન્યને આપી દેવાનું વલણ ઉગારામની ઉચ્ચકોટિના આત્માની પરિચાયક બાબત છે. ખાતા-રમતા સમય પસાર કરતા ઉગારામને એકવાર પગમાં ઝીણી અણીદાર કાંકરી ખૂંપી ગઈ. પડી ગયા અને ઘુંટણમાં થયેલી ઈજાથી પગમાં કાયમી ખોડ આવી ગઈ.

કોઈક એકાદ ભજનશ્રવણ-સત્સંગ પછી પતિ-પત્નિએ બાપુ બાળકસાહેબ સમક્ષ દિકરા ઉગારામને પગે લગાડીને આશીષ માગેલા અને ખોડંગાતા પગની ચિંતા રજૂ કરેલી. સામુદ્રિકશાસ્ત્રના જ્ઞાતા બાપુ બાળકસાહેબે ઉગારામને અવલોકીને કહેલું કે આ દિકરો તો મોટો સંત થશે, કેટલાય જીવોનો ઉદ્ધાર કરશે. અવતારી આત્મા છે. આખા જગતમાં પૂજાશે. અને એમની નામના થશે.

માતા-પિતા વૃદ્ધ પણ મોટા ભાઈ લીંબાભાઈનું અનુજબંધુ ઉગારામ ઉપર અપાર વાત્સલ્ય. ઉગારામને તરુણાવસ્થા દરમ્યાન જ પારંપારિક વ્યવસાયમાં જોતરાવાનું બન્યું પણ મન લાગે નહીં. એક દિવસ કોઈને કહ્યા વગર ટીંબીધારે એકાંત સમયે ઘંટીનું પડ ઉપાડીને એક પગે ઉભા રહીને સાધના-તપ કરવા નીકળી પડેલા. બે દિવસ થયા ઉગારામ કયાંય નજરે ન પડતા કુટુંબીજનોએ શોધ આદરી. બધે ઘુમી-ફરી વળ્યા. ફરતા-શોધતાં લીંબાભાઈએ ટિંબીધારે એકપગે ઉભા રહીને આકરું તપ કરતાં જોયા. સમજાવ્યો. આમ અવાવરુ સ્થાનકે રહીને તપ-આરાધના-સાધના કરવી, ભુખ્યું-તરસ્યું રહેવું. એનાં કરતાં ઘેરે રહીને તમે આ બધું કરો. કોઈ નહીં ટોકે. અમને તમે નજર સામે હો એટલે નિરાંત રહે. ઉગારામ માની ગયા. ઘરે પરત થયા. કામધંધામાં જોતરાયા. સેવાપૂજા કરે અને એકનિષ્ઠ ભાવે પરંપરિત વ્યવસાયમાં ક્રિયાશીલ રહે.

મોટાભાઈ લીંબાભાઈને થયું કે ઉગાભાઈનું માગુ તો જાલુમાએ પોતાના મોટાભાઈ લખમણભાઈ નવાગમ નિવાસી હતા તેની સોનબાઈ નામની દિકરી સાથે નાખેલું. પણ એ ઘોડિયામાં ઉછરતા સંતાનોની મીઠીજીભ આપી હોય ત્યારે તો ઉગાને કંઈ ખોડ પણ ન હતી. હવે ખોડંગાતા પગવાળા ઉગા માટે મામ કંઈ હા ન પાડે. પણ પુછવામાં શું જાય છે, માનીને મામા પાસે નવાગામ ગયા. ભાણાભા આવ્યા જાણીને મામા-મામીએ હરખ પ્રગટ કરીને આતિથ્ય કર્યું. લખમણ મામને હિંમત કરીને

ભાણેજ લીંબાભાઈએ કહ્યું, ''મામા ઉગો હવે જુવાન થયો છે પણ પગે ખોડ છે એટલે અમે તમને કહેતાં ખચકાઈએ છીએ.'' મામાએ કહ્યું, ''અરે ભાણાભાઈ શરીર છે તે લાગે-વાગે છે. ખોડ ખાંપણ આવે, લગ્ન પછી કંઈ થયું હોત તો શું કરત. આપણો સંબંધ છે જ.'' સોનબાઈની સંમતિ જાણવાનું લીંબાભાઈએ કહ્યું તો પ્રત્યુત્તર મળ્યો કે તમારા મામીએ વાત કરેલી એને કોઈ પ્રશ્ન નથી એ સમંત જ છે.

લખમણમામા અને મંહિદેમામી બાંદરા આવ્યા. કુટુંબીજનોને સાથે મળીને વેવિશાળ-વિવાહ બધુ નક્કી કર્યું. એકાદ વર્ષમાં તો લગ્ન પણ ગોઠવાયા. સોનબાઈની પતિ પરત્વેની આદરભાવના-પતિ પરાયણ જીવન અને કામધંધામાં સહભાગીતાથી કાપડવણાટનું કામ વખણાવા લાગ્યું.

****

ઉગારામે ઘરસંસાર માંડ્યો પણ ભક્તિભાવના અને સાધના તરફની અભિમુખતા ચિત્તમાંથી ખસી નહોતી. એક રાત્રે બધુ છોડીને ગૃહત્યાગ કર્યો. બધા શોધે ક્યાંય ભાળ ન મળે. અઠવાડિયા-દશ દિવસ પછી વસ્તડીની ધારે થોરના ઝૂંડની આડશે સાધનામાં બેઠેલા મળી આવ્યા. સમજાવીને ઘેર લાવ્યા. સોનબાઈએ કહ્યું, 'ભગત ભક્તિમાં તો મારું ય મન છે. પ્રભુભજનથી ઉત્તમ અન્ય કશું જ નથી. આપ ઘેર રહીને પ્રભુ ભજન કરો સાથે હું પણ જોડાઈશ ને બનતી સેવા કરીશ.' બન્નેનું પ્રભુભજન અને વણાટકામ સરસ રીતે ચાલતું. સમય જતાં ઉગારામને થયું કે મામાને ગામ નવાગામ આપણે રહેવા જઈએ. અહીં સંકડાશ પણ છે દંપતિ નવાગામ લખમણમામાની નજીક મકાન રાખીને પોતાનું વણાટકામ અને પ્રભુ ભજન કરતા થયા. વણાટકામનો ધંધો ઘણો સારો ચાલતો. પુત્રજન્મ થયો. મેઘો નામ રાખ્યું. એ પછી પમુબહેન, સજુબહેન, ભલાભાઈ અને દેવુબહેન આમ કુલ પાંચ સંતાનો થયા. નવાગામમાં બધી રીતે ખૂબ સમૃદ્ધ થયા પછી પુનઃ પોતાને મૂળવતનમાં બાદરા સ્થિર થવાનું વિચારીને પરિવાર સાથે મામાની વિદાય અને આશીર્વાદ લઈને બાંદરા આવીને ક્રિયાશીલ થયા. પોતાની માલીકીનું મકાન બનાવવાની ઈચ્છા હતી ત્યાં પડોશમાં જ સુવિધાવાળું એક મકાન એ જમાનામાં એટલે કે ઈ.સ. ૧૯૧૪માં રૂપિયા એકવીશમાં ખરીદ કર્યું.

ગૃહસ્થાશ્રમ ધર્મ, નીજ વ્યવસાય અને સદ્‌ગુરુની શોધ સિવાય કોઈ બીજી-ત્રીજી પ્રવૃત્તિમાં ઉગારામ લપેટાયા નહીં. અંતે ઈ.સ. ૧૯૧૫ વિક્રમ સંવત ૧૯૭૧માં એમને રાજકોટમાં વણકરવાસમાં અમરા બાપા અને રાજીમા પાસે અનાથ બાળક તરીકે ઉછરેલા તથા પડોશી કુંભારભગત કરમશી બાપા કે જેઓ રવિસાહેબના શિષ્ય મોરારશિષ્ય આણંદરામથી દિક્ષિત હતા તેમની સંગતથી રવિ-ભાણ પરંપરાની ભક્તિ-સાધનાના માર્ગના પ્રવાસી હીરસાગર કે જેમનાં વોરા કોટડા ગામે લગ્ન થયેલા તથા પાવરહાઉસની નોકરી કરતા, આણંદરામ, કૃપાએ રવિ-ભાણ શિષ્ય પરંપરાની નામ છાપ હીરસાગર ગુરુ રૂપે ઉગારામને પ્રાપ્ત થઈ. એ રીતે ઉગારામ ભાણસાહેબની સાતમી પેઢીએ શિષ્ય ગણાયા.

હીરસાગર દ્વારા ઉગારામને સદ્‌ઉપદેશ ખૂબ પ્રાપ્ત થયો. શિષ્યત્વ પ્રાપ્ત થયા પછી સત્સંગ મહિમા અને ભજનવાણીનું ગાન તથા સનાતન ધર્મના સંતો, મહાત્માઓ અને ઋષિઓના પ્રદાનનું ચિંતન સિવાય પાંચમી કોઈ પ્રવૃત્તિ ઉગારામને હતી નહીં. કુટુંબનું ભરણપોષણ, સંતાનોનો ઉછેર, સદ્‌ગુરુ હીરસાગરનો સત્સંગ અવિરતપણે ચાલતો. હીરસાગર ગુરુએ કહેલું કે અહીંથી દક્ષિણ દિશાના પંથકમાં તમે સત્‌નો સંદેશ ફેલાવવા સમર્થ બનશો. કોઈ પઠાણ મુસ્લિમ તમારું શિષ્યત્વ પ્રાપ્ત કરશે અને તમારી સમક્ષ અઢારેય વર્ણના, વિભિન્ન વર્ગના સમાજના ગુણીજનો જ્ઞાતિ-જાતિના ભેદ-વાડાબંધી-ભૂલીને એક પંગતે અને એક પ્યાલે ભાવ ધારણ કરશે.'

ઉગારામ, હીરસાગર ગુરુના આવા ઉમદા અને ઉચ્ચ પ્રકારના આશીર્વાદ પછી પણ અત્યંત વિનિતભાવે, વિનમ્રવૃત્તિથી જીવનવ્યવહારમાં પોતે સાવ સામાન્ય છે એવાં સરળ વ્યવહાર, વાણી અને વર્તન પ્રગટાવતા રહેલા.

****

થાણાદેવડી અમરનગરના પૂંજા પઠાણ પ્રકૃતિથી પુરા ધાર્મિક, ભજનો ગાય અને માતાજીના નોરતાના ગરબા પણ ગાય, પરંતુ વૃત્તિથી શિકારી, હિંસક. એક વખત બાવળના છાંયે બેઠેલ હરણની ઉપર બંદુકનું નિશાન તાકીને ગોળી છોડી ત્યાં હરણને બદલે કોઈ સંત-મહાત્મા દેખાયેલા. ગભરાયેલા પુંજાબાપા પઠાણ બાવળના છાંયે પહોંચ્યા તો હરણ નહીં અને કોઈ સંત પણ નહીં. પુંજાબાપાને થયું કે મારી બંદુકને બેરી ને બોદી બનાવનાર કોણ? ક્યાં ગુમરાહ થઈ ગયા. મારે ગોતવા પડશે. શિકાર કરવાની વૃત્તિ કાયમ માટે નાશ પામી ગઈ. બધાને અચરજ થયેલું કર્મનો ઉદય થયો અને ભક્તિનો રંગ વધુ દૃઢ થતો ગયેલો.

એક વખત પોતાના સગાસંબંધી ડાહ્યાભાઈને ગામ અમરનગર-થાણાદેવડી-મુકામે પાટપૂજાનો પ્રસાદ લેવા અને સત્સંગ માટે ઉગારામ ઉપસ્થિત હતા. ડાહ્યાભાઈના ગુરુ વીરદાસ પણ ગુરુ હોવાથી પધારેલા. ઉગારામને સત્સંગ કરાવતા જોઈને માર્મિકતા અને કટાક્ષથી બોલેલા કે 'માસ્તર કરતાં નિશાળિયા આગળ હોય' ઉગારામે સત્સંગના ભક્તિ ઉપાસનાના બળે સરળતાથી અને દૃઢતાથી પ્રત્યુત્તર આપતા કહેલું કે 'માફ કરજો અદા, પણ માસ્તર તો એકડિયો ભણાવતા રહે અને નિશાળિયો આગળ વધીને મોટો સાહેબ થઈને આવે ત્યારે એકડિયા ભણાવતા માસ્તર તો ત્યાં ને ત્યાં જ હોય. એટલે એક વખતના નિશાળિયાને હવે સાહેબ રૂપે સ્વીકારીને ખુરશી ધરે' વીરદાસ મહાત્માનો મનનો ભેદ આ સંવાદથી અડધો ભંગાયો ત્યાં પાટમાંની જે પાંચ જ્યોત

હોય એમાંની ચાર ખુણાની ચાર પણ વચ્ચેની વચલી જયોતને જેહળ જયોત કહેવાય છે. એ ફેલાણી ને પાટ સળગ્યો. વીરદાસથી રાડ પડાઈ ગઈ કે 'ઉગાભાઈ દોડજો' ઉગારામ કહે 'અલખધણીનું ને-સદ્‌ગુરુનું નામ લઈને અબીલ છાંટો, બધુ શાંત થઈ જશે.' વીરદાસ કહે 'ઉગાભાઈ આપ જ છાંટો.'

ઉગારામે સદ્‌ગુરુ મહારાજનું નામસ્મરણ કરીને અબીલની એક અંજલી છાંટી ને આગ લુપ્ત થઈ ગઈ. માત્ર પાંચ જયોત જ રહી. વીરદાસ મહારાજનો ઉગારામ વિશેનો સંશય ભાંગી ગયો. નિમ્નવર્ણની વ્યક્તિ ધર્મસાધનાથી, તપથી, સ્વાધ્યાયથી અને દઢ મનોભાવના સદ્‌વ્યવહારથી વર્તન, અને વાણી દાખવીને ઉચ્ચ વર્ણ-વર્ગનો સમાદર પ્રાપ્ત કરીને સમરસ વાતાવરણનું નિર્માણ કરે એ સંવાદિતાના પ્રદાતા, ઉદ્‌ઘાટક અને પ્રસારક ઉગારામ. એમનું અમરનગરની દક્ષિણ દિશા તરફનું પરિભ્રમણ-પ્રબોધ એ રવિભાણ પરંપરાનું દક્ષિણયાન છે.

ઉચ્ચવર્ણના રામાનંદે નિમ્ન વર્ણને શિષ્યત્વ અર્પવા ઉત્તરાયણ તરફ નિષ્કાસન કર્યું. આ નિમ્નવર્ણના ઉગારામે ઉપાસના-સાધના-તપ અને ચિંતન સત્સંગથી ઉચ્ચવર્ગના-વર્ણના નાદશિષ્ય લાભુદાદા, પૂંજાબાપા, અમરુબાપુ, ત્રંબકબાપા, જીવાબાપા, કરમશીબાપા અને બુંદશિષ્ય ભલારામ બાપાને પ્રબોધીને જે સામાજિક સંવાદિતા, સમરસતા અને સમભાવિતાની સ્થાપના કરી એ રવિભાણ પરંપરાના આદિગુરુ રામનંદને કરેલું મહાન ભક્તિતર્પણ છે. આદિગુરુની ઈચ્છાને ભારે પ્રભાવક રીતે તેમણે વહાવી અને જીવંત પરંપરા રૂપે સ્થાપીને ઉગારામ એક બળવાન અને તેજસ્વી અનુસંધાન તરીકે એમની વ્યક્તિમતાને આવા તથ્ય દ્વારા ગુરુ હીરસાગરકૃપાએ-આદિગુરુ રામાનંદની મનોભાવનાને સફળતા પૂર્વક પાર પાડી, અને જીવંત પરંપરા રૂપે આજે બુંદશિષ્ય ભલારામબાપાના બુંદશિષ્ય ગોરધનબાપા દ્વારા બાંદરા મુકામે તથા નાદશિષ્યો પુંજલપીર-પૂંજાબાપાના નાદશિષ્ય હરજીવનબાપાના નાદશિષ્ય દેવરામબાપાના નાદશિષ્ય જયંતીબાપા દ્વારા ભેડા અપળિયા મુકામે અખંડ રીતે વિદ્યમાન છે, એ હિન્દુ-સનાતન ધર્મની મોટી લોક સાંસ્કૃતિક ઘટના છે.

મુસ્લીમ પૂંજાબાપા પઠાણને સત્સંગી બનાવ્યા, પછી પૂંજાબાપા શિકાર છોડી દઈને અમરનગરના રાજવી અમરુબાપાના રેલ્વે સલુનના બંગલે પગીપણું સ્વીકાર્યું. અમરુબાપુના બંગલે સત્સંગ ચાલે. બાંદરા પણ બધા આવે. સોનલમા, સંતાનો અને ખાસ તો નાનો દિકરો ભલો-ભલારામ પણ સત્સંગ અને સેવા-સાધનામાં રત રહે. અમરુબાપુના સલુનના બંગલાના સત્સંગમાં તરધરીથી હરજીવનબાપાને બોલાવાયેલા. સાધના અને ભક્તિમાં રત રહેલા. પુંજાબાપાને ગુરુ ઉગારામે આદેશ આપ્યો. તમે પરબાધો. ગુરુપદ ધારણ કરો.

અમરુબાપુના સલુનના બંગલાના સત્સંગમાં બાપુનો હજુરિયો જેરામભાઈ પણ સામેલ થયેલો. એને ક્ષયરોગ. લોહીની ઉલટી થાય. ડોક્ટરોએ હાથ ખંખેરી નાખેલા. ઉગારામે જેરામભાઈને ત્રણ-ચાર કલાક સુધી ગાયના દૂધને મેળવીને એનું ઘોળવું પીવાનું કહ્યું. ઉગારામ કૃપાએ ક્ષય રોગ નાબુદ થયો. ઉગારામ બાપાની અને તેની શિષ્ય મંડળીના વખાણ જેરામભાઈએ અમરુબાપુ સમક્ષ કરેલા. એટલે અમરુબાપુએ તારીખ વાર નક્કી કરાવીને ઉગારામ બાપાનો સત્સંગ એમના બંગલે ગોઠવ્યો. પોતાની મોટરમાં બાંદરાથી ઉગારામ બાપાને અમરનગર માનપૂર્વક લાવ્યા. આમાં અનેક મહાનુભાવોની સામેલગીરી હતી, રાજકોટના પ્રખ્યાત વકીલ રતિલાલભાઈ, ગોંડલના કાકુભાઈ શેઠ, બરવાળાના પોલીસપટેલ જાવાભાઈ, મામૈયાબાપુ, ઉપસ્થિત હતા. પૂંજાબાપા, હરજીવનબાપા, જેરામભાઈ, આદિ શિષ્યમંડળની ઉપસ્થિતિમાં અમરુબાપુએ ઉગારામબાપા પાસેથી નામ-વચન લઈને ધન્યતા અનુભવી.

બરવાળા બાવળ મુકામે દરબાર સાહેબ દીનુભાઈની સાથે એક વખત ઉગારામદાદાની બેઠક યોજાઈ. નાતજાતના ભેદભાવ એ જમાનામાં લોકો છાને ખૂણે ટિકા કરતા, પણ ઉગારામજીના સત્સંગ શ્રાવણપાનથી દિનુભાઈ અને સાથીઓ પ્રભાવિત થયેલા એ પછીથી ભુરાબાપાના બહેન દુધીબહેનને સત્સંગ દ્વારા શિષ્યપદે સ્થાપયા. લાભુદાદાના પરિવારની પુરી ચિંતા ટળશે જેવા ઉગારામ બાપાના વચનથી અને એ છ માસના નિયત સમયે ખરા પડયાથી લાભુદાદાની શ્રદ્ધા દઢ બની.

પછી તો કમળકોટડાનો દરબાર પરિવાર ઉપરાંત મામૈયાબાપુ, દેવજીબાપાને વરિષ્ઠ શિક્ષક શ્રી ત્રંબકભાઈ ઉગમસાહેબની શિષ્યમંડળીમાં સામેલ થયા અને ઉગમફોજનું બીરુદ એ જમાનામાં મળેલું. ભાણફોજ પછીની ઉગમફોજ ઉગમસાહેબની સંતપ્રતિભા અને પ્રતિમાની પરિચાયક છે.

****

આકાશવાણીમાં અમે મિત્રો 'રામસાગરને રણકારે' નામના કાર્યક્રમનું લેખન કરતા ત્યારે આદરણીય રામજીભાઈ વાણિયાએ મને કહેલું કે આકાશવાણીનું રાજકોટ કેન્દ્ર લોકગીત, લોકવાર્તા અને ભજનો માટે પંકાશે એવું કાગબાપુએ, જયમલ્લભાઈએ અને જયસુખભાઈ હાથીએ ભાખેલું અને બળવંતભાઈ આકાશવાણીના કેન્દ્રનું ઉદ્‌ઘાટન ટાણે શુકનનું પહેલું ભજન કરશનભાઈ યાદવે ઉગમસાહેબ માટેની બકસાહેબે રચેલી ભજનરચનાના ગાનથી ગાયેલું.

'જ્ઞાનના પરબ વાલે માંડિયા, હો જીરો જ્ઞાનના પરબ વાલે માંડિયા'-પંક્તિ અહીં શ્લેશ રચે છે.

આકાશવાણીનું સ્ટેશન સૌરાષ્ટ્રમાં આરંભાયું અને પાયામાં ઉગમસાહેબ રવિભાણ પરંપરાનું મૂલ્યવાન રતન ઉગારામની સાધનાબળનું બળુકું દૃષ્ટાંત રવિભાણ પરંપરાના ગુજરાતમાં આરંભાઈ. ભાણસાહેબની શિષ્ય મંડળી માટે ભાણફોજ સંજ્ઞા પ્રચલિત હતી એ પરંપરામાં ભાણ, રવિ, મોરાર હોથી-

આણંદરામ-કરમશીબાપા-હીરસાગર. હીરસાગરના ઉગારામ, સાતમા શિષ્ય ગણાયા. સાતમી પેઢીએ એમણે ઉગમફોજ પુનઃ સ્થાપિત કરી વર્ણવ્યવસ્થાને તોડનાર, ઉચ્ચ અને નીચના ભેદને ભાંગનાર, સમરસ સમાજ, સદ્‌ભાવપૂર્ણ વ્યવહાર; વર્તન અને વાણીથી સમભાવના વાતાવરણને જન્માવનારા આ વિવિધ જ્ઞાતિ-જાતિના શિષ્યોની ફોજ સત્સંગ માટે વિચરણ કરતા ઉગમસાહેબનું આવું તત્ત્વમૂલક પ્રદાન સંતપરંપરાના સંદર્ભે આગવું અને અનોખું છે. એમના સહજ પ્રકારના જીવન તત્ત્વ અને તથ્યનું આ રૂડું પરિણામ છે. પરિણામ પણ છે. ઉગમસાહેબને કબીર, કમાલ અને કેવળપુરી જેવાં જ્ઞાનમાર્ગી ઉપાસકોની વાણી કંઠસ્થ હતી. સત્સંગમાં પ્રયોજતા. અલીભાઈ નામના એક સત્સંગીને પંજલપીર બહુ પસંદ ન હતા. તો એક વખત થાણાદેવડીમાં પૂંજલપીરને ત્યાં સત્સંગમાં કમાલસાહેબનું ભજન ગાઈને અલીભાઈના મનના સંશયને તેમણે દૂર કરેલો. તેઓ ભક્તના ચિત્તની ભ્રાંતિને ભાંગનાર હતા. સમરસ સમાજના નિર્માતા હતા. મારી દૃષ્ટિએ આંબેડકરજીએ ઉગમસાહેબનો માર્ગ અપનાવવો જોઈતો હતો. ભગવાનનું અને ભટકવાનું ન હોય બધાને ભેળવવાનાં હોય. ભોગળ ભાંગવાની હોય. ઉગમસાહેબ બૌદ્ધ ન થયા પણ તેમણે વાણી, વર્તન અને વ્યવહારથી બધાને બુદ્ધિવાદી બનાવ્યા. રજવાડાને, બ્રાહ્મણોને, પટેલને, કુંભારને, દરજીને એમ સમાજના વ્યાપક વર્ગમાંથી આભડછેટનો ભાવ ભાંગનારા ઉગમસાહેબ મારી દૃષ્ટિએ એક મોટો આદર્શ છે. એમની ઊંચાઈ અને ઊંડાણના ખરા દર્શન હવે થશે અને સમજાશે. ઉગમસાહેબના આવા અનોખા અને અપૂર્વ તત્ત્વોના જીવનપ્રસંગોની સાક્ષી અહીંની હવા છે અને અહીંનું જળ છે. એટલે હું અહીં કોઈ વ્યાખ્યાન માટે નહીં પરંતુ હું અહીંની પવિત્ર રજ માથે ચઢાવવા માટે, હું અહીંનું પવિત્ર જળનું ચરણામૃતનું આચમન કરવા માટે અને હું અહીંની પવિત્ર હવાથી મારા બાહ્ય શરીરમાં જ નહીં પણ મારા કોઠામાં ભરવા આવ્યો છું. ઉગમ સાહેબ મોટા સિદ્ધસંત છે અને સત્ય છે તથા સમરસ સમાજના નિર્માતા છે એવા વચન નીચે મારા દસ્તક્ત કરવા આવ્યો છું. એમના કેટલાક સમકાલીનોની અને એમની સાધનાભૂમિની જાત્રાએ આવ્યો છું. ઉગમસાહેબ મારી જાત્રા માની લેજો.

****

સમરસ સમાજતંત્ર રચનાના નિર્માણ પછીનું ઉગારામનું ભારે મોટું અને સહજ ગણાતું પ્રદાન મૃતાત્માને જીવાત્મામાં રૂપાંતરિત કરવાનું છે. આ કામ એમણે બે રીતે કર્યું. સત્સંગનો ભાવ જેમના ચિત્તમાં મૃતપાય થઈ ગયો હતો, સદ્‌વૃત્તિ અને સદાચાર જેમના હૃદયમાં જીવનમાં મરી પરવાર્યા હતા. એવા મૃતાત્મા સમાન માનવ સમુદાયમાં એમણે સત્સંગી, સદાચારી અને સદ્‌વિચારી ભાવનો રંગ ભરીને એને ચેતનવંતો અને જીવંત બનાવ્યો. સમરસભાવ એ જીવંતતા છે. ભેદ રાખવા એ મૃતભાવ છે-મડદાલ છે. ઉગારામમાંથી આવા કારણે તેઓ આરંભ કરાવનારા, ઉદ્‌ગમ કરાવનારા ઉગમસાહેબ બની રહ્યા. આવા ભક્તિસાધનામાં સમરસ ભાવના તત્ત્વથી કારણથી-એમના જીવનકાળ દરમ્યાન સહજ રીતે બનેલા પ્રસંગો જેવા કે ભાવુભા બાપુના દિકરા ભરતભાઈને સર્પદંશ થયેલો અને મૃતપાય માનેલો, ડોક્ટરો પણ નિરાશ હતા. તે સ્થિતિમાં ભરતભાઈ ઉગમસાહેબલના સત અને ઋતના બળે ચેતનવંતા બને કે જમનાદાસભાઈના દિકરાને ઈલેક્ટ્રિકશોક લાગવાથી મડા જેવા જણાતા મૃતાત્માને જીવાત્મામાં રૂપાંતરિત કરવાનું કામ સ્થુળ, ચમત્કાર કે મહત્તા સ્થાપવા માટે નહીં પણ એ જીવાત્મા દ્વારા સત્સંગ, સદ્‌ભાવ સમરસતાના અને સમભાવના વાતાવરણને દૃઢ બનાવવાનું બાકી હતું. આ બધા પ્રસંગે એમનું હકીકતે તો એમનાં તપોબળ મનોબળ અને યોગબળનું પ્રત્યક્ષ દૃષ્ટાંત છે.

ઉગમસાહેબની સાધનાધારાથી, સત્સંગથી સમાદર પ્રગટ કરવા કશુંક પ્રાપ્ત કરવા અને ચેતનવંતા બનવા માટે એ સમયના ભારે મોટા ગજાના એમના સમકાલીનો એમના આશ્રિત બનતા. એમાં સર્વશ્રી ગોંડલ નરેશ ભગવતસિંહજી, રાજકોટ નરેશ લાખાજી રાજજી, ધ્રોળનરેશ ઠાકોરજી, અમરનગરનરેશ અમરુબાપુ, પાળિયારના રાજવી અમર બાપુવાળા, બરવાળાના દરબારશ્રી દીનુભાઈ, વડિયાના દરબારશ્રી સુરગવાળા જેવા રાજવીઓએ ઉગમસાહેબના દર્શન કરી, એમની પાસેથી સત્સંગ લાભ લઈને કૃતાર્થનો ભાવ અનુભવેલો. વડિયા સ્ટેટના જજસાહેબ, જૂનાગઢના ડી.એસ.પી. રાણાસાહેબ ઉગમસાહેબની સત્સંગમાં સતત કરીને એક જ પંગતે સાથે ભોજન પ્રસાદ ગ્રહણ કરતા. પોર્ટ કમિશનરશ્રી માંડકસાહેબ, કલેક્ટરશ્રી રીનાણીસાહેબ, ડોક્ટર શ્રી પટેલ સાહેબ, કસ્ટમ ખાતાના શ્રી સૂરજમલ સાહેબ, ટાટા કંપનીના એન્જિનીયરશ્રી બીલિમોરિયા સાહેબ જેવા અનેક મહાનુભાવ અધિકારીઓ, અનેક સંતો-મહંતો સર્વશ્રી સાધુ હનુમાનદાસજી (સડોદરવાળા), વીરસ્વામી (અણીયારા-શિવરાજગઢ), સેવાણસબાપુ (સવરામંડપ, જૂનાગઢ), કલ્યાણગિરિબાપુ (જૂનાગઢ), યોગીજી મહારાજ(ગોંડલ) શિવાનંદજી અધ્વર્યુ (હરિદ્વાર), કાનજી સ્વામી (સોનગઢ), મૂળહંસબાપુ (ચિત્રોડ) ઉપરાંત વરિષ્ઠ રાજપુરુષો સર્વશ્રી ઢેબરભાઈ, રતુભાઈ અદાણી આદિએ ઉગમસાહેબની સમાજની ભિમુખતા અને જાતિ-જ્ઞાતિભેદની સત્સંગ પ્રવૃત્તિની પ્રશંસા કરેલી. તેઓ ગોહત્યાનો બંધ કરાવવા માટે પણ કટિબદ્ધ હતા.

સર્વને સ્વીકૃત સર્વને સમુદાર અને સંવાદીતાના સાધક અને ઉપદેશક જણાતા ઉગમસાહેબ ઈ.સ. ૧૮૭૬માં દેહ ધારણ કરીને બાણું વર્ષનું સાધનામય આયુષ્યકાળ ભોગવીને ૧૮-૦૮-૧૮૯૮માં સાધનાની અવસ્થિતિમાં સમાધિ અવસ્થામાં બ્રહ્મલીન થયેલા. એમણે યોગ-સાધના તો માત્ર બે વખત કુટુંબથી નીકળી

જઈને આરંભેલી પણ અધવચ્ચેથી પુનઃ પરિવારમાં જોડાવાનું બનેલું. સાધનાધારામાં ભજનગાન, સત્સંગ અને સદ્‌સાહિત્યનું ચિંતન હતું. કોઈ ક્રિયાકાંડ, કોઈ મોટા મેળાવડા નહીં પણ અજવાળી બીજ અને પૂર્ણિમા સમુહ સત્સંગ અને સદ્‌સાહિત્યનું ચિંતન હતું. કોઈ ક્રિયાકાંડ, કોઈ મોટા મેળાવડા નહીં પણ અજવાળી બીજ અને સત્સંગ-ભજન શ્રવણપાન અને નામ જાપ. માત્ર રામદેવ પીરની છબી-પ્રતિમાની સ્થાપના એની પણ કોઈ પૂજા કે ધજા ચઢાવવા જેવા ક્રિયાકાંડ નહીં. આરતી,ધૂન, કિર્તન અને હરિનામ સ્મરણ. કબીરપરંપરા, રવિભાણ પરંપરાની સાધનાથી પોતાની નિરાળી એવી એ રીતે ઉગારમદાદાની જીવનધારાનું તથ્ય અને સાધનારાનું તત્ત્વ અને તંત્ર અવલોકતા, સમજતા એમાં પ્રજ્ઞાવાન પરંપરાની પ્રભુતા પમાય છે. હજારોની સંખ્યામાં સાધક, જ્ઞાતિ,જાતિભેદ મુક્ત સ્ત્રી-પુરુષ સમુદાય ધૈય, સમર્પણ અને નિષ્ઠાથી સત્સંગરત રહે. તેઓ બધાં શિસ્તબદ્ધ રીતે સત્સંગમાં, આરતીમાં અને પ્રસાદમાં દાખવતા વ્યવહાર-વર્તન ભારે પ્રભાવક પ્રકારના જણાયા છે. ઉગમસાહેબની રચેલી ભજનવાણી અને ઉગમફોજના શિષ્યવૃંદની ભજનવાણી ભાવ, ભાષા અને અભિવ્યક્તિના સંદર્ભે રવિ-ભાણ પરંપરાનું ઊજળું અનુસંધાન જણાય છે. સાંપ્રત સમયે સંત પરંપરાના અને સંતવાણીનાં મારા જેવા અનેક પ્રબુદ્ધ અભ્યાસીઓ સર્વશ્રી નિરંજન રાજ્યગુરુ, મનોજ રાવલ, દલપત પઢિયાર, નાથાલાલ ગોહિલ અને રાજેશ મકવાણા આદિએ બાંદરામાં ગોરધનબાપાનો અને ભેંડાપિયળિધામાં જયંતીબાપાનો સત્સંગ શ્રવણપાન લાભ લઈને જ્ઞાતિ-જાતિ ભેદભાવ વિહિન સંન્નિષ્ઠ સમાજના સમુદાય વ્યક્તિમત્તાના પાસાનો પરિચય મેળવીને ઉગમસાહેબની પ્રભાવકતાને પ્રમાણી છે. એની પ્રસન્નતા સાથે...

✠ ✠ ✠ ✠

પરિચય :

રાજકોટ સ્થિત ડૉ. બળવંત જાની સંત સાહિત્યના અભ્યાસુ અને સંશોધક છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપ કુલપતિ છે. દેશ-વિદેશમાં તેમના પ્રવચનો યોજાય છે અને ઘણાં પુસ્તકોનું સર્જન સંપાદન અને સંશોધન કર્યું છે. જૈન એકેડમી રાજકોટના નિયામક છે. સાગર સેન્ટ્રલ યુનિવર્સિટીના કુલપતિ છે.

સંપર્ક : ૯૪૨૮૪૦૭૦૬૦

મો. ૯૮૨૫૦ ૭૫૦૯૮
E-mail:balvantjani9@gmail.com

---

# સૌરાષ્ટ્રની સંતમાળાના મેરુ સમા સંતકવિ મૂળદાસજી

- ડૉ. નિરંજન રાજ્યગુરુ

જી રે તારો જનમ પદારથ જાય, વટાવડા વીરા વાટના રે ,
વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....
સપનામાં સૂતા રે , જન તમે જાગજો રે,હાં રે ભાઈ જનમ પદારથ જાય ,
દેવને ય દુર્લભ રે આ મનખા દેહ છે રે,હાં રે ભાઈ પૂરણ ભાગ્યે ઈ પમાય..
દેહ તો દુર્લભ રે , મોટા મોટા દેવ ને રે ,હાં રે વીરા પૂરણ ભાગ્યે જ પાય...
- વટાવડા વીરા વાટના રે ,વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....૦
છતે ને હુતે રે વિત્ત નવ વાવર્યું રે, હાં રે ભાઈ અણછતી સરવે આથ ,
કાયા ને માયા રે, મિથ્યા કરી માનજો રે, સંગે કરેલું નૈં આવે સાથ,
હાં રે ભાઈ ખાધું ને રે પીધું રે વિગતેથી વાવર્યું રે, ઈ તો કાયમ દેશે સાથ..
- વટાવડા વીરા વાટના રે ,વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....૦
સરોવર ને તરુવર રે , પડે પરમારથી , જેને ખપે તે વેડીને સહુ ખાય
નદીયું ન સંઘરે રે નીર રે પોતા તણાં રે , નીર તો નવાણે જાય..
-વટાવડા વીરા વાટના રે , વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે....૦
સંસારિયો સૂતો રે , માયાના ઘેનમાં રે, એને અન્યની માયાની છે આશ ,
જાગ્યા તે હરિજન રે, શબદ રુડા સાંભળી રે , મહાજન ગાવે મૂળદાસ..
-વટાવડા વીરા વાટના રે , વાટે ને ઘાટે રે વિલંબ નવ કીજિયે રે...૦.

‘ હે વટેમાર્ગુ રસ્તે ચાલનારા યાત્રિક રસ્તામાં ક્યાં યે અટકી જતો નહીં, અધ્યાત્મ પંથમાં સામે આવનારી અનેક માયાની લાલચ જોઈને મોહ પામતો નહીં, એમાં લોભાતો નહીં, વિલંબ કરતો નહીં. એમાં તો તારો જન્મ પદાર્થ વ્યર્થ – એળે જ વહી જશે. આ મનુષ્ય દેહ તુંને મળ્યો છે એ તો દેવોને પણ દુર્લભ છે. એટલે તો દેવો પણ ક્યારેક મનુષ્ય દેહમાં અવતરવાની કામના કરતા રહ્યા છે. એ તો પૂર્ણ ભાગ્યે જ સાંપડે. પણ કાયા અને માયાને મિથ્યા કરી માનવી, સંગ્રહ કરેલું કંઈ સાથે નહીં આવે,પોતાની પાસે જે કંઈ સંપત્તિ હોય-છત હોય તો સત્‌કાર્યમાં વાપરી લેજે. પોતે ખાધું હોય,કોઈકને ખવરાવ્યું હોય એ જ કાયમ સાથ આપશે.પુત્ર-કુટુંબ-પરિવારને તમે પોતાનાં માનો છો પણ એ તો સરવે પારકું છે.પરદેશી યાત્રિક થઈને આ જગતમાં આવ્યા છો તો ક્યારે ફરી વિદેશ( ખરેખર તો નિજ દેશ)માં જવાનું થશે એની ખબર કોઈને નથી. પોતાનું જે કંઈ હોય તે પ્રભુને અર્પણ કરીને બીજાને પોષણ આપશો,ભાવેથી ભજન કરશો અને સૌ જીવાત્માને પરમાત્મા માનીને એના પર દયા દાખવશો તો એના જેવું દાન કે તપ બીજું કોઈ નથી. જેમ પાણીનું સરોવર અને વનનાં વૃક્ષો પરમાર્થમાં જ જીવે છે, નદીઓ પોતાનું નીર સંઘરતી

નથી અને વાવ-કુવા નવાણમાં વહાવીને, બીજાની તૃષા છીપાવીને સંતોષ પામે છે એમ તમારું જીવન પરમાર્થ માટે ખરચી નાંખજો. પરમાત્મા તો પ્રાગવડના પાન પર પોઢેલો છે.(દ્વા સુપર્ણા....ઋચ્યા યાદ આવે ને ) કાળનો કબાડી નિત્ય પ્રલય-નિત્ય નાશની ઘંટડી બજાવતો રહે છે પણ સંસારી લોકો તો માયાના ઘેનમાંથી જાગે તો ને ? એને તો બીજાની માયા હડપી લેવાની લાલચ છે, સંતોની આવી ઉપદેશવાણી સાંભળીને જાગી જાય તે જ સાચા હરિના જન છે- વૈષ્ણવ જન છે.'

**મહાસંત મૂળદાસજી**

સૌરાષ્ટ્રની સંતમાળામાં મેરુ સમાન સ્થાન-માન ધરાવનારા મહાત્મા સંત મૂળદાસજીના સાહિત્યસર્જન વિશે આજ સુધી અત્યંત અલ્પ લખાયું છે એમ ચોક્કસ કહી શકાય. એમની વાણી બહુધા લોકકંઠે સચવાતી આવી છે. બહુશ્રુત જ્ઞાની-વેદાન્તી-પ્રેમલક્ષણા ભક્તિના સાધક કવિ તરીકે મૂળદાસજીએ જે કંઈ શબ્દસાધના કરી છે તેના વિશે ગુજરાતી સાહિત્યના ઈતિહાસોમાં માત્ર બે-પાંચ પંક્તિઓમાં કે એકાદ ફકરામાં જ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ ભગવગીતાનો અનુવાદ ગુજરાતી ભાષામાં કરનારા આ લોક્સંત ઉપર શ્રીમદ્ ભાગવતની અને નરસિંહથી શરૂ થયેલી મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતાની વ્યાપક અસર જોવા મળે છે. મૂળદાસજીના વ્યક્તિત્વનાં વિભિન્ન પરિમાણો જોઈએ તો એક ભક્ત, જ્ઞાની, ઉપદેશક, અનુવાદક, કવિ, વિચારક અને વિવિધ સંપ્રદાયોના અધ્યાત્માર્ગના સમન્વયકર્તા વૈરાગી લોક્સંતનાં લક્ષણો પ્રાપ્ત થાય છે.

સંત-કવિ મૂળદાસજીના જીવન વિશે એમની શિષ્યપરંપરા દ્વારા સચવાયેલી કેટલીક માહિતી મળે છે એમાં લોકકંઠેતકથાઓનું પ્રમાણ પણ ઘણું છે. અને એક ચમત્કારિક સિદ્ઘ મહાપુરુષ તરીકેનું જીવનચરિત્ર પ્રાપ્ત થાય છે. હજુ સુધી ગુજરાત-સૌરાષ્ટ્રના હસ્તપ્રતભંડારો અને મુંબઈ-પૂના ખાતે સચવાયેલી કેટલીક હસ્તપ્રતોમાં મળતી મૂળદાસજી રચિત તમામ સાહિત્યસામગ્રીનું અધ્યયન નથી થયું એટલે તેમના સંપૂર્ણ સર્જન વિશે કે જીવન વિશે પ્રમાણભૂત તથ્યો તારવવાનાં બાકી રહે છે છતાં પરંપરા મુજબ પ્રાપ્ત માહિતી પ્રમાણે તેમનું જીવનચરિત્ર સંક્ષેપમાં નીચે મુજબ આલેખી શકાય.

ભજનિક સંત-કવિ મૂળદાસજીનો જન્મ આમોદરા (જિ. જૂનાગઢ) ગામે સોરઠિયા લુહાર જ્ઞાતિમાં કૃષ્ણજી-ગંગાબાઈને ત્યાં . જીવણદાસ લોહલંગરી(ગોંડલ)ના શિષ્ય. જગ્યા : અમરેલી ગામે. શિષ્યો : શિલદાસ, હાથીરામ અને જદુરામ્ જ્ઞાનમાર્ગી વૈરાગ્ય પ્રેરક વાણીના રચયિતા. એ સિવાય હિન્દી ભાષામાં 'ચોવીસ ગુરુદત્તલીલા' અને કેટલાંક

પદો તથા 'બારમાસી', 'હરિનામલીલા' 'ગુરુગીતા' 'સાસુવહુનો સંવાદ' સમસ્યાઓ, મર્કટીનું આખ્યાન', 'ભગવદ્ગીતાનો અનુવાદ' 'ભાગવત બીજો સ્કંધ' વગેરે રચનાઓ. જેમાં મહાપંથની અસરો દેખાડતી ભજનવાણી; 'ચૂંદડી', રૂપકગર્ભ પદો અત્યંત લોકપ્રિય થયાં છે..

વંશપરંપરાગત લુહારનો ધંધો કરતા મૂળદાસજી બાલ્યવયથી જ સંતસમાગમ અને ધાર્મિક - આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે ઊછરેલા. સમગ્ર સૌરાષ્ટ્રમાં વ્યાપ્ત મહાપંથની ભજનસરવાણીઓ તથા પુષ્ટિમાર્ગી વૈષ્ણવ પ્રેમલક્ષણા ભક્તિ-ધારાનાં કીર્તનોથી પ્રભાવિત થયેલા મૂળદાસજીમાં સંતસેવાના સંસ્કારો પુષ્ટ થતા રહેલા. સોળ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન વેલુબાઈ નામની કન્યા સાથે થયાં. પોતાના લુહારીકામ માટે કોલસાની જરુર પડે ત્યારે જંગલમાં જઈ સૂકાં લાકડાં સળગાવી કોલસા મેળવતા મૂળદાસજીની વૈરાગ્યજાગતિ માટે પણ કોલસા પાડવાનો પ્રસંગ જ કારણભૂત બની ગયો જેણે એમના જીવનમાં વૈરાગ્યની ચિનગારી ચાંપી દીધી. પોતે સળગાવેલાં લાકડાંમાંથી હજારો કીડીઓ નીકળી અને તે સળગતી જોઈને એમના અંતરમાં લ્હાય લાગી ગઈ. ''અરેરે  આવડા અમથા પેટ સારુ આટલું બધું પાપ ? ભજનમાં તો રોજ ગાઉં છું : 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રુપે અનંત ભાસે...'ને આવડી મોટી હિંસા ?...''

બસ, ક્ષણવારમાં જ મૂળદાસજીએ માયાનો અંચળો ત્યાગી દીધો. માતપિતા, યુવા-પરણેતર, ભર્યું ભાદર્યું ઘરને પોતાના કુટુંબનો વ્યવસાય બધું જ છોડીને દોટ દીધી. ચોરાશી સિદ્દઘના બેસણા એવા ગરવા ગિરનારની વાટ લઈ લીધી. ગિરનારી જોગી-જતિઓના આશ્રમો મઢીઓમાં ખૂબ સેવા કાર્ય પછી પગપાળા તીર્થાટને નીકળી ગયા. એક સંકલ્પ મનમાં કરેલો : 'ક્યારે ય ભીખ ન માગવી, છૂટક મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતાં ચલાવતાં, સેવા કરી કરીને, પંડયે ઘસાઈને જ પેટ ભરવું ને યાત્રા કરવી.'

હૈયામાં હરિભક્તિ અને વૈરાગ્ય લઈને નીકળેલા આ લોક્સંતે ગોકુળ-મથુરા-કાશી- હરિાર તથા ચારે ધામની યાત્રા પગપાળા કરી. ભારતની તમામ અધ્યાત્મ પરંપરાઓના નિકટના પરિચયમાં આવ્યા પછી બ્રહ્મજ્ઞાની ગુરુની શોધમાં ભટકતાં ભટકતાં પાછા પોતાની જનમભોમકા તરફ ડગ માંડયાં.

સૌરાષ્ટ્રમાં આવીને વાળાક પંથકમાં આવેલ પુણ્યતીર્થ પીપાવાવની પાસે આવેલા જોલાપર ગામે એક આયર ખેડૂતને ત્યાં સાથીપણું કરવા લાગ્યા. ખેતરને શેઢે ઝૂંપડી બનાવીને ધરતીની ખેડ સાથે હરિનારની ખેતી કરતા મૂળદાસજીએ રાતદિવસ જોયા વિના મહેનત શરુ કરી પરંતુ ગામમાં એની દાનત વિશે શંકા-કુશંકાઓની વાતો વહેવા લાગી. વળી મૂળદાસજી તો વૈરાગી ભક્ત, ક્યારેક ભાવાવેશમાં આવી જાય ને ભજન ગાવા બેસી જાય. અનેક પ્રકારનાં મેણાંટોણાં, મશ્કરીઓ, ઠપકા સહન કરતાં કરતાં અંતે મૂળદાસજીની ભક્તિભાવના, સહનશીલતા અને વૈરાગ્યવત્તિએ સન્માનનીય સંત તરીકેનું સ્થાન-માન પ્રાપ્ત કર્યું. પછી તો ગામના લોકો પણ પૂજ્ય ભાવે જોવા લાગ્યા એટલે મૂળદાસજીએ એ સ્થાન પણ છોડી દીધું ને પાછા આવ્યા ગિરનારની કોઈ ગુફામાં. સંત પુરુષોનો સમાગમ અને એકાન્તસાધના કરતાં કરતાં મૂળદાસજીને પરિચય થયો ગોંડલના સમર્થ સિદ્ધ પુરુષ જીવણદાસજી લોહલંગરીનો. અને તેની કંઠી

બંધાવી.

દીક્ષા લીધા પછી મૂળદાસજી ગોંડલમાં કાવડ ફેરવવા લાગ્યા. ત્યાં એક દિવસ તેમનાં માતાપિતા અને પત્ની વેલુબાઈ આશ્રમમાં આવી પહોંચ્યાં. ગુરુની આજ્ઞાથી મૂળદાસજીએ ગોંડલ છોડી વિ.સં.૧૭૬૮માં અમરેલીમાં જગ્યા બાંધી. પત્ની વેલુબાઈ પણ આશ્રમમાં સેવાભક્તિનો ધર્મ બજાવવા લાગ્યાં. એ પછી ચાર વર્ષે ઈ.સ.૧૭૧૬માં વેલુબાઈનું અવસાન થયું,

એમની પાછળ સંતમેળો-ભંડારો કર્યા બાદ પોતાના શિષ્ય શીલદાસજીને આશ્રમ સોંપી મૂળદાસજી દ્વારિકાની યાત્રાએ નીકળી પડયા. પાછા વળતાં જામનગરના જામ લાખાએ તેમનો સત્કાર કરેલો. એ પછી મૂળદાસજીની ખ્યાતિ આખા સૌરાષ્ટ્રમાં ફેલાઈ ગઈ, પાછા અમરેલી આવ્યા અને જગ્યાની પાછળ કૂવે પડતી રતનબાઈ નામની એક વિધવાનું કલંક પોતાને શિરે લઈ લેતાં લોકસમુદાયના ભયંકર તિરસ્કારના ભોગ બન્યા. પાછળથી અમરેલીની જનતાને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો અને મૂળદાસજી સમક્ષ પશ્ચાત્તાપ કરેલો. રતનબાઈને ત્યાં પુત્રીનો જન્મ થયો તેનું નામ મૂળદાસજીએ રાધાબાઈ રાખેલુ. તેમના વિવાહ આનંદરામ નામના યુવક સાથે કરાવ્યા. જેને ત્યાં સંતાન થયું તે મુકુન્દદાસ. જે પાછળથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મુક્તાનંદજી (ઈ.સ.૧૭૫૮-૧૮૩૦)ના નામે વૈરાગ્યની મૂર્તિ તરીકે ખ્યાતિ પામનારા સંત બનેલા.

મૂળદાસજીનો જન્મ સં.૧૭૧૧ ઈ.સ. ૧૬૫૫ કારતક સુદ ૧૧ સોમવાર. પત્ની વેલુબાઈનું અવસાન વિ.સં.૧૭૭૨ ઈ.સ.૧૭૧૬ વેલુબાઈ પાછળ ભંડારો કર્યો. પછી આશ્રમનો વહીવટ શીલદાસ નામના શિષ્યને સોંપી દ્વારકાની યાત્રાએ નીકળ્યા. અમરેલીમાં જગ્યા બાંધ્યા પછી ૬૭ વર્ષ એમણે અમરેલીમાં જ ગાળ્યાં. વચ્ચે થોડો થોડો સમય તીર્થાટનો વગેરે કરેલાં પણ સદાવ્રત, સંતસેવા, ગૌસેવા અને સાહિત્યસર્જન પાછળ અમરેલીમાં જ પોતાના જીવનનાં બહુધા વર્ષો વ્યતીત કરેલાં. વિ.સં.૧૮૩૫ના ચૈત્ર સુદ ૯ રામનવમીને દિવસે, ઈ.સ.૧૭૭૯માં ૧૨૪ વર્ષની વયે તેમણે અમરેલીમાં જ જીવંત સમાધિ લઈ લીધી.ત્યારે એના કંઠમાં ભજન હતું -

જાગજો નર ચેતજો , આ છે છેલ્લી સનંધનો પોકાર રે ,
ભજનમાં ભરપૂર રહેજો, ભજનમાં તમે ભીના રહેજો ,
સત નામ તણે આધાર રે.. -જાગજો તમે ચેતજો....૦
થાકશો નહિં તમે થિર થઈ રહેજો વા'લા રાખણહારો રામ રે ,
ચંદનવનની શીતળ છાયા, તિયાં શું કરશે કળિકાળ રે..
- જાગજો તમે ચેતજો નર ...૦
ભાઈ થડકશો મા , સ્થિર રે'જો , રાખશે ગોપાળ રે,
સદા વંદની , સદા શીતળ, શું કરે કળિકાળ રે..
- જાગજો તમે ચેતજો નર ...૦
ભક્તિ તો વિશ્વાસની રે ભાઈ કરજો સતં ની સેવા રે ,
સંત સાહેબને એક જ જાણો , જેનાં દર્શન દુર્લભ દેવા રે..
- જાગજો તમે ચેતજો નર ...૦
ધન્ય રે ધન્ય મારા સદગુરુ દેવને , દરશાવ્યા પરિબ્રહ્મ રે ,
સંતની સંગત જે કોઈ કરશે , તેનો દયા સમો નહી ધર્મ રે..
- જાગજો તમે ચેતજો નર ...૦
આગળ તો પ્રભુ અનેક ઓધાર્યા ,તમે છો તારણહાર જી,
મૂળદાસ કહે મહારાજ મોટા તમે ભક્ત કાજ લ્યો અવતાર રે,
મૂળદાસ કહે મહારાજ મોટા કરો સંતોની સાર રે..
- જાગજો તમે ચેતજો નર ...૦

**સાહિત્યસર્જન :**

ઈ.સ.૧૭૬૧માં ૧૦૬ વર્ષની ઉંમરે તેમણે 'શ્રીમદ્ ભગવગીતા'નો ભાવાનુવાદ પૂર્ણ કર્યો જેની અનેક હસ્તપ્રતો જુદા જુદા હસ્તપ્રતભંડારોમાં સચવાયેલી જોવા મળે છે. એ જ રીતે શ્રીમદ્ ભાગવત મહાપુરાણના કેટલાક સ્કંધનો ગુજરાતી ભાવાનુવાદ પણ કર્યો. કદાચ શ્રીમદ્ ભાગવતના તમામ સ્કંધોનો અનુવાદ તેમણે કર્યો હોય પરંતુ હસ્તપ્રતોમાં જળવાયેલ સામગ્રીની યાદીમાં બીજા સ્કંધનો અને પાંચમાં સ્કંધનો ભાવાનુવાદ પ્રાપ્ત થાય છે. એ ઉપરાંત શ્રીમદ્ ભાગવતના અનેક પ્રસંગો, ખાસ કરીને દશમસ્કંધના શ્રીકૃષ્ણલીલાવિષયક પ્રસંગોનાં છૂટક પદો અને એકાદશ સ્કંધના અધ્યાય ૭, ૮, ૯માં આવતા 'અવધૂતોપાખ્યાન' અંતર્ગત દત્ત-યદુ સંવાદનું ભાષાંતર 'ગુરુ દત્તાત્રેયે ૨૪ ગુરુ કર્યા તેનાં કવિત' નામે ૩૦ જેટલાં કવિતોમાં ગુજરાતી-હિન્દી મિશ્ર ભાષામાં આપ્યાં છે. નરસિંહ મહેતાએ પસંદ કરેલા રાગ-પ્રકારો : પ્રભાતી, રામગરી, ગરબી કીર્તન અને પુષ્ટિમાર્ગી હવેલીસંગીતના વિવિધ રાગોને આધારે રચાયેલી પદકૃતિઓ ઉપરાંત આખ્યાનની દેશીઓની ચાલનાં પદો- ઉપરાંત મહાપંથી-નિજારી પરંપરાનાં આરાધી ભજનો, સંધ્યા સમયે ગવાતી કલ્યાણ રાગની ધૂનો, આરતી, કટારી, ચૂંદડી વગેરે રૂપકગર્ભ પદ-પ્રકારો વગેરે ૧૫૦ જેટલી લઘુ પદકૃતિઓ અને 'બારમાસી', 'ગુરુમહિમા', 'હરિનામલીલા', 'સાસુવહુનો સંવાદ', 'મર્કટીનું આખ્યાન', અને સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન કરતી મહાપંથી આરાધી ભજનવાણી 'મૂળારંભ' જેવી દીર્ઘ કાવ્યકૃતિઓનું સર્જન મૂળદાસજીએ કર્યું છે.કોઈ ચોક્કસ,એક જ સાંપ્રદાયિક વાડામાં બંધાયા વિના મૂળદાસજીએ અધ્યાત્મના ક્ષેત્રમાં વ્યાપ્ત વિવિધ સાધનામાર્ગો અને ચિંતનપરંપરાઓને પોતાની વાણીમાં સ્થાન આપ્યું છે.

**મૂળદાસજીની ગુરુ પરંપરા**

દક્ષિણ ભારતના સમર્થ સંત આચાર્યશ્રી રામાનુજાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત 'શ્રી સંપ્રદાય' ની પરંપરામાં છેતાળીશમા પુરુષ શ્રી કૃષ્ણદાસજી પયહારીએ જયપુર પાસે ગલતામાં ગાદી સ્થાપેલી. 'રામાનંદી વૈષ્ણવ સંપ્રદાય'ના નામે પાછળથી ઓળખાતા આ 'શ્રી સંપ્રદાય'માં આજે બાવન જુદી જુદી શાખાઓના સાધુઓની પરંપરાઓ જળવાતી આવી છે જેને 'બાવન દ્વારા' તરીકે ઓળખવવામાં આવે છે. તેમાં રામાવતના ૩૪, નિમાવતા ૧૨, મધ્વાચાર્ય ૪ અને વિષ્ણુસ્વામીના ૨, - આ બાવન શાખાઓમાં ગૃહસ્થ સાધુઓનો વંશવેલો વહી રહ્યો છે, એની સાથોસાથ એ જ પરંપરામાં ત્યાગી વિરક્ત સાધુઓના ૭ અખાડા ટાટંબરી, દિગમ્બરી, નિર્વાણી, ઉજાગરી, નિરાલમ્બી, નિર્મોહી અને ખાખીની

પણ શિષ્યપરંપરાઓ સૌરાષ્ટ્રમાં વહેતી આવી છે.

ગોંડલના સિદ્ધ સંત જીવણદાસજી લોહલંગરી પણ શ્રી કૃષ્ણદાસજી પયહારીની શિષ્ય પરંપરામાંથી થઈ ગયા. મૂળ મારવાડમાં જન્મેલા જીવણદાસજીએ વિ.સં.૧૬૨૫ (ઈ.સ. ૧૫૬૯)માં ગોંડલી નદીને કાંઠે પોતાનો ધૂણો ચેતાવ્યો. એ વખતે ગોંડલના જાડેજા રાજવીઓની રાજગાદી અરડોઈ ગામે હતી. ઈ.સ.૧૬૪૯માં જાડેજા રાજા મોટા કુંભાજી પોતાની
રાજગાદી ગોંડલ લઈ આવ્યા. એ પછી તુરત એમનું અવસાન થયું અને તેમના પુત્ર સંગ્રામજી ગોંડલની ગાદીએ આવ્યા. મોટા કુંભાજીએ લોહલંગરી જીવણદાસજીને ગુરુસ્થાને સ્થાપેલા એટલે એમના વંશજોના પણ પૂજનીય ગુરુ તરીકે સિદ્ઘ સંત લોહલંગરી જીવણદાસજીએ ગોંડલ રાજ્યમાં અને સમગ્ર સૌરાષ્ટ્રમાં આગવાં સ્થાન-માન પ્રાપ્ત કરેલાં. તેઓ ૧૨૮ જેટલાં વર્ષો તો ગોંડલમાં જ રહ્યા. ઈ.સ.૧૭૫૩ પછીના ગાળામાં સિદ્ઘયોગી જીવણદાસજીએ સમાધિ દ્વારા દેહત્યાગ કર્યો.. આજે ગોંડલ શહેરમાં ભગવતપરા નામે ઓળખાતા વિસ્તારમાં ગોંડલી નદીના કાંઠે લોહંગધામ તથા વડવાળાધામ નામે એમનું સમાધિસ્થાન છે. ગોંડલીયા શાખના શ્રી વૈષ્ણવ સાધુ સમાજનું એ આદ્યસ્થાન અને તીર્થધામ છે. હાલમાં પૂ. સીતારામબાપુ આ જગ્યાના મહંત તરીકે બિરાજે છે.

મહાત્મા લોહલંગરીજી સમન્વયાત્મક દૃષ્ટિથી જુદા જુદા તમામ ધર્મ-પંથ-સંપ્રદાયોમાં એક્તા સધાય એ માટે હંમેશા કાર્યરત રહેતા. ગોંડલમાં જગ્યા બાંધી ત્યારે પોતે શ્રીવૈષ્ણવ રામાનંદી સંપ્રદાયના સંત હોવા છતાં શિવાલય અને રામદેવપીરની દેરીની સ્થાપના કરેલી. તથા જગ્યાના પ્રાંગણમાં વટવૃક્ષ વાવેલું.

ઈ.સ.૧૭૧૪માં જીવણદાસજી પોતાના કેટલાક શિષ્યોને લઈને સૌરાષ્ટ્રના પરિભ્રમણ અર્થે નીકળેલા. ચાલતાં ચાલતાં દૂધરેજની નજીક પહોંચ્યા. તે દિવસે બીજનો પાટ-ઉત્સવ ચાલતો હતો. દૂધરેજના મહંત રુઘનાથપૂરીજી દશનામી શૈવ-શાક્ત સંપ્રદાયના સાધુ હતા, એમને ત્યાં થતી શક્તિજ્યોતની ઉપાસનામાં તો એ સંપ્રદાયમાં દીક્ષિત હોય એને જ પ્રવેશ મળે પરંતુ જીવણદાસજીના પ્રતાપી ચરિત્રથી પ્રભાવિત થયેલા રુઘનાથપૂરીજીએ જીવણદાસજીની સાથે મૈત્રીસંબંધ બાંધ્યો. બંનેએ પોતે, રુઢિચુસ્ત વિભિન્ન સંપ્રદાયોના અનુયાયી છતાં પોતપોતાનાં વિધિવિધાન-આહાર-વિહાર, સાધન-સાધના, દીક્ષા-ઉપાસના જાળવી રાખીને એકબીજા સંપ્રદાય સાથે એક્તા સાધવાના પ્રયાસરુપે અરસ પરસ સ્મૃતિચિહ્નોની આપ-લે કરી. દૂધરેજની જગ્યામાં જીવણદાસજીએ વડલો રોપ્યો તથા પોતાના સંપ્રદાયની દાસપદવી, ભાલતિલક, તુલસીની માળા
અને ભરુપ એ ચાર વસ્તુઓ દૂધરેજના રુઘનાથપૂરીજીને આપી - એ દિવસથી રુઘનાથપૂરીજી સ્વામી રુઘનાથદાસજી કહેવાયા. એમની પાસેથી જીવણદાસજીએ ભગવો અંચળો અને સમાધિ બે વસ્તુ સ્વીકારી ત્યારથી દૂધરેજના શક્તિઉપાસક શૈવો - શંકરાચાર્યજીના અનુયાયીઓ ઉપરનાં વૈષ્ણવચિહ્નો ધારણ કરે છે અને ગોંડલિયા વૈષ્ણવ રામાનંદી સાધુઓ માથા પર ભગવી પાઘડી ધારણ કરે છે અને તેમને અગ્નિદાહને બદલે ભૂમિદાહ અપાય છે.

મૂળદાસજીએ આવા પ્રતાપી સમન્વયવાદી સિદ્ઘ સંત જીવણદાસજીનું શિષ્યત્વ સ્વીકાર્યું. જીવણદાસજીના બીજા એક શિષ્ય બન્યા બાલાગામ ઘેડના સગર જ્ઞાતિના સંત દાસારામજી (ઈ.સ.૧૬૪૦-૧૭૪૯), જેમણે પાટપૂજનમાં ગુપ્ત વિધિઓ તથા પડદાપ્રથાને તિલાંજલિ આપેલી અને દરેક માનવીને પાટની જ્યોતનાં દર્શન કરવાનો સમાન અધિકાર આપેલો.
આદિધર્મ વિશે સમજણ આપતાં મૂળદાસજીનાં કેટલાંક ભજનોના નામાચરણમાં એમના શિષ્ય શીલદાસજીનું નામાચરણ પણ મળે છે..

જી રે આ ધર્મ આદ્ય છે આદ્ય ને અનાદિ ; જુગોજુગ જાણજો રે...
ગુરુને ગોવિંદ રે દુર્લભ છે આ દેહને રે, હાં રે ભાઈ, ભક્તિ સમો નહીં ભેદ રે ;
મહારસ પીધો મોટા મુનિવરે રે, હાં રે ભાઈ, મથી વિધિવંત વેદ રે...
મોહની માયા રચી મેદની રે, હાં રે ભાઈ, કોટ કળારસ કામ રે ;
અખિલ આનંદ આતમ રામનું રે, હાં રે ભાઈ, નિજ ધર્મનું ધામ રે...
દયાને ધર્મ ભક્તિ ભાવની રે, હાં રે ભાઈ, ઋષિ ધર્મની રીત રે ;
નવધાને ભક્તિ મરમળે નામની રે, હાં રે ભાઈ, પરમ સ્નેહની પ્રીત રે...
સેવાને સ્મરણ અર્પણ આતમા રે, હાં રે ભાઈ, દીનબંધુ નિજ દાસ રે ;
વંદનને અરચન અનુભવ આરતી રે, હાં રે ભાઈ, પુષ્ટિ પ્રેમ પ્રકાશ રે...
કથાને કીર્તન શ્રવણે સાંભળો રે, હાં રે ભાઈ, યજ્ઞ કરે બહુ જાગ રે ;
સ્વામીને સખા સંત સેવના રે, હાં રે ભાઈ, તન મન જાણો ત્યાગ રે...
પ્રહ્લાદ પરીક્ષિત પાંડવ પ્રેમદા રે, હાં રે ભાઈ, યાદવ બહુનામી બળરાય રે ;
એવા ને અંગે નરબહુ નીપજ્યા રે, હાં રે ભાઈ, ભક્તિ ભલી ભયમાય રે...
આપણી પ્રીતે આલમ મારો આવશે રે, હાં રે ભાઈ, સાચો સરજનહાર રે ;
નકલંકી સૌને નવાજશે રે, હાં રે ભાઈ, સાધુનો શણગાર રે...
ગુરુને વચને વસ્તુ વોરજો રે, હાં રે ભાઈ, લેતાં લેતાં લાભ રે ;
પાપ ને પાખંડ પ્રપંચ પરહરો રે, હાં રે ભાઈ, અમર રહ્યો જેમ આભ રે...
તપ ને તીરથ શરણ સાધને રે, હાં રે ભાઈ, અન્ય ન કરશો આશ રે ;
જીવનમુક્ત હરિજન જાણજો રે, હાં રે ભાઈ, મહાજન કહે મૂળદાસ રે...

૦૦૦૦૦

સોહં સોહં જોપેને ઉમૈયા, શંકર નામ સુણાયો રે,
જાપ અજંપા જપો ગાયત્રી, જનમ મરણ દુઃખ જાવે રે...
સો નિજ નામ કહ્યો આદ્યનારાયણે, બ્રહ્માકુ સુણાયો રે,
બ્રહ્મા બ્રહ્મવેદ ભણાવે, નિગમ નામ ધરાયો રે... સોહં...
સો નિજ નામ કહ્યો શ્રીકૃષ્ણે, પાંડવકુ પઢાયો રે,
મોહ ગયો ને મહારાજ મળિયા, બ્રહ્મે બ્રહ્મ બતાયો રે... સોહં...
સો નિજ નામ કહ્યો ઋષિ નારદ વ્યાસ વિદુર સુખ પાયો રે,
દશ સ્કંધ પર કરુપા કીધી, બ્રહ્મ ઉપનિષદ ગાયો રે... સોહં...
સો નિજ નામ કહ્યો શુકદેવે, પરીક્ષીત મહાસુખ પાયો રે,

સાંખ્યયોગની જુગતી જણાવી, નર્કાદિક છોડાયો રે... સોહં...
ઋષિ રઘુ કર કરુણા કીધી, સો કહ્યો નિજ નામ રે,
અવિનાશીએ એક બ્રહ્મ બતાવી, વ્યાપે આતમરામે રે... સોહં...
સો બીજકા સકળ પસારા, સરવે ઉનકી માયા રે,
મૂળદાસ કહે સો અવિનાશી, ગુરુપ્રતાપે પાયા રે... સોહં...

એમ સદ્‌ગુરુની કૃપાથી ભાગવતી પ્રેમલક્ષણા ઉપાસનાનો મર્મ સમજનારા આ સંત કવિ ૮૬ પંક્તિઓમાં 'ગુરુ મહિમા'નું ગાન કરે છે ત્યારે ગાય છે :

'મને આદ્ય ગુરુજી મળિયા, ભવસાગરના ફેરા ટળિયા,
મહામંત્ર ગુરુજીએ દીધો, મેં જનમ સફળ કરી લીધો...'

અને મહાપંથી-નિજારી-બીજમાર્ગી ગુપ્ત પાટઉપાસનાની પરંપરાથી ચાલી આવતી માન્યતા મુજબ આ સૃષ્ટિનો આરંભ થયો તેનું વર્ણન કરતું આરાધી ભજન :

હે સંતો સત ધર્મ સનાતન જાણો જી...
હે સંતો શિવ શક્તિ મળીને ધર્મ ચલાવ્યો રે,
એ તો નાદ બુંદ નરનારી રે હાં ;
હે જી રે સંતો લિંગ ભગની તો પૂજા રે કીધી,
એના આદ્ય પુરુષ અધિકારી રે હાં...

મૂળદાસજીના જીવન સાથે સંકળાયેલો મનાતો એક પ્રસંગ લોકમુખે સચવાયો છે. જામનગરના રાજવી જામ લાખાએ મૂળદાસજીની ખ્યાતિ સાંભળી પોતાના રાજદરબારમાં તેડાવેલા એ વખતે એક વૈષ્ણવ આચાર્યે શ્રીમદ્ ભાગવતના માહાત્મ્ય વિશે પ્રશ્ન કર્યો. તુરત જ મૂળદાસજીએ શ્રીમદ્ ભાગવતનો મહિમા પ્રગટ કરતું પદ ગાયેલું :

નિગમ કલ્પવૃક્ષ શીતળ છાંયા...
દશ પેડ પુષ્પ ધન પલ્લવ,ત્રિવિધ તાપ ન વ્યાપત માયા... નિગમ્
તીનસે પાંત્રીસ ઉત્તમ અધ્યાયા,વિલસે વિટપ જ્યું છોટી શાખા
સુંદર શ્લોક શ્રેષ્ઠ અષ્ટશ સહસ્-શ્રીમદ્ ભાગવત ઉત્તમ ભાષા... નિગમ્
પાંચ લાખ પુનિ સહસ્ર છોંતેર અક્ષર પાત સોં ઉત્તમ પત્ર
અઘ અજ્ઞાન હરનકુ આદિ એક એક અક્ષર મહા નિજ મંત્ર... નિગમ્
નવધા પુષ્ટ મહા મુક્તિ ફળ જ્ઞાનરસ ભીતર બ્રહ્મરસ બીજ
મૂળદાસ ક્યે બ્રહ્મભક્તિરસ ગગદ કંઠે પ્રેમરસ પીજે... નિગમ્

મૂળદાસજીનું શ્રીમદ્ ભાગવત વિષયક અગાધ જ્ઞાન જોઈને વૈષ્ણવ ગોંસાઈજી મહારાજે તેમને 'સ્વામી મૂળદાસજી' તરીકે સંબોધન કરેલું. આમ જામનગરમાં 'મહાપંથ' અને 'પુષ્ટિમાર્ગ' એ બે સંપ્રદાયો વચ્ચે સુભગ સમન્વય સધાયેલો. મૂળદાસજીની ગુરુ પરંપરામાં રામાનુજાચાર્યજી પ્રસ્થાપિત 'શ્રીસંપ્રદાય'ની વૈષ્ણવી ઉપાસના તો હતી જ. એ જ સંપ્રદાયમાં રાસરાસેશ્વર શ્રીરાધાકૃષ્ણના ઉપાસકો થઈ ગયા. એટલે ભાગવતી દીક્ષા તો એમને મળેલી જ. સાથોસાથ દૂધરેજની શૈવ-શાક્ત પરંપરાનો પણ સુમેળ થયેલો એની સાથે ત્રિવેણીસંગમ થયો પુષ્ટિમાર્ગનો.

સંત કવિ મૂળદાસજી પાસેથી મળે છે 'સુંદરવરની ચૂંદડી' જેવું રૂપકગર્ભ પદ. 'ચૂંદડી' પ્રકારનાં બે પદો મૂળદાસજીએ આપ્યાં છે. ભારતીય વિદ્યાભવન-મુંબઈના હસ્તપ્રત ભંડારમાં સચવાયેલી હસ્તપ્રત નં.૧૧૦૬ સૌરાષ્ટ્રના સાવરકુંડલા ગામે વિ.સં.૧૮૨૮ના આસો માસમાં મેઘનાથી ડોસા કાલા દ્વારા લખાઈ છે, જેમાં જુદી જુદી મધ્યકાલીન સંતસાહિત્યની કૃતિઓ સાથે સંતકવિ મૂળદાસજી-રચિત 'ચૂંદડી'નો સમાવેશ થયો છે. મૂળદાસજીની આ રચનાનાં અનેક પાઠાંતરો મળી આવ્યાં છે. જુદી જુદી હસ્તપ્રતો, ભજન સંચયો, અને પ્રકાશિત ભજન-સંપાદનો આ રચનાના ૪ કડીથી માંડીને ૧૩ કડી સુધીના (કંઠસ્થ પરંપરામાં સચવાઈ હોવાને કારણે અને ખૂબ જ લોકપ્રિય કૃતિ બની હોવાને કારણે) વિવિધ પાઠો આપે છે.

ચેતનવરની ચૂંદડી, માંય છે આતમરામનો અંશ
તપતીરથ મેં તો બહુ કર્યા રે, કીધાં શુભ વ્રત આજ ;... ચેતન... ૧
બ્રહ્માજીએ વણ વાવિયાં, ને વીણી લાવ્યા વેદ ;
શનકાદિકે સૂત્ર કાંતિયાં રે, એનો કોઈક જાણે ભેદ... ચેતન... ૨
ત્રણ ગુણ તાણો વણ્યો રે એના તાણાના રંગ-પાંચ ;
સૂરત નૂરતની નળી ભરી રે એમાં વિવેક વિચારનું રાચ... ચેતન... ૩
ચાર વેદના બૂટા રચ્યા રે, માંહી પ્રેમરસનું પાણ ;
છવીસું શાળે ચડયું રે, એના વણતલ સંત સુજાણ... ચેતન... ૪
વિદુર વ્યાસે વણી ચૂંદડી, ને શુકદેવે પાડી ભાત ;
બહુનામીએ બુટ્ટા ભર્યા રે, એની જૂજવી જૂજવી જાત... ચેતન... ૫
હરિ હરડાં ને તન ફટકડી રે, માંહી કરિયા કઠણ મજીઠ ;
પ્રેમ કઢાઈઉ ચડાવિયું રે, હેઠે પ્રજળે રે બ્રહ્મ અગનીષ્ટ... ચેતન... ૬
ગુરુએ ઓઢાડી મુંને ચુંદડી રે, સુંદર શ્રીફળ ચાર ;
શ્રીરંગ-શું સગપણ કર્યું રે મારા પુણ્ય તણો નહીં પાર... ચેતન... ૭
વિવિધ રૂપે વેપાર ચાલયો, માહંી વેરાગના ં રે લગન ;
પ્રેમે પુરુષોત્તમ પધારિયા રે, મારું હરખે ભરાણું છે મન... ચેતન... ૮
ત્રિકમ તોરણે પધારિયા રે, ને પ્રેમે પુરુષોત્તમ રાય ;
ચોખા લલાટે ચોડિયા રે, હઈડે હરખ ન માય... ચેતન... ૯
મન કર્મ વચનનું માંહેરું રે, મે ં મૂકી છે લોકની લાજ ;
હથેવાળો હરિશું મેળવ્યો રે, મંડપ મધ્યે મહારાજ... ચેતન... ૧૦
ચાર જુગની ચોરી રચી રે, માંહી મન છે ખેતરપાળ ;
દાદેજીએ દાન બહુ દીધાં રે, માંહી વાણી તણી વરમાળ... ચેતન... ૧૧
વિધવિધની વેદી રચી રે, બેઠાં છે નર ને નારછ ;
કાષ્ઠ કરમનો હોમ કર્યો રે, હમે કૃષ્ણ-શું જમિયાં કંસાર... ચેતન... ૧૨
રાતો રે રંગ મજીઠનો, જેને પૂરણ બેઠો પાસ ;
ભવોભવ કદી ના ઊપટે રે, એમ મહારાજ કહે મૂળદાસ... ચેતન... ૧૩

મૂળદાસજીની બીજી એક 'ચૂંદડી' રચના લોકભજનિકોના કંઠેથી સાંપડી છે. એનો ગાવાનો ઢંગ ઉપરની રચના કરતાં તન જુદો જ છે. વિવાહપ્રસંગના આલેખન મુજબ કદાચ આ બીજી રચના પ્રથમ ગવાતી હશે એવું ં લાગે.

પ્રીતમ વરની ચૂંદડી રે, મહાસંતો વોરવાને મળિયા રે...
જે રે ઓઢે તે અમ્મર રે વે, અકળ કળામાં જઈ ભળિયા રે... પ્રીતમ વરની...
પવને અરૂપી મેહુલા ઊઠિયા, વરસે વૈરાગની વાદળિયુ ં રે ;

ગગન ગરજે ને ધોર્યું દિયે, ચોઈ દશ ચમકે વીજળિયું રે... પ્રીતમ વરની...
વિચાર કરી વણ વાવિયું, વણ તો મુનિવરનું ઠરિયું રે ;
આનંદ સ્વરૂપે ઊગિયું, ફાલી ફૂલડે બહુ ફળિયું રે... પ્રીતમ વરની...
વિગતેથી વણને વીણિયું, સીતારામ ચરખે જઈ ચડિયું રે ;
કબુદ્દિધ કપાસિયા કોરે કરી, પ્રેમની પૂણિયું વણિયું રે... પ્રીતમ વરની...
પરવરીશ સગુરુ નામની, સતને સંચે જઈ ચડિયું રે ;
જ્ઞાન ધ્યાનના એમાં બુટા ભર્યા, વણનારા વેધુએ વણિયું રે... પ્રીતમ વરની...
સોય લીધી સગુરુ સાનની, દશનામ દોરા એમાં ભરિયા રે ;
સમષ્ટિથી ખીલાવી ચૂંદડી, રંગ નિત સવાયા ચડિયા રે... પ્રીતમ વરની...
મનનો માંડવડો નાખિયો, ગીત ગાયાં છે સાહેલિયું રે ;
માયાનો માણેકસ્થંભ રોપિયો, ઉમંગની ખારેકું વેચાણિયું રે... પ્રીતમ વરની...
શિવે બ્રહ્માને સોંઢયા જાનમાં, સરતી સમરતી જાનડિયું રે ;
ગમના ગુણેશ બેસારિયા, સાબદી થઈ છે વેલડિયું રે... પ્રીતમ વરની...
હાકેમ રથ લઈને હાલિયા જાનું અહોનિશ ચડિયું રે ;
ગુરુ પરતાપે મૂળદાસ બોલિયા, ઈ મારગે વૈકુંઠ મળિયું રે... પ્રીતમ વરની...

એ જ રીતે 'મેરમની ચોધારી મારી કલેજે કટારી...' પણ સહજ સરળ ભાવવસ્તુને કારણે લોકભજનિકોમાં અતિશય લોકપ્રિય બન્યું છે.

બેની મારા રુદિયામાં લાગી રે, મેરમની ચોધારી મારે કાળજે કટારી...
બાયું મારા કલેજામાં મારી રે ,બેની મારા રુદિયામાં મારી રે ,
મારી છે કટારી ચોધારી,મેરમની કટારી, મારા કલેજે કટારી...
ભેદુ વિનાની વાતું કોણે રે જાણી ? મેરમની ચોધારી, મારે કાળજે કટારી...

(સાખી )મારી કટારી મૂળદાસ ક્યે જુગતે કરી ને જોઈ,
કળા બતાવી કાયા તણી, કાળજ કાપ્યાં કોઈ ;
(હૃદય કમળમાં રમી રહી, કાળજાં ફાટયાં સોઈ,)
કાળજ કાપી કરુણા કીધી, મુજ પર કીધી મહેર ,
જોખો મટાડયો જમ તણો ,મારે થઈ છે આનંદ લીલા લ્હેર રે...
-મેરમની ચોધારી મારે કાળજે કટારી....૦

(સાખી )પહેલી કટારી એ પરીક્ષા કીધી બીજીએ સાંધ્યા બાણ
ત્રીજી રમી ત્રણ ભુવનમાં , ચોથીએ વીંધાણા પ્રાણ
પ્રાણ વીંધાણા ને પ્રીતું બંધાણી, દેખાડયો દશમો દુવાર
કુંચીએ કરશનજીને વીનવું ,મારી સુરતાની લેજો સંભાળ રે...
-મેરમની ચોધારી મારે કાળજે કટારી....૦

(સાખી )આ કટારી કોઈના કળ્યામાં નાંવે , નઈ અણી ને નહીં ધાર ,
ઘાયલ કરી ગઈ પાંજરું ઈ તો ઊતરી આરંપાર ;
વારી વારી કહું છું વિઠ્ઠલા મારા અવગુણનો ધરશો મા સાર,
બેડી મ દેશો મારી બૂડવા , મારી બેડલી ઉતારજો ભવપાર રે...
-મેરમની ચોધારી મારે કાળજે કટારી....૦

(સાખી )કુળમાં દાવો મે છોડયો શામળા ફળની મેલી લાર ,
અટક પડે વ્હેલા આવજો , મારા આતમના આધાર ;
વારે વારે શું કહું વિઠ્ઠલા મારા અવગુણ ના ધરશો એક ,
શામળા વ્હાલા તરત સિધાવો મારી તરણા બરોબર ટેક રે...
-મેરમની ચોધારી મારે કાળજે કટારી....૦

(સાખી )સાચા સદગુરુ સેવિયા, જુગતે જાદવ વીર
મન પથ્થર હતા તે પાણી કીધાં , જેમ નીર ભેળાં કીધાં નીર
પાય લાગુ પરમેસરા, તમે દેખાડયું નિજ ધામ રે
રામદાસ વચને મૂળદાસ બોલે,મારા ગુરુજીએ બતાવ્યું તરવાનું ઠામ રે..
-મેરમની ચોધારી મારે કાળજે કટારી....૦

પરંતુ મૂળદાસજીની વિત્તા તો વ્યક્ત થાય છે આવાં જ્ઞાનમાર્ગી પદોમાં :

પરિબ્રહ્મ - સુ પ્રીત બંધાણી, જેમ પાણીમાં પાણી રે,
હું નહીં પણ હરિ ખરા એમ ઠીક વાત ઠેરાણી રે... પરિબ્રહ્મ સું.
બ્રહ્માકાર તે બ્રહ્મ થયો છે ઉર અંતરમાં આણી રે,
મૂળદાસ કહે મૂળ વિચારતાં જીવનમુક્તિ જાણી રે... પરિબ્રહ્મ સું.

નરસિંહ-અખાની વાણીની યાદ અપાવે એવી પદરચનાઓ આપણને મૂળદાસજી પાસેથી પ્રાપ્ત થાય છે :

નિગમ વેદનો નાદ સાભંળી, મારા ચિત્તમાં લાગ્યો ચટકો રે,
જાગીને જોતાં મિથ્યા માયા, માંડ કર્યો છે મટકો રે... નિગમ વેદનો...

'શ્રીમદ્ ભગવગીતા'નો ભાવાનુવાદ કરવાનું સાહસ કરનાર આ સંતકવિ માત્ર વિદ્વાન હતા એમ કહેવું પણ વાજબી નથી. આ વાણી તો તેમના સ્વાનુભવનું પરિણામ છે.

'એક અતૈત એમાં નથી. ત્રિપુટીભેદથી ભિન્ન જાણે,
સ્વપ્ન સુષપ્તિ વાત જાગી કરી ત્રણનાં રૂપને એક જાણે...
જ્ઞાન-જ્ઞાતામાં જે આપ અરપી રહ્યો પાર ન પ્રીછે એ પ્રમાથી,
અંતઃકરણમાં ઈન્દ્રિય વિષે વાસના સકળ સૃષ્ટિ રાજે પ્રમાધી...
સકળ ઉપાધિ શમી એમ સમજતા કહ્યું ન જાય પરમ પદ આહીં,
તુરીયાતીત પદ આપે ઓળખ્યું, સર્વનો સાક્ષી છે સર્વ માંહી...
શબ્દાતીત જ્યાં શબ્દ પહોંચે નહીં તે શબ્દબ્રહ્મ તું જાણે પોતે,
જે જન જાગે તે એમ જાણી લિયે મૂળદાસ ક્યે રહ્યો અૈત પોતે...

ગુરુ માહાત્મ્ય, ગુરુ-ગોવિંદ એક્તા, માયાનું સ્વરૂપ, વૈરાગ્ય અને ભક્તિનું માહાત્મ્ય, બ્રહ્મ, ઈશ્વર, જીવ વગેરેની એક્તા અને સત્સંગમહિમા એમ અનેક વિષયોનું નિરૂપણ મૂળદાસજીની વાણીમાંથી પ્રાપ્ત થાય છે.

કોટિ બ્રહ્માંડ તે એક વૈરાટમાં, વસ્તુ વૈરાટનું રૂપ પોતે,
સ્વયં ચૈતન્યને જીવ જાણો નહીં મૃગ મહાગંધને દૂર ગોતે...

વેદાન્તી તત્ત્વચિંતન, વિવિધ શાસ્ત્રપુરાણોનો પ્રત્યક્ષ પરિચય અને તત્કાલીન સાધનાધારાઓથી પુષ્ટ બનેલી મૂળદાસજીની કાવ્યસૃષ્ટિ અનેક પરિમાણોમાં વિહરે છે જેમાં મૂલ ભાવ છે વૈરાગ્યનો :

વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં કઠણ બંધ કામના કોક છૂટે ;
કનકને કામિની ચોકી આડી સામની રામની રમતમાં તેજ લૂંટે... ૧
ભક્તિ ભૂલી ગયો પ્રકૃતિ વશ થઈ ગયો નારીએ નેણનો બાણ માર્યો ;
જોગ લીધા પછી ભોગ ઈચ્છા કરી જીતી બાજી જીવ એમ હાર્યો.૨

કામનું મૂળ તે જાણવી કલ્પના ક્રોધ એ કર્મની ગાંઠ બાંધે ;
શીલ સંતોષના શોબા દીધા વિના જન્મને મરણનો રોગ વાધે... ૩
મૂળ વૈરાગ્યમાં મન જેનાં ગળ્યાં વળતી વાસના નવ ડોલે ;
મૂળદાસ કહે સંત સમજ્યા ખરા વેદ વાણી એમ સાંખ્ય બોલે... ૪

આ વૈરાગ્યનું ભણતર બાવન અક્ષરની બહારનું છે :

'ભણ તો અક્ષર બે ભણે રેરો ને મમો ;
બે વિના બાવન બોબડા, ઘાટે ન આવે ગમો.
રેરો આતમરામ છે, મમો છે ત્યાં માયા,
જુગલ અક્ષરને જોડતાં કહેવાણી કાયા.
ચારે વેદ ને ચૌદે વિદ્યા, વ્યાકરણની વાણી.
બે અક્ષર જ્યાં બાદ છે ત્યાં કહેવાની કાણી.
બે અક્ષરમાં બાવન બોલે, પડે નહીં પાછો,
મૂળદાસ કહે અક્ષર મૂળગો, એ સરવાળે સાચો.

મૂળદાસજીની કાવ્ય સરવાણીમાં અધ્યાત્મમાર્ગની જુદી જુદી ચાર-પાંચ સાધનાધારાઓનો સંગમ થયો હોય એવું જોવા મળે છે. સૌરાષ્ટ્ર પ્રદેશના લોકસંતોની વાણીની આ જ મુખ્ય લાક્ષણિક્તા છે. જ્ઞાન, કર્મ, ભક્તિ અને યોગ એ ચારે પ્રવાહોનો સમન્વય આપણને આ લોકસંતોની રચનાઓમાં જોવા મળે. મૂળદાસજી પોતે શાસ્ત્ર-પુરાણોના જ્ઞાતા હશે એવી પ્રતીતિ તો એમના શ્રીમદ્ ભગવગીતાના તથા શ્રીમદ્ ભાગવતના અમુક સ્કંધોના પદબંધ ગુજરાતીમાં કરેલા અનુવાદ જોતાં જ થઈ જાય છે. 'શ્રીમદ્ ભાગવત' પરત્વે એમને વિશેષ અનુરાગ હોય એવું દેખાય છે. શ્રીકૃષ્ણ-રાધાના યુગલ સ્વરૂપની ઉપાસનાએ પ્રેમલક્ષણાભક્તિમાં એક નવો જ ચીલો કંડાર્યો છે. શ્રીમદ્ ભાગવતકારે શ્રી કૃષ્ણ અને ગોપીઓની લીલાનું જે ગાન કર્યું છે તેનો તાંતણો પકડીને ગુજરાતી ભાષામાં નરસિંહારા એક વિશાળ રાજમાર્ગનું નિર્માણ થયું. પછી તો એ જ ચીલે ચાલતાં સૌરાષ્ટ્ર ગુજરાતના લગભગ દરેક કવિએ શ્રીકૃષ્ણ-રાધિકાજી સમક્ષ પોતાની પ્રેમભક્તિનાં પુષ્પો અર્પણ કર્યાં છે.

મૂળદાસજીની વેદાન્તી-જ્ઞાનમાર્ગી પદરચનાઓ તથા પ્રેમલક્ષણાભક્તિની વાણી ઉપર ક્યાંક ક્યાંક નરસિંહનો પ્રભાવ દેખાય છે ખરો. નરસિંહને પ્રિય એવો ઝૂલણાબંધ પણ મૂળદાસજીએ સ્વીકાર્યો છે. રાસ, ગરબી, વૈરાગ્યપ્રબોધ, તત્ત્વચિંતન જેવા પ્રકારો-વિષયો પણ કેટલેક અંશે નરસિંહની અસર દર્શાવે છે છતાં વસ્તુની દ્રષ્ટિએ શ્રીમ ભાગવતમાંથી જ સામગ્રીનું ચયન કર્યું છે એ હકીક્ત પણ એટલી જ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

શ્રી કૃષ્ણ જન્મચરિત્ર, રાસલીલા, ચાતુરી, ઉદ્‌ઘવસંદેશ, રતિવિલાસ, શૃંગારલીલા વગેરે પ્રસંગો અને એની પાછળ ભાગવતકારે પ્રબોધેલી રહસ્યસૃષ્ટિને મૂળદાસજીએ પોતાની કાવ્યસૃષ્ટિમાં વાચા આપી છે.

પ્રેમલક્ષણાભક્તિની સુઢ પરંપરામાં પોતાનો સૂર પુરાવતાં મૂળદાસજી ગોપીભાવે થયેલા આત્મસાક્ષાત્કારની ક્ષણો આ રીતે વર્ણવે છે :

બ્રહ્મને ભજતાં ભવ ગિયા ઘણા, આજ અવતારમાં આંક વાળ્યો ;
સુંદરી સર્વને સુખ આપે ઘણું, પિયુજી આપણો બોલ પાળ્યો,
દાન પુન્યે કરી પાર પામે નહીં, નારની ભક્તિમાં નેક રાચ્યો ;
માગધ મુનિ જેનો મર્મ જાણે નહીં, તે નૃત્ય કરી કરી સંગ નાચ્યો ;
નિરોધ ને બોધ તે વેદ ગીતા, વદે સ્વેચ્છા કીરતી મદ માતો ;
કોટિ કંદર્પ તે કૃષ્ણ કરુણા કરી રસિયો અમસું રંગરાતો,
અંગ અબળા તણું સુખને અનુભવી પાણ જોડી પિયુ માન માગે ;
મૂળદાસ પ્રીતની રીતનો રસ પીધો રસિયા જંનને રઢ લાગે...

નારી ભાવે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર ભક્ત જ પરમેશ્વરની અનુકંપા પ્રાપ્ત કરી શકે છે, અને વૈરાગ્યમાં દેહભાન ભૂલનારી ગોપી સામે સચરાચરનો સ્વામી નાચે છે એવી ભાગવતકાર-કથિત પ્રેમલક્ષણાભક્તિ મૂળદાસજીની વાણીમાં આ રીતે પ્રગટે છે :

વ્રેહ વૈરાગ્યમાં જે જનને પ્રગટિયો, લક્ષ સ્વરૂપમાં શુદ્દઘ લાગી ;
આ લોક પરલોકના ભોગ ભાવે નહીં જગત ને જીવનમાં બુદ્દિઘ જાગી,
વ્રેહની પ્રગટતી વાસના જોગથી, દેખતાં સઘળું વંન દાઝે ;
પ્રેમ વૈરાગ્ય પુરાણથી પ્રગટિયો ઓળખી આતમા આપ રાજે,
કર્મનાં બીજ તે બ્રહ્મ અગ્નિ સુખ પામ્યું મન સ્વાંત પામ્યું મન સ્વાંત વુઠી,
મૂળદાસ કહે માત્રા એકે ના ઊગરી, અચાનક લ્હાય થઈ ઘર ઊઠી.

ભાવાતીત દશાએ લઈ જતી આ સગુણ ઉપાસનામાં નિર્ગુણ-નિરાકાર બ્રહ્મને જાણવાની જ્ઞાનમાર્ગી-વેદાન્તી અધ્યાત્મધારા પણ ભળી છે :

અજ્ઞાનનું અંગ તે વિષય રસ વાસના,નિરમળ નેત્રે નિજ નીરખ્યું ;
ઉત્તમ ને મધ્યમા જાત જાણ્યા વિના,અંધારું ઊંચનીંચને એક સરખું...
કનકને કોડિયે ગરલ સુધા સમે,શુદ્દઘ પીએ તેના પ્રાણ શોખે
જે પીતાં જાણવું અંગ અજ્ઞાનનું,જ્યમ રવિના તેજને રાહુ રોકે...

મૂળદાસજીએ માત્ર શ્રીમ ભાગવત કે ભગવગીતાનો જ અભ્યાસ-અનુવાદ- ભાવાનુવાદ કર્યો છે એવું નથી. એમની રચનાઓમાંથી અન્ય શાસ્ત્રપુરાણોના અંશો પણ મળી આવે છે. યોગવાશિષ્ટ રામાયણના નિર્વાણપ્રકરણમાં 'યોગભૂમિકાના અભ્યાસનો ક્રમ અને લક્ષણો' અપાયાં છે. જેમાંથી યોગની સાત ભૂમિકાઓનું વિશદ વર્ણન પ્રાપ્ત થાય છે. તેના પરથી મૂળદાસજીએ ચોપાઈબંધની ૨૬ કદીમાં ગુજરાતી-હિન્દી

મિશ્ર ભાષામાં 'સપ્તભોમકા' નામની કૃતિ આપી છે :

હરિ કૃપા જુ કરે હરિજન કુ, ગત્ય કો મારગ લાધે તે મનકુ,
ભા સેવે હરિ ગુરુ કુ કથા કીરતન, પૂજે હરિ ભક્ત કુ એહે મન,
રામ રુદે ને આનંદ સંયે, પ્રથમ ભોમિકા એ કહીવાયે...

એ સત્સંગની પ્રથમ ભૂમિકા શુભેચ્છાથી શરુ કરી વિચારણા, અસંગ અસંસક્તિ, સ્વપ્ન, સુષુપ્તિ, તુર્યાવસ્થા અને વિદેહમુક્તતા કે બ્રહ્મભૂમિકાનું વર્ણન આપે છે. અંતિમ ભૂમિકાનું વર્ણન કરતાં મૂળદાસજી લખે છે :

તદ રૂપ હોઈ રહો તુમ સોઈ, આપે બ્રહ્મ ઔર ન કોઈ ;
તુરીયાતીત આપે હી પેખે, ઘે ઘાતા કોઈ દુષ્ટ ન દેખે,

દેહ ગત્ય ભૂલી પિયા રસ પ્યાલા, દુઃખ સુખ રહિત સદા મતવાલા ;
બ્રહ્માનંદ ભયો બ્રહ્મ સનેઈ, દેહ અભિમાન રહિત વદેઈ ;
ભાવે નંદો કોઈ, ભાવે અમ્મર ભોજન સોઈ ;
દેખન માતર હો દેહ એછો, પરસ્ત્રૈનું પોત આદર એછો ;
તનધન જોબન યે સો જાને, અહં રહિત તચાં પ્રભાને ;
સાત ભોમકા વાશિષ્ટે સુણાઈ, મૂળદાસ કહે સમની રઘુરાઈ.

૦૦૦૦

હરિ વેણ વાય છે રે હો વનમાં , હાં રે એનો વ્રેહ વાધ્યો મારા તનમાં...
-હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
ચિત્તમાં ચટપટી રે હો લાગી,જીવણ જોવાને હું જાગી...
-હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
રસિયાજીને રે હો રાગે,વ્યાકુળ કીધાં છે વૈરાગે..
-હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
સેંથે કાજળ રે હો સાર્યા,વ્રેહમાં બાળકડાં વિસાર્યાં..
-હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
ગતિ મતિ ભૂલી રે હો ગૃહની,વ્રજમાં વાંસલડી વાગી વ્રેહની..
-હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
ધીરજ ટળિયું રે હો ધ્યાને,કાંકણ નેપુર ઘાલ્યાં કાને..
-હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
પ્રીતે પરવશ રે હો કીધાં,લજ્યા લોપી મન હરી લીધાં...
-હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
કઈ કઈ વાર્યાં રે હો કંથે,પિયુજીને મળવા ચાલ્યાં પંથે...
-હરિ વેણ વાય છે રે હો વનમાં...૦
ત્રિભુવન નિરખ્યા રે હો તનં માં,મૂળદાસ મહાસુખ પામ્યા મનમાં...
-હરિ વેણ વાય છે રે હો વનમાં...૦

૦૦૦૦૦

અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ,
ભજવા પરિબ્રહ્મને , બીજું કાંઈ ન કે'વું રે..
-અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦
એક જ જાણી આતમા, કોઈને દુઃખ નો દેવું રે
સુખ દુઃખ આવે સહેજમાં, ઈ તો સહીને રે'વું રે..
-અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦
વેદ જોયા, પુરાણ જોયા , સહુ જોયા તપાસી રે,
રામના નામથી કાંઈ ન મોટું, સંત ઉપાસી રે..
-અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦
સદગુરુને સેવતાં , જો મનડું મોહ્યું રે ,
કૃષ્ણજી કેરા મહાપદમાં , ચિત્તડું પ્રોયું રે..
-અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦
જાપ અજપા જાપ જપે, ત્રણ લોકમાં તેવું રે ,
મૂળદાસ ક્યે મોહ માયા મૂકી, મહાપદમાં રે'વું રે...
-અનુભવીને એટલું કે , આનંદમાં રે'વું રે ...૦

૦૦૦૦૦


સંદર્ભયાદી :

૧. 'મૂળદાસજીનાં કાવ્યો' સં. ડો.નિરજંન રાજ્યગુરુ,પ્રકા. નવભારત- અમદાવાદ,આ.૧,ઈ.સ.૧૯૯૬
૨. 'ભક્તિવૈરાગ્ય તત્ત્વ', શ્રી વૈષ્ણવ સાધુ ઓધવદાસજી, અમરેલી ઈ.સ.૧૯૦૩
૩. 'સ્વામી શ્રી મૂળદાસજી પરિચય પ્રકાશ', કાનજીભાઈ બારોટ,
આ. - ૨, ૧૯૮૨
૪. 'સત કેરી વાણી', મકરન્દ દવે, આ. ૧, ૧૯૭૦
૫. 'ગુજરાતી સાહિત્યકોશ' (મધ્યકાળ)
૬. મૂળદાસજીની કેટલીક રચનાઓ જેમાં સંપાદિત થઈ છે એવા સંપાદન ગ્રંથો :
'બૃહ કાવ્યદોહન', ભાગ - ૭, ૮ સં.ઈચ્છારામ સૂ.દેસાઈ
'ગુજરાતી કાવ્યદોહન' સં.મહીપતરામ નીલકંઠ
'મોટું કાવ્યદોહન' સં.મગનલાલ જેચંદ મોદી
'મોટું કાવ્યદોહન' પ્રકા.સાકરદાસ બુલાખીદાસ
'કાવ્યદોદહન' ભાગ ૩ સં.કવિ દલપતરામ ડાહ્યાભાઈ
'બૃહત્ કાવ્યદોહન' સં.માધવજી પ્રેમજી ત્રવાડી અને ત્રિભોવન રણછોડ
'મોટું કાવ્યદોહન' પ્રકા. જેઠાલાલ હરજીવન
'સોરઠી સંતવાણી' ઝવેરચંદ મેઘાણી
'ભજનસાગર' : ૧-૨ સસ્તું સાહિત્ય
'ભજનસારસિંધુ' માંડણ રામજી પટેલ અંજાર
'સંત-સમાજ ભજનાવલી' પુરુષોત્તમ ગીગાભાઈ, ભાવનગર
'દુર્લભ ભજન - સંગ્રહ' ગોવિંદભાઈ રા.ધામેલિયા

હસ્તપ્રતો :

ફા.ગુ.સભા, મુંબઈ : ૨૧૯, ૨૪૫, ૨૫૧, ૩૨૮, ૪૮૪, ૧૪૫૧, ૧૬૭૯
ભારતીય વિદ્યાભવન, મુંબઈ : ૧૧૦૬
ચારણી સા.હ.પ્ર.ભંડાર, સૌ.યુનિ., રાજોકટ : ૨૫૧/૩૯૨૯, ૩૪૧/૫૧૮૧ થી ૮૫, ૩૪૫/૫૨૨૪
ગુજરાતી ભવન હ.પ્ર.ભંડાર, સૌ.યુનિ.રાજકોટ : ૩૧/૧-૬૯ અને અન્ય છૂટક પદસંગ્રહોની હસ્તપ્રતો.
સંપાદકના અંગત હસ્તપ્રતભંડારની હસ્તપ્રતો.



ડૉ.નિરજંન રાજ્યગુરુ
(શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર,બ્રહ્મર્ષિ)
આનંદ આશ્રમ, સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર,
ગૌસેવા - ગોસંવર્ધન ગૌશાળા,
મુ.પો. ઘોઘાવદર , તા.ગોંડલ ,
જિ.રાજકોટ - 360 311

# ગંગાસતી : સમર્થ સંતકવયીત્રી

- ડૉ. દલપત પઢિયાર

ગંગાસતીનું નામ આપણા બહુજન સમાજમાં ખૂબ જ જાણીતું અને માનીતું છે. ભજન અને અધ્યાત્મપ્રેમીઓમાં તેમ જ સંતસાહિત્યના અભ્યાસીઓના હૃદયમાં તેમનું સ્થાન બહુ ઊંચું, આત્મીય અને આદરણીય છે. ગુજરાતનાં ગામડે ગામડે તેમનાં ભજનો ઉલટથી ગવાય છે. 'વીજળીને ચમકારે મોતી રે પરોવો પાનબાઈ,' મેરુ રે ડગે પણ જેના મન ના ડગે,' 'શિવત સાધુને વારે વારે નમીએ,' 'વચન વિવેકી જે નરનારી, પાનબાઈ!' આદિ ભજનો લોકવાણીની જેમ સર્વભોગ્ય અને વ્યાપક રીતે પ્રસરેલા છે. શિક્ષિત અને શહેરી સમાજ પણ તેમની વાણીથી પ્રભાવિત થયેલો છે.

ગંગાસતીનો જન્મ ઈ.સ. ૧૮૪૬માં ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકામાં બરવાળી નદીને કાંઠે વસેલા રાજપરા ગામે થયો હતો નામ ગંગાબા. તેમનું બીજું નામ હીરાબા હતું. ગંગાબાના માતાનું નામ રૂપાળીબા અને પિતાનું નામ ભાઈજીભી હતું. ગૃહસ્થજીવનમાં ભાઈજીભી સરવૈયા અને રૂપાળીબેન એક દીકરી અને ચાર દીકરા એમ કુલ પાંચ સંતાન એમાં ગંગાબા સૌથી મોટા. ગંગાબા નાનપણથી જ ભક્તિપ્રેમી અને ધર્મપરાયણ હતાં. નિત્ય પૂજાઅર્ચના કરતાં. વ્રત-ઉપવાસ રાખતાં ગંગાબાનું લગ્ન ઈ.સ. ૧૮૬૪માં સમઢિયાળા ગામના ગોહિલ ક્ષત્રિય કહળસંગ સાથે થયું હતું. કહળસંગ પળ બાળપણથી જ ધર્મ અને ભક્તિના સંસ્કારો તરફ ઢળેલા હતા. ગિરનારના સિદ્ધ યોગી રામેતવનનો તેમનો ભેટો થયેલો. સિદ્ધે તેમને સંસારમાં રહીને સાધનાભક્તિ કરવાનું અને યોગસિદ્ધિનું માર્ગદર્શન કરેલુ એ માર્ગે, આગળ જતાં તેઓ ઊંચી કક્ષાએ પહોંચ્યા હતા. ગંગાબાને શ્વસુરગ્રહે પણ ધર્મ અને ભક્તિનું વાતાવરણ સાંપડ્યું તે અનન્ય સંજોગ દાંપત્યજીવનમાં કહળસંગ અને ગંગાબાને બે પુત્રીઓ હતી. મોટાં દિકરી બાઈરાજબા અને નાના હરિબા. દંપતીને કોઈ પુત્ર ન હતો આથી તેમને એક પુત્ર હતો અને પાનબાઈ તેમનાં પુત્રવધૂ હતા તે વિગત સાચી નથી. પાનબાઈ રાજપરા ગામના પઢિયાર શાખાના શ્રી હમીરભાઈનાં પુત્રી હતાં. ગંગાબાના બાળપણનાં સખી હતાં. ગંગાબાનું લગ્ન થતાં તેમની સાથે વડારણ તરીકે સમઢિયાળા આવ્યા હતાં. ભગતદંપતી સાથે સાખી, સેવિકા અને શિષ્યા તરીકે આજીવન કુંવારું જીવ્યાં હતાં.

શરૂઆતમાં ભગતદંપતી કુટુંબીજનો સાથે ગામમાં, દરબારગઢમાં રહેતાં. ગૃહસ્થધર્મ સાથે ભક્તિધર્મ શોભાવતા કહળસંગના પિતા કલભાના અવસાન બાદ ભગતદંપતી, કુટુંબીજનોની અનુમતિ મેળવી દરબાર ગઢ છોડીને સામઢિયાળા ગામની બહાર તેમની વાડીમાં આવીને વસ્યા હતા. પાછળના બધાં વર્ષો અહીં વાડીમાં જ ભજન, કીર્તન, સાધુસેવા, સત્સંગ અને એકાંતસાધનામાં વિત્યાં હતાં.

ભગત દંપતીને અભ્યાસ અને સાધનાને લઈને કેટલીક શક્તિઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત હતી. અલબત, તેમને સિદ્ધિઓનું જરા પણ અભિમાન ન હતું. ગંગાસતી આત્મસ્થ સ્થિતિ વિષે વધારે ઠરેલાં હતાં. ભગત સ્વભાવે ભોળા, દયાળુ અને અતિ સંવેદનશીલ હતા. કરૂણાવશ, ક્યારેક સંજોગોવશ તેઓ સિદ્ધિઓનો, શક્તિઓનો પ્રયોગ કરી બેસતા એમના નામે ઘણા ચમત્કારો અને પરચાઓની દંતકથાઓ પ્રચલિત છે. ભગતની કીર્તિને લઈને બળ્યા કરનારા કેટલાક ઈર્ષાળુઓએ એક વખત મૃત ગાયના બાબતમાં કટાક્ષવેણ કહેલાં કે 'ભગત છે, ગાયને જીવતી કરી દેશે' કહેવાય છે કે પ્રાતઃસ્નાન કરીને પાછા વળેલા ભગતે વિવશ ભાવદશામાં લોટામાંથી જળની અંજલિ મૃત ગાય ઉપર છાંટી હતી. ગાય જીવતી થઈને તેના માલિકના ઘરે ગઈ હતી. આ ઘટના ભગતને માટે ચમત્કાર કરતા ચિત્તમાં જાગેલા મનોમંથનની રીત અને સાધનામાર્ગની મૂળ સમજણની રીતે બહુ સૂચક સાબિત થઈ. થતાં થઈ ગયેલી આ ચમત્કારની ઘટના અંગે ગંગાબા સાથે વાત થતાં આમાં ઉતાવળ થઈ ગયાનું. વિવેક ચુકાઈ ગયાનું સમજાયું. ખબર ન પડે એવે ખૂણેથી અહંકાર મોટો થઈ ગયાનું ભાન જાગ્યું. ભગતના હૃદયમાં ઊંડો પશ્ચાતાપ પ્રગટ્યો. ઘટના બાદ ગંગાબા સાથે વાત કરી ભગતે ત્રણ દિવસનો એકાંત સેવ્યો હતો. બહાર આવીને પ્રાયશ્ચિત રૂપે સમાધિ લેવાનો નિર્ણય લીધાનું. ગંગાબાને જણાવ્યું હતું. પતિપરાયણ ગંગાબાએ પણ સાથે જ સમાધિ લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ભગતે ગંગાબાને કહ્યું હતું કે જીવનભર આપણી સેવાચાકરી કરતા રહેલા, સાધનામાર્ગે પણ આપણને અનુસરતાં આવેલાં પાનબાઈને અધવચ મૂકીને અધૂરાં રાખીને જવાય નહીં તમે એમને પૂર્ણતાએ પહોંચાડીને પાછળથી આવજો. ગંગાબાએ પતિઆજ્ઞા માથે ચડાવેલી કહળસંગે ઈ.સ. ૧૮૯૪ વિ.સં. ૧૯૫૦માં સમાધિપૂર્વક શરીર છોડ્યું હતું. ભગતે તેમના શરીરને સમાધિ આપવામાં આવે એવું અગાઉથી કહી રાખેલું. પણ ગોહિલ ક્ષત્રિયો સમાધિ બાબતે સંમત ન થતાં ભગતના દેહને અગ્નિદાહ અપાયો હતો. કહેવાય છે કે અગ્નિદાહમાં ભગતની જમણી ભૂજા બળ્યા વિનાની રહી ગયેલી. પાછળથી એ ભૂજાની સમાધિવિધિ કરવામાં આવી હતી. પતિના ગયા પછી આજ્ઞાનુસાર, પાનબાઈને પૂર્ણતાનો પરમોદ કરી, બાવન દિવસ બાદ ગંગાસતિએ ઈ.સ. ૧૮૯૪, વિ.. ૧૯૫૦ ફાગણ સુદ આઠમને ગુરૂવારે સમાધિપૂર્વ શરીર છોડ્યું હતું. તેમના શરીરને અગ્નિસંસ્કાર આપ્યા બાદ વાડીમાં જ પતિની બાજુમાં તેમની કુલસમાધિ કરાઈ હતી.

ભગતદંપતી સાથેના જીવનકાર્ય, સાધના થકી તથા ભગતની સમાધિ બાદ ગંગાસતીએ આપેલા ભજનબોધ થકી પાનબાઈ આત્મસાક્ષાત્કારને પામ્યાં હતાં. ગંગાસતીએ સમાધિ લીધાના ચોથા દિવસે ઈ.સ. ૧૮૯૪, વિ.સં. ૧૯૫૦, ફાગણ સુદ તેરસે પાનબાઈએ પણ સમાધિપૂર્વક પ્રાણ ત્યાગ કર્યો હતો. તેમના સ્થૂળ શરીરને અગ્નિસંસ્કાર કરાયો હતો. ઉચ્ચ ચેતનાઓનો આ લોકનો અને પરલોકનો સાથસંગાથ કેવો જોડાજોડનો, ઉજળો હોય છે. એનો આવો જોટો બીજે જડે એમ નથી! સમઢિયાળા ગામની પાદરમાં આજે ત્રણે ચેતનાઓની સમાધિઓ શોભે છે.

ગંગાસતીના ગુરૂ કોણ તેની વિગતો પ્રાપ્ત નથી. એમના પદોમાં પણ ગુરૂનો ઉલ્લેખ નથી. તેમના ગુરૂ દાસનામી સાધુ હતા એવો એક મત છે પણ એની પ્રતીતિકર વિગતો અપાયેલી નથી તેઓ, ''ગંગાબા'માંથી 'ગંગાસતી' તરીકે ખ્યાત થયાં છે. 'સતિ' પદ એ મહાપંથની ઉચ્ચ આગવી

મહોર, સાધક-સ્ત્રીની ઓળખ છે. આ મહોર અને ઓળખ મહદ્પણે મહાપંથી નારી-સંતોને ખાતે જમા શોભી રહેલી છે તે હકીકત સ્પષ્ટ છે. તોરલ, રૂપા સતી, સતી લોયણ આદિ પરંપરા-સંદર્ભમાં સુખ્યાત છે ગંગાસતી મહાપંથના અનુયાયી નથી એવો એક મત છે. પરંતુ ગંગાસતીના પદ, એ પદોમાં અભિવ્યક્ત વસ્તુપદાર્થ, એના વિષયો, એમાં પ્રયુક્ત પરિભાષા, એની રચનારીતિ વગેરે જોતા, ગંગાસતીમાં મહાપંથી સાધનાપરંપરાનું અનુસંધાન સાવ જ નકારી શકાય તેમ નથી.

ગંગાસતીનાં બધા પદ પાનબાઈને ઉદ્દેશીને રચાયેલા છે. કહળસંગ ભગતે સમાધિ લીધા બાદ ગંગાસતીએ પાનબાઈને જ્ઞાન, ભક્તિ, યોગ અને રહસ્યસાધનાના પાઠ શીખવ્યા હતા. ઉપદેશ આપવાની વિશિષ્ટ રીત તરીકે એમણે રોજ એક પદની રચના કરી છે. આ રીતે, બાવન દિવસની બાવન રચનાઓ થયેલી મનાય છે. આ સંખ્યામાં વધઘટ હોવાનો સંભવ છે. વળી બધી રચનાઓ એક એક દિવસની રીતે રોજ ન રચાયેલી હોય એવું પણ બને. કેટલીક રચનાઓ જુદે જુદે સમયે કે પ્રસંગે રચાયેલી હોય અને સરવાળે બાવન રચનાઓ સંચિત કરાઈ હોય એ પણ સંભવિત છે. બાવને બાવન રચનાઓ એમની ન રચેલી હોય એવું પણ બને અલબત, એમની સર્જકતાની ઊંચાઈ આગળ આ સંખ્યાનો મુદ્દો પ્રધાન નથી.

ગંગાસતી અને કહળસંગની વાણીના સંદર્ભમાં એક વિગત ધ્યાનાર્હ છે. ભગતદંપતી દરબારગઢ છોડીને વાડીમાં રહેતા હતાં ત્યારે તેમણે વાડીમાં જ, બાજુના પીપસળી ગામના અંત્યજ સાધુ શ્રી ભૂદરદાસને પરિવાર સાથે, જગ્યા આપીને વસાવ્યા હતા. ભૂરદાસ ભજનિક હતા. તેમનો કંઠ મધુર હતો. ભજનો ગાતા અને ટહેલ નાખતા. થોડુંઘણું લખતાંવાંચતા પણ આવડતું. ભજનો ભેગા કરવાનો, નવા ભજનો નોંધી લેવાનો એમને શોખ હતો. તેમણે કહળસંગ, ગંગાસતી, પાનબાઈની પદરચનાઓ પણ વખતો વખત ઊતારી લીધેલી એવું કહેવાય છે. આ બધાનો એક દળદાર રસ્તલિખિત સંચય પણ તેમણે તૈયાર કર્યો હતો. દુર્દૈવ એવું બન્યું કે સંવત ૨૦૦૪માં કાળુભાર નદીમાં અણધાર્યું પૂર આવ્યું અને વાસ સહિત બધું તણાઈ ગયું. પૂરમાં તણાઈ ગયા પછી પણ તરતી તરતી જે અને જેટલી વાણી આપણા સુધી પહોંચી છે તેની મહતા અને બલિહારી ઓછી નથી.

ગંગાસતીની વાણીમાં વ્યક્ત થયેલું 'વચન' મહાત્મ્ય જુઓ :

વચન વિવેકી જે નરનારી પાનબાઈ!
બ્રહ્માદિક લાગે એને પાય;
જથારથ વચનની સાન જેણે જાણી
તેણે કરવું પડે નહીં કાંઈ....
* * *

વસ્તુ વચનમાં છે પરિપૂરણ, પાનબાઈ!
વચન છે ભગતી કેરું અંગ,
કરજો વચનવાળાનો સંગ...
* * *

ભાઈ રે! ભગતિ કરો તો એવી રીતે કરજો પાનબાઈ!
રાખજો વચનમાં વિશ્વાસ...
* * *

સંગત્યું કરો તો તમે એવાની કરજો, પાનબાઈ!
જેને વચનુંને હાર્યે વેવાર જી....

સંતમતમાં અને તેમાં યતે મહાપંથી 'પાટ' સાધના પરંપરામાં 'વચન'નો મહિમા બહુ મોટો છે. આમ તો વચન શબ્દનો પ્રયોગ રોજિંદા વ્યવહારમાં ઠીક-ઠીક જોવા મળે ચે પણ મહાપંથમાં આ શબ્દ-બીજરૂપ છે. વચન એટલે વ્યક્ત-અવ્યક્તના સંકેતરૂપ શબ્ધ; શબ્દબ્રહ્મ વચનસાધના એ શબ્દસાધનાનો, બ્રહ્મસાધનાનો ઈશારો છે.

જે નરનારી 'વચન' જાણીને એના વિવેકને વર્ત્યા છે તેને બ્રહ્માધિ દેવો પણ પગે લાગ્યા છે. વચન જ 'જથારથ' વસ્તુ યથાર્થ તત્વ, મનાયું છે. ધણીના 'પાટ' પણ વચનના છે. સ્થાપન અને ઉથાપન પણ વચનને આધિન છે. વચન સર્વત્ર વ્યાપેલું છે અથવા સઘળું વચનમાં સમાસી છે. વસ્તુ વચનમાં પરિપૂર્ણ છે. 'વચનના પૂરા' છે તેમને જ 'શૂરા' કહ્યા છે. બાકી બધા 'અંધૂરિયા' કહેવાયા છે. આ યથાર્થ 'વચન' વસ્તુ જેણે ઓળખી લીધી તેને કશુ કરવાનું કે કરવાપણુ શેષ રહેતું નથી. વંચન જેવર્યા તે તર્યા.

ગંગાસતીએ 'મન'ને લક્ષ્ય કરીને તેની સ્થિરતા માટે ગાયેલો ઉદબોધ જુઓઃ

મનને સ્થિર કરીને આવો રે મેદાનમાં પાનબાઈ!
મિટાવું રે સઘળા કલેશ જી;
હરિનો એ દેશ તમને એવો તો દેખાડું
જ્યાં નહિ રે વરણ કે વેશ જી....
* * *

મેરુ રે ડગે પણ જેનાં મન ના ડગે, પાનબાઈ!
મરને, ભાંગી પડે બ્રહ્માંડ જી;
વિપદ પડે પણ વણસે નહીં રે
એ તો હરિજનનાં પરમાણ....

જીવનસંગ્રામનું ખરું યુદ્ધ તો મન સાથેનું છે. મનરૂપી શત્રુને જેણે મહાત કર્યો, મન ઉપર જેણે જીત મેળવી તે જ ખરો શૂરવીર. એ જ સાચો, પૂરો સાધક. મેરુ પર્વત કદાચ ડોલી જાય. વખતે બ્રહ્માંડ પણ ભાંગી પડે એવું બને; પરંતુ સાચા વચનીનું મન તો ક્યારેય વણસે નહીં. એવી દઢ્ઢ વચનસાધના અહીં વધાવાઈ છે. અહીં મન મટવું હરિના દેશમાં મહાલવું. હરિના દેશમાં મહાલવું એટલે વર્ણવેશ, હરખશોખ સંકલ્પવિકલ્પથી રહિત ધર્મજીવન અને જીવનધર્મની એકરૂપતા જીવવી.

ધર્મપંથો, સાધના પરંપરાઓમાં પ્રવેશવા માંડેલા વાસનાવિકાર, સ્ખલનો, દંભ ગંગાસતીની નજર બહાર રહેલાં નથી આ અંગેની ચિંતા, દુઃખ ખિન્નતાનો ઘેરો સૂર પણ એમની વાણીમાં ઘૂંટાયેલો છે.

કળજુગ આવ્યો હવે કારમો રે
રહેશે નહીં મરજાદ
* * *

નિજિયા ધરમ છે આદિ અનાદિનો,
એ ભાઈ! મકર તણા પંથ હવે હુવા...
* * *

ગુરૂજીના કહેવા ચેલા માનશે નહીં ને
ઘર ઘર જગાવશે જ્યોત રે,
નર ને નારી મળીને એકાંતે બેસશે ને
આદિ ધરમની લેશે ઓથ રે...

નિજિયા ધરમ તો આદિ અનાદિથી ચાલ્યો આવેલો ઉચ્ચ, ભવ્ય અને

દિવ્ય સાધનાપંથ છે 'મકર તણા પંથ હવે હુવા!' પંથોનું મકરપણં અર્થાત્ ધર્મો-પંથોમાં પ્રવેશેલા દંભ, અનાચાર, સ્વાર્થ, છળકપટ એ તો આજના સમયે પેસવા માંડેલાં, કાળજુગનાં અમંગળ એંધાણ સમાં પતનો છે. સાધનાઓમાં મર્યાદાઓનો અને ધર્મ-શીલનો લોપ થશે. ગુરૂના આદેશની ચેલાઓ અવગણના કરશે. દંભી, લોભી, આચરણ વિનાના અધૂરિયા લોકો ઉદરપૂર્તિ માટે ઘેર ઘેર જઈને જ્યોત પેટાવશે. 'સજાતિ વિજાતિની જુગતિ' જાણ્યા વિનાના. વાસનાભૂખ્યાં નરનારી, સાધનાને બ્રહ્મને ભેગા થશે અને ધર્મનું ઓઠું લઈને અધર્મ આચરશે.

સંખ્યાની દ્રષ્ટિએ ગંગાસતીની વાણી બાવન છે પણ સાર અને સંકેતની રીતે એ વાણી 'બાવન બાર'ની છે. આપણા ઉપનિષદોનું નિગુઢ, રહસ્યદર્શન ગંગાસતીની વાણીમાં ઘરગથ્થું તળપદી લોકભાષામાં સાવ સરળ, સહજ રૂપમાં પ્રગટી આવ્યું છે. જ્ઞાનમાર્ગ ઉપરાંત એમની વાણીમાં ભક્તિમાર્ગ, નાથ, યોગ, મહાપંથ સહિત અનેક સાધનાપરંપરાઓના સંસ્કાર ઝીલાયેલા છે એમની વાણીમાં કેટલીક પંક્તિઓ એવી વિદ્યુત સૂત્રપાત જેવી આંજી દેનારી છે કે વાણીમાં ક્યાંક ક્યાંક જે ગધાળુતા પ્રવેશી ગયેલી છે તે તરફ આપણી આંખ મીંચાયેલી છે. અર્થાત્ એ ક્ષતિ પરત્વે આપણું ખાસ ધ્યાન જતું નથી. પદોનું ચરનાકાઠું નિરૂપરીતિ, પરિભાષા, પરિવેશ અને સમગ્ર છાપસંસ્કારની રીતે, એમાં સતી લોયણનું સાધન વધારે દેખાય છે. અલબત્ત, આનો અર્થ એવો નથી કે ગંગાસતી તોરલના અનુયાયી કે અનુગામી છે. ગંગાસતી આપણી મધ્યકાલીન ભક્તિ અને સાધનાપરંપરા આપણાં છેલ્લાં સમર્થ સત કવિયત્રી છે. સંતમતસાધનાની રીતે મધ્યકાળને વળાવતા અને અર્વાચીનકાળને વધાવતાં બે યુગના સધિસ્થાને, શુભ શુકન જેવા તેઓ શોભી રહ્યા છે. તેમની રહસ્યસાધનાની વાણી-અભિવ્યક્તિમાં, આપણી તળપદી ગુજરાતી ભાષા નૂતન જોમ સાથે નવસર્જન પામી છે. તેમનું વાણીસર્જન, તેમની કવિત્વશક્તિ, તેમની બળકટ સર્જકતા તેમને ગુજરાતી ભાષાનાં ઉત્તમ સંત કવિયત્રી તરીકે સ્થાપે છે.

✠ ✠ ✠ ✠


ડૉ. દલપત પઢિયાર

એચ.આઈ.જી. ૯૨૩, ગંધીનગર, ગુજરાત

સંપર્ક : ૯૮૯૮૦૬૦૮૫૨


---

# સંતશ્રી બજરંગદાસ બાપા : સત્ અને ઋત્

**- ડૉ. બળવંત જાની**

આપણાં સમાજના સમકાલીન સંતોમાં મને પૂજ્ય મોટા અને બજરંગદાસ બાપા ડેવિયેટેડ - ફંટાયેલા સંત જણાયા છે. બજરંગદાસ બાપાના વ્યક્તિત્વ અને કતૃત્વના પ્રસંગો અવલોકતા તેઓ એક વિરલ, વિશિષ્ટ, આગવા અને અનોખા સંત જણાયા છે. એમના વિવિધ પાસાઓનો પરિચય કરાવતી મુદ્રિત સામગ્રીને આધારે અહીં એમના સત્ અને ઋત્‌ને જન્મઉછેર અને વિવિધ સ્થળોના પરિભ્રમણને અનુસંગે આલેખવાનો પ્રયત્ન કર્યો છે મારી દષ્ટિએ એમનું પરિભ્રમણ અને માત્ર વખત પસાર કરવાનો પ્રયાસ નથી પરંતુ સાધનાસ્થળ છે. એમના બગદાણા પૂર્વેના પરિભ્રમણ સ્થળોનું એમનું યાત્રાવૃત નિમિત્તે એમની સાધનાભૂમિની પરિક્રમા અહીં મેં આલેખી છે. બગદાણા મધ્યે પણ માત્ર નિવાસ નથી એમની સાધના ભૂમિએ પોતીકી રીતે કરેલી આંતરિક યાત્રા છે. એની પ્રદક્ષિણા પણ આ નિમિત્તે થઈ. એમની દિવ્ય અલૌકિક ચેતનાની પરિક્રમા અને પ્રદક્ષિણા એટલે બજરંગદાસ બાપાનું સત્ અને ઋત્

* બજરંગદાસજીનું બાહ્ય દર્શન :

નહિ ભભૂતિ, નહીં માળા કે બેરખો, નહીં ટીલાં-ટપકા, નહીં સ્નાન, પૂજા-પાઠ કે યમ-નિયમ. પ્રથમ દષ્ટિએ જ અવધૂત યોગી નહીં પણ ફક્કડ અલ્લડ ઓલિયા લાગે. પ્રાચીન સંત ઓળખના બધા જ બાહ્ય ઉપકરણોથી ઉપરવટ એવા સંત બજરંગદાસ બાપાના એટલા વિહોણું સૌરાષ્ટ્રનું કોઈ ગામ અવલોકવા ન મળે. વીસમી સદીનો પૂર્વાર્ધ આખો બજરંગદાસ બાપાનો. કોઈ ભવ્ય, ઠાઠ, ઠઠારો અને જાકઝમાળ વગરનો આશ્રમ એટલે બગદાણાના બજરંગદાસ બાપાનું સાધના-ઉપાસના સ્થાનક. પહેલાં તો બેઠક હતી ગામમાં ખુલ્લામાં માત્ર બાકડે જ કોઈ પાટ નહીં. ગાદી નહીં. સેવકોને ત્યાંથી રામરોટી મળી રહે અને દર્શનાર્થે આવેલ સેવકોની ભોજન વ્યવસ્થા પણ સહજ રીતની ચા-પાણી, બીડી, બાકસની આવક અવિરત ચાલે. આ એવા સંત કે એને કોઈ પાનવાળાને થડે જઈને ઉધાર માગતા પણ ખચકાટ નહીં. સેવક પાસેથી આવશ્યક્તાનુસાર ૫૦ કે ૧૦૦ રૂપિયા પણ ખિસ્સામાંથી કાઢી લે અને મેળવેલ રકમને ક્ષણવારમાં સહજ રીતે વાપરી પણ નાખે. આવતીકાલની ચિંતા નહીં. આગોતરા ફંડફાળા નહીં, ભાગવત-સપ્તાહથી માંડીને ભંડારા કે યાત્ર સંઘ અથવા નાના-નાના દર્શન-મિલન સ્થળોએ જમવાનું પણ ઈચ્છા પ્રમાણે ગોઠવાઈ રહે. આવી સહજ, સાહજિક અને પૂરી સાત્ત્વિક પ્રતિમા અને પ્રતિભા એટલે બજરંગદાસ બાપા. એમની ભગવતપ્રીતિ, હનુમાનપ્રીતિ જેટલી જ ઉચ્ચ કક્ષાની રાષ્ટ્રપ્રીતિ, શિક્ષણપ્રીતિ અને સમાજપ્રીતિ. બજરંગદાસ બાપા એટલે મને વ્યક્તિના નહીં પણ માનવજાતિના ઉદ્‌ગાતા જણાય છે અને પરંપરિત સંતવલણથી ઉફરા ચાલનારા ખરા-પૂરા સંત જણાયા છે. જલારામબાપા અને પૂજ્ય મોટા પાછીના ભારે વ્યાપકપણે ઊંડે ઊંડે સુધી છેક તલપ્રદેશમાં પણ સ્વીકૃત પામેલું સંતચરિત્ર બજરંગદાસ બાપાનું છે.

એમના શ્રીમુખેથી હંમેશા નીકળ્યા કરતા 'એ વાલા, આવો, આવો', 'ભલે ત્યારે, પાશો તો પીશું' અને 'સીતારામ'. એ ત્રણ શબ્દો એવા લહેકાથી બોલે કે એમાં આપ્તજનોના, હૂંફાળો સ્પર્શ સેવક અનુભવે. નાના બાળકો અને બાલિકાઓને ટિકડા-પીપરમેન્ટનો પ્રસાદ સતત વહેંચતા રહેતા, સતત ચા પીવાની તલપ પ્રગટાવતા રહેતા. બીડીના ધૂમ્ર વર્તુળો દોરીને અનોખા મનોપ્રદેશને વરતી લેનારા, મનના

કળનારા અને ઝંખનાને તોષનારા બજરંગદાસ બાપાનું સત્ અને ઋત્ આજે પણ અનુભવાય છે. એમની સૂક્ષ્મ ઉપસ્થિતિ શ્રદ્ધાળુ માનોકામનાને પૂર્ણ કરનાર જણાઈ છે.

હનુમાનજીની ઉપાસના, શ્રીમદ્ ભાગવતનું શ્રવણપાન, રામપારાયણ, ભજનશ્રવણપાનનો સત્સંગ, ઈષ્ટદેવને થાળ ધરવા, આવેલ અતિથિઓને ભોજન કરાવવું અને સંતરસ્થાનકે યાત્રા કરીને સંતભોજન થાળ અર્પણ કરવાની આ વૃત્તિ એમની મૂળભૂત પ્રકૃતિ. આ પ્રવૃત્તિ અને પ્રકૃતિને કારણે જ રિદ્ધિ-સિદ્ધિ પથરાતી રહી. ક્યારેય કશો અભાવ વર્તાયાનું કોઈ દૃષ્ટાંત બજરંદાસ બાપાના જીવનમાં જડતું નથી.

બજરંગદાસજી : જન્મ અને ઉછેર :

નદીનું મૂળ અને સાધુનું કુળ જાણવાનું-જણાવવાનું ન હોય. ભારતીય વિચારધારામાં મૂળ અને કૂળ, ગોત્ર અને ગંગોત્રી-ઉત્ત્પત્તિ સ્થાનનો ભારે મહિમા રહ્યો છે. એ દૃષ્ટિએ અવલોકીએ તો બજરંગદાસ બાપા રામાનંદ પરંપરાના રામાનંદી સાધુ છે. એ પરંપરાના વડવાઓ ઉત્તરપ્રદેશમાંથી મેવાડપંથી ગુજરાત ઊતરી આવેલા. એમાંના આરતીદાસ વલ્લભીપુર રહ્યા એમના સુપુત્ર રામદાસજી બાપુ લાખણકા ગામે હનુમાનજીની સેવામાં સ્થાયી થયા. એમના સુપુત્ર લક્ષ્મણદાસ. લક્ષ્મણદાસના હીરાદાસજી અને હીરાદાસજીના ભક્તિરામ એટલે બજરંગદાસ બાપા.

બજરંગદાસ બાપાના માતુશ્રીનું નામ શિવકુંવરબા. લાખણકાથી પ્રસૂતિ અર્થે પોતાને પીયરમાં માલપર પાસેના બુધેલ ગામે બળદગાડામાં જઈ રહ્યા હતા. રસ્તામાં અધેવાડા નજીક ઝાંઝરિયા હનુમાનના સ્થાનકે પહોંચ્યા અને શિવકુંવરબહેનને પ્રસૂતિની વેદના ઉપડી. સાથી સહયાક દુધીબહેને ઝાંઝરિયા હનુમાનજીની બાજુની સાધુની એક વધારાની ઓરડીમાં રાખ્યા અહીં ઝાંઝરિયા હનુમાનની પ્રસાદી રૂપે પુત્રજન્મ થયો. એ ભક્તિરામ-બજરંગદાસજી. વિવિધ આંતરપ્રમાણો અને પાછલા પ્રસંગોને આધારે ઈ.સ. ૧૯૧૧ની આસો સુદી ચૌદશ. અર્થાત્ કાળી ચૌદશ. હનુમાનજીની જન્મોત્સવની ઊજવણી સમયે જન્મ થયાનું મનાય છે.

અનેક વખત બજરંગદાસ બાપા કાળા ચૌદશે પોતાનો અને હનુમાનજીનો જન્મદિવસ હોઈ ત્યાં પૂજા-અર્ચના માટે જતા. પોતાના અંતેવાસીને કહેતા કે, 'ઝાંઝરિયા હનુમાન મારું જન્મસ્થાન છે. જન્મથી જ એમના આશીર્વાદ સાંપડેલા છે.' આ ઝાંઝરિયા હનુમાનના સ્થાનકનું પણ રસપ્રદ કથાનક છે. હનુમાનજીનું મૂળ સ્થાન તો સિહોર પાસેના કનાડ ગામે હતું. અધેવાડાથી એક સેવક નિયમિત અહીં દર્શને આવતા. વૃદ્ધાવસ્થામાં આવતા એ સેવકે હનુમાનજીને પ્રાર્થના કરી કે, 'પ્રભુ! હવે હું આશક્ત છું. ચાલી શકાતું નથી.' હનુમાનજી પ્રસન્ન થઈને કહે, 'તું ચાલ, તારી પાછળ હું ઝાંઝરી પહેરીને ચાલતો-ચાલતો આવું છું. પાછળ જોતો નહીં. જોઈશ તો ત્યાંજ હું સ્થિર થઈને સ્થપાઈ જઈશ.' સેવક ચાલતો થયો પાછળ ઝાંઝરીનો આવજ આવતો-સંભળાતો. આધેવાડા ગામ નજીક આવ્યું તો સીમામાં જ પાછળ વળીને જોયું ત્યાં ઝાઝરનો અવાજ બંધ થઈ ગયો. એ ઝાંઝરિયા હનુમાન ભારે ચમત્કારી છે. ત્યાં હાલમાં શિખરબંધ મંદિર છે એની સમીપ શંકરભગવાનનું અને બજરંગદાસ બાપાનું શિખરબંધ મંદિર છે.

* બજરંગદાસજી : દીક્ષા અને યોગસિદ્ધિ :

ભક્તિરામ સાડાચાર-પાંચ વર્ષના થયા અયોધ્યાના ખાખીચોકવાળા શ્રી અર્જુનદાસજીના અધિકારી સીતારામદાસજી મહારાજ જમાત સાથે લખણકા પધારેલા. વિદાય વખતે ભેટપૂજા તરીકે એ સમયે આ તેજસ્વી બાળક ભક્તિરામને માગી લીધો. પિતાશ્રી હીરાદાસજીએ સપતિ પણ કરી દીધો. સીતારામદાસજી સાથે બાલ્યાવસ્થામાં જ ભાવથી નીકળી પડ્યો. સીતારામ-સીતારામ જપ ચાલુ હોય. બાળક ભક્તિરામે પણ જાપ જપવા શરૂ કર્યા. સીતારામદાસ કહેતા કે, **'સોવે સો ખોવે, જાગે સો પાવે.'** તે મુજબ અહનિર્સ જાગતા જ રહેલા. ભક્તિરામા પણ એને અનુસરતા. ઈ.સ. ૧૯૦૭ના એ કુંભમાં જમાત યાત્રાએ આગળ નીકળી અને બાળ ભક્તિરામને ધોલેરાની જગ્યામાં રાખ્યા. ત્યાંથી થોડો સમય રહીને એક દિવસે છટકીને-ભાગીને સ્વગૃહે પરત આવેલા. માતુશ્રીનું દેહાવસાન અને પિતાજીનો ઉગ્ર સ્વભાવ પસંદ ન હતો એટલે આઠ-દસ વરસ પછી ઈ.સ. ૧૯૧૯માં પુનઃ સ્વૈચ્છિક રીતે ગૃહત્યાગ કરીને નીકળી ગયેલા. દક્ષિણ ગુજરાતમાં વલસાડમાં ઔરંગા નદીને કાંઠે વટ વૃક્ષ નીચે આરાધનારત હતા. દૈવયોગે સીતારામદાસ બાપુ જમાત સાથે કુંભયાત્રાએ નીકળેલા. એકબીજાને ઓળખી ગયા. સ્નેહથી બાપુએ સાથે લીધા. સીતારામ-નામ જાપ અવિરત ચલતા જ. રસ્તામાં વાઘનું ટોળું મળ્યું. ગુરુ આજ્ઞાથી, ગુરુકૃપાથી ગાય-ભેંસને માર્ગમાંથી દૂર હાવે એવી અને એટલી સરળતાથી નીર્ભિક રીતે વાઘને રસ્તામાંથી દૂર હટાવ્યા. જમાત આગળ ચાલી કુંભમેળામાં પાવન પ્રસંગે પતિત પાવની ગોદાવરી નદીના જળમાંથી મૃતિકા પિંડથી ભક્તિરામને આખા શરીરે લપેટી, મંત્રોચ્ચાર સાથે લગાડી દીક્ષાવિધિ કરી. ગુરુદેવ સીતારામદાસ બાપુતેહરાભાઈ ત્યાગી સ્થાનકના મહંત હતા એટલે પરંપરામાં દીક્ષાવિધિ કાર્ય થયું. બજરંગદાસ નામ જાહેર કરાયું. દૈવીશક્તિ જન્મજાત હતી, સમર્થ ગુરુનો શક્તિપાત અને ગુરુમંત્ર, ગુરુના સાન્નિધ્યમાં રહી વિચરણ કરતા-કરતાં મુંબઈ પહોંચ્યા.

ચોપાટીમાં ગરમીના દિવસોમાં ખુલ્લામાં વિશ્રામ લેતા. પાણી માટે હારબંધ કતારથી ઊભા રહી મેળવવાનું ગોઢવેલું. આથી અંગ્રેજ ગવર્નરની સવારીને રસ્તા વચ્ચે અટકીને ઊભું રહેવું પડ્યું. ગર્વનર બીજા દિવસથી આવી રીતે 'પાણી મેળવવા માટે રસ્તો રોકવો એ ઠીક નથી' કહીને અટકાવેલા. બજરંગદાસજીએ સીતારામદાસ ગુરુના ખોળામાં માથું મૂકી વીરડો ગાળવાની અનુમતિ માગી, પ્રાર્થના કરી ગુરુ મહારાજ પ્રસન્ન થઈ વાંસા પર હાથનો થભો મારી રાજીપો પ્રગટ કર્યો. સીતારામ-સીતારામ જાપ જપતા વીરડો ગાળ્યો. ભારે પહોળો, લાંબો અને ઊંડાઈવાળો, પોતાના હાથે, રેતી બહાર કાઢી વીરડો ગાળ્યો. વીરડામાં પાણીની સરવાણી ફૂટવા લાગી. આછેરું નીર ખોબો ભરી ભગવાન રામજીને અર્પણ કરી ગુરુજીને ધરેલ. ગુરુજીની આજ્ઞાથી જલપાન કર્યું. ભારે મીઠું, નારિયેળના તાજા ટોપરા જેવો સ્વાદ જમાતના બધા સાધુઓ વારાફરતી જલપાન કરીને સંતૃપ્તિનો અનુભવ કર્યો.

દુઃખીશ્યામબાપુ સમેત જમાને બજરંદાસજીને હર્ષથી વધાવ્યા. બજરંગદાસજી કહે, 'આ તો ગુરુકૃપાનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. આપણે તો નિમિત્ત હતા.' સમાજમાં વાત પ્રસરી ભીડ શરૂ થઈ. લોકો પૈસા ધરવા લાગ્યા. મધ્યરાત્રિએ જમાતે રેતીથી વીરડોબુરી, વંદના કરીને વિદાય થયા.

જમાત ફરતી-ફરતી અમદાવાદ પહોંચી. અહીંથી હવે ત્રણેક મહિનાના ગુરુજીના સહવાસ પછી બજરંગદાસજીએ વિદાય માગી. ગુરુને આવા સમર્થ અને સક્ષમ શિષ્યનો સાથ છોડવાની અનિચ્છા હતી. બજરંગદાસજી ગુરુના ખોળામાં મસ્તક મૂકીને કહે, 'રજા આપશો તો જઈશ અને રજા નહીં આપો તો પણ જઈશ જ.' અંતે ગુરુજીએ રાજીપો પ્રગટ કરી કશું માગવા કહ્યું. બજરંગદાસજી કહે, 'આપ ગુરુ છો, કશુંક માંગો.' ગુરુના અતિઆગ્રહે બજરંગદાસજીએ સજળ નેત્રે કરબદ્ધ પ્રાર્થના કરતાં કહ્યું, 'મારે રુંવે-રુંવે રામ રહેવા જોઈએ.' ગુરુ મહારાજ કહે, 'આ તો મારા સામર્થ્ય બહારની વાત છે પણ તું જ્યાં જઈશ ત્યાં લીલું થશે.' સીતારામ બોલી બજરંદાસજીએ પોતાની કેડીની શોધ કરી, પ્રયાણ આદર્યું.

* સાધનાસ્થળોનું ભ્રમણવૃત્ત :

સીતારામના અખંડ જાપ, ગુરુ પરત્વેની અપાર શ્રદ્ધાથી આરંભ સહજ રૂપની અવિરત પદયાત્રા, સૂરત-અંકલેશ્વર પાસેના સરઈ ગામે ગુરુવારે પહોંચ્યા. ગામના આગેવાન મોતીલાલ અંબાલાલભાઈ જ મળ્યા તે એમને સીતારામ કહીને પૃચ્છા કરી કે, 'વૈજલપુર હનુમાનજી ક્યાં આવ્યા?' એ સમયે ત્યાં રણછોડભાઈ પસાર થયા. એમને કહે કે, 'મહાત્માજીને વેજલપુર હનુમાનજીના મંદિરે લઈ જા.' બજરંદાસજી પહોંચ્યા. હનુમાનજીને દંડવત્ કરબદ્ધ પ્રાર્થના કરતાં ક્યાંય સુધી ઊભા રહ્યા. રણછોડભાઈએ ભોજન માટે પૃચ્છા કરી તો કહે કે, 'અહીં મંદિરે જ લઈ આવો.' રણછોડભાઈ ઘેર આવીને મહાત્મા માટે ભોજનનો થાળ થાળ લઈ મંદિરે પહોંચ્યા. ભોજનથાળ હનુમાનજીને ધરાવી પોતે આરોગ્યું. પ્રસન્નતા વ્યક્ત કરી. રણછોડભાઈએ પૂછ્યું, 'મહાત્માજી! કેટલું રોકાશો? બીજી કોઈ વ્યવસ્થા કરવાની?' બજરંગદાસજી કહે, મને આ હનુમાજીએ જ અહીં બોલાવ્યો છે. મારે અહીં અનુષ્ઠાન કરવું છે. તું સેવા આપીશ ને! 'હાથ જોડી રણછોડભાઈએ સંમતિ આપી. સાંજે સન્મિત્રો સાથે રોઢા ટાણે પુનઃ આવ્યા. બજરંગદાસજી હનુમાનજીની સ્તુતિ કરવા બેઠા હતા. બધાની ઓળખાણ કરાવી. અમને કહ્યું કે, 'શનિવાર વહેલી સવારથી જ અનુષ્ઠાન આરંભવાનું છે, શુક્રવારે સાંજે જ બધો પૂજાપો અહીં પહોંચાડજો' કહી પૂજાની સામગ્રી એમને લખાવી. 'આપનું રાત્રી ભોજન લઈને આવું છું.' કહીને એ મિત્રો વિદાય થયા. રણછેડભાઈ ભોજન લઈ આવ્યા. બજરંગદાસજી આરતી-પૂજાથી પરવારી પ્રતિમાજી સામે આસન જમાવીને બેઠા હતા. પછી દંડવત્ કરી ઊભા થઈને ઊંધે માથે કૂદકો મારી ઊભા થયા. બજરંગદાસજીને 'જય સીતારામ' કહી વંદન કર્યા. પૃચ્છા કરી કે, 'ક્યારે આવ્યો?' તો કહે કે, 'થોડી વાર પહેલા જ. બજરંગદાસજીને ખ્યાલ આવી ગયો કે મારો કૂદકો આ જ ભાળી ગયો છે. ભોજનથી પરવારી થોડો સત્સંગ કર્યો. રણછોડભાઈને વિદાય આપી. રણછોડભાઈએ વિદાય લીધી, પણ ચિત્ત તો બજરંગદાસજીમાં ચોટેલું હતું. મંદિરથી થોડે દૂર એક ઝાડ પાછળ સંતાઈને બધું જોતા રહ્યા હનુમાનજીને પોઢાડીને મહાત્મા પ્રાંગણમાં આવ્યા. હનુમાનજીની સામેની આંબલી ઉપર ચઢયા. એક મજબૂત ડાળી પર પગની આંટી લગાવી ઊંધા માથે લટકે. હનુમાજીને લટકતા બે હાથ જોને એ મુદ્રામાં જ આરામથી ઊંઘી ગયા હોય કે જાપ જપતા હોય, ક્યાંય સુધી આ બધું અવલોકીને પછી રણછોડભાઈ ઘેર ગયા, પરંતુ ગુરુવારની એ આખી રાત્રી ઊંઘ ન આવી. શુક્રવારની વહેલી સવારે ચા લઈ મહાત્મા પાસે ગયા. ચા હનુમાનજીને ધરીને પોતે પી ગયા. પછી કહે, 'રણછોડ, હવે નીકળ, બપોરે જમવાનું લઈ આવજે.'

મોતીલાલ અંબાલાલભાઈને રણછોડભાઈએ બધી વાત કહી. બધો પૂજાપો વગેરે ખરીદવાની સૂચના આપીને કહ્યું કે, 'ક્યાંય મારી જરૂર હોય તો કહેજો. સેવા કરજો. ઘેર બેઠા ગંગા ન્હાવાનું મળ્યું છે.' બપોરે ભોજન આપ્યું. રોંઢા ટાણે બધો પૂજાપો લઈ બધા મિત્રો આવ્યા. બજરંદાસજીએ પત્થર અને કાળી માટીથી નાનકડો અગ્નિકુંડ બનાવી નાખેલો. એમને બધાને વિદાય આપીને સાંજે માત્ર દૂધ લાવવા કહ્યું. સાંજે રણછોડભાઈ દૂધ લઈ આવ્યા. આગલા દિવસની માફક હનુમાનજીને દંડવત્, ઊંધે માથી રહી કૂદકો અવલોકી પ્રસન્નતા અનુભવી. દૂધપાન થયું. 'હવેથી સવારે વધુ દૂધ લઈ, અહીં નવેક વાગ્યે આવવું. ચા બનાવીશું અને અનુષ્ઠાન સુધી બધાં દિવસો માત્ર હવે દૂધપાન જ.' કહીને રણછોડભાઈને રજા આપી. પણ ગઈકાલે આવેલી સાધનાના દર્શન કરવાની સ્પૃહાથી દૂરના એક ઝાડની ઓથે ઊભા રહ્યા. થોવારે હનુમાનજીની દોરીની પ્રદક્ષિણા કરીને આંબલીએ ઊંધે માથે લટકતા રહી, સધનારત થયા. રણછોડભાઈ ઘેરે આવ્યા. પણ ચિત્તમાં મહાત્માની એક સિદ્ધ અને યુવાસંતની છબી કોતરાઈ ગઈ.

શનિવારે દૂધ લઈ રણછોડભાઈ સવારના નવેક વાગ્યે પહોંચ્યા. મહાત્મા બારણું બંધ કરી હનુમાનજીની પ્રતિમા સમક્ષ હતા. રણછોડભાઈ મંચદિરની પરસાળમાં દ્વાર ખોલાય તેની રાહ જોતા બેઠા રહ્યા. થોડીવારે કાનમાં ધાક પાડી દે એવાં 'હે રામ, રામ' બુલંદ નાદ સંભળાયો. થોડીવારે દ્વાર ખોલ્યા. રણછોડભાઈએ હનુમાનને વંદીને, મહાત્માને ચરણે પડીને ચા બનાવી. મહાત્માએ હનુમાનજીને ચા ધરાવીને પીધી. પૂજા-વિધિ, હોમ, હવન આરંભ્યા. જપ માટે આંબલીની ડાળી પર પદ્માસન લગાવ્યું. રણછોડભાઈને વિદાય કરી બીજે દિવસે દૂધ લઈને આવવા કહ્યું. ચાર-પાંચ દિવસ સુધી ક્રમ બરાબર જાળવ્યો. છઠ્ઠા દિવસે રણછોડભાઈનું મિત્રલર્તુળ અને મણીલાલભાઈ પણ પધારેલા. રાત્રી રોકાણની અનુમતિ લીધી રાતની સાધના વિધિના દર્શન કરવા માટે દૂર એકાંતમાં બેસી ગયેલા. માહત્માશ્રી આંબલી ઉપર લટકીને ઉપાસનામાં લીન થયેલા. મોડી રાત્રે નીચે ઊતર્યા. હનુમાનજીની પ્રદક્ષિણા કરી દર્શ. કર્યા. એટલે અમે પણ ઝાડીમાંથી મંદિર પહોંચ્યા અમને કહે, 'જાગ્યા છો, તો ચા પીઈએ બધા.' ચા બનાવવા મૂકી. થોડીવારમાં વાનરની કિકિયારી સંભળાઈ.

એટલે ગભરાયા. એમને સ્વસ્થ કર્યા. વાતો થઈ. શનિવારે અનુષ્ઠાનની પૂર્ણાહૂતિમાં સાજે થોડા સાધુ-બ્રાહ્મણ, બટુકોને નિમંત્ર્યા, લાડુ, દાળભાત, શાક, થાળ ધરીશું બધા જમીશું. રણછોડભાઈ અને બધા મોડી રાત્રે બે એક વાગ્યે છૂટા પડ્યા. બીજે દિવસે સવારના નવ વાગ્યે દૂધ લઈને પહોંચી ગયેલા. હોમ, હવન, રસોઈ બધું પૂર્ણ કરી સાંજના હનુમાનજીને થાળ ધરી ભોજન-આરતી, સત્સંગ થયો. બીજે દિવસે મળીશું કહી બધા છૂટા પડેલા. સવારનાં રણછોડભાઈ ગયા. પણ મહાત્માજી તો હતા નહીં. વહેલી સવારના પાંચ વાગ્યા પહેલા પ્રહર ઢોર ચાવાળાઓએ જતા જોયેલા.

*અશ્વિનીઘાટ અને સૌરાષ્ટ્ર વિચરણ :

વેજલપુર હનુમાનજીએ અનુષ્ઠાન, સાધના, ઉપાસના કરી. ગુપ્ત રીતે પુનઃ વહેલી સવારે બ્રાહ્મમૂહૂર્તમાં બજરંગદાસજીએ પદયાત્રા આરંભી. સુરત પહોંચી તાપી નદીમાં અશ્વિનીકુમાર ઘાટ પરથી હોડીમાં બેસી રેવા સરિતા મધ્યે હોડીમાં ગુલાબનું ડાંડલી સાથેનું ફૂલ ધારણ કરી ધ્યાનમાં રહેતા. નિત્યના એમના આ ક્રમથી નાવડી ફૂલવાળા અને ઘોડાગાડીવાળા જાણીતા થઈ ગયેલા. કહેવાય છે કે ઈ.સ. ૧૯૨૦-૨૧ આસપાસ એ સ્થળ છોડીને સૌરાષ્ટ્ર તરફ નીકળી ગયેલા. રણછોડભાઈએ એમની તપાસ ચાલુ રાખેલી. સૂરત આવતા-જતા એમના સંતવેશના ખબર, અશ્વિનઘાટે બનેલી વિગતોથી પરિચિત થયેલા.

વીશ-બાવીશ વર્ષની યુવાન વયે બજરંગદાસજી પોતાની સાધના સાથે 'સાધુ તો ચલતા ભલા' સૂત્રને જીવનમાં ઊતારીને પરિભ્રમણ કરતા રહેલા. સૂરતથી સૌરાષ્ટ્રમાં વલ્લીપુર આવ્યા. પોતાના પૂર્વાશ્રમના પિતાશ્રી વિશે ભાળ મેળવીને, વીરમગામની બાજુમાં પિતરાઈ ભાઈ બલરામજી પાસે હોવાના વાવડ મળતા ત્યાં ગયેલા. 'એક વખત મળીશ' એવી વચનબદ્ધતા નીભાવી. પનાર ગામે પાદરમાં કૂવા પાસે પીપળાના વૃક્ષ નીચે ધૂણો ચેતાવ્યો. ગ્રામજનો આવવા લાગ્યા. પિતરાઈ બંધુ બલરામજી અને પિતાશ્રી પણ પધાર્યા. ઓળખી કાઢ્યા. પ્રણામ કર્યા. બીજે દિવસે સવારે જ પોતાનું મળવાનું -દર્શન આપવાનું કાર્ય પૂર્ણ થયું હોઈ, જગ્યા છોડી પુનઃ વલ્લભીપુર બુદ્ધેશ્વર મહાદેવના મંદિરમાં થોડો સમય રહ્યા. ત્યાંથી વિચરણ કરતા ઢસા પધારેલા. હરિરામબાપુ ગોદડિયાના પ્રખ્યાત શિષ્ય રામદાસ ગોંડલિયા સાથે ભાવસંબંધ આરંભાયો. અહીં એમના સેવકોમાંથી થાણાદેવળીવાળી દરબારશ્રી સાથે બનેલો લીલા રંગની મોટર વાળો પ્રસંગ, બધા એને ચમત્કાર ગણે છે. અભરામ ભગતના ભજનોનું શ્રવણપાન અને સહજ સ્નેહ પ્રેમથી ટાણે-કટાણે ઈચ્છાપૂર્તિ કાર્યના રામદાસબાપુજના ગોંડલિયા ચાર-પાંચ પ્રસંગો બન્નેના ભાવઐક્યના પરિચાયક છે. બજરંગદાસજી અહીં રામદાસજીના આગ્રહે બંડી અને ધોતી ધારણ કરતા થયા.

ઢસા પછીનો એકાદ દાયકો પાલીતાણા અને આસપાસના ગામડાઓ પિથલપુર, વાળુકડ, હણોલ વચ્ચેના રણજીત હનુમાનજીને પણ બજરંદાસજીએ ચેતનવંતા કરેલા. અહીં રણજીતભાઈ નામના એક સેવક સાથે ગઢ અનુબંધ રચાયેલો. એવાં જ પાલીતાણામાં ઠાકરેસાહેબ સાથે પણ અનુબંધ રચાયેલો. સવિશેષ તો અહીં રાજનાથના મંદિરના પ્રાંગણમાં હરિરામબાપા, બજરંદાસજી, રણછોડગિરિજી તથા એક કેસરિયા જતિ સાથે સુદીર્ઘકાળ સુધી સત્સંગ ચાલતો. ઉપરાંત ટાટમ્બરી સંત શાલીગ્રામજી સાથે પણ ગૂઢ સાધના ક્રિયા સંદર્ભે વાતો થયેલી. બજરંદાસજીની ઉગ્ર પ્રકૃતિનો-સ્વભાવનો જતિજી અને શાલીગ્રામજીને અનુભવ થયેલો. પછીથી બજરંગદાસજી એમને પ્રત્યક્ષ મળવા આણંદ ગયા ત્યાંથી અમદાવાદ ગયેલા. ત્યાં પ્રત્યક્ષ મળી પોતાની સાધુતાનો અનુભવ કરાવેલો. પાલીતાણામાં દાસભાઈ સેવક સાથે પણ ગાઢ અનુબંધ રચાયો. કિશોરભાઈ ક્ષત્રિયની તો ભારે તાવણી કરેલી. ઉગ્ર સ્વભાવનું એમના જેટલું સહન કરવાનું અન્ય કોઈના ભોગે -ભાગે નથી આવ્યું. અહીંથી પછી કણાદેર ગયેલા. ભાવનગરના સેવક નાથાભાઈના સૌજન્યથી ભાગવત સપ્તાહનું આયોજન કરેલું. અહીં બાલયોગીઓ કથાપારાયણ પાન અને બજરંગદાસજી સાથે સત્સંગ માટે ગુપ્ત રીતે પધારતા. કથા પૂર્ણાહુતિ બાદ પણ વિચરતા જ રહ્યા. સંપત્તિ વગર ધર્મક્રિયા યોજતા રહ્યા. પોતાને એક ઘોડી પણ થોડો સમય હતી. ભાવનગર, દેગવડા, ટિટોડિયા અને કળમાદેર વગેરે ગામના પરિભ્રમણ પછી ઈ.સ. ૧૯૪૬-૪૭માં બગદાણા પધાર્યા.

* બગદાણા સ્થિર વાસ :

પાંત્રીશ-ચાલીસ વર્ષની વય, અલ્લડ-ફક્કડ વ્યવહાર વર્તણૂક, બગદાણા તો બગદાલજી જેવા પ્રાચીન ઋષિ સાથે તીવ્ર અનુસંધાન ધરાવતું ગામ. બગદેશ્વર મહાદેવ, પણ પ્રાચીન સ્થાનક. નદીનો પટ, શરમાળિયાદાદાનો વડ કે મહાદેવની જગ્યાએ પણ ક્યારેક બેઠકક. એક-બે માટીના માટલા, ઉપર એક પ્યાલો. બસ આટલી ઘરવખરી. લહેરગર મહારાજ, કુબેરદાસભાઈ કે ગુલાબચંદભાઈને ત્યાંથી હરિહર માટે ભોજનથાળ આવી જાય. શેરીમાં રમતા છોકરાઓને પીપરમેન્ટ, ટીકડીઓ વહેંચે અને લહેરથી રહે. ચા, પાન, બીડી, બાકસ પણ મળી રહે.

અકારણ એમની બગદાણાથી ભાવનગર આવન-જાવન રહ્યા કરતી. ખારગેઈટના જગદીશ મંદિરે દર્શનાર્થે અચૂક જાય. રોડની બન્ને બાજુએ લોકોની કતાર દર્શન માટે ઊભી રહી જાય. સેવકો, દેવ અને અનંતરામભાઈ મીઠાઈ ખવડાવે. કોઈ જમવાનું પૂછે તો 'કાગળમાં વીંટીને ખાલી રોટલી લાવજે' એટલું જ મંગાવે. ઈન્દ્રભુવન હોટેલની નજીક ભુદર મોચીની દુકાને ચામડાના વીંટા ઉપર રોટલી રાખી, ચા મંગાવીને ચા અને રોટલીથી પોતાનું બપોરનું ભોજન પૂર્ણ કરતા. ભાવનગરના નાથુભાઈ નામના એક સેવકને ત્યાં પણ અવાર નવાર ભોજન માટે જતા. નાથુભાઈ પાસેથી એમના ખિસ્સામાંથી આવશ્યક્તાઅનુસાર પૈસા પણ લઈ લે. એક વખત R.T.O. ઈન્સપેક્ટરે જોયું કે મુદ્દતની છેલ્લી તારીખે નાથુભાઈ ગાડીના ટેક્ષના પૈસા ભરવા આવેલા. અને ત્યાંજ ઘોડાગાડીમાં આવેલા. બજરંગદાસજીએ ચારસો રૂપિયા જેટલી મોટી રકમ ખિસ્સામાંથી કાઢી લઈ ઘોડાગાડીમાં નીકળી ગયા. પહેલા ઈન્સપેક્ટરે પૂછ્યું કે, 'આ કેવું? હવે શું કરશો?' ત્યારે

નાથુભાઈએ કહેલું કે, 'થઈ રહેશે. એમના આશિર્વાદથી પણ 'એ એમના જ હતા.' પછી થોડી જ વારમાં એક ભાઈ નાથુભાઈ પાસે આવ્યા અને જૂની ઊઘરાણીના ચારસો કરતાં પણ વધારે રૂપિયા આપી ગયા. R.T.O. ઈન્સપેક્ટર પણ જોઈ રહ્યા.

* સવજીભાઈ માળીનું સેવાકાર્ય :

આવા તો રોજ-બરોજના અનેક પ્રસંગો બનતા. એમના સંપર્કમાં આવેલા, પરિચિતો, અપરિચિતો, સંતો, સામાન્ય જનસમુદાયે એમની આવી સહજ પ્રકારની વૃત્તિઓને-વલણને આગવા દૃષ્ટિકોણથી અવલોકતા. એમના સંતેવાસી જેવા એક સવજીભાઈ માળીએ 'બાપા સાથે...' નામના પુસ્તકમાં બજરંગદાજીન સાથેના ઈ.સ. ૧૯૫૦ થી માંડીને ઈ.સ. ૧૯૭૭ સુધીના પ્રત્યક્ષ અનુભવો દ્વારા બજરંગદાસજીની યૌગિક સિદ્ધિઓ, જાણેલ-જોયેલ પ્રસંગો આલેખેલ છે. તેઓને ભાવનગરમાં 'સત્યનારાયણ હિન્દુ હોટેલ' હતી. બજરંગદાસજી હોટલ બહારના ભાગે નીચે આસન જમાવી બેસી ગયા. સવજીભાઈએ કંઈ ધ્યાન આપ્યું નહીં, પણ થોડીવાર પછી પૂછ્યુંઃ 'મહારાજજી, ચા પીવી છે?' બજરંગદાસજીએ કહ્યુંઃ 'પાવ તો પીઈએ.' ટૂટલા ફુટલા કપમાં ચા આપી, કે જે કપ આવા ગાંડા માણસોને પાવા અલગથી રાખેલ, એમાં આપેલી. તેઓ પી ગયા પછી થોડી વારે બીડી પીશો એક પૂછયું તો કહે, 'પાવ તો પીશું.' મોટી જુડીમાંથી ટૂટેલી અને ધુમાડા ન નીકળે એવી બીડી કાઢીને આપી. તેઓ મોજથી પી ગયા. ત્યાં ઊભા રહી દાંત કાઢતા-કાઢતા નીકળી ગયેલા. વળી પાછા થોડા દિવસ પછી આવીને દુકાન બહાર તેવી બોલીમાં ઘણું કહ્યું પણ હશે પરંતુ એ તો સાવ નિર્લેપ હસતા રહે. મોઢેથી પાનના રોગાડા પોતાના મોઢા અને શરીર ઉપર ઉતરે. સાવ જ બેધ્યાન નહીં, ઈરાદાપૂર્વક પણ સહજ રીતે સામેની વ્યક્તિ પ્રતિક્રિયાને અવગણી, પોતાની મસ્તીમાં આજીવન રહીને બજરંગદાસજીએ એક આગવી મુદ્રા સ્થાપી.

સવજીભાઈનો વ્યવહાર, વર્તન, અવગણનાભાવ બજરંગદાસજી નહીં સમજતા હોય એવું તો સાવ ન જ હોય. સવજીભાઈ આલેખે છે કે, એક વખત એમની હોટલે ગયા અને હોટેલમાં રેડર્ચ ચેન્જર પર જ્યુથિકા રોયનું ગાયેલું મીરાનું ભજન ચાલતું. બજરંગદાસજીએ પૂછ્યુંઃ 'હું અંદર સાંભળવા આવી શકું?' મેં હા કહી. અંદર બેઠા, એક-બે વખત એમ વારંવાર સાંભળ્યા પછી મોજમાં આવી નાચવા લાગેલ. બીજા ગ્રાહકો પણ રાજી થયા. પ્રસન્નતાનું વાતાવરણ છવાયું. પછી પૂછ્યું, 'ચા પીશોને?' તો કહે કે, 'જાતે તપેલી ઉટકી એમાં બનાવી લાવશો?' મેં હા પાડી તો કહે, 'એક કપમાં લાવો અને બે રકાબી લાવશો।' એક રકાબી પોતે પીધી અને બીજી રકાબી મને આપી પછી સિગરેટ... તો પી લીધી. કહે કે, 'હવે જ્યારે આવું ત્યારે મને આ રેકર્ડ સંભળાવશો ને?' મેં હા કહી. અવાર-નવાર આવતા. રેકર્ડ સાંભળતા. ચા-બીડી પીને નીકળી જતા. એક વખત ઓચિંતા આવ્યા ને કહે કે, 'મારું એક કામ કરશો?' મેં હા કહી. કહે કે, 'મને આઠેક દિવસ માટે ઉધારથી બીડી-બાકસ આપશો?' સિગરેટ, બીડી બાકસનું બીલ ત્રણ રૂપિયપા અને દશ આના થયેલું. પણ પછી ક્યારેય રોકાણા નહીં. ઓચિંતા આઠ-દશ મહિને રસ્તામાં આવતા જોયા. દુકાને આવ્યા એટલે મેં કડક શબ્દમાં કહ્યું કે, 'બીડી બાકસમાં અમારે ઝાઝો નફો ન હોય તેમ માલના પૈસા આજ સુધી ન પહોંચાડ્યા.' મને કહે, 'ઓહો! હું તો ભૂલી જ ગયો. અબઘડી આપી દઉં.' કહી ચાલતા થયા. મને એમ કે હવે નહીં આવે, પણ થોડી જ વારમાં આવ્યા. હોટેલમાં નજર નાખતા જ ગ્રાહકો બધા ઊભા થઈ ગયા આગળના ટેબલ પર બેઠા. મને બોલાવ્યો. બજરંગદાસજી બન્ને હાથ બંડીમાં નાખીને નોટોનો ઢગલો કર્યો. મને કહે, 'લઈ લો.' હું ડઘાઈ ગયો મે. સીધા બંડીના ખિસ્સામાં પહેલા હાથ નાખ્યા, ત્યારે બંડીના ખિસ્સામાં કશું જ ન હતું. પણ થોડી વારે ખિસ્સામાંથી બીડી-બાકસ કાઢી બીડી સળગાવી પીવા લાગ્યા. મેં જોયું કે, પૈસા નાખ્યા ત્યારે કંઈ ન હતું. ગાંડા જેવો દેખાતો આ આદમી જાદુગર લાગે છે એમ તે વખતે માનેલું.

એક વખત સવજીભાઈના મોટાભાઈ ઓધવજીભાઈ હોટલે આવ્યા અને કહે કે, 'બજરંગદાસ બાપા વાડીએ પધાર્યા છે તું સાત-આઠ રકાબી ચા લઈજ્ઞે જલદી ત્યાં આવ. લાવ થોડી બીડી-બાકસ હું લેતો જાઉં. સવજીભાઈના દાદાની ભાવનગરના કાળાનાળાએ દિવાનની વાડી તરીકે ઓળખાતી. ત્યાં સવજીભાઈ પહોંચ્યા. અમે દંગ થઈ ગયા. ઢોલિયા ઉપર બેઠા-બેઠા બાપા મોજથી બીડી પીતા. કોઈ સજ્જન વાડીમાં એમના દર્શન કરીને પગે લાગીને પરત આવેલાને પૂછ્યું કે, 'કોણ છે એ?' ત્યારે સજ્જને કહ્યું., 'લે નથી ઓળખતા! એ બજરંગ બાપા, મહાન પ્રતાપી સંત. બગદાણાથી પધાર્યા છે. ધન્ય ઘડી ધન્ય ભાગ્ય. 'મેં ચા કીટલી-રકાબી મોટાભાઈને અપી બાપા પાસે ગયો. ખોળામાં માથું નાખીને રડવા લાગ્યો. બાપા મને ઓળખી ગયા. મારા માથે હાથ ફેરવી પછી પ્રેમથી ખભે હાથ ફેરવીને બેઠો કર્યો. પોતાની ખરબચડી આંગળીઓથી મારા આંસુ લૂછીને કહે, 'તું મને ઓળખતો'તો? મેં ના કહી. 'હું તને ઓળખતો.'તો પણ ના કહીં. 'તો પછી રોવાનું નહીં, મોજ કરવાની વાલા, મોજ કરજે.'

પછી ભારે આદરથી એમની સાથે વ્યવહાર આરંભાયો. એક વખત એમની હોટલે જઈને કહે, 'આપણે સતારશાના ભજન રાખવાની ઈચ્છા છે. ભજન હોટેલની બહારના ભાગમાં રાખવા છે.' સવજીભાઈએ પૂછયું, 'કેટલો ખર્ચ આવશે?' બાપા કહે, 'સતારશાને અને સાજીંદાને થઈને રૂપિયા એકાવન સાધુ-સંતો આવી ચઢે તેમને બે-બે રૂપિયા. બીડી-બાકસના અને બીજા દિવસે રૂખડે વીશ-પચીસ માણસોનું કેરી, બુંદી, દાળભાત, શાકનું ભોજન સો-સવાસો થશે. સવજીભાઈ કહે. 'મને થોડું વધારે પડશે.' બાપા કહે, 'તને ભાગીદાર ગોતી દઉ.' ઉદેસિંહ દરબારને બોલાવી ખર્ચ આપવા કહ્યું. બન્નેએ મળીને ભારે મોજથી પ્રસંગ કરેલો. એક વખત ધીરે હરિહર માટે પધારવા કહ્યું. બાપાએ હા પાડીને કહ્યું કે, હવે ભાવનગર આવીશ ત્યારે ભોજન તમારે ત્યાં પાકું.' પણ ઘણાં સમયે પધાર્યા. સવજીભાઈ માળીના 'મોતીવિલાસ'માં ભોજન લીધેલું. પછી તો અનેકવાર, બજરંગદાસ બાપા બગદાણાથી ભાવનગર અવાર-નવાર આવે જ. પણ જુદે-જુદે ઠેકાણે જુદા-જુદા પ્રસંગો હોય. અલ્હાબાદ કુંભ સંઘ લઈને

જવાના આયોજન સંદર્ભે જેરામ મિસ્ત્રી પાસે આવેલા. પછીથી જેરામભાઈએ સવજીભાઈને મળીને અલ્હાબાદ કુંભમેળામાં જવાની યોજના કહી. ઘેરથી રજા લઈને બાપાને બગદાણા મળી આવીએ. સવજીભાઈની પણ ઈચ્છા હતી. એક વખત પોતાની ટ્રક મહુવાથી મોણપુર શીંગના ફેરા ફરતી એમાં મહુવા અને ત્યાંથી ટ્રકમાં બગદાણા ચોકમાં ઊતર્યા. કોઈને પૂછ્યું કે, 'બજરંગદાસ બાપા ક્યાં મળે?' તો એ સજ્જન મને ચોરે લઈ ગયા. ત્યાં બાકડા ઉપર બાપાને બેઠેલા જોયા. મનને જોતા જ બોલી ઊઠયા : 'અરે! તું અહીં ક્યાંથી? કંઈ કામે આવ્યો હતો આ તરફ? મેં કહ્યુંઃ 'ના, જી. આપના દર્શને જ. અલ્હાબાદ કુંભમાં આવવા અંગે જેરામભાઈ મિસ્ત્રી સાથે વાત થઈ. મારી ઈચ્છા આવવાની છે એટલે ઘરેથી અનુમતિ મેળવી આપને કહેવા માટે.

બજરંગદાસ બાપાએ આનંદથી હા કહી. શરતો અંગે ચોકના પાડિયામાં બધું લખ્યું છે એ વાંચીને ખુશીથી આવો. થોડી સેવા પણ સોંપી એ સંઘમાં અલ્હાબાદ કુંભયાત્રા ઉપરાંત, આયોધ્યા, ચિત્રકટ, કાશી જેવા યાત્રા સ્થળે ફરેલા. કુંભમેળામાં ઉતારો તો બજરંગદાસજીએ ખાસ તો એમના ગુરુદેવ સીતારામજીને મળવાનું. એમની પ્રવૃત્તિ-સિદ્ધિનું પણ સહુને દર્શન કરાવેલ. એ યાત્રાના બીજા પણ ચમત્કાર જેવા અનેક પ્રસંગો પોતાના યોગશક્તિ-સિદ્ધિની અનેક વિગતો યાત્રિકોએ નોંધેલી.

બજરંગદાસ બાપાના નાના-મોટા યાત્રા સંઘો કાઢીને તુલશીશ્યામ, સત્તાધાર, વગેરે સ્થળે જતા એની એમની સહજ રીતની ઈચ્છા શક્તિઓ પાર પાર પડતી. પરિચય વિવિધ સ્થળે અનુભવાતો. સવજીભાઈએ કુંભયાત્રા દરમ્યાન મનોકામના પ્રગટાવેલી કે, બગદાણામાં સુવા-બેસવા માટે એકાદ જગ્યા લઈએ એ મુજબ બગદાણાના લવજીભાનું મકાન નદી કિનારે બનતું એ માસિક ચાર રૂપિયાના દરે ભાડે લીધું ત્યાં ભાગવત કથાનું આયોજન કરેલ. ચોરામાં આઠેક વર્ષ સુધી ખુલ્લામાં પડી રહ્યા બાદ મઢીમાં રહ્યા.

એક વખત ગુરુપૂર્ણિમાએ ઢસા ઊજવવા માટે થોડા માણસો સાથે મોટરમાં ભાવનગરથી નીકળ્યા. વચ્ચે ખૂબ વરસાદ. રંઘોળી નદીમાં ભારે મોટું પૂર આવેલું. ખટારા રોડને કાંઠે ઊભા રહી ગયેલા છતાં બાપાએ ડ્રાઈવરને કીધું. 'સીતારામ બોલીને ગાડી જાવા દ્યો'. જાણે ગાડી તરતી હોય એમ નીકળ ગઈ. લીંબડા રોડ ઉપર ખૂબ ચીકણી માટી હતી, એમાં પણ ગાડી નિર્વિઘ્ને પસાર થઈ ગઈ. ઢસા આવી રામદાસબાપુના આશ્રમે ધર્મશાળા આગળ હોર્ન વગાડ્યું. અભરામ ભગતના ભજને રામદાસબાપુની પૂજા, ભેટ, ભોજન પ્રસાદ. સેવકોને પ્રથમ વખત ભાન કરાવ્યું કે ગુરુપૂર્ણિમા અને ગુરુપૂજન શું છે? ઈ.સ. ૧૯૫૭માં ગુરુપૂર્ણિ'માનો ઉત્સવ બજરંગદાસ બાપાએ બગદાણામાં ઊજવ્યો. ભક્તમંડળ ઉમટેલું. ખૂબ માણસો પછી તો ગુરુપૂર્ણિમાએ પછી તો સમજય જતાં કાયમી રસોડું, બીજી સુવિધાઓ વિકસાવી ઈ.સ. ૧૯૬૩માં નદીને સામે કાંઠે નાનકડી ટેકરીવાળી જગ્યા ખરીદીને ત્યાં બધું સમથળ કરીને બગદાણાના સેવક હરજીવનદાસ કુબેરદાસ પંડયાએ વહીવટદાર તરીકે રાખીન મંડમના નામે લીધી. ત્યાં સવજીભાઈએ એ સમયમાં શેટ વગેરે છ હજાર એકસોના ખર્ચે બનાવેલ. એનું વાસ્તુવિધિ શ્રવણ સુદી ૧૦ને દિવસે કરેલ. ચોકવાળા કિરીટભાઈએ જનરેટર એ જમાનામાં લઈ આપેલું.

જૂની મઢી નિવાસનો એક પ્રસંગ સવજીભાઈએ નોંધ્યો છે. એમાં પોતે એક પૂર્ણિમાએ બાપાના દર્શને ગયેલ ત્યાં અર્ધીરાત્રી પછી સિંહનું સ્વરૂપ ધારણ કરીને હનુમાનજી સમક્ષ આળોટેલા. આ દૃશ્ય સવજીભાઈ જોઈ ગયા એ જાણી બાપાએ કોઈને કહેવાની મનાઈ ફરમાવેલી. પણ એક વખત નવી મઢીએ ટાટમ્બરીજી આવેલા, ત્યારે આ બાબત વાગોળેલી. એક વખત ચિત્રકૂટવાળા ઓળખાતા પણ રાજકોટવાળા રણછોડદાસજી બાપુ બાપા પાસે પધારેલ. એ પછી એક વખત જગદ્‌ગુરુ રામાનંદાચાર્ય અમદાવાદથી પધારેલા. બાપાશ્રીના ગુરુબંધુ ધરમદાસજીએ પણ પધરામણી કરેલી. નવી મઢી નજીક હનુમાનજી, બગદેશ્વર મહાદેવની જગ્યાનો પુનરુદ્ધાર વગેરે પ્રસંગો, બાબુભાઈ જેવા અહંકારી કહેવાતા ભક્ત ઉપર બાપાનો પૂણ્યપ્રકોપ જેવા અનેક પ્રસંગો એમની અધ્યાત્મ વિદ્યા અને યોગ શક્તિના દ્યોતક છે.

*** વૃક્ષઉછેર અને રાષ્ટ્રપ્રીતિ :**

વૃક્ષારોપણ અને વૃક્ષ ઉછેરવાનો બાપાને ખૂબ ઉમંગ હતો. આ માટે જેમની સેવા લેતા એમને બાપા તરફથી પ્રસાદ અપાતો. કુમારિકાઓ જળસિંચન કરીને વૃક્ષો ઉછેરતી એ બધાનો બાપાએ ભીમનાથ, ગોપનાથ, ઊંચા કોટડા, ખોડિયાર, હરસિદ્ધિ માતાજી વગેરે સ્થળોની યાત્રા કરાવેલી.

ઈ.સ. ૧૯૬૨માં ચીનના આક્રમણ સામે યુદ્ધ વખતે પોતાના આશ્રમની બધી વસ્તુઓ વગેરે હરરાજીથી વેંચીને દેશસેવાનું રાષ્ટ્રભક્તિનું ગજબનું દૃષ્ટાંત પૂરું પાડેલું. તેમને કવિ શ્રી કાગ સાથે આગવો સંબંધ હતો. વિનોબા, સંતબાલના ચરિત્રથી પણ પ્રભાવિત હતા. ભૂમિવિહીન લોકોને જમીન અપાવવાના સદ્‌કાર્યમાં તેમણે પણ સેવા સમર્પણ કરીને ભૂમિદાન કરેલું.

બજરંગદાસ બાપાના સેવકો મુંબઈ, ઔરંગાબાદ, હૈદરાબાદ એમ વિવિધ સ્થળોએ મુંબઈ વિલેપાર્લે (પશ્ચિમ)માં નીલશીલ સોસાયટીમાં નાથાલાલ જાદવજી પારેખને ત્યાં બજરંગદાસ બાપાની ગાદી છે. ઈ.સ. ૧૯૬૦માં ઔરંગાબાદવાળા મોહનભાઈ સોની સવજીભાઈ માળી, ચિમનભાઈ સોની, બચુભાઈ અને નાથાલાલભાઈને ગુરુપૂનનો લાભ મળેલો. પછી નિયમિત આવતા. ઈ.સ. ૧૯૬૭માં ફ્લાઈટ ચૂકી જવાઈ અને ત્રણ કલાકે પોતાના ઘેરે નાથાલાલભાઈએ પૂજન કરેલું. એ વખતે બગદાણામાં પણ પૂજનવિધિ બપોરના ભોજન પછી રાખેલી. ઈ.સ. ૧૯૬૮ થી બજરંગદાસ બાપાએ બગદાણા આવવાની ના કહી અને એમના નિવાસસ્થાને ગુરુપૂજન રાખવા કહેલું. ઈ.સ. ૧૯૭૧માં ત્યાં મોરારિબાપુની રામકથા યોજાયેલી ઈ.સ. ૧૯૭૯માં દયારામ બાપા નાસિક કુંભમેળામાં જતી વખતે અહીં રોકાણ કરેલું. પાર્લામાં બાપાની બંડી પ્રસાદી રૂપે બિરાજે છે. સુમતિબહેન મોરારજી વહાણવટાની

સુખ્યાત સિંધિયા કંપનીના ડાયરેક્ટર પણ બજરંગદાસબાપાના દર્શનાર્થે પધારેલા અને દિવ્ય અનુભૂતિનો સંસ્મરણ રૂપે આલેખેલ છે.

***અમુલખભાઈ ખીમાણીના અનુભવો :**

ગાંધીવિચારધારાને વરેલા સર્વોદય કાર્યકર અમુલખભાઈ ખીમાણીએ બજરંગદાસ બાપાના અલૌકિક અનુભવો આલેખ્યા છે. વિનોબાની ભૂદાનની પ્રવૃત્તિ સંતબાલજીની સમાજોત્કર્ષની પ્રવૃત્તિનો પ્રસાર ખૂબ થયેલો. કવિ કાગનો પણ એમાં ઘણો બધો ફાળો. આ યોજના હેઠળ પ્રવાસ-યાત્રા આસામ-પંજાબના બહેનોની હતી, એ બધાની નિવાસ-પ્રવાસ આદિની વ્યવસ્થા, આતિથ્ય બજરંગદાસ બાપાએ કરેલું. બજરંગદાસ બાપા પાસે અવાર-નવાર જતા. આર્થિક મદદ પણ તેઓ કરતા. એક વખત અમુલખભાઈને વીસ વીઘા જમીનનો દસ્તાવેજ આપીને કહે, 'તમે ભૂદાન પ્રવૃત્તિ માટે ભૂમિ અંગિકાર કરતા પણ તે સમયે મારી પાસે ભૂમિ ન હતી વિનોબાના યજ્ઞમાં મારે કંઈક તો આપવું જ જોઈએ ને? ટહેલ કરો છો એમ મારે પણ કરવી જોઈએ.'

મનુભાઈ પંચોળી 'દર્શક' પણ તેમની દેશસેવા, શિક્ષણ માટે સહાયરૂપ થવાની વૃત્તિ અને જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિહીન વલણોથી વિશેષ પ્રભાવિત હતા. એમની સિદ્ધિઓથી પણ અવગત હતા. વૃક્ષારોપણ માટે પાણી પાવા માટે બહેનોની સેવા લેવાના દૃષ્ટિકોણ સંદર્ભે અમુલખભાઈ ખીમાણીએ એક વખત પૃચ્છા કરતા કહેલું કે, 'અહીં કુવો છે, મશીન છે તો પછી આ બધા માણસોની આવી સેવા શા માટે લઈ રહ્યા છો?' એના પ્રત્યુત્તરમાં કહેલું કે, 'તમે ગાંધીના માણસ છો. ગાંધી તમને આવું શીખવે છે. આમાં ક્રૂડ વપરાય, ક્રૂડના પૈસા પરદેશ જાય. આ ૨૫-૩૦ ગરીબ છોકરીઓ ટંક છાંડી જાય પણ ક્યાંય હાથ લાંબો ન કરે તેમને હું આ બધું બગીચાનું કામ આપું છું. ખાડા ખોદે, પાણી પાય, ક્યારા કરે. બે પૈસા મળે તો એના ઘર ચાલે, વાલા!'

નેસડો શાળા ઓરડામાં બજરંગદાસ બાપાને અમુલખભાઈએ નિમંત્રેલા. તો કહેલું કે, 'આવીશું વાલા.' નિશાળમાં પહોંચ્યા. સ્વાગત કર્યું અને કહે કે કંઈક બોલો તો કહે, 'મને ક્યાં કંઈ બોલતા આવડે છે?' કહીને રામધૂન બોલાવેલી. જેટલા છોકરા આમાં ભણે છે એને જમાડવાના પાંચ હજાર આપેલા. બધાને સરસથી જમાડજો. શાળાના ઓરડા માટે પચીસ હજાર રોકડા તૂર્તજ આપેલા.

પછી તો અમુલખભાઈ અને એમના પત્ની મંછાબહેન અવાર-નવાર બજરંગદાસ બાપાને મળવા જતા. એક વખત મનમાં વિચાર ઝબક્યો કે બાપા પાસે બહુ સિદ્ધિ છે તો અખતરો કરી લઈએ. બજરંગદાસ બાપાએ સેવકને કહ્યું: 'એલા મેં'માનને દૂધ પાવ.' થોડી વારે સેવક ટબૂડીમાં દૂધ અને રકાબી લઈને આવ્યો. અમુલખભાઈએ એમના પત્નીને વિશેષ આગ્રહ કરી દૂધ પાયું. પોતે પણ બે-ત્રણ રકાબી પી ગયા. બાપા કહે, 'પાને મારા વાલા! એ રોટલો ખાવા નથી રોકાવાના એમને નીકળવું છે. દૂધ પા, સારી પેઠે.' પેલો આપતો જાય, આઠ-દશ રકાબી દૂધ પીધું. પણ ટબૂડીમાંનું દૂધ ખૂટે જ નહીં. કહે, 'અમુલખ, સાધુના બહુ પારખા ન કરાય.' તમે તો બધા ગાંધીના માણસો એટલે વ્યસન ન રાખો, એટલે દૂધ પાયું. બાકી ચા જેવી મજા નહીં, બોલતા કહે, 'એલાવ મારા માટે ચા લાવજે.'

* જૈન મુનિએ આપેલું જીવતદાન :

અત્યંત સરળ વ્યક્તિમત્તા, સાધનારત હતા અને પાલીતાણાની આસપાસના ગામડાઓમાં ફરતા રહેલતા. બહુ બીમાર પડયા. પેટમાં દુઃખાવો થાય. અસહ્ય પીડા અનુભવે. માંદગી અને પીડાથી એટલા બધા કંટાળી ગયેલા કે મનમાં નક્કી કર્યું કે, ભાવનગરની ખાડીમાં જઈને ડૂબી મરવું. આવું નક્કી કરીને નીકળી પડેલા. રસ્તામાં સોનગઢ. જૈનમુનિનો આશ્રમ આવ્યો, એમાં ઉતારો કર્યો. જૈનમુનિએ પૂછયું કે, 'શું પીડા છે?' બધી વાત કરી. જૈનમુનિએ ચાર-પાંચ દિવસ રોકાઈ જાઓ કહીને રોકીને દવા કરી. ખોરાકમાં માત્ર પ્રવાહી આપે. બજરંગદાસ બાપાએ અમુલખભાઈને જણાવેલું કે, 'હવે મરવા નહીં જવું પડે એમ વિચારી પ્રભુભજન અને હનુમાનજીના નાજાપ કરીને માનવસેવા થાય એવી કરું છું.' એક વખત રાત્રે હનુમાનજીના સાક્ષાત્ દર્શન થયા. મારું નામ ત્યારથી 'બજરંગદાસ' ધારણ કર્યું. બગદાણામાં નદી કિનારે ધૂણી ધખાવીને પડયા રહેતા. ચોરે પડ્યા રહેતા. કાચા મકાન, જમીન, સુવિધાઓ સેવકોએ ઊભી કરી. 'ખાઓ અને સીતારામ જપો' આ બે પ્રવૃત્તિ મુખ્ય.

એક ગુરુપૂર્ણિમાએ હજારેક માણસોની રસોઈ બનાવેલી. અને ધીરે-ધીરે માણસો બાપાને પગે લાગવા આવતા જ ગયા. હરજીવનભાઈ પંડયા મૂંઝાયેલા. બાપાએ તો આદેશ કર્યો. રામરોટી શરૂ કરો. પંગત બેસી ગઈ. પહેલી પંગતમાં જ સાતસો-આઠસો માણસો. હરજીવનભાઈએ આસપાસના ગામડામાંથી ઘી મેળવવા માણસો દોડાવેલા. બાપાએ જોયું પીરસવામાં મોડું કરાતું. બીજી પંગત બેસાડાતી નહોતી. બાપાએ પૂછયું: 'કંઈ તકલીફ નથી ને?' હરજીવનભાઈએ જણાવેલ કે, 'રસોઈ ઘટશે એમ લાગે છે.' બાપા કહે 'કહો ક્યાં ભંડાર છે? ચાલો, જોઈએ.' દાળ, શાક, મીઠાઈ, બધું જોઈને કહે, 'અરે મારા વાલા! મૂંઝાવ મા, બરાબર જ છે. હરિહર શરૂ કરાવો' કહીને મીઠાઈ ઉપર પછેડીઓ ઢાંકીને કહે, 'લેવા માંડો બાપલા. ખવરાવો.' દોઢ-બે હજાર માણસો જમી રહ્યા પછી પણ બાપાને પૂછયું કે, 'હવે આપણાં સેવકોને બેસાડીને આપણે પણ હરિહર કરીએ.' બીજા ૧૦૦-૧૫૦ માણસો પાછા જમેલા. ત્યારથી બધાને વિશેષ રીતે બાપાની સિદ્ધિનો પ્રત્યક્ષ ખ્યાલ આવેલો.

*** નિર્વાણ અને સમાધિ સ્મૃતિમંદિર :**

એમની સિદ્ધિઓ, ચમત્કારિક બનાવો અપાર છે. પણ હજી ક્યારેક અદ્યપિ બજરંગદાસ બાપાના તપના પ્રભાવે કોઈ અભાવનો અનુભવ થયો નથી. બજરંગદાસ બાપા નિર્વાણ સુધી સ્વસ્થ જ હતા. પંદરેક દિવસ પહેલા તો ભાવનગર ગયેલા. ગરમ કાપડ ખરીદેલું. દૂધપાક-પૂરી અને ભજિયાનું જમણ લીધેલું. તમામને આશીર્વાદ આપી નીકળેલા. સવજીભાઈને બોલાવેલા. બજરંગદાસજી બાપાની બીમારીની સ્થિતિથી ખૂબ દુઃખી હતા. નાકમાંથી લોહી પડવાની જ માત્ર બીમારી હતી. છેલ્લે ભૂતનાથ-જૂનાગઢ ગયેલા. કહેવાય છે કે, ગુરુદત્તના સાધક હતા. ભગવાન દત્તાત્રેયે એમને દર્શન પણ ઓપેલા. ત્યાં પોષી પૂનમ અને

પછી એક દિવસ રોકાઈને રાજકોટ થઈને બગદાણા પધારેલા. પોતાની નિત્ય પ્રણાલિ મુજબ જ પોષ સુદિ ચોથ ને રવિવારે તા. ૯-૧-૧૯૭૭ના દિવસે વહેલી સવારના ચાર કલાકે જાગ્યા. સેવક ભીમભાઈને બોલાવી ધૂણી માટે લાકડા મંગાવ્યા. ભીમભાઈ પાસે ગોદડી પથરાવી. ધૂણી ચેતાવીને એમને ત્રણ વખત નમન કરી ઓશિકે માથું રાખીને સૂતેલા. ભીમભાઈને પૃચ્છા કરી, 'મારું માથું કઈ દિશામાં છે?' ભીમભાઈએ કહ્યું: 'દક્ષિણ દિશામાં.' તુરત ઊભા થયા. ધૂણીને ત્રણ વખત પુનઃ નમન કર્યા. ઉત્તર દિશામાં મસ્તક રખીને સુતા. સીતારામના જાપ જપતાં-જપતાં બ્રાહ્મમુહૂર્તમાં ૫:૨૫ કલાકે નિર્વાણ પામેલા.

પંડ્યાજી, ભીખાભાઈ, સવજીભાઈ આદિએ સાધુવિધિ મુજબની મરણોત્તર ક્રિયાઓ કરી. એમના નિર્વાણ સમયે જ અલ્હાબાદમાં કુંભમેળલો હતો. બજરંગદાસ બાપાના અસ્થિ વિસર્જન સૌરાષ્ટ્રનો સંતસમુદાય કુંભમેળામાં જતો હતો. તેઓ અસ્તિકુંભ લઈ ગયા. ગુરુબંધુ ધર્મદાસબાપુએ ધામધૂમપૂર્વક જલમધ્યે અસ્તિવિસર્જન કર્યા. તેરહાત્યાગી પરંપરાના સાધુઓને ભોજન કરાવેલ. બગદાણામાં પણ સમસ્ત ગામને હરિહર કરાવેલ.

બજરંગદાસ બાપાના નિર્વાણ પછી રૂપિયા પંચોતેર લાખના ખર્ચે બજરંગદાસ બાપાની કાંસ્ય પ્રતિમા, રામજી મંદિર અને ત્રણેક હજાર માણસો એક સાથે ભોજન લઈ શકે તેવું ભોજનાલય અને સેવકોને રહેવા માટેનું સુવિધાપૂર્ણ અતિથિગૃહ. નિત્ય હરિહર. દર્શનાર્થીઓને ચા-પાણીની સેવા અદ્યપિ પરંપરા તરીકે અસ્તિત્વમાં છે.

*સ્વાનુભવ અને સાધનાધારાઃ

બજરંગદાસ બાપુનું નામ તો ઈ.સ. ૧૯૮૦ના સમયથી હું સાંભળતો આવેલો. રામજીભાઈ વાણિયા, હેમંત ચૌહાણ અનેક વખત બાપા વિશે કંઈક કહેતા. પરંતુ અમારા સન્મિત્ર સાધક અને નર્મદા તટે નિવાસ કરતા મનસુખભાઈ જોશીને મળવાનું બને ત્યારે બાપા સંદર્ભે તેઓ કંઈક ને કંઈક પ્રસંગે કહે. મારો નવમો દાયકો એમની સાથેના સત્સંગનો. દશમા દાયકામાં મારે કાગધામ, મહુવા, રાજુલા જવાનું વધું બનતું. પણ બગદાણા જઈ શકેલો નહોતો. એક વખત કાગધામ ખાતે શ્રદ્ધેય મોરારિબાપુની નિશ્રામાં યોજાતા કાગ એવૉર્ડ પ્રસંગે વકતવ્ય આપવા માટે મનસુખભાઈ જોશીને નિમંત્રેલા. તેમણે એમની તરુણાવસ્થાના કવિ કાગ, બજરંગદાસ બાપુ સાથેના સંસ્મરણો કહેલા. એ રાત્રિ તેઓ મને બગદાણા લઈ ગયેલા. રાત્રી રોકાણ. સવારમાં પ્રાતઃકર્મ બાદ આશ્રમના દર્શને ગયેલા. નિરાંતે ઘણો સમય ગાળ્યો. ચા-નાસ્તા પછી આદરણીય મનજીભાઈ સાથે મારો પરિચય કરાવેલો. બાપાની બધી વાત કહી, મેં કહેલું કે, 'આ બધું વિગતે લખીશું.' મનસુભાઈ કહે, 'બાપા આદેશ કરશે, એ સામગ્રી મેળવશે અને લખે એ બરાબર ગણાય. આપણે લખાવવું નથી. એ જ લખાવશે. એમ ઉતાવળે નથી કરવું.' મનજીભાઈ કેટલીક ચોપડીઓ આપતા, એમને રોક્યા; 'બાપા જ કંઈક કરશે. એમને ઊગ્યું છે, પાકવા દ્યો.' મેં પણ આ બાબત જે-તે સમયે સહજ રીતે લીધેલી. ભૂલી પણ ગયેલો. પરંતુ મને સન્મિત્ર ગુણવંત બરવાળિયાનો મુંબઈથી ફોન આવ્યો - 'બળવંતભાઈ, મને તમે બજરંગદાસ બાપા વિશે એક લેખ લખી આપો.' મેં કહ્યું 'એમના વિહ મારી પાસે કંઈ બહુ સામગ્રી નથી. એટલે ઉગમસાહેબ સંત વિશેનો લેખ મોકલું છું.' વળતા કહે, 'ભલે, ઉગમસાહેબનો મોકલો, પણ બજરંગાસ બાપા વિશે તમારે જ લખી આપવાનો છે.' આને દુરાગ્રહ ન ગણતા મેં ખોજ આરંભી. પાલીતાણા, મહુવા, બોટાદ, અમદાવાદ એમ અનેક સ્થળે ટહેલ નાખી પણ બહુ પ્રતિસાદ ન મળે. ફિલ્મ, વિકિપિ વીડિયામાં પરચા સિવાય કશું નહીં. મેં અંતે થાકીને ભાવનગર યુનિવર્સિટીના ગુજરાત અધ્યાપક સ્નેહીશ્રી પ્રોફેસર વિપુલ પુરોહિતને ફોનથી કહ્યું. એમણે લોકડાઉનના મુશ્કેલ સમયમાં પણ મુદ્રિત તમામ સામગ્રી મને કુરિયરથી પાઠવી. અમુલખભાઈ ખીમાણી વિશેનો ગ્રંથ મને રાજેન્દ્રભાઈ ખીમાણીએ આપેલો. મેં એમના પ્રસંગો વાંચેલા. વિદ્યાપીઠના અધ્યાપક બળદેવ મોરીએ એ લખાણ ઝેરોક્ષ રૂપે વોટ્સએપથી પાઠવ્યું અને મનસુખભાઈ મહેતા 'તમને આદેશ આવશે, મેળવાશે અને લખાશે' એવું જ થયું. પચીસ-ત્રીશ વર્ષે સ્ફુરેલ-વાવેલ બીજ ઊગ્યું અને પાક્યું. આને હું પણ એક ચમત્કાર ગણું છું. વચ્ચે વચ્ચે સામગ્રી મેળવવામાં વિલંબ અને તારીખ નજીક આવતી એટલે મેં મને બાદ કરવા ગુણવંતભાઈને કહ્યું. તેમણે પુનઃ કહ્યું 'ના, બળવંતભાઈ. તમે જ પ્રયત્ન કરો અને લખો. ભલે થોડું મોડું થાય.....'

બજરંગદાસ બાપાનું સંતવ્યક્તિત્વ, સાધનાધારા અને પળાતી સિદ્ધિની ધારા કોઈને વિશિષ્ટ કે વિચિત્ર લાગે પણ તેઓએ કરેલ વિવિધ સ્થળના અનુષ્ઠાનો, યાત્રા પ્રવાસો, ગુરુ પરંપરા, ધારણ કરેલું વલણ એ બધું એક પ્રકારનો અભિગ્રહ ધારણ કરીને સાધનારત રહેવાનું સંત વલણ જણાય છે. તેઓ બજરંગના ઉપાસક હતા. બરંગ પ્રસન્ન થયા હોય એના અનેક પ્રમાણો મળે છે. પણ તેમની સાધનાધારા નાથ-દત્તપંથી અને કંઈક અંશે પૂજ્ય મોટા જેવા અઘોરની પરંપરાની જણાય છે. તેઓ એક રીતે પૂજ્ય મોટાના સમકાલીન હતા અને એમની સાધના સાથે બજરંગદાસ બાપાની સાધનાપ્રણાલિની ઘણી વાતો મનસુખભાઈને કરતા. શિવ ઉપાસક બગડેશ્વર મહાદેવ, નદી કિનારો, અશ્વિનીકુમાર ઘાટ એમ ઉપાસના સ્થળો, હનુમાન સાધના, ગુરુરામદાસજી સંગત, પછીથી દત્તયોગ પરંપરા પરત્વે નિજનું જોડાણ-આ બધું ઘણું સંમિશ્રિત સાધના સ્વરૂપ જણાય છે. તેઓને ત્રિકાળદર્શન હતું. છેલ્લે કહેતા કે, 'સમય બહુ ખરાબ આવે છે. નીતિમાન રહેવું. એ જ ટકાવશે.' ભારે મોટું શાશ્વત સત્ય ઉચ્ચારી ગયેલા. તેમનો દેશપ્રેમ, માનવમાત્ર, જીવમાત્ર પરત્વેનો પ્રેમ, રાની-હિંસક પશુઓને વશમાં રાખવાની શક્તિ, 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના સૂત્રને ચરિતાર્થ કરનારી છે. એમનું જીવન સત્ તત્ત્વ હતું અને એમના કાર્યો ઈશ્વરાદેશથી થતાં ઋત્ હતા. એમનું સત્ અને ઋત્ આજે પણ જીવંત છે. આવા સંતોનું સ્થૂળદેહે નહીં પણ સૂક્ષ્મ દેહે અસ્તિત્વ ક્યારેય વિલીન થતું નથી. આવા સ્મૃતિશેષ સંતને

# સૌરાષ્ટ્રમાં સદાવ્રત પરંપરાના નાંદી : મહાસિદ્ધ શ્રી આણંદાબાવા

**- સતીશચંદ્ર વ્યાસ**

સોરઠનું એક મહત્ત્વનાં ગામ ધોરાજીમાં રહેતા શ્રીમાળી સોની પરિવારમાં સંવત ૧૭૧૯માં એક બાળકનો જન્મ થયો . તેનું નામ આણંદજી પાડવામાં આવ્યું હતું. પરંતુ બધા તેને લાડમાં આણંદો કહેતા. આણંદાને અભ્યાસ કરાવવા માટે એક ખાનગી સ્થાનિક પાઠશાળામાં મુકવામાં આવ્યો .થોડું ઘણું ભણેલ આણંદાને અક્ષરજ્ઞાન મળે, ત્યાં તો ઉઠાડી મૂકી પોતાના સોની કામના ધંધામાં લગાડી દેવામાં આવ્યો . પોતાના સોની કામ ધંધામાં ટૂંકા ગાળામાં બે વર્ષમાં આણંદ મીનાકારી નું બધું જ કામ શીખી જાય છે. પણ ધંધામાં તેનું મન લાગતું નહોતું. મજૂરી કરી કંઈક મેળવતા થયા પરંતુ તે ઘેર ન લાવતા. રસ્તામાં જ સાધુ સંતોને આપી દેતા. તેમના આ કૃત્યથી માતા-પિતા વિચારમાં પડી જતા. ધોરાજી ગિરનારની જાત્રાના માર્ગનું ગામ. યાત્રાએ નીકળેલ સાધુ-સંતો ધોરાજીથી જ જાય. ગામમાં સાધુસંતો આવેલા છે તેવું આણંદો સાંભળે કે તેમની પાસે પહોંચી જાય, સામે તેમને લેવા જાય, તેમના માતાજી ધર્મ ભાવનાવાળા આસ્તિક સ્વભાવના હતા. પરંતુ કુટુંબના બધાને આ વાત ન ગમે. કુટુંબીજનો સમજાવતા કે ભાઈ,આપણે કોઈ ધનવાન નથી. સાધુઓને સર્વસ્વ આપી દઈએ તો પછી હજુ આપણા કુટુંબ વ્યવહાર બાકી છે. તેનું અને આ ગૃહવ્યવહારનું ચક્ર કેવી રીતે ચાલશે ? નાના બાળકના આવા વર્તનથી માતા-પિતાને આશ્ચર્ય થયું તેને થયું કે કોઈ સાધુએ આ બાળકને ભરમાવ્યો છે કે શું ? આ તો ઘર વેચી અને તીરથ કરે તેવો ઉડાઉ છે. સાધુ સંત ને લોટ આપો એ એક વાત છે. પરંતુ દરરોજ પચાસ સાધુઓને અન્ન,વગેરે આપી સંતોષવા તે એક નાના ગૃહસ્થ ન તો ન જ પરવડે . આ રીતે તો રાજાના ધનભંડાર પણ ખૂટી જાય તેથી માબાપે આણંદા ને કહ્યું જો બેટા! તારી આ દાનની ટેવ સુધાર. તારૂ આ ઉડાઉ પણું અમે ઘણો વખત સહન કર્યું. માતા અને પિતાના આ વચનો સાંભળી આણંદાજીએ પ્રત્યુત્તર આપ્યો કે સઘળી ચિંતા પ્રભુના હવાલે કરી દો, આપણે નિરાશ થવાની કે ચિંતા કરવાની જરુર નથી. ખાવા-પીવા પૂરતું મળી રહે એટલું ઘણું. સંગ્રહ કરવાની શી જરુરત છે ?વિશ્વના બધા જ પ્રાણીઓ આપણા કુટુંબી છે, એ ભૂખ્યા રહે અને આપણે પેટ ભરીએ એ બરાબર ન કહેવાય.

આણંદજી કંઈક સમજણા થયા ત્યારથી તેમની સાધુ સંત પર અપાર પ્રીતિ હતી.ઘેર કોઈ ફક્ત ભિક્ષુક યાચવા આવે તેને પોતે દોડી અને અન્ન વસ્ત્ર આપતા. પરંતુ મનુષ્ય સેવામાં જ ઈશ્વરની સેવા માનનાર આણંદાજી તે વાત સ્વીકારી નહીં.તેથી આણંદજીના પિતાજી એ વિચાર્યું, એ આણંદજીના લગ્ન કરી નાખીએ.આણંદજી પર જવાબદારી આવશે તો આપમેળે સુધરી જશે .પરંતુ પિતાને કયાં ખબર હતી કે પુત્ર આણંદો તો તીવ્ર વૈરાગ્ય ભાવથી ઘેરાયેલ હતો! તેનો અવતાર તો દીન દુઃખીયાના કલ્યાણ અને સેવા માટે થયો હતો !દરેક સંસારી પિતાની જેમ તેણે પણ એક શ્રીમાળી સોની પરિવારમાં કન્યા જોઈ. જયારે ખરેખર આણંદજીના વેવિશાળની તૈયારી થવા લાગી જયારે આણંદજી ને આ ખબર પડી ત્યારે ઘર છોડી પારીવ્રજક અવસ્થામાં સોમનાથ,જુનાગઢ,સ્થળે ફરવા લાગ્યા.અંતે દ્વારકા પહોંચ્યા.

અહીં ધોરાજીમાં કુટુંબીજનોએ તેનીચોતરફ ખુબ જ શોધખોળ કરી.ક્યાંય પણ ભાળ ન મળી.કુટુંબીજનો હતાશ થઇ કુટુંબસંસારમાં પ્રવૃત્ત થઇ ગયા. પરંતુ ધોરાજીમાં જે કન્યા સાથે આણંદાબાવા નું સગપણ થયેલું તે કન્યાના માતા-પિતા એ અન્ય સ્થળે તેનું વેવિશાળ કરવા વિચારેલું, પરંતુ સંસ્કારી કન્યાએ તે વાતનો ઇનકાર કરી ,ભવિષ્યમાં થનાર મહાન મહાત્મા પતિના વૈરાગ્યના સમર્થનમાં, આજીવન અપરિણત રહી, ભાગવત પારાયણ જીવન વીતાવ્યું.

આ તરફ આણંદાજીએ દ્વારકા સમુદ્રકિનારે એક ઘાસની છાદેલ પર્ણકુટી બનાવી . કહેવાય છે કે દ્વારકા ની તે પર્ણકુટીમાં દિવસો સુધી કઠોર તપસ્યા કરી.સતત નામ સ્મરણમાં રત્ત રહેતા આણંદાજીને સમયનું પણ ભાન ન રહેતું.ક્યારેક તો આખ્ખી રાત્રિ અખંડ જપ ચાલુ રહેતા .કયારેક ફક્ત પાણી પર જ દિવસો કાઢતા ,તો ક્યારક તો નિર્જળા ઉપવાસ પણ થતાં.

કહેવાય છે કે એક વખતે તેમના અંતરમાંથી નાદ ઉઠયો , જાણે કે પરમ તત્વ એ જ માર્ગદર્શન આપ્યું હોય કહ્યું, ઉઠો, સાધુ સંતોની સેવા કરો, દીન દુખિયાની સેવા કરો, તેમની સેવા એ મારી જ સેવા છે ,સૌમાં મારા જ દર્શન કર,તારું એ કર્મ તે જ તારું તપ થઇ જશે,જગતભરના દીન લોકો તારી રાહ જુએ છે.! પ્રથમ તો તેમને એમ લાગ્યું કે તંદ્રા છે પછી સત્ય પ્રતિત થતાં આણંદાજી ધ્યાનમાંથી જાગ્યા. તેમના મનમાં એક પરમ શાંતિનો આવિર્ભાવ થયો .અને માત્ર ૧૮ વર્ષની કાચી ઉંમરે સંવત ૧૭૪૭ માં આણંદાજી એક પ્રતિજ્ઞા કરે છે કે આજથી સાધુ-સંતોની દીન દુઃખીયાની અને ગરીબોની સેવા કરવી એ જ મારું જીવન કાર્ય થશે.

આણંદાજીએ વિચાર્યું કે લોકોની સેવા થઇ શકાયુ તેવું કયું ગામ અને ઠેકાણું છે? તેમની પાસે ગાંઠમાં તો કોઈ ગરથ નહોતું કે તેનાં આધારે તે ખર્ચ કરીને લોકોને ભોજન આપી શકે. તેમને તો જાત મહેનત કરી ,પૈસા કમાઈ અને તે પરસેવાની

કમાઈથી લોકોને ભોજન આપવું હતું,આ બધું વિચારીને આણંદાજી પછી જામનગર આવ્યા .દ્વારકા જનાર બધા જ યાત્રાળુઓ જામનગરથી તો પસાર થતા જ તેથી તેમણે વિચાર્યું આ સ્થળ પર લોકોની વધુમાં વધુ સેવા થશે. વળી સોની જ્ઞાતિ નો અહીં વિશેષ વસવાટ હતો અને આ આણંદાજી સોની કામ અને મીનાકારીના સારા કારીગર તો હતાં જ. તે રીતે પણ જામનગરની પસંદગી ઉપયુક્ત હતી. ગામના સોની સમાજ નું કામ કરવાથી તેમને દરેક દિવસે પાંચ કોરી મળતી હતી તેમાંથી ફક્ત અડધી કોરી પોતાના નિર્વાહ માટે રાખી અને બાકીની સાડા ચાર કોરી દિનદુખીયા ,ભૂખ્યાજનો માટે અને સાધુસંતોને માટે વાપરી નાખતા.

તે કાળમાં ધર્મ જ્ઞાતિ સંપ્રદાયના ભેદ વિના લોકોને ફક્ત ,માનવ છે તેથી જ અન્નદાન કરવું તેવો ઉમદા વિચાર સૌરાષ્ટ્રમાં કોઈને આવ્યો પણ નહોતો,તો અમલમાં તો ક્યાંથી મુકાય? આવી કોઈ પરંપરા ન હોય સંપ્રદાય કે ધર્મના ઓઠા વિના દાન મળવું પણ મુશ્કેલ હતું .તેથી આ સમયે આણંદાજીએ જાત ઘસીને જ લોકોને ભોજન આપવું પડતું , આમ કરતા કરતા જિંદગીના સાડા ત્રણ દાયકા(સંવત ૧૭૪૭થી૧૭૮૨) ચાલ્યા ગયા.(આ પ્રચંડ પુરુષાર્થના ફલ સ્વરુપ સૌરાષ્ટ્રમાં સદાવ્રત અને ટુકડો ત્યાં પ્રભુ ઢુંકડોનો નાદ જાગ્યો છે.અને હવે સદાવ્રત માટે દાન દેવાની પ્રણાલિકા પડી છે .આ રીતે આણંદાજીના એક ઓજસ્વી પરંપરા સ્થાપવા માટે કરેલ તપની યોગ્ય નોંધ લેવાઈ નથી.)

તે સમયે પ્રારંભે તેઓ ગોળ અને દાળિયાનો પ્રસાદ સૌને આપતા .એવું પણ બનતું કે વધારે લોકો ભોજન માટે આવેલા હોય તો આણંદાજી પોતાના ભાગની અડધી કોરી પણ ન્યોછાવર કરી પોતે ભૂખ્યા પણ રહેતા. સંવત ૧૭૮૨માં એક દિવસ મોડી સાંજ સુધી સૌને ગોળ દાળિયાનો તો પ્રસાદ આપી, બધા જ ભોજન પાત્રો ખાલી કરી, આણંદાજી ભોજનશાળા બંધ કરવાની તૈયારી કરતા હતા. તે વખતે એક ટોકરીયા સાધુએ આવી અને આનંદજી ને કહ્યું, પ્રસાદ આપો આણંદાજી એ કહ્યું આજનો પ્રસાદ તો પૂર્ણ થયો. હવે કશું નથી. ત્યારે સાધુએ કહ્યું, ટોપલા તો ભરેલા છે, છતાં કેમ ના પાડો છો? વિનમ્ર આણંદાજીએ ખાતરી કરાવવા માટે એક ટોપલો ખોલીને બતાવ્યો,આણંદાજી ના આશ્ચર્ય વચ્ચે એ ટોપલો છલોછલ દાળિયાનો ભરેલો નીકળ્યો! ટોકરીયા સાધુએ કહ્યું ,આણંદાજી, હંમેશા ટોપલાને ઢાંકીને જ રાખજો,તેની અંદર ક્યારે પ્રસાદ ખૂટશે નહીં,તમે હવે ફક્ત દાળિયાનો જ નહીં પણ ભોજનનો પ્રસાદ બધાને આપજો!

આણંદાજી ચમકી ગયા. સંતને ભેટી પડયા. સંતે કહ્યું, બેટા,હું તમારા લોકસેવાના કામથી ખૂબ જ પ્રસન્ન છું! આ જ રીતે જનસેવા કરતા રહેજો, પ્રભુનું સ્મરણ કરતા રહેજો ,સદાવ્રત ચાલુ રાખજો, આણંદાજી જાણે કોઈ સમાધિમાં લીન થઈ ગયા હોય તે રીતે બેસી રહ્યા. સંત મસ્તક પર હાથ મૂકી અને આશીર્વાદ આપી, ચાલ્યા ગયા.

આણંદાજીએ એજ સમયે ગુહાસ્થનો વેશ ઉતરી સાધુવેશ ધારણ કરી લીધો . આણંદાજીએ પોતાનો મીનાકારીનો હુન્નર છોડી દીધો.પૂર્ણ સમય સાધુ સેવામાં ગાળવા કૃતનિશ્ચયી થયા. સાધુ-સંતો માટે ગરીબ લોકો માટે અને ક્ષેત્ર સદાવ્રત ચાલુ કરી દીધું. હવે બધું તેણે ભગવાન ભરોસે છોડી દીધું હતું. આણંદાજી દિવસ ને રાત આ જન સેવાના કાર્યમાં જ લાગી ગયા હતા . આ કામ ઈશ્વરે તેમની પાસે જાણે તેનું કામ હોય તે રીતે મદદ કરી. ગામેગામથી ધાન્યના ગાડા ભરી ખેડૂતો આવવા લાગ્યા, વેપારીઓ ગોળ પહોંચાડવા માંડ્યા,અને આણંદાજીના ભંડાર અભ્યાગતો માટે સાધુ-સંતો માટે ગરીબો માટે સતત ભરેલા રહેવા લાગ્યા. હવે આણંદજી ને બધા આણદાબાવા (એટલે કે અન્નદ અન્ન આપનારઅનેબાવાએટલેપિતાશ્રી)તરીકે ઓળખવા લાગ્યા.સરળતા અને સહજતાના સ્વભાવ ધરાવતા આણદાબાવામાં દંભ તો લેશમાત્ર નહોતો. તેઓ જપ કરતાં કરતાં શેરીઓમાં ફરે, શાંત સ્વરે ટહેલ નાખે, અને કહે, અન્ન અને જળ જો બાંધી રાખશો તો બગડશે ,વાપરશો તો વધશે! દાન કરો, દાન કરો, લોકો ખૂબ દાન આપવા માંડ્યા.સાદો સરળ સ્વભાવ, સામાન્ય પોશાક દંભ રહિત સાલસ વર્તન વાળા આણંદાબાવા સૌને પોતીકા લાગતા. લોકો ખૂબ દાન આપવા માંડ્યા. તેટલા જ પુરજોશથી આણદાબાવા અન્નદાન કરવા લાગ્યા . દ્વારકાનો માર્ગ નગર થઈને નીકળતો . ભારતભરના સંતો મહંતો ભક્તો સાધુ સંતો અને દર્શનાર્થીઓ દ્વારકા જવા માટે જામનગર થઈ અને નીકળતા. દ્વારકા જવા માટે આ એક જ રસ્તો હતો .આ સાધુ સંતો અને યાત્રીઓ ની સાથે નગરના દીન-હીન દુઃખિયા લોકો આણંદાબાવાના આ સદાવ્રત નો ખાસ લાભ લેતા .તે બધા માટે જાણે આણદાબાવાનો પ્રસાદ લેવો તે દ્વારકાધીશની ડેલી પરનું પ્રથમ આચમન થઈ ગયું હતું.

ભારતભરમાં આણંદાબાવાની ખ્યાતિ એટલી બધી વધી ગઈ હતી કે જામનગરથી કેટલાક ગૃહસ્થો કાશી યાત્રાએ ગયેલા. ત્યાં કોઈએ પૂછ્યું, આપ લોગ કહાં સે આ રહે હો ?ત્યારે નગરવાસીઓએ જવાબ આપ્યો કે હમ જામનગર સે આયે હૈ. તો કાશીના એ પંડિતે કહ્યું કે આણદાબાવા કી નગરી સે? આ સાંભળી જામનગરના લોકો ખુશ થયા હતા ! આ રીતે આવતાં-જતાં લોકો આણંદાબાવાના દર્શન અને પ્રસાદનો લાભ લેનાર ભારતભરના યાત્રીઓમાં આણંદાબાવાનું નામ એટલું મોટું થઈ ગયું હતું કે હવે જામનગર, આણંદાબાવા કા જામનગર તરીકે ઓળખાવા લાગ્યું. આણંદાબાવાએ જીવનભર કોઈ પાસે કશું માગ્યું નહીં તે રાજા કે રંક કોઈ પાસે હાથ લંબાવતા નહીં, પરંતુ જાણે પ્રભુ જ તેમની સાથે હતા , તેમનું સદાવ્રત સદાય વધતું ચાલ્યું પોતે જીવનના અંતિમ શ્વાસ સુધી એટલે કે ૯૯ વર્ષ

સુધી આ સેવાનો યજ્ઞ ભગીરથ રીતે ચલાવ્યો પોતાની સેવાનો ભાર શિષ્યો સોંપતી વખતે પણ કહ્યું, ભાઈ, સેવામાં કદી પ્રમાદ ન કરવો,સંત, અતિથિ , અભ્યાગતની સેવા એ પ્રભુની સેવા માનજો! આ બધા પ્રભુના જ જુદા જુદા સ્વરુપ છે! અને લોકોની સેવા એ જ આપણું કર્મ છે. સંવત ૧૮૨૮માં ઈસવીસન ૧૭૭૨ માં મહાસિધ્ધ એવા શ્રી આણંદાબાવા એ સમાધિ લીધી. આજ પણ જામનગરમાં આણંદાબાવા નો ચકલો નામની તેમના બેઠકની જગ્યા છે ત્યાં આણંદાબાવા નું સમાધિસ્થાન પણ છે. આણંદાબાવાની ધ્યાનસ્થ પદ્માસન મુદ્રામાં આરસની પ્રતિમા છે.અને તેમની પાવડી ત્યાં પધરાવેલી છે.ત્યાં અખંડ દીપ જ્યોત સદાય રાખવામાં આવે છે.ગુરુપૂર્ણિમાના દિવસે એટલે કે અષાઢ સુદ પૂર્ણિમાના દિવસે આણંદાબાવા નો જન્મદિવસ પણ હતો અને નિર્વાણ દિવસ પણ તે જ છે, તે દિવસે પ્રતિમાનો વિશેષ ભાવપૂજન કરવામાં આવે છે.

પરંપરાને યોગ્ય ઉત્તરાધિકારી ન મળે તો તે સંસ્થા બહુ કાઠું કાઢી શકતી નથી . લોકસેવાના હેતુથી સ્થપાયેલ સંસ્થાના કાર્યો અને વહીવટ એક સરકારી કચેરીની જેમ ચાલવા માંડે છે.પરંતુ ખુબ જ આનંદની વાત એ છે કે પરમ સિદ્ધ આણંદાબાવાની સ્થાપેલ આ સંસ્થાને એક પછી એક સેવા પરાયણ ઉત્તરાધિકારી સાંપડ્યા છે.

આ સેવાભાવી ગૌરવપ્રદ સંસ્થાના એક પછી એક ઉત્તરાધિકારી ઓ પણ આજ પર્યંત અટલા જ સેવાપરાયણ આવ્યા છે. આણદાબાવાના અનુયાયી તરીકે મુળજી નામના એક શિષ્યને તેમણે મૂળદાસજી નામ આપી અને દીક્ષિત કર્યા. મૂળજી ખૂબ શાંત ઉત્સાહી અને સેવાભાવી હતા. મૂળદાસજી મહારાજે રાજ્યમાં અને પ્રજામાં ખૂબ કીર્તિ પ્રાપ્ત કરી. ખૂબ સેવા કરી તેઓ અશ્વારુઢ થઈ અને ગામડે ગામડે સદાવૃત્ત, માટે સેવા લેવા માટે જતા. તેમણે એક પ્રવાસમાં તરસથી પ્રેરાઈને જામનગરથી આશરે સાતેક કિલોમીટર દૂર એક વાવ બંધાવી. તે ધોરીવાવ તરીકે ઓળખાય છે. આજે તો તે વાવ ની જગ્યાએ ઘણો વિકાસ થયો છે. મુળદાસજી પછી તેમના શિષ્ય પ્રેમદાસજી મહારાજ ઘણા વર્ષો સુધી સેવારત રહ્યાં. ત્યારબાદ રાણીદાસજી નામના સંતને આ ગાદી સંસ્થાન સોંપવામાં આવ્યું.રાણીદાસજી મહારાજ રાણાબાવા નામથી પ્રસિદ્ધ થયા.આ ધીરગંભીર સ્વભાવના મહાત્માએ પગે ચાલીને બદ્રીનારાયણ,જગન્નાથ ,રામેશ્વર એ રીતે ચારધામની યાત્રા કરી હતી.૧૨વર્ષની યાત્રા પૂર્ણ કરી અને પરત આવેલ રાણાબાવાને પ્રેમદાસજી મહારાજે ગાદી સોંપી.રાણાબાવાની સદાવ્રતની સેવામાં રાજ્યના સર્વ ખેડૂત ભાઈઓ ઘેર દીઠ થોડું નિશ્ચિત માપનું અન્ન આપે તે પરંપરા શરુ થઈ.રાણા બાવા પછી મહંત શ્રી રામપ્રસાદજી ગાદી પર આવ્યા. રામપ્રસાદજી વિદ્વાન અને સેવાભાવી વ્યક્તિ હતા.રામપ્રસાદજીના સેવા કાર્યોની અંદર એક વિશિષ્ટતા જોવા મળે છે.તેઓશ્રીએ નગરના લોકોને જ્ઞાન અને માહિતી મળે તે માટે દયારામભાઈ નામના એક વકીલ સાથે મળી, જામનગરની મધ્યમાં તે વખતના જામ વિભાજી પાસેથી વિનામૂલ્યે જમીન લઇ, વિશાળ જગ્યામાં એક વિશાળ લાઈબ્રેરીની સ્થાપના કરી.આજે આ લાઈબ્રેરી નવ દાયકા પછી પણ દયારામ લાયબ્રેરી અને ફ્રી રીડીંગ રુમના નામે ચાલી રહી છે! આ વાત કેમ બતાવે છે કે સાધુ સંતો ફક્ત ભોજન માટે ભોજનશાળા ચલાવી ને સંતોષ માનનાર નહી ,માનવના માનસનો જ્ઞાન,ભક્તિ ,કર્મ અને માહિતીથી સર્વાંગી વિકાસ કરાવનાર હતા.રામપ્રસાદજીએ છપ્પનીયા દુષ્કાળ માં લોકોને અને કપડા વગેરેનું ખૂબ દાન કરેલું હતું. પ્લેગની મહામારીમાં પણ મનુષ્ય ની ખુબ સેવા કરી હતી. આણંદાબાવાએ બાલાશ્રમ નામની એક સંસ્થા પણ સ્થાપી હતી .લોકોને રોજીરોટી માટે હુન્નર મળે, વિદ્યા પ્રેમીઓને સંસ્કૃત ,અંગ્રેજી અને ગુજરાતી ભાષા શીખવા મળે તે માટે પણ શાળા પણ શરુ કરી.ધોરીવાવ પાસે એક રામ રક્ષિત આરોગ્ય ભવનની સ્થાપના કરી.એક દિવ્ય મારુતિજી મંદિર પણ સ્થાપ્યું.રામપ્રસાદજીના પછી વેદાંત પંડિત માયા પ્રસાદજી ગાદી પર આવ્યા

માયા પ્રસાદજી મહારાજ પછી શાંતિ પ્રસાદજી મહારાજ આણદાબાવાની સમાજસેવાની પરંપરાને ખૂબ આગળ વધારી.શાંતિપ્રસાદજી મહારાજની ચીર સેવાઓ અવિસ્મરણીય છે. સંવત ૨૦૨૧માં ગાદી પર બિરાજેલ શાંતિપ્રસાદજીએ સંસ્થાને ખુબ આગળ વધારી.જેમાં વેદાંત પાઠશાળા વગેરે ગણી શકાય.બીજી ઓક્ટોબર ૧૯૭૭ના રોજ પૂજ્ય શાંતિ પ્રસાદજીના દેહાવસાન પછી આજે દેવપ્રસાદજી મહારાજ મહંત પદે બિરાજી સેવા આપે છે.ધર્મપરાયણ અને તેજસ્વી પરંપરાના ઉત્તરાધિકારી દેવપ્રસાદજી મહારાજ વારાણસીમાં ૧૯૭૭ના મે માસમાં શંકર વેદાંત આચાર્યની અંતિમ પરીક્ષામાં પારંગત બની જામનગર આવ્યા. તેમના વાણી-વર્તનમાં આણંદાબાવા સેવા સંસ્થાનના અધિપતિ ને છાજે તેવી શાલીનતા અને સંસ્કારી વર્તન છે.તેમના વડપણ હેઠળ સંસ્થા સેવા કાર્યોમાં ખૂબ જ સક્રિય રહી છે.

સ્થાનિક રીતે માત્ર રુઢિગત પાઠપૂજા જ નહી પણ લોકકાર્યો,સામાજિક કાર્યો અને આધ્યાત્મિક જીજ્ઞાસાને સંતોષવાના કાર્ય કરવા તે આ ધાર્મિક સંસ્થાના સંતોનું વૈશિષ્ટ્ય છે.

મને કોઈ પૂછે કે આણદાબાવાનો પંથ કયો?રામપંથી?કૃષ્ણ પંથી? શાકત? કે શૈવ? અમે કહીશું આણદાબાવાશ્રી માનવપંથી હતા .ભગવાન વ્યાસજીએ કહ્યું છે, નવમનુષાત શ્રેષ્ઠતરમ્ હિ કિંચિત ! માનવથી મોટું કોઈ નથી! મનુષ્યની સેવા એ જ પ્રભુની સેવા છે, ચૈતન્ય સ્વરુપ સર્વત્ર વસનાર પ્રભુ કે જે આપણને નિહાળે છે પરંતુ આપણે તેને નિહાળી શકતા નથી, તે જીવમાત્રનો સર્જક પાલક છે. તે મનુષ્યના

અંતર આત્મામાં વસે છે. કેટલાક સંતો સ્વયંભૂ પ્રગટનારા હોય છે. મહાસિધ્ધ આણંદાબાવાને કોઈ સમર્થ ગુરુ પ્રાપ્ત થયા હોય તેવો ઉલ્લેખ નથી. પરંતુ તેમણે સ્વયં અંતરાત્મામાં પ્રભુને પ્રગટાવી,વારંવાર અંતરાત્મા પાસે માર્ગદર્શન લીધેલ છે.લોક કલ્યાણના હેતુ માટે સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે,

પરમસિદ્ધશ્રી આણંદાબાવા મહારાજશ્રી એ સૌરાષ્ટ્ર ની પાવન ધરા પર સદાવ્રત સેવા પ્રવૃત્તિનો સૌ પ્રથમ પ્રારંભ કર્યો. તે પહેલા સંપ્રદાયના કે ધર્મના વાડાને અતિક્રમીને ચાલતી, દૈનિક અન્નક્ષેત્રની કોઈ પરંપરા સૌરાષ્ટ્રની પાવન ધરા પર નહોતી.પરંતુ પંજાબમાં જેમ શીખ ગુરુઓને એક ઓકારપરમતત્વએ લંગરની પ્રેરણા આપી.જાણે તે જ પરમ તત્વ એ આણંદાબાવાશ્રીને માનવતાના નામ પર,માનવ માત્ર માટે સદાવ્રત સેવા પ્રવૃત્તિ કરવાની પ્રેરણા આપી.આ પછી તો સૌરાષ્ટ્રમાં અન્નક્ષેત્રની એક સુદીર્ઘ માનવીય પરંપરા ઉભી થઇ.પૂજ્ય જલારામ બાપા,અન્ય ટેલિયા સંતો,તે બધા એ ઉજ્જ્વળ પરંપરાની પવિત્ર માળાના મણકા છે,પરંતુ આ માળાના મેરનો મણકોતો આણંદાબાવાશ્રી હતા. માનવ સેવા માટે અન્નક્ષેત્ર શરું કરનાર આદિ જ્યોત આણંદાબાવા શ્રી હતા.

આજથી ત્રણ સો વર્ષ પહેલા આ સંસ્થાના આદ્યસ્થાપક શ્રી આણંદાબાવા મહારાજશ્રીએ આણંદાબાવાના ચકલા તરીકે ઓળખાતી જગ્યાએ ગોળ અને દાળિયાના સદાવ્રત સેવા પ્રવૃત્તિનો પ્રારંભ કરેલ. આજે નાની મોટી ૩૧ થી પણ વધારે સેવા પ્રવૃત્તિઓ કરતી એક વિશાળ વટવૃક્ષ સમી સંસ્થા બની ગઈ છે જે પૈકીની કેટલીક વિશિષ્ટ શાખાઓ આ પ્રમાણે છે.

૨ એક શ્રી આણંદાબાવા સદાવ્રત સેવા સંસ્થા (જેમાં સાધુ સંતો તથા નિરાધારોને ભોજન આપવામાં આવે છે)

આણંદાબાવા અનાથ બાળાશ્રમ જામનગર

આણંદાબાવા મહિલા વૃદ્ધ આશ્રમ

આણંદાબાવા વેદાંત સંસ્કૃત પાઠશાળા અમે મહાવિદ્યાલય, ધોરી વાવ

આણંદાબાવા સંચાલિત બહેરા મૂંગા બાળકોની શાળા, જામનગર

આ ઉપરાંત વિવિધ જનહિત અને જનકલ્યાણની વીશ જેટલી સંસ્થાઓ કાર્યરત છે જે ટ્રસ્ટ અને ઈન્કમટેક્સમાં રજીસ્ટર્ડ છે જેનું દાન કર કપાતને પાત્ર છે.

સંસ્થાની સેવા પ્રવૃત્તિઓ માટેની દાનની રકમ ઉપર ઈન્કમટેક્સમાં ૫૦% માફી મળે છે.

સંસ્થાનું સરનામું : આણદાબાવા આશ્રમ, લીમડા લેન, જામનગર ૩૬૧૦૦૧,ગુજરાત

✠ ✠ ✠ ✠

પરિચય :

સતીશચંદ્ર વ્યાસ શબ્દ

જામનગર સ્થિત આર્મીના પૂર્વ અધિકારી એ વર્ષો સુધી સરકારી તાલીમ સંસ્થાઓમાં અધ્યાપક તરીકે કામ કર્યું. ગુજરાતી ભાષાના આ પ્રતિષ્ઠિત કવિએ રવિન્દ્ર સાહિત્ય અને બંગાળી બાઉલ સંતો પર શંસોધન કરી ગ્રંથ લખ્યા છે.

બીજેશ ૪, મોમાઇનગર ગાંધીનગર પાસે,

જામનગર ૩૬૧૦૦૫, મોબ. ૯૪૨૯૨ ૭૨૧૪૯.

Email : vyasshabdgmail.com

# સંતવાણીનો વિલક્ષણ પ્રવાહ : અવળવાણી

- ડૉ. રવજી રોકડ

સંતસાહિત્યના ઉદ્ભવ સંદર્ભે પ્રવર્તતા મત-મતાંતરોમાં એક મત એવો છે કે, સંત સાહિત્યનો ઉદ્ભવ પંદરમી સદી દરમ્યાન ભારતમાં થયેલા મુસ્લીમ આક્રમણના પ્રત્યાઘાતરૂપે પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે તે સંત સાહિત્યના મૂળ તો નાથ, બૌદ્ધ પરંપરાથી આગળ વધીને છેક વૈદિક પરંપરામાં પડેલા જોઈ શકાય છે. બીજી રીતે કહીએ તો જન માનસની નોળવેલ જેવા આ સંત સાહિત્યના પ્રાદુર્ભાવના મૂળ સતત પ્રવાહમાન એવી ભારતીય ચિંતનધારા સંબંધિત લોકો આંદોલન અને લોકભાષાના ક્રમશઃ વિકાસમાં પડેલા છે.

આપણે જાણીએ છીએ કે ભારતીય ચિંતનધારા સતત પ્રવાહમાન, ગતિશીલ અને વિકાસશીલ રહી છે. વૈદિક સાહિત્યથી માંડી સંતોની ગૂઢ-રહસ્યાત્મક વાણીની આવિર્ભાવ સુધી દાર્શનિકોએ તત્કાલીન સમાજમાં પ્રચલિત અંધશ્રદ્ધા, કુરિવાજ, રૂઢિઓ, બંધનો, માન્યતાઓ વગેરેનો અનેકવાર પ્રતિકાર કર્યો છે. વૈદિક જડ કર્મકાંડના વિરોધમાં સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. કહો કે બાહ્ય આડંબરો અને સિદ્ધાંતોની ચુંગાલમાંથી છૂટી લોક સંવેદનાએ બૌદ્ધ અને જૈન ધારાનું શરણ સ્વીકાર્યું. પરિણામ સ્વરૂપ તત્કાલીન લોક સમુદાયે બૌદ્ધ સાધુઓના ઉપદેશ મુજબ પરમતત્વને પામવાની સાધના ધારા સ્વીકારી.

સમયાંતરે જ્યારે બૌદ્ધ પરંપરાની હિનયાન અને મહાયાન જેવી શાખાઓ વચ્ચે વધતા જતા કલહ, ખાસ કરીને મહાયાનની મંત્રયાન અને વજ્રયાન જેવી ઉપશાખાઓમાં તંત્રના બહાને વધતા જતા અનાચાર અને કુરિવાજો તેમજ શૈવ પરંપરા સાથે તેના સતત સંઘર્ષોને કારણે સાધનાન્મુખ લોક ચિંતકોએ બૌદ્ધ પરંપરા પરનો વિશ્વાસ ગુમાવ્યો. બીજી બાજુ શંકરાચાર્ય અને કુમારિલ જેવા આચાર્યેની પ્રતિભાથી વૈદિક ધર્મનું પુનરુત્થાન થતાં તેમજ યુગ પુરુષ ગોરખનાથ જેવાના પ્રાદુર્ભાવથી સમગ્ર

લોક સમાજ ફરી જાગૃત થયો. આ સાથે જૈન પરંપરા પણ બ્રાહ્મણધર્મની જેમ પોતાની મર્યાદા છોડી ન શકી, એટલે તળપદ લોક સમાજે એની આંગળી પણ છોડી દીધી. આ બાજુ કહેવાતા સુસંસ્કૃત સમાજે ઠોકી બેસાડેલા ઊંચ-નીચ, છૂત-અછૂતના ખ્યાલો, પંડિતોની તત્વજ્ઞાન સંબંધિત અહં ભાવના, જન્મજાત ઊભી કરેલી વર્ણવ્યવસ્થા વગેરે જેવા વિસંવાદિત ઘટકોએ પદચ્યૂત સમાજને સંગઠિત થવાનો અવસર પૂરો પાડ્યો. જેની પ્રતિક્રિયારૂપ લોક સમાજે ગોરખનાથ જેવા મહાત્માઓ, સંતો અને ગુરૂઓનો આશ્રમ મેળવી તેમની સાધનાધારા સ્વીકારી.

આ સંદર્ભે 'સોરઠી સંતવાણી'ના પ્રવેશક (પૃ.૧૭ થી ૧૯)માં શ્રી ઝવેરચંદ મેઘાણીએ કરેલા નિર્દેશો નોંધનીય છે.-'...પણ ભજનવાણી એકદેશીય નથી. આ ગોરખ, આ દેવાયત, આ રવિ, મોરાર, જેઠીરામ, લાખો લોયણ, એ કેવળ નિર નિરાળી વ્યક્તિઓ નથી. તેમના ભજનો એ નોખનોખા વાદ વચ્ચે વિતંડા માંડતી કૃતિઓ નથી. તેમની વાણીનું એક સમુચ્ચય સ્વરૂપ છે. એ શબ્દોમાં સમષ્ટિનાં આત્મમંથનો સાકાર બન્યાં છે. મહાવૃક્ષની જૂજવી ડાળીઓ, સર્જનહારનાં સ્તોત્રો, ગુરુ શરણાગતિના અને ગુરુપ્રશસ્તિનાં પદો, ગુરુવિરહ અને પ્રભુવિરહના પ્રેમલક્ષણાત્મક ભક્તિપુકારો, આત્માને ચેતવનારાં ભજનો, મનખાદેહનાં મૂલ્ય દાખવતાં પદો, યોગસાધનાનાં, વૈરાગ્યનાં, બ્રહ્માનંદ-મસ્તીનાં, આગમનાં, અવળવાણીનાં, આખ્યાયિકાઓ, પ્રભાતીયાં, આરાધ, રવેણી,સાવળ, આ તો બધાં એકજ ચૂંદડીના તાણાવાણા છે... ભક્તિરસની આ ચૂંદડીનો ઉદ્‌ભવ માત્ર સૌરાષ્ટ્ર નહોતો, ભારતવ્યાપી હતો. ચૌદમી સદીનો એ વિરાટ ચમત્કાર હતો. આગલા યુગોથી ભિન્ન એક વિચારધારા અને વાણીધારા જનતા સમસ્તમાં રેલાઈ ગઈ. દર્શનશાસ્ત્રના પાંડિત્ય પર અને સંસ્કૃત ભાષાના આડમ્બર પૂર્ણ વિલાસ પર એક પ્રહાર થયો-કોઈ કહે ઈસ્લામની અસર, કોઈ કહે ઈસાઈ ધર્મનો પ્રભાવ. પરંતુ આજના અભ્યાસીઓએ પુકારીને કહ્યું છે કે ઈસ્લામની તલવારે તારાજ કરેલી ભારતીય પ્રજાના પરાજિત માનસે શોધેલું આ છટકવાદી, હતાશાયુક્ત શરણ નથી. એતો ભારતીય ચિંતનધારાના સાતત્યવંતા વિકાસક્રમની સ્વાભાવિક નવભૂમિકા છે.'

આ રીત સંતસાહિત્યના પ્રાદુર્ભાવમાં કોઈ એકાદ ઘટના નહીં પણ સતત પ્રવાહિત એવી ભારતીય ચિંતનધારા, જન આંદોલનની ક્રિયા-પ્રતિક્રિયા, લોકભાષાનો સ્થાપના કાળ, વિધર્મિઓના આક્રમણ, પરંપરાનો નિર્વાહ, લોકસમાજમાં વ્યાપ્ત અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજ, રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક પરિસ્થિતિ અને આસૂરિ તત્વો, એમ અનેકવિધ પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

ઉપર્યુક્ત કારણોસર સારાયે ભારતમાં ઉદ્‌ભવેલ ભક્તિ આંદોલન અને તદ્‌જન્ય સંત સાહિત્યનો પ્રભાવ, ઉત્તર મધ્યકાલ સુધીના સમયગાળામાં સમગ્ર ભારતમાં પ્રસરી ચૂક્યો હતો. પ્રકૃતિના ખોળે ઉછરનારા લોકસંતોએ વૈદિક જડ ક્રિયાકાંડોનો વિરોધ કરી, સંસારની વચ્ચે રહીને પણ પરમતત્વની ઉપાસના થઈ શકે એવી સહજ સાધના સ્વીકારી અને વિકસાવી. ઊંચ-નીચ, નાત-જાત વગેરેના ભેદ-ભાવ મીટાવી, નિમ્ન વર્ગને પણ આ સાધનાનો અધિકાર પ્રાપ્ત થાય એવાં વલણો અખત્યાર કર્યા. પરિણામે સંપ્રદાયની જટાજાળમાં અટવાતી પ્રજાને રાહત મળી. સાફ-સૂથરી જીવનશૈલી, કહેણી એવીજ રહેણી અને લોકાભિમૂખ બની રહેવાની ઉમદાવૃત્તિને કારણે આ લોકસંતોને લોકસમાજમાંથી પણ બહોળો પ્રતિસાદ મળ્યો.

ધીમે ધીમે ભજનિક સંતોની વાણીમાં વૈયક્તિક અનુભૂતિ, નિજી અનુભવો, કંઠોપકંઠ ઝીલાતું આવતું પરંપરાનું જ્ઞાન, પોતાના પ્રાંતની અને પોતાની આગવી જીવનશૈલી વગેરે જેવા તત્વો ઉમેરાતા, ભારતના દરેક પ્રાંતમાં સંતવાણીના નિર-નિરાળાં રૂપ વિકસતા ગયા. કંઠોપકંઠ પરંપરાને કારણે કોઈ પ્રદેશ, ભાષા કે સંત દ્વારા થયેલા પ્રયોગોનું અન્ય દેશ કે ભાષાઓમાં અનુકરણ-અનુસરણ પણ થયું.

આટલી ભૂમિકા સાથે અહીં આપણાં મધ્યકાલીન સાહિત્યની આગવી ધારારૂપ સંતવાણીના વિશિષ્ટ એવા શૈલી વિશેષ 'અવળવાણી' પ્રકારની રચનાઓનું વિહંગાવલોકન કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

વાણી શબ્દની આગળ 'અવળ' વિશેષણ લાગીને બનેલા 'અવળવાણી' શબ્દનો સાદો-સીધો અર્થ થાય 'ઊલટું', 'અવળું' કે 'વાંકું' કથન. અવળવાણી મૂળે તો એક પ્રકારની ભાષાશૈલી છે. જેમાં સાધક પોતાની અલૌકિક અનુભૂતિને સાદી-સરળ રીતે નહીં, પણ પ્રતીકાત્મક રીતે રજૂ કરે છે. આ શૈલીની લાક્ષણિકતા જ એ છે કે, એનું સમગ્ર કલેવર પ્રતીકોથી ઘડાયેલું હોય છે. વળી આ પ્રતીકો વ્યવહાર જગતથી સંબદ્ધ નહીં પણ અસંબદ્ધ રીતે ક્રિયાશીલ હોય છે. દા.ત. આપણે એમ કહીએ કે, 'માછલી રૂખા ચડ ગઈ' ત્યારે માછલી સાથે સંકળાયેલા વાસ્તવિક અધાસો વિચલિત થાય છે. પરિણામે પ્રત્યાયન દુષ્કર બની જાય છે.

અહીં પ્રશ્ન એ થાય કે, સરલચિત્ત એવા આ લોકસંતો શા માટે આવી દુષ્કર, ન સમજાય તેવી ભાષા-શૈલીમાં પોતાના ભાવોને અભિવ્યક્ત કરે છે? તો તેનું કારણ એ છે કે, મધ્યકાલીન સમયમાં આપણાં લોકસંતોએ લોક શિક્ષણનું કાર્ય કરતાં કરતાં જીવાત્માના કલ્યાણ કે મોક્ષાર્થે જ્ઞાન, ભક્તિ, યોગ અને કર્મની સાધના પણ કરી છે. ખાસ કરીને યોગ સાધના દરમીયાન કોઈપણ સાધક જ્યારે સાધનામાં ઊંડો ઉતરે છે અને તેને જ્યારે બ્રહ્મતત્વની અનુભૂતિ થાય છે એ અનુભૂતિ જ એવી રહસ્યાત્મક હોય છે કે તેને અનુભૂત એવું આ બ્રહ્મતત્ત્વ એકબાજુથી સૂક્ષ્માતિસૂક્ષ્મ લાગે છે અને બીજી બાજુથી અત્યંત વિરાટ લાગે છે. એક બાજુથી તેને બ્રહ્માંડ સ્થિર લાગે છે તો બીજી બાજુથી તેને એજ બ્રહ્માંડ અત્યંત ગતિશીલ લાગે છે. જેને વ્યવહારની ભાષામાં અભિવ્યક્ત કરવાનું અત્યંત મુશ્કેલ બની જાય છે.

આ સંદર્ભે ડૉ. સુરેશ જોષીએ કરેલા નિર્દેશો ધ્યાનાર્હ બની રહે છે. તેઓ લખે છે કે, 'પરમતત્વના વર્ણનમાં ભાષા અધૂરી લાગવાને કારણે અવળવાણી 'Language of paradox' નો આશ્રય લેવાની જરૂર સાધકોને પક્ષે ઊભી થાય છે.

આ ઉપરાંત સાધક એવા સંતકવિ માટે આ પ્રકારની અભિવ્યક્તિગત બીજી અનિવાર્યતા એ છે કે, નિર્ગુણ સાધનાના પરિપાકરૂપે તેમને લાધેલ બ્રહ્મજ્ઞાન એટલું મૂલ્યવાન હોય છે કે જો તેને

સાદી-સરળ ભાષામાં વ્યક્ત કરવામાં આવે તો તે કોઈ અનઅધિકારી કે કુપાત્રના હાથમાં પડી પણ ગણાય. આવી સ્થિતિમાં પોતે પ્રાપ્ત કરેલ સિદ્ધિ કે રહસ્યની પવિત્રતા અને ગુપ્તતા જળવાઈ રહે એ માટે સંતકવિ પોતાના અલૌકિક, ગહન અને સૂક્ષ્મભાવોને અભિવ્યક્ત કરવા ભાષાના વ્યવહારિક માળખાને પરહરી, પ્રતીકોના સહારે, પ્રતીકોને પણ તેના મૂળ અર્થથી વિચ્છેદી યૌગિક પરિભાષામાં અવળવાણીના માધ્યમે ભાવાભિવ્યક્તિ સાધે છે.

અવળવાણી પ્રકારની રચના એ મૂળે નિર્ગુણ-નિરાકારની સાધના-ઉપાસનાની ફલશ્રુતિ છે. સાધનાના ક્ષેત્રે યોગી કે સાધક, ખાસ કરીને હઠયોગ અંતર્ગત 'મીનમાર્ગ'નો માર્ગ અપનાવી, સંસાર તરફ વહેતી ચિત્તવૃત્તિઓને ઉલટાવી ઊર્ધ્વમુખી બનાવે છે. જેને નાથ સંપ્રદાય 'ઊલટા સાધન' તરીકે ઓળખાવે છે. બૌદ્ધ ધર્મમાં તેને પરાવૃત્તિના માર્ગ તરીકે ઓળખવામાં આવે છે. આપણાં સાંઈ મકરન્દ દવે તેને 'વૈતરણી' (૨) તરીકે ઓળખાવ છે. સૂફી સાધકો પણ આ પ્રકારની સાધનાને નાથ પરંપરાની જેમ 'ઊલટા સાધન' તરીકે ઓળખાવે છે. સાંઈ બુલ્લેશાહ કહે છે-

ઉલટી ગંગ બહાઈઓ રે સાધો, તબ હદિર્શન પાએ,
ઉલટે પાંઉ પર કુભકરન જાએ, તબ લંકા કા ભેદ ઉપાએ! (૩)

આમ, સંતો દ્વારા પ્રયુક્ત એવી આ કાવ્યધારાનો મૂળસ્રોત 'મીનમાર્ગ' હોય તેમ જણાય છે અને તેનો વર્ણ્ય વિષય નિર્ગુણ સાધના જન્ય અલૌકિક અનુભૂતિ છે.

ગુજરાતી લોકસંતો દ્વારા રચાયેલ અવળવાણી પ્રકારના કતૃત્વને ઐતિહાસિક દૃષ્ટિકોણથી તપાસીએ તો આ પ્રકારની રચનાઓના મૂળ આપણને પલટૂસાહેબ, સુન્દરદાસ, નાનક, કબીર વગેરે ભારતીય સંત કવિઓ, નાથ પરંપરા અને સિદ્ધૌની સંધાભાષા તેમજ થોડાં વધારે પાછા જઈને કહીએ તો વૈદિક સંસ્કૃતિમાં પડેલા જોવા મળે છે.

છેક વૈદિકકાળથી વહેતો આવતો આ ગંગા પ્રવાહ, ભાષાના ક્રમશઃ વિકાસ સાથે બૌદ્ધ, સિદ્ધ, નાથ, જેવા ઘાટોમાંથી પસાર થઈ ગુજરાતી લોકસંતો દ્વારા કેવા રૂપે પરિષ્કૃત થાય છે તેનો આલેખ, ક્રમશઃ નમુનારૂપ ઉદાહરણોથી સમજતા જઈએ.

વેદોમાં અનેક એવા મંત્રો મળી આવે છે, જેમાં માનવ શરીર અને બ્રહ્માંડના રહસ્યોનું વર્ણન પરોક્ષકૃતા એવી અસંબદ્ધ પ્રતીકાત્મક શૈલીના સહારે કરવામાં આવ્યું છે. જેમકે,

માનવ શરીરની રચના કે પિંડ શોધન સંદર્ભે 'ઋગવેદ સંહિતા-૫/૪૭/૫'માં કહેવાયું છે કે, 'ઈદંવપુર્નિવચનં જનાસશ્ચરન્તિ યન્નધસ્તસ્પુરાય.' અર્થાત, હે મનુષ્યો આ શરીર ખરેખર ધ્યાન દેવા યોગ્ય છે. તેમાં નદીઓ વહે છે અને જલ સ્થિર છે. આજ રીતે બ્રહ્માંડના રહસ્યો અને તેની વ્યુત્પત્તિના રહસ્યોને પ્રગટ કરતા વેદ કહે છે-

ચ ઈ ચકાર ન અસ્ય વેદ ય ઈ દદર્શ હિરુગિન્નુ તસ્માત,
સમાતુર્યોના પરિવીતો અન્તર્બહુ પુજા નિઋતિમાજ ગામ.(૪)

અર્થાત, જેમણે તેને બનાવ્યો તે એના વિશે કશું જ જાણતો નથી. જેમણે તેને જોઈ લીધો તેનાથી પણ સંતાયેલો છે. તે પોતાની માતાના ગર્ભમાં છે છતાં તેને અનેક સંતાનો છે. તેમ છતાં તે વિનાશ અને મૃત્યુના દેવતા છે. આ ઉપરાંત ઋગ્વેદ-૧૦/૧૧૭/૮, ઋગ્વેદ સંહિતા-૧/૧૬૪/૨૦,૩૩,૩૭, અથર્વવેદ સંહિતા-૧૦/૮/૯, કઠોપનિષદ-૧/૨/૨૧,૨/૩/૧, શ્વેતાશ્વરોપનિષદ્-૬/૧૪, ૩/૧૪ વગેરે ઋચાઓ આ સંદર્ભે જોવા જેવી છે.

પોતાની સત્વશીલ ધાર્મિકતા અને લોકાનુગ્રહને કારણે આજ સુધી ભારતીય સાહિત્યને અનુપ્રાણિત કરતા આવતા આર્ષકાવ્યો અને પૌરાણિક વાડંમયે પણ મધ્યકાલીન લોકસંતો ઉપર પ્રભાવ પાડ્યો છે. ખાસ કરીને અવળવાણી અંતર્ગત આ સમયમાં સાધનાકીય ક્ષેત્રે, અમૂર્ત-સૂક્ષ્મ ભાવોને અભિવ્યક્ત કરવા થયેલા પ્રયોગો જોવા જેવા છે. જેમકે,

ઊર્ધ્વમૂલમધઃ શાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્,
છંદાસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદવેદવિત્. (૫)

અર્થાત, જેના મૂળ ઉપર તરફ અને શાખાઓ નીચે તરફ છે તેમજ વેદ જેના પાંદડા છે એવા અશ્વત્થ વૃક્ષને જે જાણે છે તે જ સાચો વેદવેત્તા છે. અહીં સંસારરૂપી સનાતન વૃક્ષના રહસ્યને અસંબદ્ધ પ્રતીકાત્મક રૂપે અભિવ્યક્ત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અવળવાણી પ્રકારનું રચના કૌશલ મહાભારત (આદિપર્વ)-૧/૩/૧૪૭, શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણ-૧૦/૨/૨૬, ૧૧/૧૨/૨૨, હઠયોગ પ્રદીપિકા-૩/૪૮/૪૯ વગેરે સ્મૃતિ વાઙગમયમાં પ્રગટ થયેલું જોવા મળે છે.

શ્રુતિ અને સ્મૃતિ વાઙમયમાંથી પ્રાપ્ત થતી આ અને આવી અનેક અવળવાણી સંપૃક્ત ઋચાઓને આધારે કહી શકાય કે, અવળવાણી પ્રકારની રચનાઓના મૂળ વેદ-વેદોત્તર તેમજ પૌરાણિક સાહિત્યમાં પડેલા છે.

બૌદ્ધ-સિદ્ધોનું સાહિત્ય 'બૌદ્ધગાનઓ દોહા' (શૌરસેની અપભ્રંશ દોહા) તથા 'ચર્યાપદો'ના રૂપે પ્રગટ થયેલું છે. જેમાં સિદ્ધોએ પોતાની સાધનાકીય અનુભૂતિને એવી રીતે અભિવ્યક્ત કરી છે કે તેના મર્મને તેનો અનુયાયી દીક્ષિત વર્ગ જ પામી શકે. વામમાર્ગના અનુયાયીઓની જેમ આ સિદ્ધોએ પણ પોતાના સાધનાકીય રહસ્યોને ગુપ્ત રાખવા અને પોતાના દર્શન-વિચાર ને આગવી રીતે પ્રસ્થાપિત કરવા ગૂઢ, રહસ્યાત્મક એવી પ્રતિકાત્મક શૈલી અખત્યાર કરી. જેને પરંપરાગત રીતે 'સંધ્યા' કે 'સંધાભાષા' તરીકે ઓળખવામાં આવે છે.

બૌદ્ધ-સિદ્ધોના વાઙમયમાં ક્યાંય ઉલટવાસી કે અવળવાણી એવો શબ્દ પ્રયોજાયેલો નથી, પરંતુ અવળવાણીનું સમ્યકરૂપ સૌ પ્રથમ આપણને આ બૌદ્ધ-સિદ્ધો પાસેથી પ્રાપ્ત થાય છે. દા.ત.

ટાલત મોર ઘર નહિ પડવેશી, હાડીત ભાત નહિં નિતિ આવેશી,
બેડગસ સાપ વડહિલ જાઅ, દુહિલ દુધુ કિ ઘેણ્ટે સમાઅ,
બદલ બિઆઅલ ગવિઆ બાંઝે, પિટા દુહિઅઈ એ તિણા સાંઝે,
જો સો બુધ્ધિ સોઈ નિબુધિ, જો સોઈ ચોર સોઈ સાધી,
નિતિ નિતિ સિઆલ સિંહ સમજુઝઅ, ઢેણઢણપાએર ગીત બિરલે બુઝઅ. (૬)

અર્થાત, આ નગરમાં મારું ઘર છે પણ ત્યાં કોઈ મારો પાડોશી નથી. હાંડલીમાં ભાત નથી છતાં અતિથિ રોજ ભોજન માટે આવે છે.

દેડકો સાપને ગળી ગયો છે. દોયેલું દુધ પાછું સ્તનાવૃત થઈ રહ્યું છે. બળદને પ્રસૂતિ થઈ છે અને ગાય વાંઝણી થઈ ગઈ છે. વાછડો ત્રણે સમય દોવાઈ રહ્યો છે. જે બુદ્ધિમાન છે તે જ મૂર્ખ છે. અને જે ચોર છે તે જ સાધુ છે. શિયાળ રોજ ઊઠીને સિંહ સામે ઝઝૂમે છે. ઢેણઢણ પાદના આ ગીતને કોઈ વિરલા જ સમજી શકે.

આ પરંપરાના સિદ્ધ સરહપાદ, ગુંડરીપાદ, ઢેણઢણપાદ, કુકરીપાદ, શબરપાદ, કાણ્હુપાદ, ધામપા, કૃષ્ણાચાર્યપાદ, ભુસુકપાદ વગેરે પાસેથી પણ સાધનાકીય રહસ્યોને પ્રગટ કરતી ગૂઢાર્થયુક્ત, અટપટી, પ્રતીક પ્રધાન, વિરોધ મૂલક અવળવાણી શૈલીની રચનાઓ મળી આવે છે.

બૌદ્ધ-સિદ્ધોના સાહિત્મમાં મળી આવતી અવળવાણી શૈલીની પરંપરા પ્રાચીનકાળથી ચાલી આવતી હોવાનું સિદ્ધ થાય છે. પરંતુ, આ પ્રકારની શૈલીનો ક્રમિક વિકાસ અને લોકભાષામાં તેનો પ્રયોગ સિદ્ધો દ્વારા જ પ્રસ્થાપિત થાય છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સિદ્ધોએ પોતાની અધ્યાત્મ અનુભૂતિ બ્રહ્મતત્ત્વને શબ્દરથ કરવા વૈદિક પરંપરાની પરિભાષા સાથે લોકવ્યવહારની ભાષાને કામે લગાડી, વ્યાવહારિક તત્ત્વોને પ્રતીકાત્મકરૂપે પ્રયોજી, આ પ્રકારની અભિવ્યક્તિનું ચોક્કસ રૂપ બાંધી આપ્યું. જે અવળવાણી શૈલીના વિકાસનું મહત્વનું સોપાન બની રહે છે.

મધ્યકાલીન ભારતીય સંત સાહિત્ય ઉપર, જેનો અન્ય નાથયોગીઓ જેવા કે, ચારંગીનાથ, જાલંધ્રીપાલ, ગરીબનાથ, ભરથરી વગેર પાસેથી સંપૂર્ણ રીતે સ્વરૂપબદ્ધ થયેલી અવળવાણી શૈલીની રચનાઓ માતબર સંખ્યાઓ મળી આવે છે. એકાદ ઉદાહરણ જોઈએ.

આંબિલિયો થલિ મૌરિયો, ઉપરિ નીંબ બિજૌરે ફલિયો.
સો ફલષાતા લાગૈ મીઠો, જાંણૈ રે જિન ગુરુ પ્રસદૌ દીઠો.
ઊંટ સિચાણૈ જબ ગ્રહ્યો જાઈ કૈરો ડાલી બૈઠો.
બાંઝે બેટ જનમિયૂં નૈણ પુરિષ ન દીઠૌ.
લાકડ ડૂબૈ સિલ તિરૈ, દેષતાં જગ જાઈ.
ઊંટ પ્રનાલે બહિ ગયો, સુસિલ્યૌ પૌલી ન માઈ.
ડુંગરિ મંછા જલિ સુસાં, પાંણી મેં દોં લાગા.
અરહટ બહે તુસાલવાં, સૂલે કાંટા ભાગા.
એક ગાઈ નૌ બછડા પંચ દુહબા જાઈ.
ઈક ફૂલ સોલહ કરંડિયાં માલની મન મૈં હરિષ નમાઈ.
પગાં બિહૂડૈ ચોરી કીધી, ચૌરી નૈ આંણી ગાઈ.
મછિંદ્ર પ્રસાદૈ ગોરષ બોલ્યા, દૂઝૈ પાણીન બ્યાઈ.(૭)

અર્થાત, આંબો મૂળમાંથી મ્હોરી ઊઠ્યો છે અને તેના ઉપર લીમાડાના ફળ લાગ્યા છે. ગુરુની કૃપાથી જાણ્યું કે આ ફળ ખેખર મીઠું છે. બાજપક્ષી ઊંટને પકડીને વૃક્ષની ડાળ ઉપર બેસી ગયું છે. કોઈ પુરૂષને જોયા-મળ્યા વગર વાંઝણી સ્રીએ બાળકને જન્મ આપ્યો છે. પથ્થર તરે છે ને લાકડું ડૂબી રહ્યું છે. આ રીતે નષ્ટ થઈ રહેલાં સંસારને જગત જોઈ રહ્યું છે. ઊંટ બાકોરામાંથી નિકળી ગયો અને સસલો દ્વાર પર આવીને અટકી ગયો. પાણીમાં આગ લાગતા માછલી ડુંગરા ઉપર ચઢી ગઈ. રેંટ ઉપરનો ઘડો તરસ્યો થાય અને શૂળથી કાંટો નીકળી જાય. એક ગાયને નવ વાછરડાં છે. અને વાછરડાંને પાંચ જણાં દોહી રહ્યાં છે. એક ફૂલ ખીલ્યું છે એને સોળ પાંખડીઓ છે. માલણ આ ફૂલ જોઈને મનમાં ને મનમાં હરખાઈ રહી છે. પગ અને પદરવ વિના ચોરે ગાયની ચોરી કરી છે. આ ગાય વિયાયા વિના જરામરસ કે અમૃતરૂપી દૂધ આપે છે. આમ મછીંદ્રના પ્રસાદથી જતિ ગોરખ કહે છે.

વૈદિક કાળથી પ્રયોજાતી આવતી આ શૈલીને સ્વરૂપબદ્ધ અને આકારબદ્ધ કરવાનો યશ ગોરખનાથના ફાળે જાય છે. પૂર્વ પરંપરામાં પ્રતીક પ્રધાન એવી આ શૈલીમાં પ્રતીકોનો પ્રયોગ મર્યાદિત હતો જ્યારે નાથ પરંપરામાં પ્રતીક પ્રયોગ અર્થસંકોચ અને અર્થ વિસ્તાર એમ બન્ને રીતે વિકાસ સાધે છે.

ભારતીય સંતસાહિત્યની સરવાણી તો કબીરસાહેબ અને તેના દાદાગુરુ સ્વામી રામાનુજ પહેલાથી સજીવન થઈ ચૂકી હતી. જેનું વિકસિત રૂપ આપણે જ્ઞાનદેવ, નામદેવ, જયદેવ, ત્રિલોચન, સદન, બેની વિગેરેમાં જોઈ શકીએ છીએ.

ભારતીય લોકસંતોમાં કબીરસાહેબ, ધની ધરમદાસ, ગુરુનાનક, દાદુયાળ, હરિદાસ, બાબા મલુકદાસ, જગજીવનસાહેબ, દરિયાસાહેબ (બિહાર), દુલનદાસ, બુલ્લાસાહેબ, ગુલાબ સાહેબ, ગરીબદાસ, ભીખાસાહેબ, સ્વામી શંકરદાસ, સંતશિવદયાલ, હંસસાહેબ વગેરે પાસેથી માતબર સંખ્યામાં અવળવાણી પ્રકારની રચનાઓ મળી રહે છે.

અહીં ભારતીય સંત પરંપરામાં જેનું સ્થાન મોખરાનું છે તે કબીરસાહેબની એક રચના જોઈએ...

કૈસે નગરિ કરૌ કૂટવારી, ચંચલ પુરિષ બિચષન નારી,
બૈલ બિયાઈ ગાઈ ભઈ બાંઝ, બછરા દૂહે તીન્યૂં સાંઝ,
મકડી ધરી માષી છછિહારી, માસ પસારિ ચીલ્હ રખવારી
મૂસા ખેવટ નાવ બિલઈયા, મીંડક સૌવે સાપ પહરઈઆ,
નિતિ ઉઠિ સ્યાલ સ્યંઘ સૂં ઝૂઝૈ, કહે કબીર કોઈ બિરલ બૂઝૈ. (૮)

અર્થાત, જે નગરીમાં ચંચલ પુરૂષ અને ઝહેરીલી સ્રી વસે છે તે નગરીની રખેવાળી કેમ કરશો? બળદને પ્રસૂતી થઈ છે, ગાયને વંધ્યત્વ આવ્યું છે અને વાછડો દરરોજ ત્રણ વખત દોવાઈ રહ્યો છે. માંખી કરોળિયાના ઘરમાં પ્રવેશી રમૂજ કરી રહી છે. સમડી માંસની રક્ષા કરી રહી છે. ઊણદર બિલાડીને હોડીમાં બેસાડીને લઈ જઈ રહ્યો છે. દેડકો સૂતો છે ને સાપ ચોકી કરે છે. શિયાળ રોજ ઊઠીને સિંહ સાથે ઝઝૂમે છે. કબીર કહે આ પદને કોઈ વિરલા જસમજી શકે.

અહીં જોઈ શકાય છે કે, પૂર્વ પરંપરામાંથી પ્રેરણા પીયુષ પામી, આ લોકસંતો પાસેથી અધ્યાત્મ અનુભૂતિને પ્રગટ કરતી ઉત્તમ પ્રકારની અવળવાણી રચનાઓ મળી આવે છે. ખાસ કરીને કબીરસાહેબના નામે મળી આવતી અવળવાણી રચનાઓ સત્વ અને તત્ત્વની દૃષ્ટિએ એટલી સમૃદ્ધ છે કે પરવર્તી કોઈ સંતકવિ તેનું અતિક્રમણ કરી શકતા નથી.

વૈદિક પૌરાણિક, બૌદ્ધ-સિદ્ધ અને નાથપરંપરા તેમજ ભારતીય સંતસાહિત્યમાંથી મળી આવતા અવળવાણી શૈલીના ઉદાહરણોથી એ પ્રતિપાદિત થાય છે કે, 'અવળવાણી'શૈલીની પરંપરા ઋગ્વેદથી જન્મીને

ઉપનિષદોનું સંરક્ષણ પામી, પાલિ-પ્રાકૃત, અપભ્રંશ-પ્રાદેશિક વગેરે ભાષાઓનાં મુખ્ય મથકોનું તીર્થાટન કરતી, યુગના સામાજિક ઈતિહાસ અને આધ્યાત્મિક સત્યને પોતાનામાં સમાવીને ગોરખનાથના સમયમાં 'ઉલ્ટીચર્યા' રૂપે પ્રતિષ્ઠિત થાય છે. સમયાંતરે પ્રાંતીય ભાષાઓના ઉદ્ભવકાળે; નામ-રૂપે પરિવર્તન પામી, પ્રતીકજીવી, વિરોધ ગર્ભિત, સાધનાશ્રયી એવી આ ગૂઢવાણી ભારતીય લોકસંતો દ્વારા ક્યાંક 'ઉલટબાંસી', ક્યાંક 'ઊલટા બાઉલ,' ક્યાંક 'ભારુડ', ક્યાંક 'હિયાલી કે હરિયાળી' તો ક્યાંક 'અવળવાણી' તરીકે સારાયે ભારતમાં પોતાની મહેક પાથરે છે.

ખાસ કરીને સ્વામી રામાનંદ અને તેના પરવર્તી લોકસંતો દ્વારા સારાયે ભારતમાં ભક્તિ આંદોલનના પરિપાકરૂપ ઉદ્ભવેલ સંતવાણીનું આ નિર-નિરાળું રૂપ ભારતીય અન્ય પ્રાંતોની જેમ ગુજરાતમાં રાવત રણશી (૧૫-૧૬મી સદી), અખો (સને ૧૬૦૦), દેવાયત પંડિત (સને ૧૬૧૨), ડાડા મેકરણ (સને ૧૬૭૦), બ્રહ્માંનંદ (સને ૧૬૭૫), ત્રિકમસાહેબ (સને ૧૭૨૬), રવિસાહેબ (સને ૧૭૨૭), લક્ષ્મીદાસ (અલ. સને ૧૭૮૯), લાલસાહેબ (સને ૧૭૪૧ થી ૧૮૩૩), દાસી જીવણ (સને ૧૭૫૦), દાસ હમીરો (સને ૧૭૫૦)ની આસપાસ, ધીરો (સને૧૭૫૩),મોરારસાહેબ (સને ૧૭૫૮), અખૈયો (સને૧૭૫૮), નિરાંત (સને૧૭૭૭ થી ૧૮૫૨),બાપુ (સને ૧૭૭૯), ભોજા ભગત (સને ૧૭૮૫), છોટમ (સને ૧૮૧૨), કવિ અનવર (સને ૧૮૪૩ થી ૧૯૧૬), દાસ સવે (સને ૧૮૬૧), મામંદ (સને ૧૮૮૧), જેમલ ભારથી (૧૮મી સદીનો ઉતરાર્ધ), ગણપત (સને ૧૯મી સદી પૂર્વાર્ધ), દસ દિનકર (સને૧૯૦૩), શ્રી શંકર મહારાજ (સને ૧૯૦૫ થી ૧૯૮૩), શ્રીયૂત સ્વામી, નારણરામ (સને ૨૦૦૩માં હયાત) વગેરે ગુજરાતી લોકસંતો અને કવિ દેપાલ, સુધનહર્ષ, કવિશ્રી આનંદઘન, શ્રી બુદ્ધિસાગરજી, શ્રી યશો વિજયજી, શ્રી વીર વિજયગણિ યશરાજ, શ્રી વિનયસાગર મુનિ, શ્રી હરખવિજયજી, શ્રી મણિપ્રભવિજયજી, શ્રી પદ્મવિજયજી, શ્રી ભદ્રબાહુસૂરિ શ્રી કાંતિવિજયજી, શ્રી વિનયવિજયજી, શ્રી ઉદયરત્નજી, શ્રી રવિવિજયજી, શ્રી અજિતસાગરસૂરિ, શ્રી ચિદાનંદ વગેરે ગૂર્જર જૈન પરંપરાના સંતકવિઓ દ્વારા ગુજરાતી-ભાષા સાહિત્યમાં પણ બળૂકી રીતે આવિર્ભાવ પામે છે.

ગુજરાતી લોકસંતો પાસેથી જે અવળવાણી રચનાઓ મળી આવે છે તેમાં ગોરખ, કબીર અને સુંદરદાસ રચિત અવળવાણીનો પ્રભાવ ભારતના અન્ય પ્રાંતોની સાથે ગુજરાતી સંતો-ભકતો અને લોકસમાજ ઉપર પણ બળૂકી રીતે વર્તાયેલો જોવા મળે છે.

સંતો દ્વારા પ્રયુક્ત એવી અવળવાણી શૈલીમાં લૌકિક જગતની સવળી કે વાસ્તવિક ક્રિયાઓ ગુણો, લાક્ષણિક્તાઓ, સ્વભાવ, કાર્યો વગેરેનું વિરોધમૂલ્ય અસંબદ્ધ પ્રતીકો દ્વારા નિરૂપણ થતું હોય છે. વ્યવહાર જમાં બનતા બનાવો, ક્રિયાઓ વગેરેની એક સંબદ્ધ પરિપાટી હોય છે. સામાન્ય ભાષાકીય વ્યવહારમાં સંબદ્ધ અભિવ્યક્તિને કારણે આપણું પ્રત્યયન સહજ બનતું હોય છે. જેમકે, ડાડા મેકરણની એક રચનામાં 'વરસે ધરતી, ભીંજે આસમાન' એમ કહેવાયું છે. અહીં જોઈ શકાય છે કે, પ્રકૃતિક રીતે વાસ્તવ જગતમાં આકાશ વરસતું હોય છે અને ધરતી ભીંજાતી હોય છે. પરંતુ સાધક સંત કવિ પોતાની સાધનાકીય અનુભૂતિનો ગૂઢાર્થ પ્રગટાવવા પ્રાકૃતિક વાસ્તવને ઉલટાવી નાંખે છે. ધીરોભગત પણ આજ પ્રયુક્તિને અનુસરીને ભાવાભિવ્યક્તિ સાધતા લખે છે-'અંબાડીએ ગજરા ગળ્યો, ઘોડાને ગળી ગયું જીણ, વસ્તર ઉપર વાડ સૂકાણી, સમદરે ગળી ગયું ફીણ.' અહીં અંબાડી-ગજરાજ, ઘોડા-જીવ, વસ્તર-વાડ, સમંદર-ફીણ જેવી પ્રતીકાત્મક અભિવ્યક્તિ તેના સ્વાભાવિક અર્થ કે ભાવને લઈને ચાલતી નથી. પરંતુ અવળવાણીની ખાસિયત પ્રમાણે વિપર્યાય કે અસંબદ્ધ પ્રતીકાત્મક રીતે વ્યક્ત થાય છે. જે અવળવાણીને વિશિષ્ટાર્થ અર્પે છે.

અવળવાણી પ્રકારની રચનાઓમાં સંત-ભજનિકની યોગસાધના અને અધ્યાત્મ અનુભૂતિની દિવ્ય પ્રતીતિ વ્યક્ત થતી હોય છે. સાધકના ચિત્તમાં જે બ્રહ્માનુભૂતિ થઈ છે તે અહીં વ્યક્ત થાય છે. સરળ ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે, નિર્ગુણ-નિરાકારની સાધના દરમિયાન સાધક એવા સંતકવિને પોતાના ચિદાકાશમાં અરૂપ એવા આત્મા, પરમાત્મા, જીવ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર વગેરે ઈન્દ્રિયાતીત એવા નિરાકાર તત્ત્વો પ્રત્યક્ષ થાય છે. એક અર્થમાં આપણે તેને 'ત્રીજા નેત્રની પ્રસાદી' પણ કહી શકીએ. પોતાને પ્રાપ્ત થયેલ આ બ્રહ્માનુભૂતિરૂપ પ્રસાદી સહૃદ ભાવક સુધી પહોંચાડવા સાધક એવો સંતકવિ વ્યવહારિક ભાષાને પરહરિ અવળવાણીનો આશરો લે છે. જેમકે,

ચાંચ પાંખ નહીં કાયા! એક પંખી નજરે આયા,
બિના પાળ એક સરોવર ભરિયા, નીર નજર નહીં આપા.(૯)
શાં શાં રૂપ વખાણું, સંતો રે શાં શાં રૂપ વખાણું,
ચાંદાને સૂરજ વિના, મારે વાયુ છે વહાં,
વિનારે વાદળ વિના વિજળી, જળ સાગર ભરિયું,
ત્યાં હંસા રાજા ક્રીડા કરે, ચાંચે મોતીડું ધરિયું (૧૦)
અચરત નજરે આયા સંતો, જલમેં જ્યોતિ જગાયા.
બીના મૂળ એક તરુવર ઠાડા, ડાળ પાત નહીં છાંયા.(૧૧)

અહીં અનુક્રમે, પાંખ વગરના પંખી અને પાળ વગરના સરોવરને જોવું, ચાંદા અને સૂરજની ગેરહાજરીમાં બ્રહ્મતત્ત્વ દર્શાવું કે વાદળ અને વિજળી વિના વરસાદનું પડવું, જળમાં જ્યોત પ્રગટાવી, મૂળ વિનાના વૃક્ષને જોવું વગેરે સાધક એવા સંતકવિના નિજી અનુભવો છે. જેને સામાન્ય લોકભાષામાં અભિવ્યક્ત કરવાનું અત્યંત કઠિન બની રહે છે.

અવળવાણી પ્રકારની રચનાઓમાં સંતકવિ પોતાની અધ્યાત્મ અનુભૂતિને અસંબદ્ધ પ્રતીકાત્મક શૈલીના માધ્યમે એટલા માટે અભિવ્યક્ત કરે છે કે તે પોતાને થયેલ સાધનાકીય રહસ્યને ગોપિત રાખવાનો મનસુબો ધરાવે છે. એટલે કે તે પોતાને થયેલ સાધનાકીય રહસ્યને સરેરાશ લોકો સામે પ્રગટ કરવા ઈચ્છતો નથી, પરંતુ આ ધારાન અધિકારીઓ જ તેનું રહસ્ય પામી શકે તેવી તેની મનશા હોય

છે. અર્થાત, પોતાને લીધેલ પરાવિદ્યારૂપી જ્ઞાન અપરાવિદ્યાનું બજાર ન બની જાય તેની ખેવના રાખે છે. આથી જ કેટલીક વાર અવળવાણીને 'મરમીવાણી' કે 'ગુરુમુખીવાણી' તરીકે ઓળખવામાં આવે છે. આ સંદર્ભે અધિકારી ભાવક માટે તો આ વાણી અવળ ન રહેતા સવળ કે સવળી વાણી જ બની રહે છે. દા.ત.

વરસે ધરતી, ભીંજે આસમાન, સવરી વાણીરા પૂરા પરમાણ.
બારે બારે બછડા, સોરે સોરે ગાય, દોતે ગોરખનાથ રેન વિહાઈ.
નવી નવી હાટડી, માંહી જૂનાં જૂનાં નાણા, પારખુ પારખો, પારખી લ્યો નાણાં.
મારો મારો નીંદરા, જગાડી લ્યો ભમરા, હમીરસ પીવે તાકું જખ મારે જમરા.
ગુરુમુખ વચન, ગગન ઘર રહેણા, બોલ્યા શ્રી મેકા પ્રમ પુરાણા.

અહીં મેકરણ ડાડાની આ રચનામાં યોગની પરિભાષા પ્રમાણે ધરતી, આસમાન, બારે બારે બછાડા, સોરે સોરે ગાય, હાટડી, નાણાં, પારખું, ભમરા, હમીરસ, જમરા વગેરેનો અર્થ ક્રમશઃ મૂલાધાર ચક્ર, શૂન્ય મંડળ કે બ્રહ્મરંધ્ર, બારકળાનો સૂર્ય (સૂર્યનાડી), સોળકળાનો ચંદ્ર (ચંદ્રનાડી), શરીર, આત્મા, સાધક, મન, અમૃત, કાળ એવો થાય છે. જેને અધિકારી ભાવક પરંપરા કે ગુરુના પ્રતાપે જાણતો જ હોય છે. પરિણામે આ પ્રકારની ગૂઢવાણીનો પણ તે સહજ આસ્વાદ કરી શકે છે.

સંતકવિ પ્રથમ સાધક છે પછી કવિ. કવિતા એનું સાધ્ય નથી, એનું સાધ્ય તો છે સાધના જન્ય અનૂભૂતિ. આ સ્વાનુભૂતિ દરમિયાન તે વાસ્તવ જગતથી કે તેના સત્યોથી વિચ્છેદાઈ કોઈ જુદા જ સત્યને પામે છે. પોતાની આ અવસ્થા કે રહસ્યાત્મક એવી અનુભૂતિને વ્યક્ત કરવા તે અવળવાણીનો આશરો લે છે. આ અર્થમાં અવળવાણી સાધકની સાધનાત્મક અવસ્થા અને અનુભૂતિનું ઊંડાણ લઈને આવે છે એમ કહી શકાય. દા.ત. શક્ય છે કે, દાસીજીવણને સાધનાની કોઈ ક્ષણે અનાહત્ચક્રની યાત્રા કે અનાહત્નાદની અનુભૂતિ થઈ હોય અને એ અનુભૂતિને આ રીતે શબ્દરૂપ આપ્યું હોય....

ઝાલરી ઝાલરી ઝાલરી રે, ઝણણ ઝણણ વાગે છે ઝાલરી...
ઈંગલા પિંગલા સુખમણાં સાધી લે, માંઈ મેરમ સરખા દીરે છે માલરી...
વિના દીપક એક જ્યોતિ જલત હે, માંઈ ખન ખન ખૂબી દીસે છે ખ્યારી...

કોઈ કોઈ અવળવાણીમાં સંત-ભજનિક પોતાની યોગ સિદ્ધિ, સ્થિતપ્રજ્ઞાવસ્થા કે પરમતત્ત્વના સાક્ષાત્કારનો ઉદ્‌ઘોષ કરતો હોય એવું પણ પ્રતીત થાય છે. આવી ઉદ્‌ઘોષણામાં કોઈ ભાવક સંતકવિના અહંભાવને પ્રગટ થતો જોઈ શકે, પરંતુ ખરેખર તો પરમ અવસ્થાએ પહોંચેલા સિદ્ધ સાધક પોતાની સાચી અપરોક્ષાનુભૂતિને વ્યક્ત કરતો હોય છે અને પોતે પરમતત્ત્વને પામી ગયાનું પ્રમાણ આપતો હોય છે. જે તર્ક, દલીલ કે સંશયનો પ્રદેશ નથી પરંતુ લૌકિક સિમાડાઓથી પર એવો શ્રદ્ધાનો પ્રદેશ છે. જેમકે,

પ્રગટ ખેલ ખેલું રે, દેદાર તેને દેખાડું;
મૃત સંજીવન રે મહામંત્ર સહેજે શિખવાડું.
વિના પાંખ ઊડી અસ્માન પર, ચર્ણ વિના મેરું ચડું;
નવસે નવાણું એક ઘર આણું, સિંધુ કૂદી પાર પાડું.
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમડું. (૧૨)
હમ પરદેશી પંખી સાધુ, આનદેશ કે નાહીં,
આ દેશનો જીવ અભાગી, પલ પલમે પરલાહી,
પાંવ વિના ચલના, ચાંચ બિના ચૂગના, પંખ વિના ઊડ જાય (૧૩)

અહીં પ્રગટ ખેલ ખેલું, સંજીવનીમંત્ર શિખડાવું, પાંખ-પગ વિના આકાશ-પર્વત પર ચડું, નવસે નવાણું એક ઘર લાવું, પગ વિના ચાલવું વગેરે ઉદ્‌ઘોષમાં અહંકાર નહીં પણ પરમાત્માને પામી ગયાનું પ્રમાણ છે.

અવળવાણીને અર્થબોધ ચમત્કારિક એવા અદ્‌ભૂત રસનો આહ્‌લાદ કરાવે છે. અવળવાણીના પરિચયમાં આવેલો ભાવક એક પ્રકારનું કુતૂહલ કે વિસ્મયનો ભાવ અનુભવે છે. અને જ્યારે અધિકારી ભાવક કે સાધક દ્વારા અવળવાણીમાં ગોપિત યોગ સાધનાનું રહસ્ય પ્રગટ થાય છે ત્યારે તે અદ્‌ભૂત રસનો ભોક્તા બને છે. આમ અવળવાણી એક પ્રકારની વિસ્મયની સૃષ્ટિ નિર્મિત કરે છે તેમ કહી શકાય. જેમકે,

અચરત નજરે આયા સંતો, જલમે જ્યોત જગાયા
બીના મૂળ એક તરુવર ઠાંડા, ડાળ પાત નહીં છાંયા.
ફળ બીના ફૂલ ફૂલ બીના ફળીયા, તીન લોક છવરાયા...
જુગત બેટીયે માતા જાયા, પુત્ર પિતાકું જાયા,
રજ મોરાર કવિ કે ચરણે, તુરત તમાસા પાયા... (૧૪)
એક અચંબો એવો દેખ્યો, અર્ક વિના જ્યાં ઉજિયાળાં,
વણ વાદળ જ્યાં વિજળી ચમકે, જળધર વિણ વરસે ધારા.
બુદ્ધિ રે મનનું બળ નવ ચાલે, રામ અખંડ રમે જ્યાંહી,
ગાંધર્વ વિના વાજાં વાજે, ઘોર શબ્દ ગાજે ત્યાંહી... (૧૫)
અચરત દેખા ભારી સાધો અચરત દેખા ભારી રે...
ગગન બીચ અમૃતકા કૂવા ઝરે સદા સુખકારી.
પંગુ પુરૂષ ચઢે બિન સીઢી, પીવે ભરભર ઝારી રે.
બિના બિજાયે નિશદિન બાજેં ઘંટા શંખ નગારી રે.
બિના બજાયે નિશદિન બાજે ઘંટા શંખ નગારી રે.(૧૬)
બિના બજાયે નિશદિન બાજે ઘંટા શંખ નગારી રે.

અહીં જોઈ શકાય છે કે, જલમાં જ્યોત પ્રગટવી, મૂળ વિના વૃક્ષનું ઉગવું, પુત્રીએ માતા અને પુત્રએ પિતાને જન્મ આપવો, વાદળ-વિજ વિના વરસાદનું પડવું, આકાશમાં અમૃતના કૂવાનું હોવું જેવા પ્રયોગો ભાવકમાં એક પ્રકારનું કુતૂહલ કે વિસ્મયનો ભાવ પ્રગટાવે છે.

આ ઉપરાંત પંડિતોનું અભિમાન ઉતારવું, પોતાના શિષ્યમાં પરમતત્ત્વ પ્રત્યે વિશ્વાસ જગાડવો અને તેની સાધનાકીય યાત્રાની કસોટી કરવી, તેમજ પરંપરાના નિર્વાહ જેવા કારણો પણ અવળવાણીના રચના કૌશલમાં પડેલા જોઈ શકાય છે.

ગુજરાતી લોકસંતો પાસેથી જે અવળવાણી રચનાઓ મળી આવે છે તેમાં વિષય, કાવ્યાત્મકતા, પ્રતીક પ્રયોજન અને છંદ પ્રયોજનની દૃષ્ટિએ ઉત્તમ પ્રકારની અવળવાણી આપણને અખાભગત અને

ધીરાભગત પાસેથી પ્રાપ્ત થાય છે. આ સર્જકો પોતાની આગવી અલૌકિક અનુભૂતિને ગુજરાતી પરિવેશમાં પ્રભાવોત્પાદક રીતે અભિવ્યક્ત કરે છે. પરંપરિત અંબદ્ધ ઉપમાઓ અને પ્રતીકો સાથે ખેચર, ભૂચર, વાંજાં, અચવ્યોરસ, અંબાડી, જીન, વસ્ત્ર, વાડ, ફીણ, સમુદ્ર, આંબો, નાળિયેર વગેરે તળ ગુજરાતી તાસીરને પ્રગટ કરતાં નવ્ય પતીકો પ્રયોજે છે. ધીરા ભગત રચિત 'તરણાં ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહીં' જેવી પંક્તિ તો લોકોક્તિનું રૂપ ધારણ કરી લે છે.

ગુજરાતી લોકસંતોની સાથે જૈન ગૂર્જર કવિઓ પાસેથી પણ અવળવાણી પ્રકારની રચનાઓ મળી આવે છે. પરંતુ રચાનાઓમાં મોટેભાગે બૌદ્ધ-સિદ્ધો, નાથ પરંપરા અને કબીરસાહેબની રચનાઓનો પડઘો સંભળાય છે. કેટલીક રચનાઓ તો સીધું અનુકરણ પામેલી છે. તો કેટલીક રચનાઓ અન્યોના નામે ચડાવી દેવામાં આવી છે. દા.ત. 'અવધૂ ઐસો જ્ઞાન વિચારો, વામે કૌન પુરૂષ કૌન નારી', 'નાવમેં નદીયા ડૂબી જાય,' અવધૂ સો જોગી ગુરૂ મેરા' વગેરે કબીરસાહેબની રચનાઓ કવિશ્રી આનંદઘનના નામે ચડાવી દેવામાં આવેલ છે.

અર્વાચીન સમયમાં શંકર મહારાજ અને શ્રીયૂત સરજયુગીર પાસેથી માતબર સંખ્યામાં અવળવાણી રચનાઓ મળી આવે છે. બન્ને સંતકવિઓએ શૈલી વિશેષને પ્રયોગાત્મક રીતે પદ, ભજન પ્યાલો, ઝાલરી જેવા ભજનના વિવિધ સ્વરૂપો ઉપરાંત લોકગીતના રાસ, ગરબા, ગરબી, કીર્તન જેવા લોકઢાળમાં ઢાળવાના સુંદર પ્રયત્નો કર્યા છે. જોકે આવી અર્વાચીન સમયની રચનાઓમાં નિજી અધ્યાત્મ અનુભૂતિ કરતાં અનુકરણ અને પરંપરાના નિર્વહણનું તત્ત્વ વધારે જોવા મળે છે.

ગૂઢ, રહસ્યાત્મક અને અસંબદ્ધ પતીક આયોજનવાળી, છતાં અલૌકિક અનુભૂતિની પ્રતીતિ કરાવતી એવી આ વાણી વિશે એટલું ચોક્કસ કહી શકાય કે, અવળવાણી એ 'શબ્દ બ્રહ્મ'ની સ્થાપના છે. એટલે કે શબ્દના ચમત્કારની સ્થાપના છે. શબ્દનો ગુણ આકાશ છે. આકાશ શૂન્ય છે અને શૂન્ય બ્રહ્મ છે. સંત સાધકની ધરતીરૂપી જડ કાયા ઉલટ બની આકાશગામી બને છે. એ જ શબ્દ-સુરત યોગ છે અને એજ એની વાણી છે.

આમ, અવળવાણી એ ભજનવાણીની વિશિષ્ટ શૈલી છે. જેમાં સંતકવિ પોતાના સાધનાકીય રહસ્યને ગોપિત રાખવા, વાણીથી પર એવી સ્વસંવેદ્ય, અસીમ-અલૌકિક અને અનિર્વચનીય અનુભૂતિને અસંબદ્ધ પ્રતીકો દ્વારા સાંકેતિક રીતે વ્યક્ત કરે છે. અભિધા સ્તરે જેનો અર્થ અસંગત, અતાર્કિક અને અસ્વીકાર્ય લાગે, પરંતુ તેના પ્રતીકાર્થ સ્પષ્ટ થતાં વિવક્ષિત એવો ગૂઢાર્થ આપોઆપ ખૂલી જાય છે અને સહૃદય ભાવક કાવ્યાત્મક આહ્‌લાદ અનુભવે છે.

ટૂંકમાં લોકસંતો દ્વારા પ્રયુક્ત; વિરધમૂલ્ય પ્રતીકધર્મી અવળવાણી પદ રચનાઓએ ભારતીય અધ્યાત્મ સંસ્કારોને ઘડવામાં મહત્ત્વનું યોગદાન પુરૂં પાડ્યું છે. આ પ્રકારની રચનાઓના માધ્યમે જ સંતોએ ધ્યાન-યોગ, પિંડ શોધનની ક્રિયાઓ, સાંપ્રદાયિક અને સાધનાજન્ય અનુભવોને સાકાર રૂપ આપ્યું છે. તેમજ નૂતન પ્રતીક-પ્રયોગ દ્વારા પોતાની કલ્પના શક્તિ અને સર્જન શક્તિનો પરિચય કરાવ્યો છે. સીધી વાતને પણ ઊલટ પ્રગટ કરી, ભાવકમાં વિસ્મયનો ભાવ પ્રગટાવી, પોતાની વિદગ્ધતાની વિદગ્ધતાનો પરિચય પૂરો પાડ્યો છે.

✠ ✠ ✠ ✠

પરિચય :

જેતપુર સ્થિત ડૉ. રવજી રોકડ કે.ઓ. શાહ આર્ટસ કોલેજ ધોરાજીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે. તેમના ત્રણ પુસ્તકો પ્રગટ થયા છે. સંત સાહિત્યના અભ્યાસુ લેખક અને સંશોધક

સંપર્ક : ૯૪૨૭૫૦૫૧૯૩

Email : ravji_rokad@yahoo.com

# ગોરખનાથ

- ડૉ. મનોજ રાવલ

ભારતીય ધર્મ અને અધ્યાત્મ જગતના મુખ્યત્વે ત્રણ પ્રવાહો છે,-ભક્તિ, જ્ઞાન અને યોગમાર્ગ આ ત્રણેય ધારામાં પોતાનું પ્રદાન આપનાર નામોની પ્રાચીનકાળથી દીર્ઘ પરંપરા રહી છે.

ભક્તિમાર્ગમાં જેમ નારદ અને શાંડિલ્યના સુત્રો મળે છે, તેમ યોગમાર્ગમાં પણ અનેક મહાનુભાવોના નામ અને કામ જોવા મળે છે.

આપણે આજે ગોરખનાથજીના જીવન-કાર્ય અને કવન-કાર્ય નજીક જવાનો પ્રયત્ન કરીએ, તો કેટલુંક જે પ્રાપ્ત થાય છે, તે કંઈક અંશે ભારતવર્ષમાં એક યા બીજા સ્વરૂપે પ્રગટ થયેલ છે.

પ્રથમ તો ગોરખનાથ ઉપર દેશના અને વિદેશના અનેક લોકોએ કામ કર્યું છે. તેમના ગ્રંથોના અભ્યાસના આધારે કેટલીક ધારણા-માહિતીની નજીક જઈ શકીએ છીએ. તે મુજબ મહારાષ્ટ્રના ચંદ્રપુર ગોદાવરી તીરે નવમી સદીના ઉત્તરાર્ધમાં ગોરખનાથ પ્રગટ્યાનું માનવામાં આવે છે અલબત ભારતના કેટલાય ભૂ-ભાગના લોકો ગોરખનાથ પોતાને ત્યાં હતા ના દાવા રજૂ કરે છે. આ માટે એવું કારણ અપાય છે કે ભારતીય કાળ ગણનાના ચાર યુગ છે. તો હરેક યુગમાં ગોરખનાથ વિવિધ સ્થળે પ્રગટ્યા છે. આજે ગોરખપુર નગરથી ગોરખનાથ વિષયક સામગ્રીનું પ્રકાશન થાય છે, તે ગોરખ મઠના પૂર્વ મહંત ધારણા આપી હતી કે હાલના પેશાવરથી જેલમ થઈ ગોરખનાથજી ગોરખપુર પધાર્યા હતા. બંગાળ કલકત્તા નગરમાં કાલીની મૂર્તિની સ્થાપના ગોરખનાથે કરી હોવાની માન્યતા ત્યાંના સ્થાનિકો ધરાવે

છે. જયપુર, પ્રભાસ-પાટણ, તાજોરમાંથી ગોરખનાથ વિષયક હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે. તો નેપાળ-તિબેટના પ્રાચીન પોથી ભંડારોમાં ગોરખનાથજી વિષયક ગ્રંથ-સાહિત્ય પ્રાપ્ત થયું છે. જેનો સમયગાળો વિવિધ સદીમાં છે. પરંતુ મચ્છંદરનાથના શિષ્ય હોવાના આધારો જોતા-તપાસતા દસમી સદીના પૂર્વાર્ધ સુધી પગેરું જાય.

ખરેખર આપણા માટે ગોરખનાથજી ક્યારે અને ક્યાં થયા એ વિષયમાં રસ હોય તેનાથી વિશેષ જિજ્ઞાસા એ રહે કે તેમનું પ્રદાન શું? શા માટે સમગ્ર ભારત તેમને આજે પણ સ્મરે છે?

તો તે અંગે તેમના જીવન કવનમાં પ્રવેશતા નીચેની વિગતો મળે છે.

પ્રથમ વાત કે નાથ પંથ ગોરખનાથથી કે તેમના ગુરુ મચ્છંદરનાથથી શરૂ નથી થયો. તે પરંપરામાં આદિગુરુ શિવનો ઉલ્લેખ છે. પરંતુ ઈસવીસન પૂર્વેની બીજી સદીમાં એ પંથ હોવાનો પુરાવો ભગવાન પતંજલિ દ્વારા સાંપડે છે. તેમના યોગ વિષયક પુસ્તકમાં નાથ પંથનો ઉલ્લેખ છે.

આજે નાથપંથ વિષે આપણી સમજ અન્ય વિદ્વાનોના મંતવ્યોના આધારે એ રહી છે કે યોગવિદ્યા પરક પાશુપત શૈવ સિદ્ધાંતમાં માનતા યોગીઓનો સંપ્રદાય. આ અંગે પ્ર.ઉ. શાસ્ત્રી જેવા વિશેષજ્ઞ જણાવે છે કે મતસ્યેન્દ્રનાથનું 'કૌલજ્ઞાન નિર્ણય' જે કૃતયુગમાં કૌલ જ્ઞાન હતું તે ત્રેતાયુગમાં મહત કૌલ, દ્વાપર યુગમાં સિધ્ધામૃત કૌલ, કલિયુગમાં યોગિનીકૌલ રૂપે કે મતસ્યેન્દ્ર જ્ઞાન રૂપે છે.

અહીંથી ગોરખનાથના કાર્યનો આરંભ થાય છે. જેમ શંકરાચાર્યે ચાર દિશાના ચાર મઠની પરિકલ્પના કરી, તેથી સ્થાપના કરી. એમ નાથ પંથમાં ચાર દિશા, ચાર કોણ એમ આઠ અને મધ્ય કેન્દ્રના એક નામથી વિભાવના રજૂ કરી નવનાથનું મહત્વ સ્થાપ્યું.

આ નવનાથ તે કોણ, એની યાદી આપતી પ્રાચીન હસ્તપ્રતોમાં કેટલાક આ નાથના નામમાં ફરક આવે છે. પરંતુ મછંદરનાથ અને ગોરખનાથના નામ તો અવિચળ છે. જોકે કાપાલિક મત મુજબ ૨૪ નાથ છે તથા શિવ યોગીઓની અઢાર નાથની વાત છે. તેમાં આંતરકલહ પણ હતો. ગોરખનાથે પ્રથમ તો નાથપંથનો આંતર કહલ દૂર કરી બાર વિભાગમાં વહેંચ્યો. તેથી તે બારનામી સંપ્રદાય કહેવાય છે.

ગોરખનાથ ફક્ત સંપ્રદાયના કલહનિવારક જ હોય તો એમની પ્રતિભા ભારતભરમાં આદર ન પામતી હોય. તેઓ શ્રેષ્ઠ સમન્વયકાર હતા. ભારત દેશમાં જ્યારે કહેવાતા તાંત્રિકનો પ્રભાવ હતો, અથવા ધર્મના નામે અકર્મણ્યતા પોષવામાં આવતી ત્યારે અને જીવનના આચારમાં શિથિલતનો ગુણ હતો, ત્યારે ગોરખનાથે પૂનઃજાગરણના મંડાણ કર્યા. પ્રતિમતમાંથી પણ સારું લાગે તે આત્મસાત કરી, વિલુપ્ત થતી જતી સંસ્કૃતિના ઉત્તમ તત્ત્વોને બચાવી લીધા. દાખલા તરીકે વર્ણાશ્રમના મહત્વનો તેઓ છેદ ઉડાડે છે. મનુષ્યને સામાનતાનો દરજ્જો આપે છે.

આ બધું એક રાતમાં નથી બન્યું. ગોરખનાથે સમગ્ર ભારતનું ભ્રમણ કર્યું છે અને જે તે સ્થળે જે દુરિત કે કષ્ટમય લાગ્યું. તેને માનવજાતના કલ્યાણ માટે દૂર કરી, બહેતર સમાજના નિર્માણમાં યોગદાન રહે તે કાળજી રાખી. આ કામ ત્રણ રીતે તેઓ કરે છે.

પ્રથમ પતંજલીના યોગ પ્રભાવથી મુક્ત રહી, પોતાની યોગ વિષયી વિચારણા આપી. પતંજલિમાં જે 'અથઃયોગાનુશાસનમ'ની વાત કરી છે, તેને ગોરખનાથે વ્યવહારિક ભૂમિકામાં મૂકી આપ્યું. પ્રથમ શ્વાસના જગતમાં પ્રવેશ કરી તેના અભ્યાસ દ્વારા મનને કેળવવાની વાત મૂકી. છે તેને ગોરખનાથે વ્યવહારિક ભૂમિકામાં મૂકી. યમ, નિયમ, સંયમ, આસન, પ્રાણાયામ, ધ્યાન, ધારણા, સમાધિનું એક વ્યવસ્થાતંત્ર રચી આપ્યું. આ બધું યોગમાર્ગમાં પૂર્વે હતું. પરંતુ તેને યોગસૂત્રોના અર્થઘટનને ક્રમબધ્ધ કરી આપ્યા.

ગોરખનાથજી અને તેના પૂર્વસુરિમાં તફાવત એ રીતે જોવા મળે છે કે, મનુષ્ય જીવનની તકલીફથી મનિષીઓ અવગત હતા. દાખલા તરીકે ભગવાન બુદ્ધે રોગી, વૃદ્ધ, મૃત અને સંન્યાસીને જોયા. આયુર્વેદનો વિકાસ બૌદ્ધ વિચારણામાં છે. પ્રકૃતિના ક્રમ મુજબ વૃદ્ધત્વ અને મૃત્યુ એ દુઃખ અને શોકનું નિમિત છે. એટલે 'સર્વમ દુઃખમા્ દુઃખમ્' આવી ભાવના-વિભાવના સામે સિદ્ધ કાયાની પરિકલ્પના આપી. તે જીવન પદ્ધતિમાં જરૂરિયાત ઓછી હોય, કુદરતનું સાનિધ્ય હોય, કેળવાયેલ મન તનને પણ ટેકો કરે. બીજી તકલીફ ધનની હોય છે. તો પારદ સિદ્ધની ઉપાસના આપી. ઉપર આપણે તનની તકલીફની વાત કરતા હતા, તેને અનુસંધાને આજે પ્રાપ્ત થયુ ં 'શાબર તંત્ર' એ ગોરખનાથનું પ્રદાન છે. દાખલા તરીકે જંગલમાં વીંછી કે સર્પદંશ આદિવાસીને થાય તો તે ક્યાં ચિકિત્સાલય શોધવા જાય? આ શાબર મંત્ર અને હાથવગા ઉપચારોએ નાથનો પ્રભાવ વધાર્યો. એમ પારો જેમાંથી પ્રાપ્ત થાય છે હીંગૂલ અને તેની ઉપસાના-પ્રતીક હિંગળાજ માતા. તેની યાત્રા તો નિમિત. મૂળમાં 'જેસો લંકેશ ઐસો ઢંકેશ'ની વિભાવના સુવર્ણ નગરની છે, તેમાં નાથ પરિબળ છે. આમ સામાન્ય જનજીવનમાં સોનાની દ્વારિકા, લંકાના ઉલ્લેખથી યોગીરાજ શ્રી કૃષ્ણ, મહાદેવ શિવ પરંપરાની સમકક્ષ નામ ગોરખનાથનું છે. આવા નાથયોગી પરિભ્રમણ કરે. એક ટિકડ, દો લંગોટ, તીન લક્કડ' એટલી જ સીમિત જરૂરિયાત ધરાવતા નાથ યોગીઓની જમાતનું નિર્માણ કરી ગોરખનાથે ભારતવર્ષને એકતા આપી.

'તુમ ભી નાથ હમ ભી નાથ' બોલતી આ સાધુ-પરંપરાના સ્થાપક ગોરખનાથજીએ પિંડે સો બ્રહ્માંડો'ની સમજ વિકસિત કરી.

કેટલા પ્રતિમાવાદીઓ ગોરખનાથ નાથ સંપ્રદાય અને નારીના સંબંધમાં નિષેધ જોઈ, તેને જડ કે પૂર્વગ્રહવાળા, એકાંગી માને છે. હકીકતમાં એવું નથી. ગોરખનાથજી માફક અન્ય કેટલાય

અધ્યાત્મ જગતના મહાનુભાવ અધ્યાત્મ જગમાં અંતિમ પ્રમાણ નારીને નથી ગણતા. તેમાં કારણ છે, તીવ્ર વૈરાગ્ય હોય તે જીવનની કઠોરતા સહન કરે. પરિવ્રાજક હોઈ સ્થાપિત હિત ન બને. વસ્તીને ચેતવવા નીકળેલા હોય. હવે જો નારી કઠોર બને તો સંસાર કેમ ચાલે? સ્ત્રી વૈરાગ્યવાન હોય તો સમાજની સ્થિરતા આપતું પ્રેરક બળ જ પડી ભાંગે. આ મા સમાજ સારી રીતે ચાલે તે માટે નારીને ગોરખનાથ આવકારતા નથી. આવી સમજથી ગોરખનાથે બૌદ્ધ ધર્મમાં પ્રવેશેલા શિથિલતા પરત્વે અણગમો વ્યક્ત કરેલ.

ખેર; ગોરખનાથનું અગત્યનું પ્રદાન છે સમય તત્વ અંગે. પશ્ચિમના લોકોએ ભારતીય કાલ મીમાંસા પામવામાં ઉણપ દાખવી છે. અને અપણે પણ પશ્ચિમના પ્રભાવથી ટાઈમે ટ્રેક્ટર-સમય તત્વ પારખવામાં થાપ ખાતા લાગીએ છીએ. અને આપણે જે સ્થૂળ અર્થમાં  સમજીએ છીએ તે અર્થ અને રિબર્થની સાઈકલ પણ નથી. એવું લાગે છે કે સમયનું તત્વ તેના માટે સ્ટ્રેચેબલ હોય. એમના કેટલાક ગ્રંથોના આધારે એવું લાગે.

ખેર; ગોરખનાથનું દર્શન એ અભ્યાસીઓના અભ્યાસ માટે અલગ વિષય છે. આપણને સંત ગોરખનાથજીનું કયું સાહિત્ય-કેવી રીતે પ્રાપ્ત થાય તે જોઈએ.

પ્રથમ સંસ્કૃત ભાષામાં સિદ્ધ-સિદ્ધાંત પદ્ધતિ, 'ગૌરક્ષક શતક' 'ગોરખ સંહિતા', 'યોગ માર્તણ્ડ', 'વિવે માર્તણ્ડ,' 'હઠ સંહિતા', 'અમરૌધ', 'અમન્સક યોગ', 'હઠયોગ પ્રદીપિકા' જેવા ૨૭ પુસ્તકોની યાદી મળે છે. કેટલાક ૪૦ના નામ આપે છે. તેમાં 'મહર્થ મંજિર'. એના કર્તા પણ ગોરખનાથને ગણવા રહ્યા. કારણ, મહેશાનંદ નામ ભલે રહ્યું, પણ નાથ સંપ્રદાયમાં સાધુના ચર્ચાનામ, પૂજાનામ અને દીક્ષાનામ જુદા હોય છે. સાક્ષાત સુમુખી સરસ્વતીએ સપનાઓનું અર્થઘટન આપેલું, એ સંપ્રદાયની માન્યતા છે. કારણ, જુનું સંસ્કૃત ગોરખનાથજી પ્રચલિત સંસ્કૃતમાં મૂકી આપે છે.

આધુનિક સમયે પીતાંબરદાસ બડથવાલે વિવિધ હસ્તપ્રત 'ગોરખવાણી' સંચય તૈયાર કરી આપ્યો છે. તે પહેલા સંત રજ્જબ દ્વારા પણ મધ્યાકાલીન સાહિત્યમાં આ વાણી પ્રાપ્ત થાય છે. હિન્દી સાહિત્યમાં તેઓએ શબ્દોમાં પદ્યરચના આપી છે, તેવું નામાચરણમાં હોય છે. ૨૭૩ જેટલી રચનામાંથી આચાર્ય રજનીશ જેવાએ શીર્ષક આપી ગ્રંથો સુલભ કર્યા છે. દાખલા તરીકે 'હસિબા, ખોલિબા, ધરીબા ધ્યાનું. અહર્નીશ કથીબા બ્રહ્મજ્ઞાનું' અથવા 'મરો હે જોગી મરો'. અહીં ધ્યાન અને જ્ઞાન જીવનની સહજતાથી પૃથક નથી, તે ગોરખનાથે દર્શાવ્યું છે.

'શબ્દ હમારા ખડતલ ખાડાં'થી જાણે ગોરખનાથ આત્મપ્રતીતિથી વાત મૂકે છે.

મધ્યકાલીન કાવ્ય પરંપરામાં તિથિ, વાર, પ્રકારની રચના આપે છે. તો સાથે 'પ્રાણ-સાંકલી', 'અષ્ટમુદ્રા નરવૈ બૌધ', મચ્છર-ગોરખ બોધ', બત્રીસ લક્ષણ રહરાશિ', 'સોમાવલિ', 'જ્ઞાન તિલક' જેવી રચનાઓ આપે છે. આમાંની કેટલીક રચનાઓ જે તે વર્ણને સંબંધ કર્તા છે. દાખલા તરીકે રાજા માટે, સાધુ માટે, ગુરુ શિષ્ય અંગે, સામાન્ય સંસારી માટે.... રચનાઓ છે. તેમાં 'ગોષ્ઠિ સ્વરૂપ'ની રચનાઓનો સ્વતંત્ર અભ્યાસ થવો જોઈએ.

આજના પ્રચલિત બે સાહિત્ય સ્વરૂપમાં ગોરખનાથજીનો સ્પષ્ટ પ્રભાવ છે. એક, ગુજરાતી સાહિત્યનું ભજન સ્વરૂપ. બીજું અવળવાણીનું સાવરૂપ. ભજન સ્વરૂપમાં આજે ગુજરાતી સાહિત્યમાં છે, તેના પ્રારંભમાં ગોરખનાથના પ્રભાવની શક્યતા જોતા આચાર્ય નરોત્તમ પલાણ સંભાવનાની નજીક છે. 'અવળવાણી'નો અભ્યાસ કરનાર પ્રોફેસર રવજી રોકડ આ પ્રકારના સાહિત્યની ઓળખ આપે છે. તે આધારે ગોરખનાથજી 'અવળવાણી'ને લોકપ્રિય બનાવવામાં નિમિત બન્યાનું લાગે છે. ભગવાન બુદ્ધ માફક સરળ ભાષામાં બોધ આપતા ગોરખનાથજી આવું અટપટી ભાષામાં કેમ કહેતા હશે? તે પ્રશ્નો થાય. ચમત્કૃતિ ઉપરાંત અધિકૃત ભાવક માટે તે વાત સલામત રહે, એ ભાવ પણ હોઈ શકે. દાખલા તરીકે 'ગગન મંડળમેં ઊંધા કૂઓ' શબ્દરચના અવળવાણી હોય તો આપણને એના જાણકારો કહે તો જ ખ્યાલ આવે કે 'જનની જઠરે શયનમ્'ની શંકરાચાર્યની વાત આવી, તે પહેલા ગોરખનાથજી આ વાત મૂકે છે. તેવું જ ગોરખ જાગતાં નર સેવિયે' સૂત્ર દ્વારા શંકરાચાર્યના સજ્જનના સંગનું ઔચિત્ય આપે છે.

આજની ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ ગોરખનાથજીના અવતારકાર્ય પછીનો છે. પરંતુ આપણે ભાષાની નહીં, સાહિત્યની વાત કરીએ તો ગોરખનાથજીના નામાચરણવાળી ૩૦ થી ૩૨ ભજનરચનાઓ પ્રાપ્ત થાય છે. જેમ કે-

(૧)'રજ ભર સુખિયા કોઈ ના દેખિયા,

જ્યાં જોઉં ત્યાં સુખડું ન હોય, મેરે લાલ..' ભજનના અંતમાં ગોરખનાથજી સૂચવે છે કે નામસ્મરણથી સુખ મળે છે.

(૨) 'રમતા જોગી આયા નગરમેં...' રચનામાં 'જળ કેરી મછલી થળમે વિયાણી', કાચી માટીના કુંભ', 'ગગનમંડળમાં ગોધન વિયાણી', ચંચ વિના તે પંખ હૈ...' ભજન પ્રતીક, સંકેત અને રહસ્યયુક્ત બની ભારતભરમાં ગોરખનાથને સ્થાપિત કરી દે છે. જેમાં જલ તત્ત્વ, પૃથ્વી તત્ત્વ, આકાશ તત્ત્વના ઉલ્લેખ કરી વૈદિક, પૌરાણિક અને લૌકિક ત્રણેય સ્તરની વહેતી ચેતના શબ્દબદ્ધ કરી છે. 'સત કેરી વાણી' અને 'ભજન રસ' પુસ્તકમાં સાધક મકરંદ દવે આવી રચનાના અર્થઘટન આપે છે.

(૩) 'ભજ હીરા ભજ હીરા પરખ લે, સમજ પકડ નર મજબૂતી'માં ગોરખનાથ આદેશ આપતા લાગે પરંતુ તેમાં 'અમર ઘટાસે સદગુરુ આયા, બુંદા અંગ ઊઠી'માં નાથ સંપ્રદાયનું દર્શન પ્રતિબિંબિત થાય છે.

ગોરખનાથજીની વાણી ભજન મંડળઓમાં તો ગવાતી જ. ઉપરાંત રાવણહથ્થાવાળા ભરથરી પણ ભિક્ષા અર્થે નીકળતા, ગામડામાં ગાતા. તેમાંથી કેટલાકના આરંભ જોઈએ.

(૧) 'વાવંગ ધરતી, વાવંગ કાયા.'

(૨) 'સુરતાધારી આવું ઘટે નહીં, તપ વિના ભયા કૈસા શૂરા...'

(૩) 'મન કેરી તુંબી, પવન કેરા પાણી,'

(૪) 'વાણી રે વાણી મારા સદગુરુની વાણી,
જીવતા પરણાવી, બાવે મુવા ઘેર આણી...'
(૫) 'ભૂમિ બિન કૂપ રે...'
(૬) 'તલભર તાળા રજ ભર કૂંચી...'

આવી કેટલીય રચનાઓ ગોરખનાથજી નામે લોકજીવનમાં પ્રચલિત છે. તેમાં રાજદરબાર, આદિવાસી, મુસ્લિમ વર્ગથી લઈ સર્વને પ્રિય છે. તેમનું જીવન જ એટલું ચમત્કારમય રહ્યું છે કે લોકો તેમના કાવ્યમીમાંસા કે બ્રહ્મમીમાંસા નજીક ન જતાં, જે પ્રાપ્ત થાય છે તેનાથી પારિતોષ અનુભવે છે. બૌદ્ધ ધર્મ ભારતમાં ટક્યો નહીં અને ગોરખનાથનો પંથ ભારત બહાર વિસ્તર્યો નહીં. તેના કારણે અભ્યાસ સામગ્રી છે.

ગોરખનાથજી શબ્દ ઉપરાંત શિલ્પ, સ્થાપત્ય અને જીવનના વિધિ-વિધાનોમાં પ્રભાવ આજે પણ ધરાવે છે. તે મહતચેતનાને વંદન.

✠ ✠ ✠ ✠

પરિચય :

જામ જોધપુર સ્થિત ડૉ. મનોજકુમાર ભાનુશંકર રાવલે બી.લીબ. એસલી. પીએચ.ડી. સુધી અભ્યાસ કર્યો છે. નિવૃત અધ્યાપક છે તેમના પુસ્તક લોકવાણી અને વસ્તુવિચાર ને અકાદમીનો પુરસ્કાર મળેલ છે.

સંદર્ભ ગ્રંથ :


(૧) 'ઈસ્માઈલી પ્રજા પરંપરા અને પીર' શમ્સ કૃત 'રાજા ગોવરચંદનો આખ્યાન' - ડૉ બળવંત જાની
(૨) 'ગુજરાતમાં નાથપંથી સાધના અને સાહિત્ય - ડૉ. નાથાલાલ ગોહિલ
(૩) 'ગોરખનાથ અને નાથપંથી વાણી' - અનવર આગેવાન
(૪) 'ગોરખનાથ ઔર ઉનકા યુગ' - રાગેય રાઘવ
(૫) 'ગોરખનાથ-જીવન અને દર્શન' - ડૉ. હસમુખ વ્યાસ
(૬) 'ગોરખબાની' પીતાંબરદાસ બડથવાલ.



સંપર્ક : ૯૪૨૬૪૪૩૯૯૭
E-mail:mbraval@yahoo.co.in


# ગોરા કુંભાર અને સાવતા માળીની આધ્યાત્મિક કવિતા

**- ડૉ. અભય દોશી**

ગોરાકુંભાર અને સાવતા માળી મહારાષ્ટ્ર વારકરી સંપ્રદાય સાથે સંકળાયેલા છે. માટે તેમની કવિતા અને આધ્યાત્મિક ચેતનાનો પરિચય પામતા પહેલા ભૂમિકારૂપે વારકરી સંપ્રદાયનો પરિચય પામવો આવશ્યક છે.

વારકરી સંપ્રદાય એ ભારતવર્ષવ્યાપી બૃહદ્ ભક્તિ આંદોલનનું એક મહત્વપૂર્ણ અંગ છે. મહારાષ્ટ્રમાં બ્રાહ્મણવાદનું વર્ચસ્વ પ્રબળ હતું. તેની સામે પ્રારંભે ચક્રધરસ્વામીના મહાનુભાવ સંપ્રદાયનો ઉદભ્વ થયો હતો. ત્યાર પછી મહારાષ્ટ્રમાં સંત જ્ઞાનેશ્વર, મુક્તાબાઈ, નામદેવ, એક્નાથ, તુકારામ જેવા સંતો થયા. જેઓ વારકરી સંપ્રદાયના ખૂબ મહત્ત્વપૂર્ણ સંતો ગણાય છે. વારકરી સંપ્રદાયના કેન્દ્રમાં 'વારી'નો ખૂબ મહિમા છે. 'વારી' એટલે પોતાના ગામથી પંઢરપુર નિયમો સાથે અષાઢી એકાદશી અને કાર્તિકી એકાદશીએ પદયાત્રા કરવી. પંઢરપુરના 'વિઠ્ઠલ' એ આ સંપ્રદાયના પરમ આરાધ્ય દૈવત છે. પ્રારંભે વિઠ્ઠલમૂર્તિ તે જ વિષ્ણુ એવું સમીકરણ ઉત્તરકાળમાં થયું, પ્રારંભે વિઠ્ઠલમૂર્તિ એ વૈવ તથા જૈનમૂર્તિ હોવાના ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે. આ સંપ્રદાયમાં પંઢરપુર એ સૌથી મહત્વપૂર્ણ તીર્થસ્થળ તરીકે સ્થાપિત થયું. ત્યાં વર્ષમાં બે વાર આસ્થાપૂર્વક યાત્રા કરવી, વારંવાર યાત્રા કરવાથી 'વારકરી' કહેવાયા 'વારી'નો બીજો અર્થ છે, આત્માના શત્રુ પર વાર કરવો. આત્માના શત્રુસમા ષડ્વિકાર પર વિજય મેળવવો, તે પણ વારકરી સંપ્રદાય સાથે સંકળાયેલું છે વારકરી સંપ્રદાયે લોકભાષા પર ભાર મૂક્યો. જ્ઞાતિ-જાતિના બંધનો છોડી સર્વને ભક્તિમાર્ગમાં સ્વીકૃત કર્યો. વ્યસનત્યાગ, સાદુજીવન અને જીવનમાં પવિત્રતા પર ભાર મૂક્યો. આ સંપ્રદાયના આદ્યપ્રવર્તક શ્રી જ્ઞાનેશ્વરે ગીતાનો લોકભાષામાં અનુવાદ કર્યો, જે 'જ્ઞાનેશ્વરી' નામે સુપ્રસિદ્ધ છે. એકનાથે રામાયણ અને ભાગવતના લોકાભાષામાં અનુવાદ કર્યો, તે પણ મરાઠી સાહિત્યમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. આમ સમગ્ર પ્રજાવર્ગને સાથે લઈને ચાલવું એ વારકરી સંપ્રદાયની વિશેષતા છે. ૧૮મી સદીમાં થયેલા મહિપતિએ ૫૦ જેટલા વારકરી સંતોના કીર્તનને ગ્રંથસ્થ કર્યા છે. વારકરી સંપ્રદાયમાં 'હરિપથ' તરીકે સુપ્રસિદ્ધ જ્ઞાનેશ્વરના ૨૮ કીર્તનોના નિત્યપાઠ કરવાનો મહિમા છે. આષાઢી અને કાર્તિકી એકાદશીએ ૪૦ જેટલા સંતોની સાથે તેમની પાદુકા સહિત એકાદશીના દિવસે પાલખી નીકળે. વારકરી સંપ્રદાયમાં એકાદશીનું વ્રક કરવું તેમ જ માંસાહારનો ત્યાગ આવશયક મનાય છે. તેઓ સાત્વિક ભોજનના આગ્રહી હોય છે, માટે કાંદા-લસણનો પણ સાધનામાં આગળ વધેલા વારકરીઓ ત્યાગ કરતા હોય છે. વારકરી સંપ્રાદાય સર્વસમાવેશક હોવાથી આ સંપ્રદાય કવિઓમાં દરજી, કુંભાર, માળી, વાળંદ આદિ શ્રમજીવી જ્ઞાતિઓના મૂલ્યો જોવા મળે છે. સાથે જ ચોખામેળા જેવા અસ્પૃશ્યજ્ઞાતિના સદસ્યો પણ આ સંપ્રદાયમાં આદરભર્યું સ્થાન પ્રાપ્ત કરે છે. આ સર્વમાં આજે આપણે ગોરા કુંભાર અને સાવતા માળી વિશે થોડીક વિગતે વાત કરીએ.

ગોરા કુંભાર વયજ્યેષ્ઠ હોવાથી આદરમાં 'ગોરોબા' એવું સંબોધન પામ્યા છે. તેમનો જન્મ ઈ.સ. ૧૨૬૭માં થયો હોવાનું મનાય છે. તેઓ જ્ઞાનેશ્વર અને નામદેવના સમકાલીન હતા. તેમણે ચૈત્ર વદ તેરસ (૨૦ એપ્રિલ ૧૩૧૭)ના દિવસે સમાધિ લીધી હતી. કુલ ૫૦ વર્ષના આયુષ્યકાળમાં તેમના જીવનમાં અપાર પ્રભુભક્તિને લીધે સર્વ ભક્તોમાં આદરભર્યુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કુલ ૯ જેટલા પુસ્તકો ગોરાકુંભારના જીવનકાર્યને વર્ણવતા પ્રગટ થયા છે. જે ગોરા કુંભારની લોકમાનસમાં વ્યાપ્ત અપાર પ્રીતિ દર્શાવે છે.

તેમનો જન્મ ઉસ્માનાબાદ જિલ્લામાં આવેલા ત્રેયીધ્શા અથવા તેરેનકી ગામમાં થયો હતો. આ ગામ પંઢરપુરથી ૩૦ કોસ ને અંતરે આવેલું હોવાથી, તેમજ વિઠ્ઠલમાં અનન્ય શ્રદ્ધા હોવાથી પંઢરપુર આવવા જવાનું થતું. ભકતમાળમાં ઉલ્લેખ છે એ પ્રમાણે તેમના પિતા માધવ અને માતા રૂકમાબાઈ હતા. તેઓ અત્યંત પ્રભુ પરાયણ હતા. દુર્ભાગ્યે તેમના આઠમા બાળકના મૃત્યુ પર તેઓ ઉદાસિન થઈ ગયા. તેઓ પ્રભુને કહેવા લાગ્યા, ''હે પ્રભુ, અમે બાળકના મોહથી ઉદાસ થયા નથી, પરંતુ અમારા ઘરે પ્રભુભક્તિ અને અતિથિસત્કારની જે શુદ્ધ પરંપરા છે એ અમારી સાથે પૂર્ણ થઈ જશે, એ વાતથી ઉદાસ છીએ.''

પ્રભુ યોગીનો વેશ લઈ આવ્યા અને દંપતિને સ્મશાનમાં બાળક દફનાવ્યું હતું ત્યાં લઈ ગયા. નાના બાળકને સ્મશાનની ભૂમિ ખોદી બહાર કાઢ્યું. જ્યાં બાળકને દફનાવવામાં આવે એવી સ્મશાનની ભૂમિને 'ગોરા' એવું નામ પ્રસિદ્ધ થયું. ગોરા કુંભાર પરમાત્માભક્ત હતા. કુંભારીકામ કરતાં કરતાં રાત-દિવસ ભજનમાં લયલીન રહેતા. તેમના લગ્ન રામી નામની સ્ત્રી સાથે થયા. તેમને એક પુત્ર થયો. રામી એકવાર કંઈક કામે બહાર ગઈ, ત્યારે ગોરા કુંભારને પુત્ર ભળાવી ગઈ. પોતાના કાર્ય અને ભજનની ધૂનમાં ગોરાકુંભારને તો કંઈ ખ્યાલ નહિ. એ માટી ગાળી રહ્યા હતા, એમાં ભાંખોડિયા ભરતો પુત્ર વચ્ચે આવી મરણ પામ્યો. પત્નીએ આવીને જોયું, તે ખૂબ ચિડાઈ. ગોરા કુંભારને શું થયું તેનું ધ્યાન હચમચાવીને લાવ્યું. ગોરાના હૃદયને પણ ખૂબ પશ્ચાતાપ થયો. પણ પ્રભુની ઈચ્છા બળવાન ગણી શાંત રહ્યો. પરંતુ પત્ની વારંવાર પુત્રને યાદ કરી પતિને કોસવા લાગી. એકવાર ગોરાથી રહેવાયું નહિ, એટલે પત્નીને મારવા હાથ લાંબો કર્યો. ત્યાં પત્નીએ વિઠ્ઠલના સૌગંદ આપ્યા. એમણે વિઠ્ઠલના સૌગંદને લીધે પત્નીને હાથ અડાડવાનું છોડી દીધું. હવે પત્નીને પોતાના વંશની ચિંતા થવા માંડી. તેમણે પોતાની જ નાની બહેન સાથે ગોરાના લગ્ન કરાવ્યા. વિદાય સમયે સસરાએ કહ્યું તમે બન્ને બહેનોને સમાન રીતે રાખજો. ગોરાએ આ વાત હૃદયમાં ધારણ કરીને ગોરાએ કહ્યું કે હું મોટીબહેન જોડે સંબંધ રાખતો નથી, એ જ રીતે આ બહેન જોડે પણ સંબંધ રાખવાની સસરાએ ના કહી છે. ગોરાએ સંબંધ રાખવાનું બંધ કર્યું. આથી બન્ને બહેનો મૂંઝાઈ. તેમણે રાત્રે નિદ્રાધિન ગોરાના બન્ને હાથો પોતાના હાથમાં લીધા. સવારે ગોરાએ આ જોયું, ત્યારે પ્રતિજ્ઞાભંગના પ્રાયશ્ચિતરૂપે બન્ને હાથ કાપ્યા. પૂરો પરિવાર મૂંઝાયો. અર્થનું સાધન પણ તુટ્યું. 'ભક્તમાળ' કહે છે કે, ભગવાન સ્વયં સહાય કુંભારનું રૂપ લઈ ગોરા કુંભારનો આ સમય સાચવી લીધો. અષાઢી એકાદશી આવી અને સહુ ભક્તો સાથે ગોરાકુંભાર પણ પંઢરપુર ગયા. ત્યાં પંઢરપુરમાં સૌ હાથ ઊંચા કરી, તાળીઓ પાડી ભક્તિ કરતા હતા. ત્યાં નામદેવે ગોરાકુંભારને કહ્યું

ઊંચા કરેલા કાંડા પર હાથ ફૂટી નીકળ્યા બધે ગોરોબાનો જયકાર થયો. પંઢરપુરમાં જ ગોરાકુંભારની મૃતપુત્રની પ્રાપ્તિ થઈ દંતકથા એમ કહે છે કે, ભગવાને સ્વયં પ્રગટ થઈ ગોરા કુભારને પ્રતિજ્ઞામાંથી મુક્ત કર્યા. કેટલાક વર્ષો ત્યારબાદ ઘરસંસાર સુખેથી પાલન કરી સમાધિ લીથી.

સંત તરીકે ગોરાકુંભારનો મહિમા કેટલો મોટો છે એ એક નાનકડા પ્રસંગથી ખ્યાલ આવશે. એકવાર નામદેવ શ્રીકૃષ્ણનું રૂપ ધારણ કરીને ઊભા. સૌ વારકરી સંતોએ તેમને નમસ્કાર કર્યા. પરંતુ મુક્તાબાઈએ નમસ્કાર કર્યા નહિ. લોકોએ મુક્તાબાઈને પૂછ્યું, ત્યારે કહ્યું કે આ માટલું હજી પાક્યું નથી. આ માથામાં અહંકાર પડ્યો છે. દરેક વ્યક્તિમાં વિઠ્ઠલ છે, પરંતુ કેવળ વિઠ્ઠલનું રૂપ ધારણ કરવાથી ન થાય. આ માયારૂપી માટલું પાકું થયું છે કે નહિ, તેની પરીક્ષા ગોરાકુંભાર જ કરી શકે. ગોરા કુંભારે મુક્તાબાઈના કહેવાથી સૌના માથા પર માટલાની પરીક્ષાનું સાધન ઠપકાર્યું. જ્ઞાનેશ્વર આદિ પરિપૂર્ણ ગણાયા, ત્યારે નામદેવને પીડા થઈ તે ગોરા કુંભારે કહ્યું, સંતત્વ હજી પરિપૂર્ણ થયું નથી. આપ, ગોરા કુંભાર સૌના સંતત્વની પરીક્ષા કરનારનું સન્માન પ્રાપ્ત કરનારા થયા. મહારાષ્ટ્રમાં અનેક સ્થળે ગોરાકુંભાર કાકાના મંદિર મળે છે. જે તેમના પ્રત્યેનો આદર દર્શાવે છે. નરસિંહની જેમ આ ચરિત્ર પણ ઉતાર-ચઢાવથી ભરેલું અને ચમત્કારી હોવાથી મરાઠીમાં ત્રણેક તો ગુજરાતીમાં એક ફિલ્મ પણ બની છે. આ ફિલ્મના ગીતો અવિનાશ વ્યાસે લખ્યા છે, તો પ્રાણલાલ વ્યાસે સંગીત દિગ્દર્શન કર્યું છે. આવું ગીત 'માટીના મનખા કોને તને ચાકે' આવે સુપ્રસિદ્ધ થયા હતા. કુમાર કૃષ્ણમૂર્તિએ કન્નડમાં પણ ગોરા કુંભાર પર ફિલ્મ બનાવી છે.

હવે આપણે ગોરાકુંભારનમાં પદોને જોઈએ, ગોરાકુંભારના... પદો સંત નામદેવ સાથેના સંવાદરૂપે રચાયા છે.

તેમના એક પદમાં તેઓ કહે છે, નિર્ગુણનો સંગ જેને જમી ગયો તેને દેશ અને ઘડીક પોતાના કરી લીધા. અનેકત્વ ગયું (૨) અને સર્વત્ર વ્યાપ્ત એક એવા નિરંજનનો ભેટો થયો. એકત્વ પામતાં હું જ્યાં જોઉ છું ત્યાં તારૂ જ રૂપ જોઉં છું. ગોરા કુંભાર નામદેવને કહે છે; તારૂ અને મારૂ નામ એ શું છે?

બીજા એક પદમાં 'અનાહત્વધ્વનિના ગુંજારવને વર્ણવતા કહે છે,

અંતરનો સ્વર જે પ્રગટ થાય છે, તેના વર્ણો વ્યક્ત છે, પણ શબ્દો શૂન્ય છે. અંતરમાં 'જય જય ઝનકુટ' (જય જય ઝંકાર) એવો નાદ સંભળાયા કરે છે. બીજા સર્વ ધ્વનિઓ શાંત થયા છે. આ જ નાદ હૃદયમાં સ્થિર થયો છે. ગોરા કુંભાર નામદેવને કહે છે, આ જ નારીનું વારંવાર સેવન કરીએ.

અનાહતનાદની અનુભૂતિનું આ આલેખ ભવ્ય, રોમાંચક અને દિવ્ય છે.

અદ્વૈતના, અખંડતાના અનુભવને વર્ણવતાં તેઓ કહે છે, સરિતા સાગરમાં ભળી જાય છે, એ રીતે આ દેહથી પર વિદેહીતત્ત્વનો અનુભવ થયો છે. કોણે પૂછવું, કોણે ભૂસવું? કોણ શું કહી રહ્યું છે? હવે રાત, દિવસ, કુળ, જેવું કાંઈ રહ્યું નથી. માયા અને ભ્રાંતિની મર્યાદાઓ રહી નથી. ગોરાકુંભાર કહી રહ્યા છે કે, હે નામદેવ, મને પરમવિશ્રાંતિનો અનુભવ સાંપડ્યો છે.

તેઓ બીજા એક પદમાં વિઠ્ઠલની પંઢરપુરમાં ઉપસ્થિતિની ઘટના વર્ણવી સગુણ-ભક્તિનો મહિમા કરે છે. તેઓ પંઢરપુરમાં વિઠ્ઠલની મૂર્તિને વર્ણવતા કહે છે;

ભક્ત પુંડલિકા સાઠી, ઊભા વિબરેચ્યા તટી.

કટાવરી ઠેવુની કર, ઊભા વિટેવરી નીટ. ૮

પોતાની કુંભાર જાતિનો ઉલ્લેખ તેમણે અનેક પદોમાં કર્યો છે. આ ઉલ્લેખ દ્વારા ભક્તિની સર્વ વ્યાપક્તાનો મહિમા કર્યો છે. એક પદમાં તેઓ કહે છે; દેવ હું તમારો કુંભાર, (તમારા સ્મરણથી) પાપના ડુંગર નાસે છે અને સાધુની સત્સંગ પ્રાપ્ત થાય છે. હે ભગવાન, તમારી પૂર્ણ કૃપા રહી એ જ

હું યાચું છું.

વિઠ્ઠલ-મંત્રનો મહિમા કરી 'સર્વને ઉગારનાર નામ મંત્ર છે'

તેવું પ્રતિપાદિત કરી, તેઓ નાતજાતના ભેદથી ઉપર ભક્તિનો મહિમા વ્યાપ્ત છે, તેવું જણાવે છે.

તેઓ એક પદમાં આ વાત સ્પષ્ટ કરતાં કહે છે,

શ્રવણ, નયન અને જીભ હરિનામના પઠનથી શુદ્ધ કરી ને કામ કરીએ તો સહુકાર્ય સોહંકારી (સુખકારી અથવા આત્મ-તત્ત્વનું દર્શન કરાવનારા) થાય છે. પછી

રામનામે ગણિકા તરી છે, તો અધમ ચંડાળ અજામિલ પરમદોષી પણ તર્યો છે. ગોરા કુંભાર કહે છે કે, વિઠ્ઠલ એ સરળ મંત્ર છે, હે આદરણીય ભક્તો (પિતા સમ) એકવાર ઉચ્ચારો.

આમ, વારકરી સંપ્રદાયે જે સર્વજ્ઞાતિ માટે ભક્તિ સુલભ કરી, તેનું પુનરુચ્ચારણ વારકરી સંપ્રદાયના વિવિધ કવિઓમાં જોવા મળે છે. વારકરી સંપ્રદાયે જે સર્વ જનસમુહ માટે ભક્તિનો માર્ગ ખુલ્લો કર્યો તેને લીધે ગોરા કુંભાર, સાવતા માળી, ચોખામેળા, જનાબાઈ, કાન્હોપાત્રાબાઈ જેવા સમાજના વિવિધ વર્ગો સંકળાયા અને મહારાષ્ટ્રમાં વારકરી સંપ્રદાય સામાન્ય મનુષ્યો અને વિવિધ જ્ઞાતિ-જાતિઓમાં વ્યાપ્ત થયો. ગોરા કુંભાર જેમ શ્રમજીવી કવિ છે, એવા વારકરી સંપ્રદાયના અન્ય શ્રમજીવી નરહરિ સોનાર સુપ્રસિદ્ધ છે. તેમણે શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયનો ઝઘડો દૂર કરવા પોતાના જીવનમાં પુષ્કળ પ્રયત્ન કર્યો હતો.

આપણે આજે વારકરી સંપ્રદાયના બીજા એક કવિ સાવતા માળીનો પરિચય મેળવીએ. સાવતા માળી પંઢરપુર પાસેના એક નાનકડા ગામમાં પોતાની શાકભાજીની વાડી ધરાવતા હતા. તેમની વિઠ્ઠલ પર અપાર શ્રદ્ધા હતી, પરંતુ સાથે જ તેઓ પોતાના કાર્યને દેવતા ગણતા હતા. પોતાની શાકભાજીમાં જ ઈશ્વરના રૂપનું સાન્નિધ્ય જોતાં આ કવિએ પોતાના જીવનમાં કિંવદંતિ કહે છે કે, તેમણે પંઢરપુરની યાત્રા ક્યારેય કરી નહોતી. દક્ષિણમાં થયેલા બસવેશ્વર અને અન્ય સમાજસુધારકોનો પ્રભાવ જોઈ શકાય. ગોરાકુંભાર પોતે પણ શ્રમિકવર્ગમાંથી આવતા હતા, એ જ રીતે સાવતા માળી પણ શ્રમિકવર્ગમાંથી આવે છે. બન્ને શ્રમનું ગૌરવ કરે છે. તેઓ પણ નામદેવ-ગોરોબાના સમકાલીન છે.

તેમનો જન્મ સોલાપુર જિલ્લામાં આવેલા આરાંગગાંગ અરણ-બેહંડીમાં થયો હતો. તેમના પિતા પરશુ અને માતાનું નામ નંગીતાબાઈ હતું. તેમનો જન્મ ઈ.સ. ૧૨૫૦માં અને મૃત્યુ ૧૨૯૫માં થયું. તેમના દાદા-પિતા સૌ વારકરી સંપ્રદાયના હતા, તેમ જ ભક્તિમાં રસ ધરાવતા હતા. સાવતા માળીને એ સંસ્કાર મળ્યા હતા. સાવતા માળી માટે એવું કહેવાય છે કે, તેઓ પોતાના ખેતરમાં જ ઈશ્વરના દર્શન કરતા. તેમણે કર્મમાર્ગ પસંદ કર્યો હતો. તપ-જપને સ્થાને નામસ્મરણ, ચિત્તશુદ્ધિ અને પ્રામાણિક્તાથી કર્મ કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમને ખેતરમાં પાક્તા પ્રત્યેક શાક-ભાજીમાં 'હરિ'ના દર્શન થતાં. આવા દર્શનને વર્ણવતાં એક પદમાં કહ્યું છે;

કાંદા મૂળા ભાજી, અવઘી વિઠાબાઈ માઝી ૧
લસુણ મિરચી કોથિંબરિ, અવઘા ઝાલા માઝા હરિ ૨
મોટ નાડા વિહીર દોરી અવઘી વ્યાપિલી પંઢરી ૩
સાવતા મહણે કેલા મળા, વિઠ્ઠલ પાયાં ગાવિલા ગળા ૪

આવી તેની એકનિષ્ઠા જોઈ ભગવાન સ્વયં તેમને મળવા આવ્યા, એ પ્રસંગનું વર્ણન કરતાં કહે છે;

આમુચી માળિયા ચી જાત, શેત લાવું બાગાઈત; ૧
આમ્હા હાતી મોટ નાડા, પાણી જાતે ફૂલવાડા; ૨
શાંતિ શેવંતી ફૂલલી, પ્રેમ જાઈ જુઈ વ્પાલી ૩
સાવતાને કેલા મળા, વિઠ્ઠલ દેખિયલા ડોળા ૪

પોતાની માળીની જાત છે, અને ખેતીવાડી એ જ અમારો વ્યવસાય છે. હાથમાં પાણીની મોટી નળીઓ લઈ ફૂલવાડીમાં પાણી સીચીએ છીએ. શાંતિરૂપી શેવંતી (સેવંતી) પ્રફુલ્લિત થઈ છે અને પ્રેમરૂપી જાઈ-જુઈ ખીલી ઊઠ્યા છે. સાવતાની આ વાડીને જોવા વિઠ્ઠલ પોતે પોતાની આંખે જોવા સ્વયં પધારે છે.

પરમાત્મા સાથેના મિલનને વર્ણવતાં એક પદમાં કહે છે કે પરમાત્માના સ્ફૂરણથી નયનો વિકાસ પામ્યા, આંખોમાં હૃદયમાંથી છૂપાયેલી કરૂણા પ્રગટી, માર્ગે જતા સાવતા માળીને પાંડુરંગ મળ્યા, નામદેવ, જ્ઞાનેશ્વર જેવા મોટા સંતો બહાર જ રહ્યા અને મારા (હૃદયમાં આવી પ્રભુ મળ્યા. માથા પર હાથ મૂક્યો અને ચારે હાથથી ભેટ્યા. હું મસ્તક તમારા ચરણોમાં મૂકીને વિનંતી કરું છું. આ મારો સમર્પણભાવ જ મારી પૂજા છે.

પોતાની જાતિ વિશે પણ એક પદમાં વાત કરે છે. તેઓ કહે છે કે, ભલું થયું, હીન જાતિમાં જન્મ આપ્યો, જેનાથી મારૂં મહંતપણું વધ્યું નહિ. જો બ્રાહ્મણમાં જન્મ થયો હોત, તો શરીર પર મને કર્મો લાગત. સ્નાન, સંધ્યા, આદિ કરવા પડ્યા હોત. પરંતુ મારિ જાતિને એવો કોઈ કુળ સંબંધ નથી. મારી ભલે હીન જ્ઞાતિ હો, (પણ મારી કર્મકાંડથી રહિત વિશુધ્ધ ભક્તિ છે) માટે શ્રીપતિ મારી પર કૃપા કરો.

પોતાના વિશિષ્ટ આધ્યાત્મિક અનુભવ સહસ્ત્રલના ઉઘાડની વાત પણ સાવતા માળીએ એક પદમાં કરી છે,

ગૃહસ્થાશ્રમના પ્રપંચની સાથે જ આધ્યાત્મિક સાધના સિદ્ધ કરી દર્શાય એવું તેણે એક પદમાં દર્શાવ્યું છે;

પ્રપંચી અસુન પરમાર્થ સાધાવા, વાચે આઠવવા પાંડુરંગ.

આગળ એ પદમાં સાધનામાર્ગમાં સર્વનો સ્વીકાર છે, તેનું વાત વર્ણવતાં કહે છે;

ઉંચ નીચ કાહી ન પાહે સર્વથા, પુરાણીચ્યાં કથા પુરાયીણ

સાધના માટે મળેલા અલ્પ મનુષ્યભાવમાં તત્પરતા દર્શાવવા કહે છે,

ઘટકા આણિ સાધ ઉતાવિળ વાઉગા તો કાળ જાઊં ને હી.

સાચા ભક્ત માટે નામસ્મરણની આવશ્યકતા રહેતી નથી. તેમ જણાવતાં કહે છે,

સાવતા મ્હણે કાં તે જપે નામાવળી, (હૃદયકમળી પાંડુરંગ)

આ પદ માટે એવું કહેવાય છે કે, સાસરાપક્ષના લોકો મળવા આવ્યા ત્યારે સાવતા માળી ભજનકીર્તનમાં લીન હતા. પત્નીએ પછીથી સાવતા માળીને ફરિયાદ કરી, ત્યારે પત્નીને બોધ આપવામાં આ અભંગ રચ્યું.

પ્રાતઃકાળે સ્નાન કરી, આસન બિછાવ્યું શરીર.... સંતપ્ત થયું.

પરંતુ મન વિઠ્ઠોબામાં આર્તપણે ડૂબ્યું. મેં પ્રાણધર કરીને કુંભક સાધ્યો. વાયુ નિરોધીને મૂળ તત્ત્વમાં પ્રવેશ્યો.

શાલિવાહન શક ૧૨૧૭, મન્મય નામક સંવત્સરે અષાઢવદ ૧૪ના દિવસે સહસ્ત્રકર પ્રગટયો. (સહસ્ત્રારચક્ર ખુલ્યું આ પરમસાક્ષાત્કાર દેહ સમર્પિત કરી દીધો).

આમ,ન સાવતા માળીમાં યોગની પરિભાષા અને પરમાત્મા સાથેનું પરમ ઐક્ય, મધુર સખ્યના સુંદર દર્શન થાય છે. આ બન્ને કવિઓના ખૂબ ઓછા પદો ઉપલબ્ધ થયા છે. ગોરાકુંભારના ૨૦ અને સાવતામાળીના ૧૧ જ પદો ઉપલબ્ધ થાય છે. પરંતુ અનુભૂતિની સચ્ચાઈ, અભિવ્યક્તિની સક્ષમતા અને આધ્યાત્મિકતા ઊંડાણને લીધે આ બન્ને કવિઓ વારકરી સંપ્રદાયમાં જ નહિ, સમગ્ર ભારતીય સંતસાહિત્યમાં આદરવંતા સ્થાનના અધિકારી છે.

✠ ✠ ✠ ✠

ખાસ નોંધ - બીજા સર્વ સંતોની પાલખી પંઢરપુર જાય છે. પણ વિઠ્ઠલની પાલખી આજે પણ રાહુરી (સાવતા માળીને ગામ) સાવતા માળીને મળવા આવે છે.)

પરિચય : અભય દોશી મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં સહયોગી પ્રાધ્યાપક તરીકે કાર્યરત છે. તેમના મીઠીબાઈ કૉલેજમાં ૧૬ વર્ષ સુધી લેખો પ્રકાશિત થયા છે. કુલ ૬ વિદ્યાર્થીઓ પી.એચ.ડી. થયા છે, તેમજ ત્રણ વિદ્યાર્થીઓ એમ.ફીલ. થયા છે. અનેક પરિસંવાદોમાં તેમના વક્તવ્યો રજૂ થતા આવ્યા છે.

સંદર્ભસૂચિ :-

૧. દાડેકર શ.વ. વારકરી સંપ્રદાયચા ઈતિહાસ ૧૯૨૬
૨. સરદાર ગં.બા. મરાઠી સંતસાહિત્યાચી સામાજિક ફળશ્રુતિ આવૃત થી પુણે ૧૯૫૨.
૩. કવિતાકોશ કોમ
૪. મહારાષ્ટ્ચે સંતકવિ તે રાજેન્દ્ર વાડકર ઈ.સ. ૧૯૯૦

સંપર્ક : +૯૧ ૯૮૯૨૬ ૨૮૨૭૮ / ૮૯૨૨૯ ૯૩૮૩૭

# કલ્યાણકારી પ્રવૃત્તિઓના સંવાહક, જીવદયાના પ્રખર પ્રેરણતા સાધુ ટી.એલ. વાસવાણી

**- ડૉ. જેઠો લાલવાણી**

વિશ્વભરમાં ભારતના પ્રખર વિદ્વાન અને સંત તરીકે પ્રતિષ્ઠિત બનેલા સાધુ ટી.એલ. વાસવાણીનો જન્મ ૨૫ નવેમ્બર ૧૮૭૯માં હૈદ્રાબદ સિંધમાં થયો હતો. તેમનું નામ હતું થાંવર અને તેમના પિતાનું નામ હતું લીલારામ. બાળવયમાં જ તેમના વિચારો ભક્તિ અને સેવાકાર્ય તરફ ઢળ્યા હતા, તેનું કારણ હતું તેમના વિદ્યાગુરુ સાધુ હીરાનંદ પરમહંસ રાધાકૃષ્ણના શિષ્ય અને સ્વામી વિવેકાનંદના પ્રિય વિદ્યાર્થી બની રહ્યા હતા.

મેટ્રિકમાં સમગ્ર સિંધમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થઈને વધુ અભ્યાસાર્થે કરાચી ગયા. કરાચી કેન્દ્રમાંથી મુંબઈ યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં તેઓ પ્રથમ સ્થાને આવ, બાદ એમ.એ. કર્યા પછી તેઓએ કલકત્તામાં વિદ્યાસાગર કોલેજમાં ઈતિહાસ અને અંગ્રેજીના વ્યાખ્યાત તરીકેની નિમુણંક પામી હતી.

ત્યારબાદ તેઓ લાહોરની દયાલસિંઘ કોલેજના પ્રિન્સિપાલ નિમાયા. પતિયાલાના મહારાજાએ ત્યાંનો મહિન્દ્ર કોલેજના પ્રિન્સિપાલ થવા તેમને નિમંત્રણ આપ્યું, પરંતુ શ્રી વાસવાણીને ભક્તિરસ અને લોકસેવા ભાવનાને કારણે પદો અને નોકરી છોડી દેવાનું ઉચિત લાગ્યું.

ભારતમાં સર્વપ્રથમ જે સિંધી વ્યક્તિની ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી તે વ્યક્તિત્વ એટલે સાધુ ટી.એલ. વાસવાણી ભારત સરકારે તેમની ૯૦મી જન્મ જયંતિ અવસરે તા. ૨૫.૧૧.૧૯૬૯ના ૨૦ પૈસાની મૂલ્ય વાળી ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તેમની જીવદયા, સમાજ, દેશ તથા માનવ કલ્યાણકારી પ્રવૃત્તિઓને બિરદાવી અને તેમના સંદેશ ''પ્રભુને ના વિસારો, જીવદયા કરો.'' અને ''ગરીબોની સેવા-મદદ કરો.'' ને માન્યતા આપી. તત્ત્વચિંતક, બ્રહ્મજ્ઞાની, આધ્યાત્મિક માર્ગદર્શક, ગરીબોના બેલી, પ્રભુમાં અટૂટ શ્રદ્ધા રાખનાર, નમ્ર, સમાજ સુધારક ઉપરાંત કવિ પણ હતા.

ધર્મ અને આધ્યાત્મિકનું જ્ઞાન નાનપણથી જ તેમના જીવનમાં ઘોળાયેલું હતું. એલસી સ્કોલર અને કરાચીનો ડી.જે. સિંઘ કોલેજના ફેલો ઈ.સ. ૧૯૧૦માં બર્લિનમાં વિશ્વધર્મોની પરિષદ ભરાઈ તે વખતે પ્રો. થાંવરદાસ વાસવાણી માત્ર ૩૦ વરસના હતા, પરંતુ વિવેકાનંદની જેમ વિશ્વધર્મ પરિષદમાં તેઓ ભારતના પ્રતિનિધિ તરીકે જર્મનીના બર્લિનમાં આયોજનમાં ગયા હતા અને ભારતની અસરકારક છાપ ઊપસાવી હતી. યુરોપમાં છ મહિના રહીને તેમણે પ્રવચનો આપ્યાં. તે હવે આધ્યાત્મિક સાહિત્યનો ખજાનો ગણાય છે. વિશ્વભરમાં ડંકો બજાવ્યા છતાં સાદગી અને સચ્ચાઈના કારણે તેમનામાં 'અહંનું નામોનિશાન પણ ન આવ્યું. જીવનભર તેઓ બ્રહ્મચારી રહ્યા.

શરૂઆતથી જ તેમનો ઝોક ભગવાનની સેવા પ્રત્યે હતો. તેમની માતાના મૃત્યુ બાદ વાસવાણી સાવ જ એકલા પડી ગયા. ૧૯૧૯માં તેમણે પ્રધ્યાપકની નોકરી છોડી દીધી અને દેશ સેવામાં લાગી ગયા. સમાજના અને કુટુંબીના બંધનોથી મુક્ત રહેવા ખાતર તેઓ જિંદગીભર બ્રહ્મચારી બની રહ્યા.

ભારતીય રાજકારણમાં ગાંધીજીનો પ્રવેશ થયો અને સત્યાગ્રહ ચળવળ શરૂ કરાઈ ત્યારે વાસવાણીજીએ ગાંધીજીને સાથ આપ્યો હતો અને નજીકના સાથી બન્યા હતા. ૧૯૨૦ કરાચી ખાતે ગાંધીજીની સભાના પ્રમુખપદે વાસવાણી હતા અને ગાંધીજીના 'યંગ ઈન્ડિયા' ના પ્રથમ અંકમાં પ્રથમ પાના પર 'અસહકાર આંદોલન' વિશે લેખ લખીને પ્રજાને એ દિશામાં જાગૃત થવાનો કોલ આપ્યો હતો. ત્યારબાદ પણ અનેક લેખો સ્વતંત્ર ચળવળ અંગે લખ્યા

હતા. સ્વદેશી ચળવળ તેમજ 'બંગભંગ' સામે પણ વિરોધ વ્યક્ત કરતી બેઠકોમાં, રેલીઓમાં ભાગ લીધો હતો અને દેશપ્રેમ વ્યક્ત કર્યો હતો.

તેમણે પણ, ગાંધીજી તથા વિનોબાની જેમ ભારતના અનેક ગામડાઓ ખૂંધ્યા હતા. લોકોને સાદગી અપનાવવા, મજબૂત થવા, ગરીબોની તથા વંચિતોની સેવા કરવા યથાયોગ્ય શક્તિ ખર્ચવાનો અનુરોધ કર્યો હતો. 'કિસાન જાગૃતિ'ના તેઓ પ્રબળ સમર્થક હતા અને માનતા કે સ્વરાજની યોજના માટે ભૂમિનું પુઃન વિતરણ થવું જોઈએ કે જેથી ગરીબ ખેડૂતને ખેડવા માટે યોગ્ય જમીન મળે, તેઓ ઈચ્છતા કે ગરીબ ખેડૂતોને ખેતીની નવી વૈજ્ઞાનિક પદ્ધતિનો તથા સહકારી સંસ્થાઓનો પણ લાભ મળવો જોઈએ.

તેઓ મહિલા કેળવણીના સાચા સમર્થ હતા. વર્ષ ૧૯૩૩માં તેમણે હૈદરાબાદમાં મીરાં હાઈસ્કૂલની સ્થાપના કરી. અત્યારે આ મીરાં સંસ્થાનું મુખ્ય મથક મહારાષ્ટ્રના પૂણેમાં છે. આ સંસ્થા અંતર્ગત ૧૯૬૨માં પૂણે ખાતે કન્યા કોલેજ પણ શરૂ કરાઈ છે. તથા ભારતમાં પણ કેટલાંક અન્ય સ્થળોએ સ્કૂલો તેમજ કોલેજો શરૂ કરાયાં છે. પૂણેમાં વાસવાણી મિશન દ્વારા સખાવતી દવાખાના તથા પશુ-પક્ષીઓ માટે 'જીવદયા' નામનો વિભાગ શરૂ કરાયો છે.

દાદા વાસવાણી સમાજ સેવક ઉપરાંત એક સારા વક્તા, લેખક અને કવિ પણ હતા. સિંધી ભાષામાં જ ત્રણ સો જેટલાં પુસ્તકો તેમણે લખ્યાં છે. અંગ્રેજીમાં પણ ઘણાયે લખ્યાં છે. તેમના અંગ્રેજી પુસ્તકોનો અનુવાદ જર્મની અને અન્ય ભારયતીય ભાષાઓમાં થયેલો છે. તેમના આધ્યાત્મિક રહસ્યની કવિતાઓ 'નૂરી ગ્રંથ' નામે પ્રકાશિત છે.

નોકરી છોડીને તેઓ સિંધમાંથી પ્રકાશિત 'ન્યૂ ટાઈમ્સ' અંગ્રેજી દૈનિક સાથે જોડાઈ ગયા અને હવે લોકસેવા તથા રાષ્ટ્રીય ચળવળ સાથે પણ જોડાઈ ગયા. મિત્રોની સાથે તેમણે સખરમાં ''ઉપાસના મંડળી'' અને હૈદરાબાદમાં ''સખી સત્સંગ'' સંસ્થાઓ શરૂ કરી. ઉપાસના મંડળીના પગલે લાડકાણામાં ''સુધાર સભા''ની સ્થાપના થી ૧૯૧૮થી જ તેમણે ખાદીનો પોશાક ધારણ કર્યો હતો. સામાજિક સુધારાઓની સાથે તેમણે અસહકાર આંદોલન અને સત્યાગ્રહમાં ભાગ લીધો અને જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા.

શ્રી અરવિંદ મહર્ષિની જેમ તેમણે પોતાનું ધ્યાન શિક્ષણ અને શક્તિ તરફ કેન્દ્રિત કર્યું. તેઓ માનતા કે શિક્ષણથી જ માનવજીવન અને ચરિત્ર્યની ઈમારત ઊભી કરી શકાય છે. તેમણે મધ્યપ્રદેશના રાયપુરમાં 'સખી આશ્રમ'ની સ્થપના કરી સખીને પ્રવૃત્તિઓએ તત્કાલીન મહાનુભવોનું ધ્યાન દોર્યું અને મહાત્માગાંધી, પંડિત નહેરુ, આચાર્ય કૃપાલાણી તતા બનારસ હિન્દુ યુનિવર્સિટીના બાબુ શિવપ્રસાદ ગુપ્તા વગેરે સૌએ આ કાર્યની પ્રશંસા કરી.

તેમના આધ્યાત્મિક લેખો અને પ્રવચનો, સત્સંગ, સેવાકીય પ્રવૃત્તિઓના પરિણામે તેઓ સંતપદ પામ્યા અને હવે સાધુ ટી.એલ. વાસવાણીના નામે પ્રસિદ્ધ થઈ ગયા.

પૂનામાંથી તેમણે અંગ્રેજીમાં 'ઈસ્ટ એન્ડ વેસ્ટ' નામની પત્રિકાનું પ્રકાશન કર્યું. આ પત્રિકામાં વિશ્વભરના આધ્યાત્મિક સાહિત્યકારોની કૃતિઓ પ્રગટ થતી અને ભારતનાં આધ્યાત્મિક મૂલ્યોનો વિદેશમાં પ્રચાર થતો. ભારત કરતાં વિદેશમાં આ પત્રિકા વધુ પ્રિય બની રહી અને વિદેશથી તેમને આ કાર્ય માટે વિદેશીઓ તેમને સહાય મોકલતા. ઉપરાંત અંગ્રેજીમાં જ 'મીરા' નામની પત્રિકાનું પ્રકાશન કર્યું અને સિંધીમાં 'શ્યામ' પત્રિકા પ્રગટ કરી. આ બધી પત્રિકાઓમાં તેઓ નૈતિકતા અને ચારિત્ર્ય પર ભાર મૂકતા મુલ્યો અને ધર્મની વ્યાખ્યા કરતા અને શિક્ષણનો પ્રચાર કરતા. પોતે અંગ્રેજી અને સિંધીમાં કવિતા લખતા અને કવિતામાં પોતે મીરાં બની જઈને કૃષ્ણ અર્પિત બની જતાં પ્રતિદિન સાંજે તેઓ પ્રાર્થના કીર્તન કરતા, તેઓ કહે છેઃ

''સ્વ'ના વાસ્તવિક રૂપને પિછાણો, બીમારોની સેવા કરો, ભૂખ્યા અને દુઃખી લોકોની સેવા કરો, કોઈને દુઃખ ન પહોંચાડો, પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમભાવ રાખો. જીવને કાબૂમાં રાખશો તો સુખી થશો. આખી દુનિયા ''મોટાઓને'' પૂજે છે, તમે 'નાના' લોકોને પૂજો. ભગવાન કંઈ બહાર નહીં મળે. તે તમારાં અંતરમાં જ છે. કોઈ પણ જીવની હત્યા ન કરો, હત્યા કરો તો તે માત્ર પોતાની અંદર વસતા 'જાનવર'ની કરો. અહંની હત્યા કરો, પ્રાણીઓની નહીં, હૃદયને એક મંદિર બનાવો. જીવનને લોકસેવા માટે સમર્પિત કરી દો...'' તેઓ ઊંચ નીચ, જાતપાતના ભેદ મિટાવવા અને દરિદ્રોની મદદ રૂપ થવા તથા જીવદયા કેળવીને શાકાહારી બની રહેવા ઉપદેશ આપતા.

સિંધીમાં રચિત તેમના કાવ્યસંગ્રહ 'નૂરી-ગ્રંથ'માં તેમણે વેદાંત અને ઉપનિષદોનો સરળ વાણીમાં સાર આપ્યો છે. સિધી લોકકથાઓમાં 'નૂરી'નું પાત્ર અમર બની રહ્યું છે. નૂરી સાદગી અને નમ્રતાનું પ્રતીક બની રહી છે. સાધુ વાસવાણી માનતા કે અહંનો ત્યાગ કરીને સમર્પિત બનીને પૂર્ણ નમ્રતાથી જ પ્રભુ પ્રાપ્તિ થઈ શકે. નમ્રતાપૂર્વક કર્મો જ જીવનને સફળ બનાવી શકે. તેથી તેમણે પોતાનું તખલ્લુસ 'નૂરી' રાખ્યું હતું. તેમનું મોટા ભાગનું આધ્યામિક પદ્ય સાહિત્ય 'નૂરી' ઉપનામથી પ્રસિદ્ધ થયું હતું.

જીવદયાના ભારે હિમાયતી દાદા વાસવાણીનો જન્મદિવસ ૨૫મી નવેમ્બર 'મીટલેસ ડે' (બિન માંસાહાર દિવસ) તરીકે ઉજવવામાં આવે છે. તા. ૧૬મી જાન્યુઆરી ૧૯૬૬ના પૂણે ખાતે તેમણે આ ફાની દુનિયાની વિદાય લીધી. ત્યારે ડૉ. રાધાકૃષ્ણ અને ભારત તથા વિશ્વના કેટલાય વિદ્વાનો અને નેતાઓએ આ મહાન આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન અવારનવાર મીરા આશ્રમની મુલાકાત લેતા અને સાધુ વાસવાણીને મળતા. તેઓ કહેતા, 'મને સાધુ વાસવાણીના સાંનિધ્યમાં હંમેશાં આનંદ અને શાંતિ મળે છે.' જ્યારે શ્રીમતી ઈન્દિરા ગાંધી પણ સાધુ વાસવાણીને મળી ચૂક્યા હતાં.

એક ફ્રેન્ચ વિદ્વાન અને લેખકે દાદા વાસવાણી વિશે કહ્યું હતું કે 'મારાં અહોભાગ્ય કે મને સિંધની રણ ભૂમિમાં સાચા પયગંબર, નવી ચેતનનો સંચાર કરનાર દૂત, સાધુ સંત અને નવભારતના આર્ષદષ્ટા ઋષિ મળ્યા.' આયરીશ કવિ ડોય કઝીન્સ વાસવાણીને તત્ત્વચિંતક તથા આત્માના સત્યના ઊંડા જાણકાર તરીકે ઓળખાવે છે.

સાધુ વાસવાણીના સ્વર્ગવાસ પછી તેમણે પ્રારંભેલા કાર્યો પૂર્વવત રહ્યા છે અને તે કાર્યનો વિકાસ થયો છે. 'ઈસ્ટ એન્ડ વેસ્ટ', 'મીરા' તથા 'શ્યામ' પત્રિકાઓ પ્રગટ થાય છે. મીરા આશ્રમના સંકલનો વિસ્તાર પામીને ત્યાં મેડિકલ અને સંશોધન કેન્દ્રો પણ સ્થપાયાં છે. વડોદરા, અમદાવાદ, રાજકોટ સહિત ભારત તથા વિદેશનાં વિવિધ

સ્થળોએ વાસવાણી કેન્દ્રની શાખાઓ સ્થાપિત થઈ છે. પૂના સ્ટેશનની પાસે સાધુ વાસવાણી પથ પર સાધુ ટી.એલ. વાસવાણીનું પૂતળુ સ્થાપિત કરવામાં આવેલું છે. તેમનાં સેવાકીય કાર્યનો સમગ્ર કાર્યભાર ત્યાર બાદ પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની દાદા જશન વાસવાણીએ વહન કરેલ છે.

પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા અને જીવદયા ક્ષેત્રે લોકોને શાકાહારી બની રહેવા અનુરોધ કરવા વાસવાણી મિશન તરફથી તેમના કેન્દ્રો દ્વારા વિશ્વભરમાં ભરચક્ર પ્રયાસો થતા રહ્યા છે.

વાસવાણી મિશનના અનુરોધને માન આપી યૂનોએ ૨૫ નવેમ્બર ૧૯૮૬ના રોજ વિશ્વકક્ષાએ ૨૫ નવેમ્બર ને દિવસે શાકાહારી દિન ઘોષિત કરીને, કેવળ સાધુ વાસવાણીનું જ નહીં અપિતુ સમસ્ત ભારતનું ગૌરવ વધાર્યું છે. યૂનોની અપીલને માન આપીને આ દિવસે વિશ્વભરની સમગ્ર કોન્ટિનેન્ટલ કે ફાઈવ સ્ટાર તથા અન્ય હોટલો, લોજો, ધાબાઓમાં મોટે ભાગે માત્ર શાકાહારી ખોરાક પીરસવામાં આવે છે. યૂનોના અનુસંધાને ગુજરાત, મહારાષ્ટ્ર તથા કર્ણાટક સરકારોએ પણ આ દિવસને 'મીટલેસ' દિવસ તરીકે ઘોષિત કરેલ છે.

પ્રત્યેક વર્ષે તા. ૨૫ નવેમ્બર ''માંસરહિત'' દિન તરીકે ઉજવાય છે.

પરિચય : ડૉ. જેઠો લાલવાણી નાટ્યકાર, નાટ્ય લેખક, નિબંધકાર, વાર્તા લેખક, લોક સાહિત્ય વિદ્વાન, બાળ સાહિત્ય, વિવેચન, સંશોધન, પત્રકાર, કલાકાર, નિર્દેશક, સિંધી હિન્દી ગુજરાતીમાં ૮૦થી વધારે પુસ્તકો પ્રકાશિત થયેલ છે તેમને સાહિત્યક કૃતિઓ સેવાઓ માટે ૪૦ થી વધારે પુરસ્કાર, ઈનામ, એવોર્ડ સમાન પ્રાપ્ત થયેલ છે.

વ્યવસાય રૂપે પૂર્વ નિયામક રાષ્ટ્રીય સિંધી ભાષા વિકાસ પરિષદ, ભારત સરકાર, પૂર્વ સચિવ સિંધી સાહિત્ય અકાદમી, દિલ્હી, સહાયક મહામાત્ર સિંધી, હિન્દી, ગુજરાત સિંધી સાહિત્ય-હિન્દી સાહિત્ય અકાદમીઓ તેમજ સિંધી સાહિત્ય અકાદમી ગુજરાત રાજ્યનાં ઉપાધ્યક્ષ પદે રહી ચૂક્યા છે. હાલમાં ગુજરાત સાહિત્ય અકાદમીઓમાં સિંધી-ઉર્દુ અકાદમીમાં સહાયક મહામાત્ર છે. તેમણે એમ.એ. બી.એડ. પી.એચ.ડી. સુધી અભ્યાસ કરેલો છે. જન્મ તારીખ ૮.૩.૧૯૪૫ જન્મ સ્થળ કંડિયારો સિંધ છે.

ડૉ. જેઠા લાલવાણી - અમદાવાદ
સંપર્ક : ૯૮૭૯૫૬૩૩૧૨
email : jetholalwani@gmail.com

✠ ✠ ✠ ✠

# સમર્થ રામદાસ સ્વામી

**- ડૉ. રશ્મિ ભેદા**

મહારાષ્ટ્રમાં જે સંતપરંપરા છે એમાં સંત જ્ઞાનેશ્વર, સંત નામદેવ, સંત એકનાથ, સંત તુકારામ અને સ્વામી રામદાસ એ મુખ્ય છે. આ સંતોએ પોતાના ચરિત્ર અને લેખન દ્વારા મહારાષ્ટ્રના આધ્યાત્મિક જીવનને વિભૂષિત કર્યું છે. આમાંયે સંત તુકારામ, સંત નામદેવ અને સંત એકનાથ આ સંતોએ સંસારમાં રહીને પણ પરમાર્થ સાધ્યો. સંતોની આ શ્રૃંખલામાં સંત રામદાસ સૌથી છેલ્લા સંતશ્રેષ્ઠ. એમના પછી પણ ઘણા ભગવદ્ભક્ત થયા છે પણ આ સંતોની કક્ષાના નથી થયા.

સમર્થ રામદાસ અથવા રામદાસસ્વામી અથવા શ્રી સ્વામી સમર્થ આ નામે પ્રસિદ્ધ આ સંતશ્રેષ્ઠ મહારાષ્ટ્રના કવિ અને સમર્થ સંપ્રદાયના સ્થાપક હતા. રામ અને હનુમાનની ઉપાસના કરનારા સમર્થ રામદારે પરમાર્થ, સ્વધર્મનિષ્ઠા અને દેશભક્તિના પ્રચાર માટે મહારાષ્ટ્રમાં જાગૃતિ અને સંગઠનનું આયોજન કર્યું હતું. તેઓ સંત તુકારમના સમકાલીન હતા. ધર્મમાં રાજકારણને સભાનપણે સમાવિષ્ટ કરનારા સ્વામી રામદાસ મહારાષ્ટ્રના એકમાત્ર સંત હતા. એમનો જન્મ જાંબ સમર્થ (જાલના જીલ્લો) ગામમાં ઈ.સ. ૧૬૦૮ના રામનવમીના દિવસે, અર્થાત્ ચૈત્ર સુદ નવમીના બપોરના બાર વાગે થયો. એટલે બાળકનું નામ નારાયણ રાખવામાં આવ્યું. એમના પિતાનું નામ સૂર્યાજીપંત ઠોસર અને માતા રાણબાઈ. સૂર્યાજીપંત સાત્ત્વિક વૃત્તિના અને શ્રીરામના ઉપાસક હતા. નારાયણ માત્ર સાત વર્ષના હતા ત્યારે તેમના પિતા સૂર્યાજીપંતનું અવસાન થયું. ઘરની આર્થિક સ્થિતિ સારી હતી પરંતુ નારાયણ નાનપણથી જ વિરક્ત વૃત્તિના હતા. એમના ઉમરના અન્ય બાળકો કરતા જૂદા તરી આવતા, કુશાગ્ર બુદ્ધિવાળા અને દ્રઢ નિશ્ચયી હતા. તેમજ તોફાની અને સાહસિક પણ હતા. ઝાડ પરથી કૂદકા લગાવવા, નદીના પૂરમાં તરવું, ઘોડા પર બેસી ભગાવી દૂર જાવું વગેરેમાં તેઓ પારંગત હતા. બાર વર્ષની વયે એમનું લગ્ન નક્કી થયું. પરંતુ લગ્ન સમયે પંડિતજીનો 'સાવધાન' શબ્દ સાંભળતા નારાયણ લગ્ન છોડીને ત્યાંથી ભાગી ગયા અને ત્યાંથી પગપાળા નાસિકમાં પંચવટી ખાત આવ્યા. ત્યાં શ્રીરાના દર્શન કર્યા. પોતાને કોઈ ઓળખી ન શકે એટલે પોતાનું નામ રામદાસ રાખ્યું અને ટાળી આ સ્થાનપર પોતાની તપશ્ચર્યા નો આરંભ કર્યો. આ સ્થળે તેઓ ૧૬૨૧થી ૧૬૩૩ એમ ૧૨ વર્ષ રહ્યા. અહીં નંદિની નદીના કાંઠે એમને સાધના માટે જોઈતો એકાંત મળ્યો.

સાધનાના આ સમય દરમિયાન તેઓ સવારના બ્રહ્મમુરતમાં ઉઠીને ૧૨૦૦ સૂર્યનમસ્કાર કરતા. સૂર્યોદયથી બપોર સુધી નદીમાં છાતી સુધી પાણીમાં ઉભા રહી ગાયત્રી મંત્ર તેમજ 'શ્રી રામ જય રામ જય જય રામ' આમ ૧૩ અક્ષરના રામમંત્રોનો જાપ કરતા. આમ રોજ છ કલાક સુધી ભગવત્ નામ સ્મરણ કરતા, આજ કાળમાં એમણે વેદ, ઉપનિષદ આદિ તમામ પ્રાચીન શાસ્ત્રોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો, અને રામાયણની રચના કરી. આ સાધક અવસ્થામાં એ આર્ત હૃદયથી શ્રી રામને પ્રાર્થના કરતા, એ જ પછી કરૂણાષ્ટક તરીકે પ્રસિદ્ધ થયું. ૧૨ વર્ષની આ સાધના પછી એમને

આત્મસાક્ષાત્કાર થયો, પ્રત્યક્ષ પ્રભુ શ્રી રામચંદ્રે એમને દર્શન આપ્યા. એ વખતે એમની ઉંમર ૨૪ વર્ષની હતી.

બાર વર્ષની આ તપશ્ચર્યા પૂરી થતા રામદાસ તીર્થયાત્રાએ નીકળ્યા પગમાં પાદુકા, હાથમાં માળા અને તુંજી પાત્ર, કાખમાં સમાધિની ઝોળી, માથે ટોપી ને શરીરે કફની આ એમનો વેશ હતો. કઠોર સાધનાના બળે એમનામાં અપૂર્વ શક્તિ આવી હતી, અને તેમની ટહેલ હતી – જય જય રઘુવીર સમર્થ' તેથી તેઓ 'સમર્થ રામદાસ' નામે ઓળખાયા. તેમણે બાર વર્ષ તીર્થયાત્રામાં કાઢ્યા. દ્વારકાથી જગન્નાથપુરી ને હિમાલયથી કન્યાકુમારી બધા પ્રદેશોમાં એ ફરી વળ્યા. આ ભારત ભ્રમણમાં એમણે જનતાની દુર્દશા જોઈને એમનું હૃદય સંતપ્ત થઈ ગયું. ભારતમાં એ સમયે જનતા પર મુસલમાન સત્તાધારીઓનો અમાનુષ જુલ્મ થતા એમણે જોયો. હિંદૂઓના મંદિર, એમની સંસ્કૃતિ, ધર્મ તેમજ સ્ત્રીઓ બાળકો કોઈ સુરક્ષિત ન હતા. રામદાસ તીર્થયાત્રા કરતા શ્રીનગર પહોંચ્યા. ત્યાં તેમની મુલાકાત શીખોના છઠ્ઠા ગુરુ હરગોવિંદજી સાથે થઈ. ગુરુ હરગોવિંદજી તેમની કમર પર જે તલવાર અને ૧૦૦૦ તે સૈનિકો સાથે રાખતા જે જોઈને રામદાસ આશ્ચર્યચકિત થઈ ગયા. જેને એ સમાજની ભયંકર પરિસ્થિતિ અંગે ચર્ચા કરી અને હરગોવિંદજીએ એમને ધર્મરક્ષા હેતુ શસ્ત્ર સજ્જ રહેવાનું માર્ગદર્શન આપ્યું. હવે એમના જીવનનું લક્ષ્ય મોક્ષસાધના સાથે સ્વરાજ્યની સ્થાપના દ્વારા જુલ્મી શાસકો દ્વારા થતા અત્યાચારોથી જનતાને મુક્તિ અપાવવાનું હતું. આ પ્રયત્નમાં એમને છત્રપતિ શિવાજી જેવા યોગ્ય શિષ્યનો ભેટો થયો અને સ્વરાજ્ય સ્થાપવાનું સ્વપ્ન સાકાર થયું.

સમર્થ રામદાસજીએ પોતાના શિષ્યોની મદદથી સમાજમાં એક ચૈતન્યદાયી સંગઠન ઊભુ કર્યું. ઈ.સ. ૧૬૪૮માં મહારાષ્ટ્રના સતારા જીલ્લાના ચાફળ ગામમાં એક ભવ્ય રામમંદિરનું નિર્માણ કર્યું. નિઃસત્વ અને દુર્લભ બનેલા સમાજને પ્રથમ સંગઠિત અને શક્તિસંપન્ન બનાવવું જોઈએ, લોકોના લુપ્ત થઈ ગયેલો આત્મવિશ્વાસ પુનઃ જાગૃત થવો જોઈએ એ માટે કાશ્મીરથી કન્યાકુમારી સુધી ૧૧૦૦ મઠ અને અખાડાઓની સ્થાપના કરી. સ્વરાજ્યની સ્થાપના માટે જનતાને તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો. શક્તિ અને ભક્તિના આદર્શ એવા હનુમાનજીની મૂર્તિઓની સ્થાપના કરી. શરૂઆતમાં ઈ.સ. ૧૬૪૪ થી ૧૬૫૪ દરમિયાન દક્ષિણ મહારાષ્ટ્રના વિવિધ પ્રદેશોમાં અગિયાર હનુમાન મંદિર બનાવ્યા હતા જે હવે ૧૧ મારૂતિ તરીકે ઓળખાય છેજ. તેમણે મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં અને દેશના અન્ય પ્રાંતોમાં પણ હનુમાન મંદિરો બાંધ્યા હતા. ધર્મસત્તા અને રાજ વચ્ચેના અપ્રતિમ સંકલનથી યુવાનીના મનને ભરી દીધા. શક્તિ ઉપાસના માટે ભગવાન રામચંદ્ર, આદિશક્તિ તુલજા ભવાની અને મારૂતિ (હનુમાન) આ ત્રણે દેવતાઓના જાગરણની સફળતા કરી. પોતાના બધા શિષ્યોને દેશના અલગ અલગ પ્રાંતોમાં મોકલાવી ભક્તિમાર્ગ અને કર્મમાર્ગનો પ્રસાર કરવાની આજ્ઞા આપી. યુવાનોને મજબૂત બનાવવા સૂર્યનમસ્કારનો પ્રચાર કર્યો. સ્વામી રામદાસજીએ આજથી ૩૫૦ વર્ષ પહેલા સંત વેગ્ગાસ્વામી જેવા વિધવા મહિલાને મઠપતિનું દાયિત્વ આપી કીર્તનનો અધિકાર આપ્યો. સમર્થ રામદાસના અનુયાયીઓને 'રામદાસી' કહેવાય છે. એમના દ્વારા સ્થાપિત સંપ્રદાય 'સમર્થ સંપ્રદાય અથવા રામદાસી સંપ્રદાય' તરીકે ઓળખાય છે. સમર્થ રામદાસજીની વિચારધારાનો પ્રભાવ લોકમાન્ય તિલક, સ્વાતંત્ર્યવીર સાવરકર ડૉ. કેશવ બલિરામ દેગડેવાર આદિ સ્વાતંત્ર્યસંગ્રામીઓ પર હતો.

છત્રપતિ શિવાજી મહારાજ સમર્થ રામદાસના શિષ્ય હતા. સ્વામી રામદાસે શિવાજી મહારાજને સ્વરાજ્યની સ્થાપના કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. શિવાજીના રાજ્યનો જેમ વિસ્તાર થતો ગયો તેમ સમર્થ પરની તેમની ગુરુભક્તિ પણ વધતી જતી હતી. એકવાર રામદાસને ઘેર ઘેર ભિક્ષા માગતા જોઈ શિવાજી મહારાજે તેમની ઝોળીમાં એક ચિઠ્ઠી લખીને નાખી. ચિઠ્ઠીમાં લખ્યું હતું, 'મારું સમસ્ત રાજ્ય હું આપના ચરણોમાં સમર્પું છું. એ ભિક્ષાનો પ્રસાદ લીધા પછી સમર્થે શિવાજીને કીધું હવે આ રાજ્ય મારું છે, પણ મારા વતી તેનો ભાર ઉપાડવા હું તને આજ્ઞા કરું છું. 'શિવાજીએ આજ્ઞા માથે ચડાવી. ત્યારથી તેમના રાજ્યમાં ભગવો ઝંડો ફરકવા લાગ્યો. છત્રપતિ શિવાજીના સહી સિક્કા સાથેના (15-10-1698)નો સમર્થ ઉપર લખેલો પત્ર મળી આવ્યો છે, તેમાં શિવાજી મહારાજે તેમને કેટલાક ગામી પુરસ્કારો રૂપે આપ્યા હતા. આ પત્ર ઈ.સ. ૧૯૦૬માં ધુલેના શંકરરાવ દેવે સમર્થના બે જુના ચરિત્ર આ ગ્રંથમાં પ્રકાશિત કર્યા હતા.

સાહિત્ય :

સ્વામી રામદાસની સાહિત્યિક સંપત્તિ અપાર છે. માનવજીવનને સમૃદ્ધ બનાવવા માટે તેમણે વિવિધ વિષયો પર વિચારશીલ રચનાઓ કરી. તેમના મરાઠી સાહિત્યનો મોટો ભાગ શ્લોકસ્વરૂપે છે, એમાંથી કેટલીક નોંધપાત્ર કૃતિઓ નીચે પ્રમાણે છે.

૧. દાસબોસ

૨. મનાચે શ્લોક (કલ્યાસ્વામી દ્વારા સહ લેખિત)

૩. શ્રી મારૂતિ સ્તોત્ર

૪. આત્મારામ

૫. ૧૧-લઘુ કવિતા

૬.શાદ્રિપુ નિરૂપણ

૭. માન પંચક

૮. ચતુર્થાર્થ

૯. રામાયણ (મરાઠી ટીકા)

૧૦. કરૂણાષ્ટક

સ્વામી રામદાસ તેમની સરળ વિચારસરણી, સરળ સીધી ભાષા તેમજ સ્પષ્ટ અને નીડર રચના માટે જાણીતા હતા. સમર્થના સાહિત્યનું મુલ્યાંકન ઘણા વિચારકો દ્વારા કરવામાં આવ્યું છે. કોઈ પણ વ્યક્તિ એમની ભક્તિ, શૈલી અને બુદ્ધિની પ્રશંસા કરી શકે છે. એમનો પ્રમુખ ગ્રંથ 'દાસબોધ' ગુરુશિષ્ય સંવાદ રૂપમાં છે. એમના દ્વારા રચિત ૯૦ થી વધારે આરતી મહારાષ્ટ્રમાં ઘેર ઘેર ગવાય છે. એમણે સેંકડો 'અભંગ' લખ્યા છે. સમર્થજી સ્વયં અદ્વૈત વેદાંતી અને ભક્તિમાર્ગી સંત હતા. પરંતુ તત્કાલિકન સામાજિક પરિસ્થિતિ જોઈને એમના ગ્રંથોમાં રાજનીતિ, વ્યવસ્થાપક શાસ્ત્ર, પ્રપંચ ઈત્યિદી વિષયોનું માર્ગદર્શન કર્યું છે. એમણે સરળ પ્રવાહી શબ્દોમાં દેવી દેવતાઓના ૧૦૦ થી પણ અધિક સ્તોત્ર લખ્યા છે. આ સ્તોત્ર અને આરતીઓમાં ભક્તિ, પ્રેમ અને વીરરસનો અવિષ્કરણ છે. આ સર્વ રચનાઓ મરાઠી ભાષાનાં 'ઓવી' નામના છંદમાં છે.

૧. **મનાચે શ્લોક** : સમર્થ રામદાસ સ્વામીએ **મનાચે શ્લોક** નામે ૨૦૫ કડીનું એક ભાવવાહી સ્તોત્ર લખ્યું છે જે ખૂબ જાણીતું છે. આ શ્લોક ભુંજગપ્રયાત છંદમાં લખેલો છે જેમાં કવિ મન સાથે સંવાદ રચે છે. એકવાર રામદાસજી એ મધરાતે એમના શિષ્યને (કલ્યાણસ્વામી) કહ્યું, 'લખ' એ બોલતા ગયા ને શિષ્ય લખતો ગયો. આમ 'મનાચે શ્લોક' આ આખું સ્તોત્ર લખાયું. શિષ્યો માગવા જાય ત્યારે એક ઘર આગળ એક શ્લોક બોલે. ત્યાંથી ભિક્ષા લઈ બીજા ઘરે જાય ત્યારે બીજો શ્લોક બોલે. આ શ્લોકોની લોકો ઉપર ખૂબ અસર થઈ. આ શ્લોકોમાં રામદાસજીએ મનુષ્યે પોતાનું વર્તન કેવું રાખવું જોઈએ અને કેવું ન હોવું જોઈએ એનું નિઃસંદિગ્ધ પણે અને વિસ્તારથી માર્ગદર્શન આપ્યું છે. અહીં મનને સંબોધીને રચના કરેલી છે. પરંતુ મન તો માત્ર રૂપક છે, એ માનવજાતિને ઉદ્દેશીને કરેલું ઉપદેશાત્મક લખાણ છે. સમર્થ અહીં કહે છે, 'હે મન, તુ પરમ સમર્થ અને ભક્તવત્સલ રામને શરણે જા! રામનું ભજન કર! રામ એ જ બ્રહ્મ છે; રામ એ જ આદિ અને અંત છે.

૨. સમર્થનું બીજું આવું સુંદર સ્તોત્ર 'કરુણાષ્ટક' છે. તેમાં તેઓ કહે છે, અરે મરા ભિરુ મન, ભવસાગરથી શાને આટલું ડરે છે? માથા ઉપર રઘુપતિ રામ બેઠો છે, જમરાજ પોતે આવે તોય એનું શું ચાલવાનું છે? કોની માએ સવા શેર, સુંઠ ખાધી છે જે રામના દાસ ઉપર વક્રદૃષ્ટિ કરે?

૩. **દાસબોધ** : દાસબોધ આ સમર્થ રામદાસનો અને રામદાસી સંપ્રદાયનો મહત્વનો ગ્રંથ છે. સ્વમી રામદાસજીનો ઉપદેશ સરળ મરાઠી ભાષામાં આ ગ્રંથમાં આપેલો છે. કુલ ૭૭૫૧ ઓળીઓમાં રચાયેલો આ ગ્રંથ ૨૦ દશકમાં વિભાજિત કરેલો છે. દરેક દશકમાં ૧૦ સમાસ છે. એક સમાસમાં એક વિષય વર્ણવેલો છે, એમ સંપૂર્ણ ગ્રંથમાં બસ્સો વિષય વર્ણવેલા છે આ ઉપદેશ સર્વ સાધારણ વ્યક્તિથી ઉચ્ચ અધિકારપ્રાપ્ત રાજા, યોગી, સાધક બધા માટે પરમ ઉપયોગી છે. આ ગ્રંથ ગુરુ-શિષ્ય સંવાદ રૂપથી રચાયેલો છે. આ ગ્રંથમાં પરમાર્થ છે, અધ્યાત્મ છે, સામાજિક તથા વૈયક્તિક ગુણ, અવગુણ, શક્તિ, અધિકાર, આહાર, વિહાર, વિચાર, વ્યવહાર બધા વિષયો છે.

રામદાસ સ્વામી અદ્વૈત દર્શનના પુરસ્કર્તા હતા. ફક્ત બ્રહ્મ જ સત્ય છે તે વિચાર એમના સાહિત્યમાં દરેક જગ્યાએ જોવા મળે છે. દાસબોધમાં લગભગ બધા દશકોમાં બ્રહ્મ, માયા, જીવ, જગત, પરમેશ્વર વગેરેની ચર્ચા છે. સમર્થ દ્વારા પંચીકરણનો વિષય ખૂબ વિગતવાર સમજાવવામાં આવ્યો છે. એમના સાહિત્યમાં પરબ્રહ્મ, મૂળમાયા, ગુણમાયા, ત્રિગુણ, પંચમહાભૂત, અષ્ટધા પ્રકૃતિ, બ્રહ્માંડનું સર્જન અને વિનાશ, બ્રહ્માંડની રચના જેવા ઘણા વિષયો આવરી લેવામાં આવ્યા છે. તે કહે છે. દરેક કાર્યનો કર્તા શ્રીરામ છે પરંતુ મિથ્યા અહંકારના લીધે આપણે પોતાને કર્તા માનીએ છીએ. સમર્થ રામદાસ સ્વામીએ વિદેહી અવસ્થા પ્રાપ્ત કરી હોવાથી તેમણે પોતાનો અનુભવ ગ્રંથરૂપી લખ્યો છે.

એમણે ભક્તિમાર્ગનો પ્રસાર કર્યો. દાસબોધમાં એ કહે છે, પરમાત્માને પ્રાપ્ત કરવાનો ભક્તિ એ સૌથી ઉત્તમ માર્ગ છે. તેમણે ૧૨ વર્ષ સુધી નામસ્મરણ ભક્તિ કરી અને એનો જ પ્રસાર કર્યો. સમર્થ રામદાસસ્વામીએ ઘણા સ્થળોએ લખ્યું છે, પરમાત્માની પ્રપ્તિમાં જ મનુષ્યજીવનની સાર્થકતા છે. વ્યક્તિએ સતત ભગવાનનું ધ્યાન કરવું જોઈએ, સદ્ગુરુની સેવા કરવી જોઈએ, ઉત્સાહથી પૂજા કરવી જોઈએ અને પારમાર્થિક શાસ્ત્રોનો સતત અભ્યાસ કરવો જોઈએ.

આ ભક્તિનો જ એક પ્રકાર તરીકે એમણે ઘણી આરતીઓની રચના કરી છે. એમના દ્વારા રચાયેલી આરતી ઘર ઘેર બોલાય છે. એમની દ્વારા લખાયેલી '**सुखकर्ता दुःखहर्ता वार्ता विघ्नाची**' આ પ્રખ્યાત આરતી છે. તુળજાપુરની ભવાની માતા સમર્થની કુળદેવી છે. તેમના દર્શન કરતા એમને '**दुर्गे दुर्घट भारी तुववीण संसारी**' આ આરતીનું સ્ફુરણ થયું. '**सत्राणे उड्डाणे हुंकार वदनी**' આ મારુતિની આરતી કરતા તેમના શરીરમાં વીરશ્રીનો સંચાર થતો. આવી રીતે એમણે શંકર, ખંડેરાયા, દત્તાત્રય, વિઠ્ઠલ, શ્રીકૃષ્ણ, દશાવતાર અને વિવિધ દેવોની ૯૦ થી પણ વધારે આરતીઓની રચના કરીછે.

સમર્થ સાહિત્ય, કલા, જીવનશૈલી, આરોગ્ય, પ્રકૃતિ, બાંધકામ, ઉદ્યોગ વિશે લખ્યું છે. એમના લેખમાં જીવનનો કોઈ ભાગ બાકી નથી. બધા ક્ષેત્રોમાં ઉચ્ચ લક્ષ્ય હાંસલ કરવા માટે શું કરવું જોઈએ એનું માર્ગદર્શન આપ્યું છે. એમના ઉપદેશનો સાર થોડા શબ્દોમાં લઈએ તો એ છે – કર્મ, ઉપાસના, જ્ઞાન, વિવેક, ભક્તિ, પુરુષાર્થ અને જાગૃતિ.

પોતાના જીવનનો અંતિમ સમય એમણે મહારાષ્ટ્રમાં સાતારા જીલ્લામાં પરળીના કિલ્લા પર જે સજ્જનગડ તરીકે ઓળખાય છે ત્યાં નિવાસ કર્યો. તામલિનાડુના તંજાવર ગામમાં રહેનાર અરણિકર નામના અંધ કારીગરે પ્રભુ શ્રી રામચંદ્ર, સીતાજી અને લક્ષ્મણની મૂર્તિઓ બનાવીને સજ્જનગઢ મોકલાવી. રામદાસસ્વામીએ અંતિમ પાંચ દિવસ નિર્જળ ઉપવાસ કર્યા. અને આ મૂર્તિઓની પૂજા કરી. મહાવદ નવમી, શાલિવાહન શક ૧૬૦૩, ઈ.સ. ૧૬૮૨ના શ્રી રામની મૂર્તિસામે પદ્માસનમાં બેસી રામનામનો જપ કરતા બ્રહ્મલીન થયા. એ દિવસ હવે દાસનવમી તરીકે ઉજવાય છે. અહીં એમની સમાધિ છે. અહીં દાસનવમીના દિવસે ૨-૩ લોકો આવે છે.

✠ ✠ ✠ ✠

**પરિચય :**

ડૉ. રશ્મિબેન ભેદા જૈન દર્શનના અભ્યાસી છે. એમણે ''જૈન યોગ' જેવા ગહન વિષય પર સંશોધન કરી પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. તેમના 'અમૃત યોગનું, પ્રાપ્તિ મોહની, 'ઊગ્યો મુક્તિનો અરૂણોદય : સમ્યગ્દર્શન' 'યોગમાર્ગની અંતદષ્ટિ' આ પુસ્તકો પ્રગટ થયા છે. તેઓ જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરાવે છે.

**સંદર્ભ સૂચિ :**


| | |
|---|---|
| १. दैनंदिन दासबोध | माधव कानिटकर |
| २. समर्थ रामदासाच्या भक्तियोग | डॉ. शंकर अभ्यंकर |
| ३. समर्थ रामदास स्वामी महाराष्ट्रातिल आध्यात्मिक संत | विकिपीडिया |
| ४. समर्थ रामदास | महाराष्ट्र टाइम्स |
| ५. चला जाणून घेऊया समर्थ रामदास स्वामी बद्दल | मराठी सृष्टी |
| ६. समर्थ रामदास | विकासपीडिया |


સંપર્ક : rashmi.bheda@gmail.com

# સંત શ્રી મેકરણ દાદા

- ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

આ લોકમાં જન્મ મરણનું ચક્ર અવિરત ચાલી રહ્યું છે. અનેક જીવો જન્મી મરીને કાળચક્રમાં વિલીન થઈ જાય છે. પણ કેટલાક જીવો વિલીન થતાં પહેલા ખંતપૂર્વક કાર્યલીન થઈને અમીટ છાપ મૂકી જાય છે. એમનો ખંત એમને સંત કોટિમાં મૂકી દે છે. જે ભવરણમાં વસંત ખીલવીને હરિયાળી સર્જી દે છે. સંત માત્ર વસંત નથી ખીલવતા પણ બધા તંતનો અંત લાવી મહાસંત તરીકે પ્રસિદ્ધ થઈ જાય છે. જોકે એમેને પોતાની સિદ્ધિ પ્રસિદ્ધિમાં રસ નથી હોતો છતાં સંત તરીકેની ખ્યાતિને કોઈ રોકી શકતું નથી એવા સંત માટે સંસ્કૃમાં સભાષિત છે.

**शैले शैले न माणिक्यं, मौनितकं न गजे गजे।**

**साधवो नहि सर्वत्र, चन्नदनं न वने वने।**

અર્થાત માણેક દરેક પર્વ પર ન હોય, મણિ દરેક હાથી પર ન મળે, દરેક વનમાં ચંદનના વૃક્ષો ન હોય એ રીતે સંતપુરુષ પણ સર્વત્ર ન હોય.

અહીં એવા જ એક સંતની વાત કરવાની છે જેમણે કચ્છની સૂકી ધરતીમાં વસંત ખિલાવીને ચોમેર સુગંધ પ્રસરાવી દીધી હતી. એ સંત એટલે માનવતાના મસીહા, સાંસારિક પ્રપંચથી પર, સત્વશીલ, પવિત્ર પરમ આત્મા, જીનામની આલેખ જગાડનાર, કચ્છના કબીરનું બિરૂદ પ્રાપ્ત કરનાર ૧૮મી સદીમાં થઈ ગયેલા 'સંત શ્રી મેકરણ દાદા'.

**સંત શ્રી મેકરણદાદાની જીવન કહાણી** - જય જય ગરવી ગુજરાતનો વિશાળ જીલ્લો કચ્છ એમાં (સન ૧૬૬૬-૧૭૨૯ વિ.સં. ૧૭૨૦-૧૭૮૬ નખત્રાણા તાલુકામાં ખોબા જેવું નાની ખોંભડી નામનું ગામ ત્યાં શૌર્યશાળી ભારી રાજપૂતોનો વાસ, સત્ત્વશીલ હળદોરજી નામના રાજપુતની શીલ્પવાન ધર્મપત્ની ફાયાબાઈની કુક્ષિએ થી વિ.સં. ૧૭૨૦માં એક બાળકનો જન્મ થયો. જેનું નામ મેકોજી પાડવામાં આવ્યું. લાલન-પાલન પામતા પામતા બાળક ૧૨ વર્ષનો થયો એટલે પિતાશ્રીએ એમને ગાયોને ચરાવવાનું કામ સોપ્યું એ દરિમયાન ???? પોતાના મકાનને રીપેર કરાવવા માટે મજૂરો દ્વારા ખોદકામ કરાવી રહ્યા હતા ત્યારે જમીનમાંથી એક પોટલી નીકળી એ પોટલીમાં તુંબડી, પતર,ચાખડી, પાવડી, ટોપી, ચુંદડી જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. આ તો શાંત ..... એવી વસ્તુઓ માટે જોઈ સંત આવશે એને આપી દઈશ ..... મેકોજી ત્યાં પહોંચતા એ વસ્તુઓ નિહાળીને કહેવા લાગ્યો કે આ વસ્તુઓ તો મારી પોતાની જ છે એમ કહીને એ વસ્તુઓ પોતે લઈ લીધી અને કહેવા માંડ્યું કે આ વસ્તુઓ તો કં' જ પ... મારા રામજી કે મારા માટે જ મોકલી છે. આજે મને જીવન આપ્યું હોય એમ લાગે છે. હું ત્યાગી હતો. વૈરાગી હતો. છું અને રહીશ એમ કહીને આશાપુરા માતાના આશીષથી એમના ભક્ત આશાપુરા ગામના મઠના મહંત હતા કાપડી સાધુ ગંગારામ પાસે દીક્ષા લઈને સંત મેકરણ.... દીક્ષા લઈને સિંધ પ્રદેશમાં ભ્રમણ કર્યું પછી સૌરાષ્ટના તીર્થ સ્થાનોમાં પણ.... વિશેષ આત્માશાંતિ પ્રગટ કરવા માટે .. ગીરનારમાં ૧૨ વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરીને ગીરનારની પરિક્રમા કરી. માત્ર કંદમૂળ અને ઝરણાનું પાણી પીને બાર-બાર વર્ષ સુધી પરિક્રમા કરતા જોઈને ગુરુ દત્તાત્રેય પ્રગટ થયા. તેમને દર્શન આપીને કહ્યું. હે વત્સ આંખો ઉઘાડ, કોણ છે તું? ત્યારે જવાબમાં સાખી લલકારી.

દાતા મેરા દત્તાત્રય મેકો મંગણહાર જીનામ જીનામ.

મૈં સંગાથી રામકા ઔરનકો ગુણનામ.

પટદર્શન પઢંતા પઢંતા દર્શન મ્યા આય.

અર્થાત્ હું તો રામનો સંગાથી છું મારૂં બીજું કોઈ નથી પટ્દર્શનનો અભ્યાસ કરતા કરતા આપના દર્શન પ્રાપ્ત થયા છે. હે ગુરુ દતાત્રય આપ તો દાતાર છો અને હું માંગણહાર મેકરણ છું. જાણે તમે સાચો જીવનપથ, સાચો ધર્મ બતાવો, દત્તાત્રયે પૂછયું તું ક્યાંનો છો? જવાબમાં મેકાજીએ કહ્યું કચ્છનો ત્યારે દતાત્રયે પ્રસન્ન થઈને કહ્યું કે તે જે ધરતીનું અન્ન ખાધું છે એ ધરતીને જ ધન્ય કર, એને ચરણે જ ચાકરી કર. ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી પા. આ દેહ તૂટી ન પડે ત્યાં સુધી સેવા કર એ જ સાર છે બીજું બધું મિથ્યા છે. મેકાજીએ પણ મને ઓળખશે કોણ ત્યારે જવાબમાં કહ્યું તારી કરણી જ તારી ઓળખ છે. બીજી ઓળખની જરૂર નથી. પછી એમને એક કાવડ આપી અને કહ્યું આમાં અન્ન અને પાણી લઈને ગરીબ 'ગુરબાની સેવામાં ફેરવજે. ગુરુ દત્તાત્રયના આશીર્વાદને કારણે તેમને કાવડવાળા પાવડીની ઉપમા મળી.

એક લોકોક્તિ અનુસાર શ્રી રામ હિંગળાજ માતાની

જાત્રાથી વળતા નારાયણ સરોવરમાં આવ્યા. સરોવરમાં સ્નાન કર્યા પછી અલકી પતર અને કાવડ જમીનમાં દાટી દીધા તે છેક કળીકાળમાં એ કચ્છના પ્રસિદ્ધ સંત દાદા મેકરણને મળ્યા હતા. આ પછી તેમણે માનવસેવાનો ભેખ લીધો હતો, જે હોય તે પણ તે કાવડવાળા કાવડી તરીકે પ્રખ્યાત થયા હતા.

તમેણે સૌરાષ્ટ્રમાં બિલખા મધ્યે તપ કર્યું ત્યારબાદ સેવાકાર્ય કરતા વાગડમાં ભચાઉ તાલુકાના જંગી ગામમાં અને પછી કચ્છના પાવર પટ્ટીના લોડાઈ ગામે પધાર્યા. અહીં એક ધર્મપ્રેમી પ્રજાપતિ દંપતિ રહેતું હતું. તે નિઃસંતાન હતું. એમને સંત મેકરણદાદાના આશીર્વાદથી જોડકા પુત્રની પ્રાપ્તિ થાય છે. એટલે હર્ષ વ્યક્ત કરતા દાદા એમની પાસેથી એમનો લાલિયો ગધેડો માંગે છે. એમની પાસે મોતીયો કૂતરો હતો. પછી એ બંનેને પણ પોતાના સેવાકાર્યમાં લાગાડી દીધા. લોડાઈમાં એમને સંત નિર્મલગિરિનો ભેટો થયો હતો.

બાર વર્ષ લોડાઈમાં રહ્યા પછી ધ્રંગ ગ્રામ તરફ પ્રયાણ કર્યું ધ્રંગ લખપત તાલુકામાં પાકિસ્તાનની સરહદ પાસે આવેલું રળિયામણું ગામ જે લોડાઈથી પાંચેક કિ.મી. અને ભુજથી ૪૦ કિ.મી. દૂર છે. ત્યાં સ્થિરતા કરી એને પોતાનું આર્થિક કાર્યક્ષેત્ર બનાવી દીધું. ધ્રંગથી ઉત્તરમાં અફાટ રણપ્રદેશ આવેલો છે. એ રણપ્રદેશમાં ભૂલા પડેલા વટેમાર્ગુ ભૂખ તરસથી મૃત્યુ ન પામે માટે સંત મેકરણ દાદા પોતાના બંને સાથી લાલયિ અને મોતિયાને લઈને નીકળી પડતા. પોતાની કાથડમાં બે માટલામાં પાણી અને રોટલા રાખતા તેમજ પોતાના સાથી લાલિયાને પણ બરાબર તૈયાર કરી એની પીઠ પર છેટો બાંધીને એક તરફ માટલું અને બીજી તરફ બજારમાં રોટલા લઈને ફરતા રહેતા મોતિયો ગંધને આધારે માર્ગભૂલેલાને શોધી આપતો પછી તેમને અન્ન પાણી આપીને બચાવી લેતા. ગિરનારમાં રહેવાને કારણે ઘણી જડીબુટ્ટીઓનાં જાણકાર હતા જરૂર પડે એનો પ્રયોગ પણ કરતા.

સંત મેકરણ દાદા ફરતા ફરતા સાખીઓ, દોહાઓ, ભજનો લલકારતા રહેતા તેમ જ પોતાના બંને સાથીઓને પાનો ચડાવવા એમને ઉદ્દેશીને પણ પદો લલકારતા રહેતા જેમ કે

લાલિયો મુંજો લખણવંતો ને મોતિયો જેડો ભા
મુછરાપર ધોરે ફગાઈ આ ઈનીજી પૂછ મથા

અર્થાત્-આ મારો લાલિયો લખણવંતો-સારા લક્ષણવાળો છે આતે મોતિયો પણ ક્યાંય ઓછો નથી. બંને ભિન્ન ભિન્ન જ્ઞાતિમાં જનમ્યા છે છતાંબંને ભાઈની જેમ રહે છે. મરદમૂછાળાઆ પણ એમની પાસે કાંઈ નહિ એમને તો એમની પૂંછડી પરથી ઓળઘોળ કરીને ફગાવી દઉં એવા આ બંને માનવમતથી પણ વહેંત ઊંચા છે.

મોતિયો કૂતો પ્રેમ જો ને ડેરી વીંધી હીરજી
જીયાં મન પોંચે ઈયાં લે જાય.

મોતિયો ખૂબ પ્રેમાળ છે એની કેરી કેહીની... એનું જ્યાં મન પહોંચે એટલે કે વટેમાર્ગુની ભાળ મળે ત્યાં લઈ જાય.

આમ બંનેના કાર્યોને વધાવતા હતા. તેમજ આ બન્ને પ્રાણીમાં કેવી વફાદારી છે તેનું પ્રમાણ આપ્યું છે.

આ ઉપરાંત બીજી પણ અનેક સાખીઓ લલકારતા રહેતા જેમાં માનવ જીવનના ઉચ્ચ આદર્શોની શીખ રહેતી હતી.

ખારાઈધલ ખટેઆ મેડીયલ મુઠા
સરધાપુરજી સેરીએ મું ડીધેલ ડિકા

એટલે જે ખવડાવે છે એ ખાટી ગયા (ન્યાલ થઈ ગયા) મેડી-બંગલા મહેલોમાં રહેવાવાળા તો હારી ગયા. સ્વર્ગભૂવનની શેરીઓ દાતાજનોને જ દીઠા (જોયા) આ સાખી દ્વારા દાનનો મહિમા વ્યક્ત થાય છે.

જિની જુવાણી જરવઈ મોડે રખેઓ મન,
સરધાપૂરજી સેરીએ કલ્લોનું તા કન.

અર્થાત - જેમણે જુવાની જાળવી અને મનને દાબીને અંકુશમાં રાખ્યું તેઓ જ સ્વર્ગપુરીની શેરીમાં આનંદ માણી રહ્યા છે. આ સાખી સંયમની શીખ આપે છે.

જીયો ત ઝેર ન થિયો સક્ક થિયો મુંજા રેણ,
મરી વેંધા માડુઆ પણ સેંધા ભલેજા થેણ.

આ સાખી દ્વારા સદ્‌વર્તનની શીખ મળે છે કે જીવો તો એવું જીવો કો કોઈને દુઃખ ન થાય. બધાની સાથે સાકરની જેમ મીઠા થઈને રહેશો તો મરી ગયા પછી પણ તમે બધાના હૃદયમાં વસી જશો.

આમ એમની સાખીઓ પર એક મહાનિબંધ લખી શકાય પણ વિસ્તારભયથી હું અહીં જ અટકું છું.

એમના સાથી ગહર્દભ માટે એમ પણ કહેવાય છે કે એક વખત તીર્થયાત્રામાં ગયા હતા ત્યારે હરિદ્વારમાં પવિત્ર ગંગામાં સ્નાન કર્યા પછી કાવડમાં ગંગાજળ ભરીને સાધુ-સંતોની જમાત સાથે જઈ રહા હતા ત્યારે રસ્તામાં ઘાયલ થયેલો ગધેડો તરફડીયા મારી રહ્યો હતો એ જોઈ એમને દયા આવી તેથી પોતાની કાવડમાંથી થોડું ગંગાજળ ગધેડા પર છાંટ્યું અને થોડું ગધેડાને

પીવડાવ્યું તેના ઘા સાફ કર્યા. આ જોઈને જમાતના સાધુઓએ ફિટકાર વરસાવીને ઠપકો આપ્યો ત્યારે દાદાએ અવિચવિતાપણે સાધુઓને કહ્યું કે-

પીપરમેં પણ પ્રાણ, નાય બાવરમે બ્યો,
નીમમે ઉ નારાયણ તો કંઢેમે ક્યોં?

અર્થાત્ - પીપળામાં જે પ્રાણ છે તે જ બાવળમાં છે. બીજો નથી. લીમડામાં પણ એ જ નારાયણ છે તો કંઢે એટલે ગધેડામાં કેમ નહિ? આ સાંભળી સાધુઓ શાંત થઈ તેમને વંદી રહ્યા. આ પછી ગધેડો એમની સાથેજ રહેવા લાગ્યો. જેનું નામ એમણે લાલીયો રાખ્યું સમય જતાં એક કુતરો પણ દાદા સાથે રહેવા લાગ્યો એનું નામ મોતીયો રાખ્યું આમ લાલિયા તથા મોતિયાની જોડી જામી ગઈ.

દાદા મેકરણ જ્યારે જંગીમાં તપસ્યા કરતા હતા ત્યારે રબારી સમાજના જસીબાઈને ભાઈ ન હોવાથી રૂદન કરતા હતા ત્યારે તેમને શાંત કરી એમના ધરમના ભાઈ બનીને એમની પાસેથી રાખડી બંધાવી. આમ જશીબા એમના ધર્મના બહેન હતા.

એમના પરિચયમાં આવનારા એમના ઉપદેશથી તરી જતા. કચ્છના રાજા રાવ દેશલજી બીજા એમના અનુયાયી બની ગયા હતા. એમને શીકાર ત્યાગ કરાવ્યો. તેમજ પોતાના પરીસરમાં ક્યાંય શીકાર ન થાય એનું ધ્યાન એમના વારસદારો પણ રાખશે એવું વચન રાવ દેશલજીએ આપ્યું.

ગિરનારના દશનામી સંત મયાગરજી ફરતા ફરતા કચ્છમાં આવ્યા ત્યારે એમને પણ ઉપદેશ આપી જનસેવામાં જોડી દીધા એ પણ એમનાં અનુયાયી બની ગયા. લોડાઈના આહીર કન્યા લીરબાઈ તો લગ્નના માંડવેથી એમના ધામમાં (અખાડામાં) જઈને એમની પાસે દીક્ષિત થઈને માતાજી લીરબાઈ તરીકે પ્રખ્યાત થયા. સંત મેકરણદાદાએ ધ્રંગ ગામમાં પોતાની જીવનલીલા સંકેલવાનો નિર્ણય લીધો હતો. એમની સાથે ૧૧ જણાં જીવંત સમાધિ લેવા તૈયાર થઈ ગયા.

વિ.સ. ૧૭૮૬ આસો વદ-૧૪ (કાળી ચૌદશ) શનીવારના રોજ માતાજી લીરબાઈ સંત મહાગિરીજી ધ્રાંગના ટિલાર ખેંગારજીના માતુશ્રી પ્રેમાબા, લોડાઈના આહિર વિધો તથા સુથાર કંથડ, બૈયાના મેકોજી ઠાકોર, નાગલપરના કડીયા કાનજી કુંભાર, રાપરના રવિ-ભાણ સંપ્રદાયના સાધુ સુંદરદાસજી, ભુજના સારસ્વત બ્રાહ્મણ પ્રેમજી જોષી, લેરીયાના જાડા ખીયરયાજી ઠાકોર અને વાગડ વિજયાસરના રામદેપૌત્રા એમ ૧૧ તથા મોતિયો અને લાલિયો એ ૧૩ જણ સાથે એમણે જીવંત સમાધિ લઈ લીધી.

એ જ દિવસે અને એ જ સમયે જુદા જુદા ગામોમાં દાદાની સાથે સમાધિ લેવાણી વીંછીયામાં પાંચ, રાપર,ખોંખરામાં બે, આડેસરમાં સાત, વડીજયસિંઘમાં (જે હાલ પાકિસ્તાનમાં છે) પાચ રાજ અને મેઘાબાઈ એમ બે તથા પરબવાવડીમાં ૧૨ એમ કુલ ૪૨ જણની સમાધિ થઈ.

આહિર સમાજમાં એમને લક્ષ્મણનો અવતાર માનીને પૂજવામાં આવે છે. ધ્રાંગમાં આજે પણ એમની યાદમાં મહા મહિનામાં મેળો યોજાય છે. જે મહાશિવરાત્રીના પૂર્ણ થાય છે. સદીઓથી ભરાતા આ મેળાને ગુજરાત સરકાર દ્વાર પ્રોત્સાહિત કરવામાં આવે છે. ગુજરાત, રાજસ્થાનના અનેક લોકો એમની સમાધિની મુલાકાત લે છે'જીનામ'નો અહાલેક જગાવે છે જીનામ એટલે જીવ થી શીવ તરફનું પ્રયાણ. તેમજ એમને ભગવાનની જેમ પૂજે છે. સત મેકરણ કાપડી જ્ઞાતિના હતા તેથી તેમના અનુયાયીઓમાં મુખ્યત્વે કાપડી જ્ઞાતિના લોકો છે. તેઓ મંદિરના પરિસર અને અખાડા (મેકરણદાદનો અખાડો)નું સંચાલન કરે છે. મિસ્ત્રી અને રબારી જ્ઞાતિના લોકો પણ એમના ભક્ત છે. તેમનું મંદિર મિસ્ત્રી જ્ઞાતિના લોકો દ્વારા કચ્છના રાજવીના દાનથી બાંધવામાં આવ્યું છે. એમના પ્રથમ પાંચ શિષ્યોમાંના કાનજી મિસ્ત્રીની સમાધિ પણ અહીં આવી છે.

દાદા મેકણે કુલ ચાર જગ્યાએ ધુણ ધખાવ્યા હતા. તેઓ એક જગ્યાએ ૧૨ વર્ષ સુધી રહેતા. બારમું વર્ષ પરૂ થાય એટલે ત્યાંથી 'જીનામ' કહીને ઊભા થઈ જતા. એમનો પહહો ધુણ સૌરાષ્ટ્રના જુનાગઢ પાસે શરભંગઋતિના આશ્રમ પરબવાવડીમાં ધખાવ્યો હતો જે પાછળથી સંત દેવીદાસ બાપુએ ફરી ચેતવ્યો. બીજો ધુણ ભચાઉ તાલુકાના જંગી ગામે, ત્રીજો ધુણો લોડાઈ ગામે તથા ચોથો ઘણુ ધ્રંગ ગામે જયાં સંત મેકરણદાદાએ સમાધિ લીધી હતી.

એમણે હિન્દુ ફિલસૂફી પ્રમાણે અનેક પદો, સાખી, દોહા, સ્તોત્રોની રચનાઓ કરી હતી. જેને લલકારતા એમના ભક્તો થાકતા નથી તેમ જ એમની જીવનકહાણી ઉપરથી ભક્તોએ પણ અનેક ભજનો બનાવ્યા છે જેના એક ભજનની એક કડી અહીં મૂકીને પૂર્ણાહુતિ કરૂં છું. કચ્છમાં કાવડિયા તારી કાવડમાંથી દીસે ભારી, તરસ્યાને મીઠા પાણી ભૂખ્યાને અન્નની લાણી, લાલયિને મોતિયાની કીધી તે અમર કહાણી.

# દક્ષિણભારતના સંત શિરોમણી – મહર્ષિ રમણ

- ડૉ. રતનબેન ખીમજી છાડવા

આ અવની પરથી અસંખ્ય સંસ્કૃતિઓનો વિલય થતો જ રહ્યો છે. જ્યારે ભારતીય સંસ્કૃતિ સનાતન રહી છે. ભારતીય સંસ્કૃતિ સાધના કે ધર્મનો સનાતન પુણ્ય પ્રદીર્પ જ્યારે જ્યારે મંદ પડવા લાગ્યા ત્યારે એની અંદર પ્રાણ સંચાર કરી નવજીવન પ્રદાન કરનાર મહાપુરુષોનું પ્રકલ્પ થયું છે. એમણે ધર્મસંસ્કૃતિના શાશ્વત સંદેશને વહેતો કરીને એને જીવંત રાખવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. મહર્ષિ દયાનંદ, ભગવાન રામકૃષ્ણ પરમહંસ વગેરે પ્રતાપી ગ્રહનક્ષેત્રોમાં રમણ મહર્ષિનું સ્થાન પણ અચળ આગવું ગણાય છે.

રમણ મહર્ષિના પ્રાકટ્ય સમયે ધર્મ મોટે ભાગે સાંપ્રદાયિક તેમ જ બાહ્ય ક્રિયાકાંડ પૂરતો જ રહ્યો હતો. દક્ષિણ ભારતના પ્રદેશોની ગરીબી, નિરક્ષરતા, ધાર્મિક અજ્ઞાનતા ને પછાત પરિસ્થિતિનો લાભ લઈ ખ્રિસ્તી ધર્મના પ્રચારકોએ ત્યાં વાટાળ પ્રવૃતિ વધારી દીધી હતી. બીજી બાજું આધુનિક વિદ્યાપ્રાપ્તિ સુશિક્ષિત વર્ગના તત્ત્વજ્ઞાન, શાસ્ત્રો નો સંસ્કૃતિમાં જરાપણ શ્રદ્ધા ન હતી. આવા સમયે પ્રજાની વચ્ચે અંધકારમાં સૂર્ય પ્રકટે તેમ રમણ મહર્ષિ જેવા પરમ મહાપુરુષનું પ્રાકટ્ય આવશ્યક હતું.

વિશિષ્ટ અનુભવ : સોળ સત્તર વર્ષનો એક છોકરો મદુરામાં કાકાના ઘરે રહીને અભ્યાસ કરતો હતો. શરીર સુદૃઢ, નખમાંય રોગ નહિ એક દિવસ ઘરના મેડા પર બેઠો હતો ત્યાં અચાનક એને મોતની અનુભૂતિ થવા લાગી. હમણાં જ હું મરી જઈશ, એવું તેને લાગ્યું, હાથ લાંબા કરીને એ જમીન પર સૂઈ ગયો. મોં બંધ થઈ ગયું, શ્વાસોશ્વાસ બંધ, શરીર અક્કડ બની ગયું. જાણે મડદું! પણ એને ભાન હતું, તે મનમાં બોલ્યો, બસ હવે આ શરીર મરી ગયું, હવે એને સ્મશાનમાં લઈ જઈ બાળી નાંખશે. અને એની રાખ બની જશે. શરીરની સાથે શું હું પણ મરી ગયો છું? ના, હું નથી મર્યો તો પછી હું શરીર નથી. હું કાંઈ બીજુ જ છું? હું આત્મા છું. શરીર મરે છે, પણ આત્મા અમર છે. આત્માને મોત અડતું નથી. માટે હું શાશ્વત છું, અમર આત્મા છું.

આ કંઈ બુદ્ધિનો ખેલ ન હતો. પણ સત્યનું દર્શન હતું. આત્માનુભવનો અહેસાસ હતો. વીજળીના પલકારાની જેમ એને એ દેખાયું હતું. અને એ કાયમનું બની ગયું. અને ત્યારબાદ આવી અનુભૂતિ એને અવારનવાર થતી હતી.

શૈશવ :- આ છોકરો તે વેંકટરમણ જે વિશ્વમાં રમણ મહર્ષિ તરીકે વિખ્યાત થયો. રમણ મહર્ષિનો જન્મ મદુરાથી ત્રીસ માઈલ દૂર આવેલ તિરૂચ્ચુલી ગામમાં દ્રાવિડ સ્માર્ત બ્રાહ્મણ કુટુંબમાં ઈ.સ. ૩૦-૧૨-૧૮૭૯ના રોજ થયો હતો એમના પિતાનું નામ સુંદરમય્યર અને માતાનું નામ અળગમ્મા હતું. **कुलं पवित्रं जननी कृतार्थ, वसुंधरा पुण्यवती च तेन!** પરંતુ તે સમયે એમના માતાપિતાને ધન્યતા કે કૃતાર્થતાનો ખ્યાલ પણ ક્યાં હતો? તેમનો પ્રાથમિક અભ્યાસ તિરૂચ્ચુલીમાં થયો. ત્યારબાદ પિતાજીનું મૃત્યુ થતાં મોટાભાઈ સાથે મદુરામાં કાકાને ઘેર રહીને ભણવા લાગ્યા. તેમની બુદ્ધિ નાનપણથી જ કુશાગ્ર હતી. સાંભળેલું બધું જ યાદ રહી જતું. ગાઢ નિંદ્રામાં તેઓ બીજા કુંભકર્ણ જેવા હતા. જોકે એમની આ નિદ્રા એમના જન્માંતરના અસાધારણ સમાધિયોગ પરિપાકરૂપે સહજ પ્રાપ્ત થઈ હશે.

એમની ઉમર સોળવર્ષની હતી એ દિવસો એમના ભાવિજીવનનું નિર્માણ કરવા મહત્વના બન્યા ઓગસ્ટ મહિનામાં એક પ્રસંગ બન્યો. એ પ્રસંગ જાણે પરમાત્માની પરમ શક્તિએ જ ગોઠવેલો ન હોય! એમને ત્યાં એક અતિથિ આવ્યા. તેમણે અતિથિને પૂછયું, ક્યાંથી આવો છો? જવાબ મળ્યો, અરુણાચલથી. તેમણે આ નામ પ્રથમવાર જ સાંભળ્યું, છતાં ચિરપરિચિત લાગ્યું. તેમના અંગેઅંગમાં ઝંકૃતિ પેદા થઈ. તેમણે તિરૂણ્ણામલઈ એ જ અરુણાચલ. આ પ્રસંગ પછી તેમને અરુણાચલના સ્વપ્ન આવવા લાગ્યા. એમનું અંતરમન એની પ્રત્યે એક અદમ્ય આકર્ષક અનુભવવા લાગ્યું.

આ પ્રસંગ પછી તેમના હાથમાં પેરિય પુરાણમ નામનું એક પુસ્તક આવ્યું. તેમાં ત્રેસઠ શિવભક્તોની કથા હતી. તેમણે આ પ્રથમ જ ધાર્મિક પુસ્તક વાંચ્યું - પણ તેની ઊંડી અસર થઈ. તેમને થતું કે મારે પણ આવા ત્યાગી બનવું છે. ત્યારબાદ આગળ વર્ણવ્યા પ્રમાણે મૃત્યુનો તેમને અનુભવ થયો. તેમના એકનિષ્ઠ શિષ્ય ગણપતિ મુનીદ્રે એ સંબંધી ઉલ્લેખ કરતાં કહ્યું છે કે, **त्वं तु सत्पदरो वर्षे बाल्य एवं महायशाः। लब्धवानसि विज्ञान योगिनामपिदुर्लभम्।।** ખરેખર યોગીઓમાં પણ દુર્લભ એવું પરમજ્ઞાન તેમણે પ્રાપ્ત કર્યું હતું.

આત્મભાવના : મૃત્યુના પ્રસંગે તેમનો આખો સ્વભાવ જ બદલી નાખ્યો. હવે તેઓ કોઈની સાથે હળતા-ભળતા ન હતા. રોજ તેઓ મિનાક્ષી મંદિરે જઈ મિનાક્ષીદેવી કે નટરાજની સામે મૂંગા મૂંગા એક ચિત્ત ઊભા રહેતા. એમની આંખોમાંથી આંસુઓનો ધોધ વહેતો. કોઈ કોઈ વાર પ્રાર્થના પણ કરતા, હે પ્રભુ મારા પર કૃપા કરો. મને પણ આ સંતો જેવો બનાવ. તે સમયે તેઓ અપરિપક્વ હતા. જન્મમરણના ચક્રમાંથી છૂટવાની આશાનો ઉદય તેમના મનમાં થયો ન હતો. પરંતુ ધ્યાનમાં

બેસી આંખો બંધ કરતાં જ તેઓ સર્વ પ્રકારના સંતાપથી મુક્ત થઈ જતા. અને તેમને અભૂતપૂર્વ શાંતિનો અનુભવ થતો.

ગૃહત્યાગ :- તુલસીદાસના જીવનમાં રત્નાવલીના શબ્દોથી, રત્નાકરના જીવનમાં દેવર્ષિ નારદના શબ્દોથી અદ્‌ભુત પરિવર્તન આવ્યું હતું. એવું જ કંઈક વેંકટરમણના જીવનમાં બન્યું. મોટાભાઈ એમના પર બરાબર નજર રાખતા. તેમણે જોઈ લીધું કે ભણવામાં હવે એમનું ધ્યાન નથી. જ્યારે ને ત્યારે આંખો મીંચીને બેસી જાય છે. એ દિવસ હતો. ૨૯-૮-૧૮૯૬, મોટા ભાઈથી બોલાઈ ગયું કે આ છોકરો શું ભણશે? અને ભણવું જ ન હોય તો બાવો થઈ જા. 'મોટાભાઈના આ શબ્દો સાંભળતા જ તેમણે નિર્ણય કરી લીધો કે ઘર છોડી અરુણાચલના શાંત સ્થળે જઈ સાધનામય જીલન જીવવું જે મારા માટે શ્રેયસ્કર બનશે.

વેંકટરામને ગૃહત્યાગ કરતાં પહેલાં ઘરે બે રૂપિયાની સાથે એક પત્ર મૂક્યો આ પત્રના શબ્દો ખૂબજ સારગર્ભિત હતા ''હું મારા પિતાની આજ્ઞાથી એની શોધમાં જાઉં છું'' આની શોધમાં કોઈ પૈસાનો ખર્ચો કરતા નહિ. ''પત્રની સમાપ્તિમાં સહી કરી શક્યા નહિ. કારણ કે જે આત્મતત્વને અનુભવતા હોય એની અભિવ્યક્તિ શબ્દોમાં કેવી રીતે કરે! આ ઉપરથી એમના મનની સ્થિતિનો ખ્યાલ આવ છે કે વેંકટરામન જેવી કોઈ વ્યક્તિ રહી ન હતી!

અરુણાચલના પંથે :- ગૃહત્યાગ કરી તેઓ અરુણાચલેશ્વરના મંદિરે પરમની શોધમાં આવી પહોંચ્યા. ગર્ભગૃહમાં જઈને અરુણાચલેશની સામે ઊભા. એમના મુખ પર અપાર આનંદ હતો. જાણે એમની પરમ પિતાની આશ્રયની ખોજ પૂરી થઈ હોય એવું લાગ્યું. અરુણાચલેશના દર્શનમાત્રથી એમનો શારીરિક દાહ દૂર થઈ ગયો. જાણે અરુણાચલેશે પોતાના શરણાગતે આવેલા ભક્તને પોતાના અદ્‌ભુત વાત્સલ્યનો અનુભવ કરાવ્યો ખરેખરો એ આશ્રય જ એવો હતો કે સદા માટે કલ્યાણકારી બને. પરંતુ એના માટે અધિક સાધના અને અંતર્મુખ બનવાની આવશ્યક્તા હોવાથી તેમણે અરુણાચલનું શાંત-એકાંત વાતાવરણ ઉત્કૃષ્ટ સાધના માટે વધુ અનુકૂળ લાગ્યું. તેમણે અરુણાચલેશને જ ગુરુભાવે સ્થાપિત કરી સંન્યાસનો સ્વીકાર કર્યો. માત્ર એક કૌપિન રાખી સર્વનો ત્યાગ કરી બ્રહ્મચર્ય વ્રત તેમ જ મૌખવ્રતનો અંગીકાર કર્યો. એમનું સમસ્ત સ્વરૂપ બદલાઈ ગયું. પ્રથમ દૃષ્ટિથી તપસ્વી દેખાવા લાગ્યા. ત્યારે તેમના જીવનનો એક તબક્કો પૂરો થયો અને બીજો તપસ્યામય સાધનાનો તબક્કાનો પ્રારંભ થયો.

તપોમય સાધનાઃ- તેમની સાધનાનું સ્થળ અરુણાચલ મંદિરનો ઓટલો હોય છે. જીવજંતુયુક્ત ભોંયરામાં આવેલ પાતાળલિંગ સ્થાન હોય કે પછી ગુરુમૂર્તમને આમવૃક્ષનો બગીચો હોય પરંતુ તેઓ તો ગરુમૂર્તમના સ્થળે રહેલી ક્રીડાઓની સેના વચ્ચે કે પછી કન્નૂની નિજનગુફામાં પણ કલાકો કે દિવસો જ નહિ સપ્તાહો સુધી બાહ્યજ્ઞાન શૂન્ય બની બેસી રહેતા. ધ્યાનમાં આત્મલીન બની જતા. એમની આવી કઠોર તપશ્ચર્યા જોઈને દર્શકોની શ્રદ્ધાભક્તિ તેમજ તેમના પ્રત્યે આદરભાવ વધ્યા. હવે તેઓ વેંકટરમન ન હતા. પરંતુ ત્યાગી, વિરક્ત મહાત્મા કે શ્રેયાર્થી હતા. મહર્ષિ જેવા મહાપુરુષને સેવા સુશ્રુષા કરાવવાની ભૂખ તો ક્યાંથી હોય! તેમ છતાં મૌની સ્વામી, તંબિરામ પછી નાયનાર જેવા એકનિષ્ઠ ભક્તો તેમની સેવા કરવામાં પોતાને સૌભાગ્યશાળી માનતા. પલનિ સ્વમી તો મહર્ષિની સાધનાના સાક્ષી બનીને એમની સાથે જ રહ્યા.

કાળચક્ર પોતાનું કાર્ય કરતો જ રહે છે. લગભગ બે વર્ષ નીકળી ગયા, તપશ્ચર્યાનો આશ્રય લઈને તેમણે અલૌકિક ભૂમિકાની પ્રાપ્તિ કરી લીધી હતી. આંખ ઊઘાડી હોવા છતાં એમનું મન આત્મલીન સમાધિમગ્ન જ રહેતું. આ સમયે મહર્ષિ અણિશુધ્ધ વૈરાગ્યએ સ્વજનો અને માની મમતા સામે વિજયી નીવડ્યો. માતા અળગમ્માની વિદાય પછી સાધનાના અંતિમ ચરણરૂપે તેમણે અરુણાચલ પર્વતની ઉપરના પ્રદેશ પ્રતિ પ્રયાણ કર્યું. તેમનું આ આરોહણ કેવળ પાર્થિવ પર્વતનું જ આરોહણ ન હતું પણ તેમના જીવનનું ઊર્ધ્વગામી ઉત્તમોત્તમ આધ્યાત્મિક આરોહણ હતું. જાણે એ આરોહણ અરૂણાચલેશ એમની આંગળી પકડીને કરાવી રહ્યા હતા, કે જેથી એમની આત્મસાધનાની રહી સહી ક્ષતિની પણ પૂર્તિ થાય. અને પરમ સિદ્ધિને પ્રાપ્ત થાય. ત્યાર બાદ સને ૧૮૯૯ થી તેઓ વિરૂપાક્ષી ગુફામાં સત્તર વર્ષ રહ્યા અને જીવનને અરુણાચલ પર્વત જેવું પ્રશાંત બનાવી ભારત તેમજ સમસ્ત વિશ્વ માટે જ્યોતિર્મય બન્યા.

મહર્ષિરમણની આધ્યાત્મિકતા :- રમણ મહર્ષિને બાહ્યજ્ઞાનની અભિલાષા જરાપણ ન હતી છતાં શાસ્ત્રજ્ઞાનના પરિચય એમને અનાયાસ પ્રાપ્ત થતો રહ્યો. તેમનું સાધનાત્મક કર્તવ્ય તો પુરુ થયું પરંતુ જીવન પ્રવાહ તો ચાલુ હતો. એટલું  નહિ પણ અન્યને માટેની અનુકંપાથી ભરપૂર હતો. એટલે બીજાની શંકા તથા સમસ્યાઓને સહાનુભૂતિ પૂર્વક સાંભળીને એમણે એમના ઉત્તરો આપ્યાં. આ ઉત્તરોમાં જ શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાનની ઝલક જોવા મળતી. જેમકે, ચૈતન્યનો સ્વભાવ કેવો છે? આ પ્રશ્ન તત્ત્વજ્ઞાની પિલ્લૈએ કર્યો, જવાબમાં તેમણે કહ્યું. એ સચ્ચિદાનંદ છે. ત્યાં અહમ્‌નો અલ્પ અંશ પણ નથી રહેતો. એને મૌન અથવા આત્મા નામથી ઓળખવામાં આવે છે. એક માત્ર અસ્તિત્વ ધરાવનારી વસ્તુ એ જ છે. ભેદદૃષ્ટિને લીધે જીવ, જાત અને ઈશ્વરને અલગ માનવામાં આવે છે. અજ્ઞાનજન્ય આભાસ માત્ર છે. ત્રણેય શિવસ્વરપ આત્મસ્વરૂપ છે.

તેમણે બીજો પ્રશ્ન પૂછ્યો, એ શિવસ્વરૂપ અથવા સત્યનો સાકાર કેવી રીતે થાય? ઉત્તરમાં મહર્ષિએ કહ્યું કે, બાહ્ય પદાર્થો અથવા દ્રશ્યનો નાશ થાય તો દૃષ્ટાના વાસ્તવીક મૂળ સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકે છે

ગણપતિ શાસ્ત્રીકાળ કરીને એક સંસ્કૃતના મહાવિદ્વાન પંડિતે એકવાર મહર્ષિને પૂછ્યું, તપ એટલે શું? મહર્ષિ થોડીવાર શાંત રહીને બોલ્યા, હું નો ખ્યાલ ક્યાંથી પેદા થાય છે એનો જો મણસ વિચાર કરે તો મનમાં લીન થઈ જાય એ તપ છે. મંત્રનો જપ કરતી વખતે મંત્રની ધ્વનિ જ્યાંથી પેદા થાય છે તે મૂળનો જો મણસ વિચાર કરે તો મનમાં લીન થઈ જાય, એ જ તપ છે. આ ગણપતિ શાસ્ત્રીએ જ સૌ પ્રથમ મહર્ષિને ભગવાન શ્રી રમણ મહર્ષિ કહ્યા, એટલું જ સુબ્રાહ્મણ્યનો અવતાર કહી એમની સ્તુતી કરી. એમની સાથે જે વાર્તાલાપ થયો તે રમણ ગીતા નામે પ્રસિદ્ધ છે.

એકવાર એક યુરોપિયને પૂછયુ, સિદ્ધિઓ કેવી રીતે મળે? મહર્ષિએ જવાબ આપતા કહ્યું, સિદ્ધિઓ મળે એનાં કરતાં વધારે શાંતિ અને પ્રકાશ એના વિના મળે છે. બીજો પ્રશ્ન હતો, જગતને કેવી રીતે મદદ કરવી? જવાબ હતો, તમે તમને જ મદદરૂપ બનો. એટલે જગતને મદદરૂપ થશો. તમે જગતથી જુદા નથી અને જગત તમારાથી જુદું નથી.

એક ખ્રિસ્તીએ પૂછયું, તમારા રસ્તે ચાલીને હું મારા ધર્મને વફાદાર રહી શકું? મહર્ષિએ કહ્યું, હું જે કહું છું તે ખ્રિસ્તીધર્મનો સાર છે. સ્વર્ગનું રાજ્ય અને આ જગત બે જુદા નથી. જે ડાહ્યો છે તે આ જગતને સ્વર્ગના રાજય તરીકે જુએ છે. બીજા માત્ર આ જગતને જુએ છે. ભેદ જોવાની દૃષ્ટિમાં છે. ખ્રિસ્તીધર્મ કે પછી હિંદુધર્મ આપણને બધા ધર્મો જ્યાં ભેગા થાય છે તે બિંદુ સુધી જ લઈ જાય છે એથી આગળ નહિ. એ બિંદુ એટલે ઈશ્વર સર્વ કઈ છે અને સર્વ કાંઈ ઈશ્વર છે. એવી સમજ માત્ર બુદ્ધિથી નહિ પણ અભ્યાસથી અનુભવવાનું છે.

એકવાર એક જર્મન ફિલોસોફરે મહર્ષિને પૂછયું, ઈશ્વરને જાણવા માટે શું જાણવું? તેના જવાબમાં કહ્યું કે, જે જાણો છો, જે શીખ્યા છો તે બધું જ ભૂલી જાઓ તો ઈશ્વરને જાણી શકશો. ધૂળ ચઢેલા દર્પણમાં પ્રતિબિંબ દેખાય નહિ. તેમ મન પર શીખેલા જ્ઞાનની ધૂળ ચઢી હોય, તે દૂર થાય ત્યારે મન હળવું થઈ ઊંચું ચડશે.

આવા તો અનેક દૃષ્ટાંતો તેમના જીવન વૃતાંતમાંથી મળે છે. મહર્ષિ કેટલાંકની જેમ માનસશાસ્ત્રી બનવા નહોતા માગતા. એમની ઈચ્છા સ્વાનુભાવના સાકાર સ્વરૂપ થવાની હતી એટલે ગ્રંથોના અભ્યાસને તેમણે વધુ મહત્વ આપ્યું નથી. છતાં પણ નરસિંહ મહેતા, સંત તુકારામ કે મીરાબાઈની જેમ એમના સહજ ઉદ્‌ગારોમાંથી જ શાસ્ત્રોનો સાર ટપકી પડતો.

રમણ મહર્ષિની લોકોત્તર યોગ્યતાથી પ્રભાવિત થયેલા ભક્તોની સંખ્યા દિવસે દિવસે વધવા લાગી. એવી જ રીતે કેટલાંક લોકો એક યા બીજા કારણે પર્વત પર ચઢી ન શકવાને લીધે અરુણાચલ પર્વતની તળેટીમાં ભક્તોએ નવા સ્થાનનું નિર્માણ કર્યું. જે આગળ રમણાશ્રમના નામે પ્રસિદ્ધ થયું. જે અનેક ભક્તો તેમજ શ્રદ્ધાળુઓનું તીર્થસ્થાન બન્યું.

મહર્ષિ રમણની મહાસમાધિઃ- ઈ.સ. ૧૯૪૭-૪૮ વર્ષ દરમ્યાન મહર્ષિને શારીરિક પીડારૂપે દર્દ આવ્યું. આ દર્દ જાણે એમના જીવનની સમસ્ત સાધના, તપશ્ચર્યા, ફિલસૂફી તથા નિષ્ઠાની પૂરેપૂરી પરીક્ષા કરવા આવ્યું હોય તેમ ઉત્તરોત્તર વધવા લાગ્યું. એમના ડાબા હાથની કોણી પર કેન્સરની ગાંઠ થઈ હતી, પીડા અસહ્ય હતી. છતાં ઘેનની દવા વગર ઓપરેશન કરાવ્યું. લોહીની ધારાવહી પણ એમના મુખ પર એ જ પરમ શાંતિ... તેઓ કહેતા હું નથી પીડાતો... મારું શરીર પીડાય છે... હું આ શરીર નથી.... લોકો તેમને ભગવાન રમણ મહર્ષિ કહેતા તે કેટલું સાચું છે! ભક્તો ગભરાતા કે હવે મહર્ષિ અમને છોડીને જતા રહેશે. ત્યારે તેઓ કહેતા. જન્મ-મરણ શરીરને છે. દેશકાળથી પર જે આત્મા છે તેને જવાનું શું અને આવવાનું શું! અને તા. ૧૪-૪-૧૯૫૦ના દિવસે મહર્ષિ રમણે મહાસમધિ લીધી. તે વખતે એક ફોટોગ્રાફર ત્યાં હાજર હતો. તેણે જોયું કે દક્ષિણ આકાશમાંથી એક તેજસ્વી તારો આવ્યો અને દક્ષિણ અરુણાચલના શિખર પર અદ્રશ્ય થઈ ગયો. તે સમયે ૮-૪૮ મિનિટ થઈ હતી. બરાબર તે જ વખતે મહર્ષિએ દેહત્યાગ કર્યો હતો.

ભારતના અને સમસ્ત સંસારના એ સર્વોત્તમ સંત શિરોમણી પોતાનું સ્થૂળ શરીર છોડીને વિદાય થયા. પરંતુ જેમ ફૂલ ખરી પડે છે પરંતુ ફૂલની ફોરમ સદાય રહે છે, તેવી જ રીતે રમણમહર્ષિની ઉર્જા શક્તિ હજુ કામ કરી રહી છે. શાશ્વતરૂપે છે.

ઉપસંહાર :- તિરુણ્ણામલઈના સુપ્રસિદ્ધ સંત અને હું કોણ? ના વિચારથી આત્મજ્ઞાન પામવાનો માર્ગ બતાવનાર દક્ષિણ ભારતના સંત અને મહર્ષિરમણ એમના જીવન-કવન ઉપરથી જાણી શકાય છે કે તેઓ આત્માની અખંડ અનુભૂતિમાં વાસ કરતા હોવા છતાં સાદા અને સરળ હતા. એમનું જીવન પ્રકાશમય અને પારદર્શક તેમજ બાળક જેવા નિખાલસ હતા. એમણે ધર્મના મૂળતત્ત્વને જીવનમાં ઉતાર્યું હતું. છતાં તેઓ કોઈ વિશેષ ધર્મ કે સંપ્રદાયના ન હતા. તેઓ ઓછું બોલતા પરંતુ એમનું જીવન વિશેષ બોલતું અને અસરકારક હતું. સનાતન સુખની પ્રાપ્તિ માટે મુખ્ય બે જ માર્ગની ભલામણ કરી છે. એક છે ઈશ્વરની સંપૂર્ણ શરણાગતિનો માર્ગ અને બીજો છે, હું કોણ? એ પ્રશ્નનો ઉત્તર શોધવાનો. આત્મવિચારનો માર્ગ. આ બન્ને માર્ગ અહંકારને નિર્મૂળ કરે છે. અને આત્મસ્વરૂપનું જ્ઞાન કરાવે છે.

રમણ મહર્ષિ હિંદુ સંત હતા અને અદ્વૈતવાદના સમર્થક હતા. છતાં એમની વાણી જૈનધર્મ-દર્શનના સિદ્ધાંતોની અનુગામી હોય એવી લાગે છે. તેઓ કહેતાં, કર્મ નડતું નથી, મે કર્યું એ ભાવ નડે છે. જ્ઞાનનો માર્ગ બુદ્ધિનો અને ભક્તિનો માર્ગ હૃદયનો છે. પણ બન્નેનું લક્ષ્ય એક જ છે, બંનેમાં હું નું અસ્તિત્વ ટળી જાય છે. ભક્તિમાં પહેલાં 'મારું' અદૃશ્ય થાય છે અને જ્ઞાનમાં પહેલાં હું અદૃશ્ય થાય છે. વગેરે તેમનાં કથનો નો ધનીય છે. મુરુનગર તમિલ કવિએ મહર્ષિની સ્તુતિમાં ૧૨૮૦ શ્લોકનો ગુરુવચન માળા નામનો મોટો ગ્રંથ લખ્યો છે. વળી રમણાનુભૂતિ વિષે તેમણે સેંકડો કાવ્યો લખ્યા છે. એવી જ રીતે ઉપદેશસારમ્ મહર્ષિએ પોતે લખેલું એક માત્ર કાવ્ય છે.

તેમનો પ્રાણી પ્રેમ પણ અદ્‌ભુત હતો. તેઓ નીડર અને નિર્ભયી તો હતા જ, તેવી જ રીતે ચકલી, કાગડા, ખિસકોલી જેવા પક્ષીઓ કે પછી સાપ કે સિંહ જેવા હિંસક પ્રાણીઓ પણ તેમની પાસે આશ્રમના જ સદસ્ય હોય એવી રીતે રહેતા **''उदार यश्तिनामृ तु वसुधैव कुटुम्बकम्।''** આ ઉક્તિ એમના જીવનમાં સાકાર થયેલી જોવા મળતી. કોઈપણ જાતના ભેદભાવ વગર સર્વ પ્રત્યે એમનો વ્યવહાર નિષ્કપટ અને નિર્મળ હતો. જેના કારણે કેટલાય પરદેશી અધ્યાત્મક પ્રેમીઓ તેમની પાસે આવતા અને તેમના ભક્ત બની જતા. શુધ્ધાનં ભારતી કે પછી શ્રી બી. વી. નરસિંહ સ્વામી જેવા ભક્તોએ તો મહર્ષિનું જીવનચરિત્ર લખી અપૂર્વ ફાળો આપ્યો છે.

અપરિગ્રહ તથા ત્યાગવૃત્તિ અંગેની એટલી કેટલી બધી પરાકાષ્ઠાએ પહોંચી હતી કે અરુણાચલના મંદિરમાં પ્રવેશ્યા પહેલાં ધારણ કરેલ કૌપીનને છેવટ સુધી ધારણ કરી રાખી હતી. આવું નિર્મળ આડંબરરહિત જીવન બીજા માટે પ્રેરણાસ્પદ રહ્યું હતું. આજે પણ સેવાશ્રમમાં તેમની સાધનાના પ્રભાવની અનુભૂતિ થયા વગર રહેતી નથી. તેમના તપના પ્રભાવને લીધે આશ્રમના અણુઓ અહીં આવનારને પ્રભાવિત કરે છે.

અસ્તુ

✠ ✠ ✠ ✠


સંપર્ક : khimji_chhadwa@yahoo.com
98928 28196


# સ્વામિનારાયણ સંપ્રદાયના વિરલ પરમહંસ : સદગુરુ મુક્તાનંદ સ્વામી


- ડૉ. જયેશ મંડાણકા / ડૉ. આનંદ આચાર્ય


ભગવાન પ્રત્યેની અપ્રતિમ ભક્તિનું આદર્શ ઉદાહરણ એટલે સ્વામિનારાયણ સંપ્રદાયના સદગુરુ મુક્તાનંદ સ્વામી. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રથમ પંક્તિના પરમહંસ હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીમુખની અમૃતવાણીના દુર્લભ સંચય સમા સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ધર્મગ્રંથ વચનામૃતના સંપાદક સંતોમાંના એક એવા મુક્તાનંદ સ્વામીનું સમગ્ર જીવન ભક્તિપરાયણ હતું.

મુક્તાનંદ સ્વામીનો જન્મ વિક્રમ સંવત ૧૮૧૪ (ઈ.સ. ૧૭૫૮)ની પોષ વદ સાતમે સૌરાષ્ટ્રના અમરેલી ખાતે થયો હતો. પિતા આનંદરાય અને માતા રાધાબાઈના આ લાડલાનું બાળપણનું નામ મુકુંદદાસ હતું. બાળવયમાં અમરેલીના પ્રસિદ્ધ મહાત્મા મૂળદાસજી થકી એમને ભગવાનની ભક્તિની લગની લાગી હતી. તેથી પરિવારજનોને બીક પેઠી કે આ અતિ સુંદર અને ગુણિયલ મુકુંદદાસ સમય જતા સાધુઓની મંડળીમાં ભળી જશે કે શું ? તેથી તેઓ યેનકેનપ્રકારેણ મુકુંદદાસને સંસારમાં પ્રવૃત્ત કરવાના અણથંભ્યા પ્રયાસો કરવા માંડ્યા. આજ્ઞાંકિત મુકુંદદાસને બાળવયમાં જ માતા-પિતાએ પરણાવી દીધા. પરંતુ જન્મથી જ ભગવાનની ભક્તિ અને સંસારમાં સહજ વિરક્તિ હોવાથી મુકુંદદાસ સંસારના સુખો ભોગવવાને બદલે અખંડ બ્રહ્મચારી રહ્યા. સંસારના પ્રલોભનો એમના ચિત્તને ચલાયમાન કરી ન શક્યા. અને તેઓ આ સંસારની ભ્રામક માયાજાળથી છૂટીને અખંડ ભગવાનનું ભજન કરવાના ઉપાયો શોધવા લાગ્યા. આજીવિકાના બહાને સમર્થ ગુરુની શોધમાં તેઓ અમરેલીથી દસ ગાઉ દૂર અમરાપર ગામે બાબા દ્વારકાદાસની મઢીએ પહોંચી ગયા. મુકુંદદાસની મુમુક્ષુતા જોઈ બાબા દ્વારકાદાસે તેમને વાંકાનેરના પ્રસિદ્ધ મહાત્મા કલ્યાણદાસ બાવાજીના શરણે જવા સૂચવ્યું. મુકુંદદાસે ત્યાં જઈ આજીજી કરી કે, મારે ભગવાન મેળવવા છે. મેં સાંભળ્યું છે કે તે માટે બ્રહ્મચર્ય પાળવું પડે. મારે કોઈપણ ભોગે બ્રહ્મચર્ય પાળવું છે. તમે મને બ્રહ્મચર્યના માર્ગે આગળ વધારો અને શિષ્ય તરીકે સ્વીકારો.

મુકુંદદાસની વાત સાંભળીને કલ્યાણદાસને ખાતરી થઈ કે જરુર આ કોઈ પૂર્વના મુક્તાત્મા છે. નિખાલસતાથી કલ્યાણદાસે ભગવાન ભજવાના વિકટ માર્ગના સ્વાનુભવને ટાંકતા કહ્યું તારો નિશ્ચય સારો છે, પણ આ કાર્ય સહેલું નથી. વળી, એક ઊંડો શ્વાસ લઈને તેમણે કહ્યું - ચિત્ત કેવું ચંચળ છે! ભગવાનના અપાર સુખને ભૂલાવીને સંસારના ભ્રામક સુખોમાં ભૂલા પાડી દે તેવા ચિત્તને વશ કરવું કાંઈ સહેલું નથી. જો મારી જ વાત કરું તો એકવાર હું કાશી જવા નીકળેલો ત્યારે મોરબી ગામના પાદરે મેં એક સ્ત્રીને ઉજ્જૈન જવાનો રસ્તો પૂછ્યો. એ પાણી ભરનારી સ્ત્રીએ હાથનું લટકું કરીને મને માર્ગ ચીંધેલો તે રુપવતી સ્ત્રીનો ચહેરો ચાલીસ વર્ષ વીતી ગયા હોવા છતાં હું હજી ભૂલી શક્યો નથી.

ભગવાનનો સાક્ષાત્કાર કરાવે એવા ગુરુ નહીં મળે તો આ મોંઘેરો મનુષ્ય જન્મ એળે જશે કે શું ? ઉત્તરોત્તર એક પછી એક મહાત્માઓને માયાની સામે ધૂળ ચાટતા થયેલા જોઈ મુકુંદદાસ નિરાશ થઈ ગયા. કોઈકની પાસે સંયમ હતો તો જ્ઞાન નહોતું. કોઈની પાસે જ્ઞાન હતું તો તેજ નહોતું. આશાનું કોઈ કિરણ ન દેખાતા ભગ્ન હૃદયે મુકુંદદાસે જિંદગીનો અંત લાવવાનો નિરધાર કર્યો. તેઓ એક ઊંચા વૃક્ષ પર ચઢી પડતું મૂકવા જતા હતા ત્યાં જ તેઓને એક દિવ્ય નાદ સંભળાયો - તારું સ્થાન સરધારમાં છે. ત્યાં પહોંચી જા.

આકાશવાણી સાંભળીને તત્કાળ વીજળી વેગે મુકુંદદાસ

સરધાર પહોંચી ગયા. અહીં ચોરામાં તેઓની મુલાકાત મહંત તુલસીદાસજી સાથે થઈ. તુલસીદાસજી તેઓને પોતાના આશ્રમમાં લઈ ગયા અને જોતજોતામાં આશ્રમનું સઘળું કામકાજ શીખી ગયેલા આ ગુણિયલ શિષ્યને તેઓએ મંદિરના મહંત બનાવી દીધા. પરંતુ મુકુંદદાસજીનું મન મહંતાઈમાં લેશ પણ લાગ્યું નહીં. તેઓને રાતદિવસ એક જ લગની હતી કે કોઈ સમર્થ ગુરુના શરણે રહી ભગવાનનો સાક્ષાત્કાર કરવો છે. એવામાં એક દિવસ રામાનંદ સ્વામી ત્યાં આવી ચડ્યા. મુકુંદદાસની કથા સાંભળવા ટોળે વળતા લોકો આજે એમને એકલા મૂકીને રામાનંદ સ્વામીની કથાનું રસપાન કરી રહ્યા હતા. આ જોઈ મુકુંદદાસને મનોમન સંકેત થયો કે સરધારમાં આ સદગુરુને મળવા માટે જ પેલી દિવ્ય આકાશવાણી થઈ હશે! તેઓ રામાનંદ સ્વામીનાં દર્શને દોડી ગયા. પ્રથમ નજરે જ તેઓ પામી ગયા કે ખરેખર આ જ ખરા ગુરુ છે. અને તે જ રીતે રામાનંદ સ્વામીને પણ મુકુંદદાસમાં ઉત્તમ શિષ્યની અનુભૂતિ થઈ. મુકુંદદાસે તો પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા માટે રામાનંદ સ્વામીને ખૂબ આજીજી કરી. પરંતુ રામાનંદ સ્વામીએ તેઓને મહંત તુલસીદાસની રજાચિઠ્ઠી લઈ આવવા કહ્યું. પરંતુ આવી રજાચિઠ્ઠી મળવી શક્ય નહોતી. મુકુંદદાસ જેવા વ્યવહારકુશળ અને ઉત્તમ મુમુક્ષુ શિષ્યને કોણ જતો કરે ! અંતે જડભરતની જેમ મુકુંદદાસે આશ્રમના દૈનિક કામકાજમાં ઉદાસીનતા બતાવી યુક્તિપૂર્વક રજાચિઠ્ઠી મેળવી લીધી. અને તરત જ તેઓ રામાનંદ સ્વામીને શોધતા શોધતા બંધિયા ગામે આવી પહોંચ્યા.

અહીં રામાનંદ સ્વામીએ તેઓને શિષ્ય તરીકે સ્વીકારી લીધા બાદ તેઓને બંધિયાના દરબાર મૂળુભાઈનું હળ હાંકવાની આજ્ઞા કરી. કેવળ ભગવાન ભજવાની ઈચ્છાથી સંસારનો ત્યાગ કરી નીકળેલા મુકુંદદાસે ખેતીકામનો કોઈ જ અનુભવ ન હોવા છતાં ગુરુને રાજી કરવા એક ગૃહસ્થને ત્યાં રહી તેના ખેતરમાં હળ હાંક્યું. ત્યાર બાદ તેઓને લાગ્યું કે ગુરુ પોતાના પર પ્રસન્ન છે એટલે તેઓએ ગુરુને વિનંતી કરી કે, મને ત્યાગીની દીક્ષા ક્યારે આપશો ? રામાનંદજીએ કહ્યું - ત્યાગી થવું હોય તો પત્નીની રજા લઈ આવો.

મુકુંદદાસ માટે આ એક મોટી કસોટી હતી. તેમ છતાં તેઓ પત્નીની રજા લેવા માટે ઘરે ગયા. આ તરફ પત્ની અને પરિવારજનોને સંપૂર્ણ ખાતરી હતી કે મુકુંદદાસ આ સંસારના ખાતાના જીવ નથી. એમને તો એક અવિનાશીની લગની લાગી છે. તેમ છતાં ડૂબતો તરણું પકડે તેમ તેઓએ મુકુંદદાસને વશ કરવા ભરપૂર ઉપાયો કર્યા. પરંતુ મુકુંદદાસને હૈયે સંસારનો લેશ માત્ર રંગ ચઢ્યો જ ન હતો. મુકુંદદાસે સ્વજનોને ખૂબ સમજાવ્યા. તેઓની મુમુક્ષુતા અને પ્રભુ ભજનનો અતિ તલસાટ જોઈ છેવટે પરિવારજનોએ તેમને રજા આપી. તેઓ સીધા જ ગુરુનાં ચરણે આવી ગયા. સંવત ૧૮૪૨ની વસંતપંચમીએ ૨૮ વર્ષની ભરયુવાનીમાં એમને ભાગવતી દીક્ષા મળી અને નામ પડ્યું મુક્તાનંદ સ્વામી.

ત્યાગાશ્રમની દીક્ષા ગ્રહણ કર્યા બાદ મુક્તાનંદ સ્વામીને ભુજમાં રહીને અભ્યાસ કરવાની રામાનંદ સ્વામીએ આજ્ઞા કરી. અહીં તેઓએ અભ્યાસની સાથે સાથે સત્સંગની આહલેક જગાવી. કચ્છ રાજ્યના કારભારી સુંદરજીભાઈ જેવા કંઈકને રામાનંદ સ્વામીના સત્સંગમાં વાળ્યા. તેમાં ગંગારામ મલ્લ અને હીરજીભાઈ જેવા ભક્તો મુખ્ય હતા. રામાનંદ સ્વામી તેઓ પર ખૂબ પ્રસન્ન થયા અને લોજ ગામમાં પોતાનો આશ્રમ હતો ત્યાં મુક્તાનંદ સ્વામીને મોટેરા બનાવીને આશ્રમ સોંપ્યો.

વિ. સં. ૧૮૫૬ના શ્રાવણ વદ ૬ની તિથિ મુક્તાનંદ સ્વામીના જીવનની એક ઐતિહાસિક તિથિ બની રહી. આ શુભ દિને ભારતભરનું તીર્થાટન કરીને આવેલા ૧૯ વર્ષીય નીલકંઠ બ્રહ્મચારીનું લોજ ખાતેના રામાનંદ સ્વામીના આશ્રમમાં આગમન થયું. બાળપણથી જ પ્રત્યક્ષ પ્રભુને ઝંખતા મુકતાનંદ સ્વામી આ અગાઉ ક્યારેય કોઈનાય તરફ આકર્ષાયા નહોતા. પરંતુ આજે પોતાનાથી ૨૩ વર્ષ નાના એવા સુકુમાર નીલકંઠવર્ણીનાં પ્રથમ દર્શનથી જ તેઓને અલૌકિક શાંતિ અને સુખનો અનુભવ થયો. આપો આપ તેઓની સઘળી વૃત્તિઓ શ્રી નીલકંઠવર્ણીના સ્વરુપમાં વિરામ પામી ગઈ. એટલામાં તો જાણે ભાવસમાધિમાંથી જાગ્રત કરતા હોય તેમ શ્રી નીલકંઠવર્ણીએ તેઓને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ આ પાંચ અનાદિના તત્ત્વો અંગે પ્રશ્નો પૂછ્યા. મુક્તાનંદ સ્વામીના ઉત્તરમાં તેઓની નમ્રતા, સાધુતા અને દાસત્વભાવે ભગવાનની ભક્તિ કરવાના સિદ્ધાંતની સ્પષ્ટતાનો રણકાર જોઈ નીલકંઠવર્ણી પ્રસન્ન થયા. મુક્તાનંદ સ્વામીની વિનંતીને સ્વીકારી રામાનંદ સ્વામીનું આગમન થાય ત્યાં સુધી આશ્રમમાં નિવાસ કરવા માટે નીલકંઠવર્ણી સંમત થયા.

સત્સંગનું ગૌરવ જળવાય અને સ્ત્રી-પુરુષ વર્તન સંબંધી મર્યાદા જાળવી સૌ અધ્યાત્મ માર્ગે પ્રગતિ કરી શકે એ માટે આશ્રમ નિવાસ દરમ્યાન નીલકંઠવર્ણીએ શાસ્ત્ર સંમત નિયમોની યથાર્થ સમજૂતી આપી તેનું પાલન કરવા માટે આગ્રહ કર્યો. રામાનંદ સ્વામીની અનુપસ્થિતિમાં મુક્તાનંદ સ્વામી આશ્રમના વરિષ્ઠ સંત હતા. વળી, તેઓ નીલકંઠ વર્ણી કરતા વયમાં ૨૩ વર્ષ મોટા હતા તેમ છતાં તરુણ વયના નીલકંઠ વર્ણીના મુખે ઉચ્ચારાયેલ સનાતન સિદ્ધાંતનો ત્વરિત સ્વીકાર કરી તેઓએ તમામ આશ્રિતોને પણ એને અનુસરવાની આજ્ઞા કરી. મુક્તાનંદ સ્વામીને લાગ્યું કે આ નીલકંઠ વર્ણી કોઈ અલૌકિક મહાપુરુષ છે અને તેમની આજ્ઞામાં વર્તવામાં ઘણો લાભ છે. ત્યારપછી તો રામાનંદ સ્વામીની પ્રતીક્ષામાં નવ મહિના સુધી નીલકંઠ વર્ણી આ આશ્રમમાં મુક્તાનંદ સ્વામી સાથે રહ્યા. નિત્ય નવીન અને આશ્ચર્યકારક અનુભવોથી મુક્તાનંદ સ્વામી નીલકંઠવર્ણીના દિવ્ય વ્યક્તિત્વમાં તણાતા રહ્યા.

ત્યારબાદ રામાનંદ સ્વામી લોજ પધાર્યા અને નીલકંઠનો સાક્ષાત પરમાત્મા તરીકેના અપાર મહિમાનો ઉદઘોષ કર્યો. નીલકંઠ વર્ણીને દીક્ષા આપી સહજાનંદ સ્વામી નામ આપ્યું. એક વર્ષ પછી સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપીને રામાનંદ સ્વામીએ ફણેણીમાં દેહ છોડી દીધો. એ અરસામાં સહજાનંદ સ્વામી એટલે કે ભગવાન સ્વામિનારાયણે કૃપા સમાધિનું અનોખું પ્રકરણ ચલાવ્યું. અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યા વિના કેવળ મનુષ્યોને જ નહીં પરંતુ પશુ, પંખી અને જળચર પ્રાણીઓને પણ સમાધિ થવાની વાતો સાંભળી મુક્તાનંદ સ્વામીની ધીરજ ન રહી. મોટા યોગીઓને પણ દુર્લભ એવી સમાધિ સુલભ થઈ જવાથી તો સત્સંગ ડહોળાઈ જશે તેમ ધારી સહજાનંદ સ્વામીને સૌને સમાધિ કરાવતા રોકવા મુક્તાનંદ સ્વામી મેઘપુર આવી પહોંચ્યા. પરંતુ સહજાનંદ સ્વામીએ તો મુક્તાનંદ સ્વામીને ખૂબ નમ્રતાપૂર્વક દંડવત કરીને આવકાર્યા. એમાં જ મુક્તાનંદ સ્વામીનો અડધો ગુસ્સો શાંત થઈ ગયો. તેમ છતાં મુક્તાનંદ સ્વામીએ જે કહેવાનું હતું તે સહજાનંદ સ્વામીને કહ્યું. એવામાં મુક્તાનંદ સ્વામીના આશ્ચર્યની વચ્ચે તેમના જ શિષ્ય સંતદાસને જ સમાધિ થઈ. પછી એમને જે અનુભવ થયો તે એમણે મુક્તાનંદ સ્વામીને કહ્યો.

મુક્તાનંદ સ્વામી માટે આ ઘટનાનો તાગ મેળવવો મુશ્કેલ હતો. એટલે તેઓ ઊંડા મનોમંથનમાં સરી પડ્યા. વિચારોના વમળોમાં અટવાયેલા મુક્તાનંદ સ્વામી ચાલતાં ચાલતાં ખાખરાના વનમાંથી પસાર થતા હતા ત્યારે ગુરુ રામાનંદજીએ પ્રગટ થઈ તેઓને ઠપકો આપતા મુક્તાનંદ સ્વામી, કેમ ભૂલા પડ્યા ? એમ કહી સહજાનંદ સ્વામીનો અવતારી તરીકે મહિમા કહ્યો.

ગુરુનાં દર્શન અને ઉપદેશથી મુક્તાનંદ સ્વામીનો સંશય ટળી ગયો. આનંદવિભોર થઈ એમણે સહજાનંદ સ્વામી માટે ફૂલોના હાર ગુંથ્યા અને હરખભેર સહજાનંદ સ્વામીને ઊંચકીને રામાનંદ સ્વામીની ગાદી ઉપર બેસાડી પૂજન કર્યું. ગળામાં ફૂલમાળ પહેરાવી. સાષ્ટાંગ પ્રણામ કર્યા અને હાથમાં આરતી લઈને એમણે ગાયું - જય સદગુરુ સ્વામી, સહજાનંદ દયાળુ...

મુક્તાનંદ સ્વામી રચિત ભગવાન સ્વામિનારાયણના મહિમાનું આ સર્વપ્રથમ પદ લાખો ઘરોમાં આરતી તરીકે સવાર-સાંજ ગવાતું રહ્યું.

વળી, પોતાનો સંશય અને ભ્રમણા ટળી અને પ્રગટ ભગવાન ઓળખાયા તેથી મુક્તાનંદ સ્વામીના આનંદનો પાર ન રહ્યો. સહજાનંદ સ્વામીમાં પૂર્ણ પુરુષોત્તમ નિરખ્યા અને ઉત્તરોત્તર એમની ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની ભક્તિ વૃદ્ધિ પામતી રહી. ત્યાર પછી જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ ભગવાન સ્વામિનારાયણના આદેશ અને અનુવૃત્તિનું સંપૂર્ણ પાલન કરતા રહ્યા. તેઓની સાધુતા અને વિદ્વત્તા માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહીં, પરંતુ આધ્યાત્મિક ઉત્કર્ષ સાધવા ઈચ્છતા તમામ મુમુક્ષુઓને પવિત્ર પ્રેરણા આપતી રહી. મુક્તાનંદ સ્વામીના જીવનમાં બનેલા અસંખ્ય પ્રસંગો તેઓની અપ્રતિમ સાધુતા, વિદ્વત્તા, પ્રતિભા અને ઈષ્ટદેવ પ્રત્યેની ભક્તિની સાક્ષી પૂરે છે. ગઢડા પ્રથમના ૭૩ અને ૭૮માં વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે તેઓનો મોટેરા સંત તરીકે ઉલ્લેખ કર્યો છે. સારંગપુરના ત્રીજા વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ કહે છે, મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે. પણ ગૌણ પડ્યું નથી.

એકવાર વડોદરાના પ્રકાંડ પંડિતો સામે શાસ્ત્રાર્થ કરવાની ભગવાન સ્વામિનારાયણે તેઓને આજ્ઞા કરી ત્યારે તેઓએ વિનમ્રતાપૂર્વક કહ્યું, આપની આજ્ઞાથી હું શાસ્ત્રાર્થ માટે જરૂર જઈશ. પણ હવે શાસ્ત્રોનો મને વિશેષ અભ્યાસ રહ્યો નથી. વળી, પંડિતોની જેમ શાસ્ત્રચર્ચામાં હું પ્રવીણ નથી, તેથી એમને જીતવા જેટલું મારું ગજું નથી. તેમ છતાં તેઓ ભગવાનની આજ્ઞા પાલન કરવારૂપ ભક્તિનું બળ રાખી શાસ્ત્રાર્થ માટે વડોદરા પહોંચ્યા. અહીં સરકારી હવેલીમાં સભા મળી. વાદી તરીકે પાંચ પંડિતો બેઠા. સભાપતિ શ્રીમંત સરકાર હતા. પ્રતિવાદી તરીકે બિરાજમાન મુક્તાનંદ સ્વામી સૌમ્ય અને ગુણિયલ પ્રતિભા સભામાં સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. પંડિતો સાથેના શાસ્ત્રાર્થમાં તેઓની અપ્રતિમ સાધુતા અને વિદ્વત્તા ઝળકી ઊઠી. શાસ્ત્રાર્થમાં વિજય બાદ તેઓ વડોદરામાં સાડા ત્રણ મહિના રહ્યા અને તેમના થકી અનેક લોકોને આધ્યાત્મિક માર્ગે ચાલવાનો આદર થયો. ભગવાન સ્વામિનારાયણે પણ મુક્તાનંદ સ્વામીના વિજયના સમાચાર સાંભળી તેઓની ખૂબ પ્રશંસા કરી.

મુક્તાનંદ સ્વામીના શાંત અને સૌમ્ય વ્યક્તિત્વને કારણે ક્રોધી સ્વભાવના વ્યક્તિનો ક્રોધ આપોઆપ શાંત થઈ જતો. એકવાર ગઢડામાં ઉઘાડી તલવારો લઈને વેરાગીઓ ધસી આવેલા ત્યારે પણ ભગવાન સ્વામિનારાયણે એમની સામે મુક્તાનંદ સ્વામીને મોકલ્યા હતા. મુક્તાનંદ સ્વામીની સાધુતા તથા કુનેહથી તેઓનો ક્રોધ શાંત થયો હતો.

એકવાર એક સુતારની જાન વહાણમાં ઘોઘા ગયેલી ને વહાણ ડૂબી ગયેલું. એ બધા જીવોની અવગતિ થઈ તેથી તેઓ ભૂત થઈ ઉપદ્રવ કરતા હતા. ભાલચંદ્ર શેઠે ભગવાન સ્વામિનારાયણને પત્ર પાઠવી આ ભૂતોને કાઢે એવા કોઈ સમર્થ સાધુને સુરત મોકલવા વિનંતી કરેલી. તેઓની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીએ સુરત જઈ સંધ્યા આરતી કરી, ધૂન-કીર્તન કરી તે ભૂતોની મુક્તિ કરી હતી.

વળી, એકવાર મુક્તાનંદ સ્વામી અને સંતો અમદાવાદમાં દરિયાખાનની જગ્યામાં સવારે ધ્યાન કરી રહ્યા હતા. એ સમયે કેટલાક વૈરાગીઓ પણ ત્યાં હતા. એટલામાં ઝાડ ઉપરથી મોટો સાપ પડ્યો. એટલે ડરના માર્યા બીજા વેરાગીઓ ઊઠીને ભાગી

ગયા પણ મુક્તાનંદ સ્વામીનું મંડળ સ્થિર રહ્યું. આથી ખરા આત્મજ્ઞાની અને ભગવાનના પરમભક્ત જાણી નગરના શ્રેષ્ઠીઓ તેઓને બીજે દિવસે ભોજનનું નિમંત્રણ આપવા આવ્યા. જ્યાં સન્માન થાય ત્યાંથી ખસી જવું જોઈશે એવું વિચારી મુકતાનંદ સ્વામી અને સંતો કોઈનેય ખબર ન પડે તેમ ત્યાંથી ચાલી નીકળ્યા.

મુક્તાનંદ સ્વામી બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેઓ જ્યાં જતા ત્યાં ત્યાં અનોખું આકર્ષણ જમાવતા. સ્વરચિત કીર્તનો ગાતા અને ઉપદેશ આપતા ત્યારે સૌ સ્તબ્ધ થઈ જતા. તેઓ સંગીતના જ્ઞાતા હતા. વીણા તથા સરોદવાદનમાં પારંગત હતા. વળી, એમને નૃત્યનું પણ જ્ઞાન હતું. એક વખત રજવાડાંઓમાં ફરીને ગ્વાલિયરના એક ગવૈયા ગઢડા આવ્યા અને ભગવાન સ્વામિનારાયણની સભામાં એમની કળા રજૂ કરી. એ પ્રસંગે ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીએ પગે ઘુઘરા બાંધી એવી કુશળ રીતે નૃત્ય કર્યું કે ભોંય ઉપર હાથીનું ચિત્ર દોરાઈ ગયું. એ સુંદર ચિત્ર જોનાર પણ સમજી શકે કે નૃત્યમાં મુક્તાનંદ સ્વામી કેવા પ્રવીણ હતા. મુક્તાનંદજીને વૈદકનું પણ સારું જ્ઞાન હતું. નાડી પરીક્ષા વડે રોગ પારખવામાં તેઓ પારંગત હતા.

મુક્તાનંદ સ્વામી સંતોની વાત્સલ્ય અને મહિમાપૂર્વક સંભાળ લેતા, હેત કરતા અને નિર્ભય કરતા. મુક્તાનંદ સ્વામી પાસે કેટલાક સાધુઓ વિદ્યાભ્યાસ માટે રહેતા. એમને હેતથી વિદ્યા શીખવતા અને શિષ્યો એમના ગુણો મેળવી લેતા, ચારિત્ર્ય ઘડી લેતા. આથી ઘણીવાર ભગવાન સ્વામિનારાયણ કહેતા - મુક્તાનંદજી તો સંતોની મા છે. વળી, જે હરિભક્તો કોઈ ગ્રંથિથી પીડાતા હોય તેમને ભગવાન સ્વામિનારાયણ મુક્તાનંદ સ્વામી પાસે રખાવી તેમના શરીરની કે મનની કચાશનો ઉપાય કરાવતા.

ભગવાન સ્વામિનારાયણે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી હતી - તમે જીવનપર્યંત સંપ્રદાયની પુષ્ટિ માટે શાસ્ત્ર રચજો.

આ આજ્ઞા અદ્ધર ઝીલીને મુક્તાનંદ સ્વામીએ સત્સંગનું સાહિત્ય રચવાનો ઉત્તમ પુરુષાર્થ કર્યો. તેમાં મોટું પ્રદાન વચનામૃત સંકલનનું છે. ભગવાન સ્વામિનારાયણની પરાવાણીને લખી-ગૂંથી સંકલિત કરનાર ચાર સદગુરુઓ પૈકી તેઓ એક હતા. વળી, બ્રહ્મસૂત્રોનું ભાષ્ય, ભાગવતના દશમસ્કંધનું ભાષ્ય, અનાદિ પંચ તત્ત્વોનું નિરુપણ કરતો ગ્રંથ વગેરે તેઓએ સંસ્કૃત ભાષામાં રચેલા મુખ્ય ગ્રંથો છે. આ ઉપરાંત એમણે રચેલાં પદ, આરતી, કીર્તન વગેરે કાવ્ય સાહિત્ય લોકજીભે હજુય રમી રહ્યું છે. તેઓના કાવ્યોમાં દોહા, ચોપાઈ, ધ્રોળ, પ્રભાતી, ગોડી, ગરબી એવી ઘણી વિવિધતા છે. ગદ્ય હોય કે પદ્ય - મુક્તાનંદ સ્વામીના શબ્દે શબ્દે હૃદયના ઊંડાણમાંથી પ્રગટતો ભક્તિભાવ નીતરે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓમાં વરિષ્ઠ એવા મુક્તાનંદ સ્વામીનું સાહિત્યસર્જન ઘણું વિપુલ છે. વૈરાગ્ય અને ઉપદેશ વગેરેની પ્રણાલિકાને અનુસરતી પંચરત્ન, વિવેકચિંતામણિ અને સત્સંગશિરોમણિ જેવી હિન્દી રચનાઓ છે. તેવી જ રીતે નારાયણી ગીતા અને મુકુંદબાવની તેમના દ્વારા ગુજરાતી ભાષામાં રચાયેલી બોધક રચનાઓ છે. મુક્તાનંદ સ્વામીએ હિન્દી પદ્યમાં ભગવદ્ ગીતાની ભાષા-ટીકાની રચના પણ કરી છે. શ્રીમદ્ ભાગવતની મૂળ સંસ્કૃત ઉપદેશકથાઓનો સુગમ ગુજરાતી ભાષામાં અનુવાદ કરી તેઓએ કપિલમુનિનો માતા દેવહૂતિને ઉપદેશ, કૃષ્ણ-ઉદ્ધવ સંવાદ તથા દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની વાત રજૂ કરી ભાગવતના કથામૃતને ગુજરાતી ભાવકો માટે સુલભ કર્યો છે. ધર્માખ્યાન નામે ગુજરાતી પદ્યમાં કથાત્મક રચના કરી તેઓએ શ્રી સ્વામિનારાયણ ચરિત્રને પ્રસ્તુત કર્યું છે. ગોપીઓની ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની અનન્ય ભક્તિનું વર્ણન કરતી ઉદ્ધવગીતા એ મુક્તાનંદ સ્વામીની ભ્રમરગીતા રૂપ ભક્તિકવિતા છે. વળી, તે સમયે લગ્નપ્રસંગે ગવાતા કુત્સિત ફટાણાને સ્થાને સુરુચિપૂર્ણ ૧૫ પદોની રુક્મિણી વિવાહ નામે રચના આજીવન ભક્તિપરાયણ નિઃસ્પૃહ વૈરાગી સંતની સામાજિક નિસબતનું અનેરું દર્શન કરાવે છે. તો વળી, સતીગીતા નામે સ્ત્રીઓને શીલ અને સતીધર્મનો બોધ કરતી વિરલ રચના વૈધવ્યને અર્થહીનતા અને શુષ્કતામાંથી ઉગારીને પરમાત્માની ભક્તિ પરાયણ થઈ જીવન સાર્થક્યનો અદભુત સંદેશ આપે છે. આમ, તત્કાલીન સમાજમાં ઘર કરી ગયેલ સતીપ્રથાના કુરિવાજને લીધે જીવનરસ ગુમાવી બેઠેલ વૈધવ્યને ગરિમા પ્રદાન કરી સર્વોચ્ચ આધ્યાત્મિક આનંદની પ્રાપ્તિનો માર્ગ મુક્તાનંદ સ્વામીની કવિતામાંથી પ્રાપ્ત થાય છે. આ રીતે જોઈએ તો ગુજરાતના ભાવિક નરનારને મુક્તાનંદ સ્વામીએ સાહિત્ય દ્વારા શ્રદ્ધા-ભક્તિનું અખૂટ ભાથું બંધાવ્યું છે. એનું મૂલ્ય પારખી મહારાજે એમને આજ્ઞા કરેલી તે મુજબ અંતકાળ સુધી સ્વામીજીએ સાહિત્યનું કાર્ય અખંડ કર્યું.

કવીશ્વર ન્હાનાલાલ લખે છે, સ્વામિનારાયણીય સદ્ધર્મ પ્રણાલિઓએ, એમના બ્રહ્મચર્યે, એમના સદગુરુઓએ, એમના સંતકવિવરોએ સંપ્રદાયને ઘડ્યો છે અને પ્રવર્તાવ્યો છે. મુક્તાનંદ સ્વામી એવા જ અગ્રગણ્ય સંત હતા.

એક સમયે લખતાં લખતાં વૃદ્ધાવસ્થાને કારણે મુક્તાનંદ સ્વામીના હાથમાંથી કલમ પડી ગઈ. એ વખતે ગોપાળાનંદ સ્વામીએ તેમને નિવૃત્તિ લેવા કહ્યું. મુક્તાનંદ સ્વામીને નામ, કીર્તિ કે રચનાનો મોહ નહોતો પરંતુ આજ્ઞાનું પાલન કરવાની ઘણી ઇચ્છા હતી. એ સમયે નિત્યાનંદ સ્વામીએ કહ્યું, તમારો આ ધર્માખ્યાન ગ્રંથ હું પૂરો કરીશ, તમે નચિંત રહેજો. એ પછી ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામીએ લેખનકાર્ય છોડી દીધું. અષાઢ વદિ એકાદશીને દિવસે સવારમાં ગોપીનાથજીની મૂર્તિ સામે બેસી ગયા અને હૈયું વલોવીને પ્રાર્થના કરી કે હવે મને બોલાવી લો.

ભગવાન સ્વામિનારાયણે દર્શન દઈને એમને વચન આપ્યું કે આજે મધ્યાહ્ને તમને તેડી જઈશું. આ શુભ સમાચાર એમણે બીજા સંતોને આપ્યા એટલે વાત વાયુવેગે ફેલાઈ ગઈ. આચાર્ય રઘુવીરજી મહારાજ વડતાલ જવાના હતા તેમને રોકી રાખ્યા. સૌ ભેગા થવા લાગ્યા. સ્થાનની પસંદગી મુક્તાનંદ સ્વામીએ જ કરી હતી. ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સામે પદ્માસન વાળી તેઓ ધ્યાનમાં બેસી ગયા. સંતોએ ભગવાનના નામનો જપ શરુ કર્યો અને સંતોને છેલ્લા પ્રણામ કરી સ્વામીએ જય સ્વામિનારાયણ કહી દિવ્ય અક્ષરધામ પ્રતિ પ્રયાણ કર્યું.

✠ ✠ ✠ ✠


પરિચય :

અમદાવાદ સ્થિત ડૉ. જયેશ એલ. માંડણકા - આસીસ્ટંટ પ્રોફેસર અંગ્રેજી વિભાગ, એલ.સી. મહેતા કોલેજ અમદાવાદ છે.

ડૉ. આનંદ આચાર્ય એસોસીયેટ પ્રોફેસર સમાજ શસ્ત્ર ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અમદાવાદ છે.


સંદર્ભસૂચિ :-


(૧) આભે બાંધ્યા તોરણ, લેખક નાનુભાઈ દવે, માર્ચ, ૧૯૮૧

(૨) વચનામૃત, સપ્ટેમ્બર ૨૦૧૮

(૩) સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, લેખક સાધુ આદર્શજીવનદાસ, જૂન - ૨૦૦૮

(૪) સ્વામિનારાયણ સંતસાહિત્ય, સંપાદક રઘુવીર ચૌધરી, ફેબ્રુઆરી, ૧૯૮૧


---

# પૂજ્ય શ્રીમોટા : વીસમી સદીના આર્ષદ્રષ્ટા

- ગૌતમ પટેલ

'બોલાવ, બોલાવ, મારા અર્જુનને બોલાવ' પોતાના આશ્રમમાં બેઠેલા પૂજ્ય શ્રીમોટા જરા જોરથી બોલ્યા. વાડીલાલ લલ્લુભાઈ મહેતા, અમદાવાદની અનેક મિલોના માલિક. પૂજ્ય શ્રીમોટાના દર્શન કરવા નડિયાદ હરિઃૐ આશ્રમમાં પહોંચ્યા. એ સમયે એમની સાથે વિક્રમભાઈ સારાભાઈ અમદાવાદથી વડોદરા જવા માટે ગાડીમાં બેઠેલા હતા. શ્રી વાડીલાલભાઈ દર્શન કરવા માટે પૂજ્ય શ્રીમોટા પાસે ગયા અને વિક્રમભાઈ બહાર જ ગાડીમાં બેસી રહ્યા હતા. પૂજ્ય શ્રીમોટાએ ઉપરનું વિધાન કર્યું અને એક સેવકે જઈને વિક્રમભાઈને પૂજ્ય શ્રીમોટા પાસે પધારવા આગ્રહ કર્યો. તેઓ પૂજ્ય શ્રી મોટા તરફ રવાના થયા. દૂરથી જ એમને આવતા જોઈને પૂજ્ય શ્રી મોટા બોલ્યા, 'આવ્યો, આવ્યો, મારો અર્જુન આવ્યો.'

જેવા તેઓ પૂજ્ય શ્રીમોટાની પાસે પહોંચ્યા કે તરત પૂજ્ય શ્રીમોટા બોલ્યા, 'કેમ? તારે લેબોરેટરી (પ્રયોગશાળા) કરવા માટે પૈસા જોઈએ છે ને! ઈન્દુભાઈ ! આપણા કુંભકોણમના આશ્રમ (હરિઃૐ આશ્રમ)ને કહી દો કે આ વિક્રમભાઈને જરૂરી રૂપિયા આપી દે.'

શ્રી વિક્રમભાઈ સારાભાઈના આશ્ચર્યનો પાર ન રહ્યો. કારણ કે વાત કાંઈક આવી હતી. તેઓ વિદેશમાં અણુવિજ્ઞાનનું ઊંડુ અધ્યયન કરીને આવ્યા હતા. તેમને ભારતમાં અણુવિદ્યાનો પ્રચાર-પ્રસાર અને સંશોધન કરવા માટે એક પ્રયોગશાળા સ્થાપવી હતી. એમણે એમના કાકાને કહ્યું. તો કાકાએ કહી દીધું કે, એમ.જી. સાયન્સ કોલેજમાં પ્રયોગશાળા છે, ત્યાં જઈને પ્રયોગ કર. નવી પ્રયોગશાળા સ્થાપવા માટે પૈસા ખર્ચલાની જરૂર નથી. વિક્રમભાઈએ છએક મહિના સુધી પ્રયત્નો કર્યા પણ કાકા ન માન્યા. તેઓએ ભારત છોડી વિદેશ જવાનો મનસુબો ઘડી લીધો હતો અને અહીં અચાનક કોઈએ પણ કહ્યું નથી છતાં સામેથી માતબર આર્થિક મદદ આપવાનો સ્વેચ્છાએ પૂજ્ય શ્રીમોટાએ પ્રસ્તાવ કર્યો. એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. આરંભમાં પૂજ્ય શ્રીમોટાની આર્થિક સહાયથી સ્થપાયેલી એ પ્રયોગશાળા પાછળથી 'ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી' (PRL) તરીકે વિકસી, જે આજે સમગ્ર વિશ્વમાં ખ્યાતિ ધરાવે છે.

આ પ્રસંગ મેં પોતે સાંભળ્યો ત્યારે પૂજ્ય શ્રીમોટા કેવા ત્રિકાળજ્ઞાની હતા તેની ઝાંખી થઈ. વિક્રમભાઈએ કાંઈપણ કહ્યું નથી અને છતાં સામેથી એના મનની વાત જાણીને માંગે તે પહેલાં રૂપિયા આપવાની વાત કરી! મેં પોતે આ વાતની ખાતરી કરવા શ્રીમતી મૃણાલિનીબેન સારાભાઈ-શ્રી વિક્રમભાઈના ધર્મપત્ની-ને પૂછી હતી અને તેમણે આને સત્ય હકીકત ગણાવી હતી. પાછળથી નડિયાદના પૂજ્ય શ્રીમોટાના હરિઃૐ આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી સનતભાઈ પટેલે તો મને કહ્યું કે એ પ્રસંગે હું ત્યાંજ ઊભો હતો.

જો પૂજ્ય શ્રીમોટાએ આમ અચાનક, અણધારી, વણમાંગ્યા મેહની જેમ મદદ ન કરી હોત તો શ્રી વિક્રમભાઈ સારાભાઈ ભારત છોડીને જતા રહ્યા હોત અને ભારતમાં અણુવિજ્ઞાનના ભીષ્મપિતા જેવા એ મહાનુભાવનું રિક્તસ્થાન પૂરવા એ સમયે અન્ય કોઈ હતો જ નહીં. મહાન સંતોની દીર્ઘદૃષ્ટિ-આર્ષદૃષ્ટિ અને તે અનુસાર કેવા આયોજન કરતાં હોય છે એનું આ એક જ્વલંત ઉદાહરણ છે.

એકવાર મુંબઈમાં નેશનલ રેયોનના શ્રી નટવરલાલ ચિનાઈને ત્યાં પૂજ્ય શ્રીમોટા પધાર્યા હતાં. તેઓ કમોડ પર બેસવા

ગયા, પડી ગયા અને થાપાનું હાડકું ભાંગી ગયું. તેમણે ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી કિશનસિંહભાઈ ચાવડાને બોલાવ્યા. તેમને તેઓ 'ભાઈ' કહીને સંબોધતા હતા. કિશનસિંહભાઈ આવ્યા એટલે પૂજ્ય શ્રીમોટા પોતાની આગવી-પ્રસિદ્ધ શૈલીમાં બોલ્યા, 'અલ્યા ભાઈ! જો ને મેં તારા ભગવાનનો બાપ માર્યો હતો કે એણે મારો પગ ભાંગ્યો?' 'પૂજ્ય શ્રીમોટા! ભગવાન પોતાના ભક્તોને શરીરનું દુઃખ એટલા માટે આપે છે કે એને પછી ફરીને આ માનવદેહમાં આવવાની ઈચ્છા જ ન થાય' કિશનસિંહભાઈએ જવાબ આપ્યો. 'લે, આજથી આ દુઃખ ગયું' એમ પૂજ્ય શ્રીમોટા બોલ્યા અને પછી જીવનના અંત સુધી અનેક પ્રકારના શારીરિક દુઃખો આવ્યાં હતાં પરંતુ પૂજ્ય શ્રીમોટાએ એની કોઈ ફરિયાદ કરી નહોતી. તેઓ દેહાધ્યાસથી કાયમ માટે મુક્ત થઈ ગયા હતા. તેમની આગવી વિશેષતા હતી. ઉપર્યુક્ત આખો પ્રસંગ મને સ્વ. શ્રી કિશનસિંહભાઈ ચાવડાએ સ્વયં કહ્યો હતો.

'મારે સમાજને બેઠો કરવો છે' આવું વિધાન પૂજ્ય શ્રીમોટા વારંવાર કરતા. તેઓશ્રીએ તેમના જીવન દરમ્યાન સમાજને અનેક ક્ષેત્રે બેઠો કરવા, જીવંત બનાવવા, જાણે મડદામાં પ્રાણ પુરવા ભરપૂર પ્રયાસો કર્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરને ગુજરાતી એનસાયક્લોપીડીયા 'જ્ઞાનગંગોત્રી' પ્રસિદ્ધ કરવા માતબર દાન આપ્યું હતું અને એના ૩૦ ભાગ પ્રસિદ્ધ થયા હતા. ગુજરાત વિશ્વકોશને પણ બાળકો માટેના કોશ પ્રકાશિત કરવા દાન આપ્યું હતું. વળી, સંશોધન ક્ષેત્રે લાખોના ઈનામો આપવા જે દાન આપ્યું તેમાંથી શ્રી વિક્રમ સારાભાઈ એવોર્ડ આજે પણ અપાય છે. યુજીસીને પણ વિજ્ઞાનક્ષેત્રે એવોર્ડ આપવા દાન આપેલું છે. ગુજરાત યુનિવર્સિટીને પણ પૂજ્ય શ્રીમોટાએ વિદ્યાક્ષેત્રે કાર્ય માટે દાન આપેલું. જેનો અમલ થોડા વર્ષો પછી યુનિવર્સિટીની અવ્યવસ્થાને પરિણામે આજે એ પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે. સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી સંશોધન ક્ષેત્રે ગુજરાતના વિદ્વાનોને પૂજ્ય શ્રીમોટા દાનમાંથી આજે પણ નવાજે છે. પૂજ્ય શ્રીમોટાએ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને વેદના પ્રચાર-પ્રસાર માટે આપેલ દાનમાંથી 'વેદપરિચય' નામની ૨૪ પુસ્તિકાઓ પ્રકાશિત થઈ હતી.

શિક્ષણ ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ તેઓશ્રી અનેક પ્રોત્સાહન દાન આપ્યા છે. નારીશક્તિના વિકાસ માટે, વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ માટે, અનેક હરીફાઈઓ યોજવા માટે પણ અનેક ક્ષેત્રે દાન આપીને વિવિધક્ષેત્રે અનેક પ્રવૃત્તિઓ ધમધમતી રહે તે માટે ઉદાર સખાવતો કરનાર સંત પૂજ્ય શ્રીમોટા એકલા જ છે.

'ભગતમાં ભગવાન'માં પૂજ્ય શ્રીમોટાના આત્મકથનને નોંધવામાં આવેલ છે. ત્યાં પૃ. ૫૧ ઉપર તેઓ લખે છે- ''મેં મહાત્મા ગાંધીજીને વાત કરી. બહુ ખુશ થયેલા. મને લખ્યું, 'છોકરા, તું આધ્યાત્મિક વિજ્ઞાનનો સાયન્ટીસ્ટ થજે. આ દુનિયામાં સાયન્ટીસ્ટ ઘણા બધા થયા છે. પણ આ આધ્યાત્મિક વિજ્ઞાનનો તું સાયન્ટીસ્ટ (વિજ્ઞાની) થઈશ. આ તેં બહુ સુંદર ખોળ્યું. તદ્દન સાચી વાત છે. નામસ્મરણ ઉપર કોઈ જગાએ-કોઈ શાસ્ત્રમાં પણ હશે કે કેમ તે મને શંકા છે. આ તેં બહુ સુંદર ખોળ્યું. આ તો બહુ રૅશનલ છે. સ્મરણ ઉપરના આ વિવરણથી સ્મરણને યજ્ઞ કહ્યો છે તે હવે મને યોગ્ય રીતે સમજાય છે.'' મહાત્મા ગાંધીજીએ તેઓને 'અધ્યાત્મિક વિજ્ઞાનના વિજ્ઞાની' ગણાવ્યા હતા, એ સર્વથા યોગ્ય છે.

આધ્યાત્મિક ક્ષેત્રે એમના જીવનના કેટલાક પ્રસંગો નોંધવા જેવા છે. બોદાલ ગામે એમને ભયંકર ઝેરી સાપ કરડ્યો અને કેવળ 'હરિઃૐ'નું સતત ૭૩ કલાક સુધી સ્મરણ કરતાં રહ્યા. ઘણા સમય પછી આણંદની મિશનરી હોસ્પિટલમાં તેઓને ડૉક્ટરની સારવાર મળી. ડોક્ટર પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આમ ભગવાનના નામસ્મરણ ઉપર એમને અપાર શ્રદ્ધા હતી. આજે પણ તેમના સ્વજનો નિયમિત રીતે નામસ્મરણના સત્રો ગોઠવે છે અને કલાકો સુધી 'હરિઃૐ'નો જપયજ્ઞ કરે છે.

એમના જીવનમાં સ્પષ્ટ નોંધવામાં આવ્યું છે તે મુજબ એકવાર સાકાર ઈશ્વરના દર્શન થયેલા અને બીજીવાર (કાશી)માં નિરાકારના. એ પણ ઐતિહાસિક રીતે નોંધાયેલું છે અને એ પ્રસંગના સાક્ષીઓ પણ હતા કે જ્યારે તેઓશ્રીને નિરાકારના દર્શન થયા ત્યારે તેમનો ગુહ્ય ભાગ બળી ગયો હતો અને બનારસના એક ડોક્ટરે તેની સારવાર પણ કરી હતી.

એમનું જીવનદર્શન ભવ્ય હતું. ભાષા તળપદી છતાં સત્યની અભિવ્યક્તિ અદ્‌ભુત રીતે કરતાં જીવન દર્શન વગેરે અનેક ગ્રંથો જીવનને કેન્દ્રમાં રાખીને તેઓશ્રીએ આપ્યાં છે. લગભગ ૬૦થી વધુ ગ્રંથોના તેઓ રચયિતા છે. એમાં મોટાભાગનાં છંદોબદ્ધ છે. એમની છંદરચનાની શક્તિ વિદ્વાનોને પણ આશ્ચર્ય પમાડે તેવી હતી. તેઓ બોલતા જાય-સામે બેઠેલી વ્યક્તિ જેમ વ્યાસજી પાસે ગણપતિ-તેમ લખતી જાય અને બે કે ત્રણ દિવસમાં તો ૨૫૦ થી ૩૦૦ પાનાનો ગ્રંથ તૈયાર થઈ જાય. જીવનના પ્રત્યેક પાસાને આવરી લેતા તેમના ગ્રંથોમાં વાર્તાલાપો પણ છે અને પત્રવ્યવહારો પણ.

એમનું વેદકાળના ઋષિ જેવું દર્શન હતું 'હું સર્વત્ર વિદ્યમાન છું'. એમને નિરાકારનો સાક્ષાત્કાર થયા પછી તેઓ આ વિધાન વારંવાર કરતા હતા. મને અહીં ઉપનિષદ્‌ના મહાવાક્યોનો સાર જણાય છેઃ (૧) **अहं ब्रह्मास्मि** (૨) **अयमात्मा ब्रह्म** । 'હું બ્રહ્મ છું' અને 'આ મારો આત્મા બ્રહ્મ છે'. બ્રહ્મ શબ્દ **बृह व्याप्तौ** વ્યાપીને રહેવું ધાતુ પરથી આવેલો છે. આથી એ સર્વત્ર વ્યાપ્ત છે એવું ઉપનિષદના તત્ત્વજ્ઞાનમાં સ્વીકારાયું છે અને હું એટલે આત્મા જ બ્રહ્મ છે આથી પૂજ્ય શ્રીમોટાનું 'હું સર્વત્ર વિદ્યમાન છું' એ ઉપનિષદના મહાવાક્યોનો સાર છે.

પૂજ્ય શ્રીમોટાના જીવનના તેમજ તેમના સ્વજનોના

જીવનના ચમત્કારો માટે અનેક પ્રકાશનો થયેલા છે અને એમની નિશ્રામાં રહીને જીવેલા અનેક મહાનુભાવો ભક્તિપૂર્વક એને આજે પણ વારંવાર વાગોળતા જોવા મળે છે. પણ એ બધાને અહીં વર્ણવવાનો આ અવસર નથી.

એમણે આરંભના સાધકો માટે ''મૌનમંદિર'નો વિશિષ્ટ ખ્યાલ આપ્યો છે. એમાં રહીને સાધકે સંપૂર્ણપણે તપઃપૂત એકાન્તવાસ સેવી સાધના કરવાની હોય છે. આજપણ નડિયાદ અને સુરતના હરિઃૐ આશ્રમમાં દેશવિદેશથી આવીને અનેક સાધકો એનો લાભ લે છે. મૌનમંદિરમાં કોઈપણ સંપ્રદાય કે ગુરુ પરંપરાનો ભેદ રાખવામાં આવતો નથી.

નોંધવા જેવી હકીકત છે કે ઉત્તરાખંડમાં કુદરતી આપત્તિમાં કેદારનાથમાં ઘણું બધું વહી ગયું. એ પછી એના પુનઃનિર્માણ દરમ્યાન ત્યાંની સરકારે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્ર્યા હતા. ત્યારે તેઓશ્રીએ ઉત્તરાખંડ રાજ્યના મુખ્ય સચિવ-ચીફ સેક્રેટરી-ને કેદારનાથમાં મૌનમંદિર રચવાની સલાહ આપી અને નડિયાદના પૂજ્ય શ્રીમોટાના આશ્રમની વાત કહી હતી. તે પછી ઉત્તરાખંડના ચીફ સેક્રેટરી પોતે નડિયાદના પૂજ્ય શ્રીમોટાના આશ્રમમાં આવ્યા હતા મૌનમંદિરની રચના અને વ્યવસ્થાનો અભ્યાસ કરીને ગયા હતા એ પછી ત્યાં કેદારનાથમાં એવા મંદિરની રચના પણ કરવામાં આવી છે.

'અધ્યાત્મના વિજ્ઞાની' એવા પૂજ્ય શ્રી મોટાએ વ્યક્તિગત અધ્યાત્મના વિકાસની કેડી મૌનમંદિર વગેરે રચીને સમાજને બેઠો કરવા માટે વિદ્યાનો વિસ્તાર, યુવાનોમાં વિકાસ કે સ્ત્રીશક્તિકરણ માટે મહાજન શક્તિ દળની રચના કરવા જેલી પ્રવૃત્તિઓ પણ વિકસાવી. આવા વ્યક્તિ અને સમાજ બંનેના ઉત્થાનમાં મહત્ત્વનો ફાળો આપનાર સંતોમાં પૂજ્ય શ્રીમોટા આંગળીના વેઢે ગણાય તેવા સંતોમાં વિરલ છે.

તેઓશ્રીએ કેવળ આઠ-દસ પંક્તિનું જ પોતાનું વિલ-વસિયતનામું કર્યું છે.

''હું, ચુનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે. અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે, અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિ સંસ્કાર એકાંતમાં શાંત જગાએ, મૃત્યુસ્થળ, તદન નજીકમાં કરવો અને તે પણ આપ છ જણ એ છ જણઃ (૧) શ્રી નંદુભાઈ (૨) શ્રી રમણભાઈ અમીન, (૩) શ્રીમતી ધીરજબહેન અમીન, (૪) શ્રી રામભાઈ (૫) ડૉ. કાંતાબહેન અને (૬) શ્રી રાજુભાઈ પટેલ (આજની તારીખે હયાત છે)ની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહીં; તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરા પધરાવી દેવાં.

મારા નામનું ઈંટચૂનાનુ કોઈ સ્મારક કરવું નહીં. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો'.

- ચુનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા

તા. ૧૯-૭-૧૯૭૬''

પૂજ્ય શ્રીમોટાના જીવનની અંતિમ ક્ષણો તો આપણે મહાભારતના ભીષ્મના ઈચ્છામૃત્યુની યાદ અપાવે તેવી છે. પોતે પોતાની સાથે નિકટના છ સ્વજનોને લઈ વડોદરાની નજીક ફાજલપુર ખાતે મહી નદીના કિનારે એલેમ્બિકવાળા શ્રી રમણભાઈ અમીનના ફાર્મહાઉસ ખાતે દેહત્યાગ કરવા ગયા. સહુને કહે 'તમે હરિઃૐની ધૂન કરો.' પોતે સ્વયં સુઈ ગયા, ચાદર ઓઢી લીધી અને પંચમહાભુતના બનેલા દેહને અહીં જ રાખીને સ્વેચ્છાએ સીધાવી ગયા. આવું ઈચ્છામૃત્યુ પામનાર આ કળીયુગના ભીષ્મ કહેવાય. એમણે જીવન દરમ્યાન વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રના વિકાસ માટે પણ ભીષ્મ જેવા પ્રયાસો કર્યા છે. એ મહાન આત્માના અથાક પ્રયાસોને-એમના આદરેલ કાર્યને પૂર્ણ કરવા એમના સ્વજનો સતત પ્રયત્નશીલ છે. એમાં જ આશાનું ઉજ્જ્વળ કિરણ સમાયેલું છે.

પૂજ્ય શ્રીમોટા સમાજને બેઠો કરવા ફરી આવશે. તેઓના જ શબ્દો છે.

''હું ફરી જન્મવાનો પણ તેની વાર લાગશે... જે જે જીવોનો સમાગમ મારે જોઈએ તે બધા જીવો હું જન્મું ત્યારે હાજર હોવા જોઈએ. ત્યાં સુધી I shall have to wait (મારે રાહ જોવી પડશે.)

...મેં મારા મનથી દૃઢ કર્યું છે કે મારે સ્ત્રીનો જ અવતાર લેવો છે, પણ છોકરા જણે એવી સ્ત્રી નહિ થાઉં... શ્રીમોટા''

આ માટે ભાવિ પેઢીએ શબરીભાવથી રાહ જોવી રહી.

મારા લેખને માટે યોગ્ય સૂચનો અને સહાય પૂરી પાડવા બદલ હરિઃૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટીશ્રી રાજેન્દ્રભાઈ રાવલ અને પૂજ્ય શ્રીમોટાના અનન્ય ભક્ત શ્રી પ્રબુદાસભાઈ જાનીનો હું આભાર માનું છું.

* * * *

અમદાવાદ સ્થિત ડૉ. ગૌતમભાઈએ એમ.એ.પી.એચ.ડી. સંસ્કૃત અને પ્રાકૃતમાં કરેલ છે. તેમને સંસ્કૃત ભાષા અને સાહિત્ય અંગે કેટલાક એવોર્ડ મળ્યા છે. તાજેતરમાં તેઓ ઑલ ઈન્ડિયા ઓરીયન્ટલ કોન્ફરન્સના પ્રમુખ તરીકે ચૂંટાયા છે. તેમના કેટલાંક પુસ્તકો અને રીસર્ચ પેપર્સ પબ્લીશ થયા છે.

**- ગૌતમ પટેલ**

સંપર્ક : ૯૯૨૫૦૧૧૯૦૧

ઈ-મેઈલ : vedgautam@yahoo.com

# મનુષ્યની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિમાં શ્રી માતાજી તથા શ્રી અરવિંદનું પ્રદાન

**- સ્વાતિબેન નવલકાન્ત જોષી**

શ્રી માતાજી તથા મહાયોગી શ્રી અરવિંદ વિશે લેખ લખવાની મારી ક્ષમતા પણ નથી અને પાત્રતા પણ નથી. તેમ છતાં, સ્વયમ્નું રૂપાન્તર ઈચ્છતા જિજ્ઞાસુઓ માટે આ લેખ લખી રહી છું. મા સરસ્વતી રૂપે મારી કલમ પર આરુઢ થઈને, શ્રી માતાજી જે કંઈ લખાવી રહ્યાં છે; તે લખી રહી છું. આ લેખ તે લોકો માટે છે કે જેઓ શ્રી મા તથા શ્રી અરવિંદ વિશે ખાસ કંઈ જાણતા નથી પરંતુ જાણવા જરૂર ઈચ્છે છે. જે લોકો જીવનસંઘર્ષમાં ડૂબેલા છે, સમસ્યાઓનાં સમાધાન શોધે છે. પૈસા કમાવવામાં એટલા વ્યસ્ત છે કે જીવન હાથમાંથી રેતીની જેમ સરી રહ્યું છે, જે લોકો પોતાની જ કમજોરીઓને લીધે પરેશાન છે, ગાડી, બંગલા અને બૅન્ક-બેલેન્સ બધું જ હોવા છતાં કંઈક ખુટે છે, કંઈક અધૂરપ કે અપૂર્ણતા અનુભવે છે; સ્વજનો પોતાની આસપાસ જ હોવા છતાં જે લોકો એકલતાનો અનુભવ કરે છે; જીવનનું કોઈ લક્ષ્ય નથી, મંઝિલ સ્પષ્ટ દેખાતી નથી, જે લોકો એવું વિચારે છે કે આ તો... ખાવું-પીવું-મોજ-મજાના દિવસો છે, મોજ કરી લો, પૈસા બનાવી લો; સુખ-સુવિધા, જાહોજલાલી, જેટલી મળે તેટલી ભેગી કરી લો; જ્યારે રિટાયર થઈશું ત્યારે ધ્યાન-ભક્તિ અને તપ કરીશું, યોગસાધના કરીશું; અત્યારે ફુરસદ નથી; અરે, મરવાનો પણ 'ટાઈમ' નથી! આ લેખ તે લોકો માટે છે કે જે સ્વયમ્નું રૂપાન્તર તો ઈચ્છે છે પરંતુ જેમને યોગ્ય દિશા મળતી નથી.

**પોંડિચેરી – શ્રી અરવિંદ તથા શ્રી માતાજીની તપોભૂમિ** પોંડિચેરી – સમુદ્રકિનારે એક સુંદર મજાનું શહેર! ભારતવર્ષમાં, તામિલનાડુ રાજ્યમાં આવેલું પોંડિચેરી એક આધ્યાત્મિક નગર છે. પોંડિચેરી સમગ્ર વિશ્વમાં સુવિખ્યાત છે શ્રી અરવિંદ આશ્રમને કારણે મહર્ષિ, મહાયોગી, મહાકવિ, મહાતપસ્વી, આર્ષદ્રષ્ટા શ્રી અરવિંદને કારણે. પોંડિચેરી વિશ્વ આખામાં પ્રસિદ્ધ છે. જગતજનની, મા ભગવતી, મા મીશમ્બિકા - The Mother ને કારણે. શ્રી માતાજી કેવળ એક વ્યક્તિ નથી પરંતુ તેઓ સ્વયમ્ પરાશક્તિ છે. She is the mother of mankind. she is the creator of the universe. She is the divine power personi fied. પોંડિચેરીથી પાંચ કિ.મી.ના અંતરે આવેલી છે આંતરરાષ્ટ્રીય નગરી ઑરોવિલે. શ્રી માતાજીએ કહ્યું, ''પૃથ્વી પર કોઈ એવું સ્થળ હોવું જોઈએ કે જ્યાં કોઈ એક રાષ્ટ્રનું આધિપત્ય ન હોય, જ્યાં પરમ સત્યનો આવિર્ભાવ હોય, જ્યાં પરમ સત્તાનું જ શાસન તથા અનુશાસન હોય, જ્યાં પ્રત્યેક હૃદયમાં પ્રેમ સંવાદિતા અને પ્રભુને પામવાની પ્યાસ હોય, જ્યાં પરમાત્માના સાક્ષાત્કાર માટે સાચી અભીપ્સા હોય, જ્યાં દુનિયાના દરેક દેશ-પ્રદેશમાંથી લોકો આવીને વસે અને વિશ્વ-નાગરિક બની જાય!

**અધ્યાત્મ નગરી ઑરોવિલે** તા. 28-07-1968 એ યાદગાર દિવસ હતો, જ્યારે અધ્યાત્મ-નગરી ઑરોવિલેની આધારશીલા સ્થાપિત થઈ. 126 દેશોના યુવા પ્રતિનિધિઓ પોતપોતાના દેશોની પવિત્ર માટી લઈને પોંડિચેરી પધાર્યા, આ માટી શિવલિંગ આકારાના માણપાત્રમાં પધરાવવાં આવી. હજુ આજે પણ આ ગણપાત્ર અધ્યાત્મ-નગરી ઑરોવિલેના મધ્યભાગમાં સ્થાપિત થયેલું છે. Auroville belongs to the whole of mankind. Auroville is the symbol of man's spiritual evolution and reveolution.

**માતૃમંદિર** ઑરોવિલેનું મુખ્ય આકર્ષણ છે.. ''માતૃમંદિર'' – દુનિયાની આઠમી અજાયબી! Yes it is one of the modern wonders of the world. અધ્યાત્મ-નગરી ઑરોવિલેના હૃદય સમાન ''માતૃમંદિર'' જેટલું વિરાટ છે, એટલું જ અદ્ભુત છે. પૃથ્વી આકારના આ માતૃમંદિર પર સુવર્ણમંડિત 'ડિસ્ક' જડેલી છે. પ્રત્યેક ડિસ્ક પર અસલી સોનાની પરત ચઢેલી છે. જો જડ પદાર્થને પણ દિવ્યતાનો સંસ્પર્શ મળે તો કેવું અનુપમ સૌંદર્ય પ્રકટ થાય, એ પ્રત્યક્ષ જોવાનો વિષય છે. માતૃમંદિર-ગર્ભગૃહની રચના પણ અદ્ભુત છે. ધ્યાનકક્ષના મધ્યભાગમાં એક મહાકાય સ્ફટિક છે. સ્ફટિક પર સૂર્યનું પહેલું કિરણ પ્રતિબિંબિત થાય, તે ક્ષણે જ ધ્યાનકક્ષમાં દિવ્ય પ્રકાશ પથરાય છે અને મનુષ્ય ધ્યાનમગ્ન બને છે. ઑરોવિલે હજુ નિર્માણાધિન છે. મનુષ્ય ચેતનાના ઊર્ધ્વારોહણમાં આ એક વિરાટ કદમ સાબિત થશે.

**પૃથ્વી પર પરાશક્તિનું અવતરણ** આત્મા તથા પરમાત્માના સાક્ષાત્કાર માટે આપણા પ્રત્યેક કોષનું રૂપાન્તર અનિવાર્ય છે. રૂપાન્તર માટે શ્રી માતાજી સાથે ક્ષણેક્ષણનું અનુસંધાન આવશ્યક છે. શ્રી માતાજીને સમજવા માટે મહાયોગી શ્રી અરવિંદનું અવતારકાર્ય જાણવું જરૂરી છે. આવો, સૌપ્રથમ શ્રી અરવિંદની જીવનકથાને જાણીએ શ્રી અરવિંદ જેમણે પોંડિચેરી એકાન્તવાસમાં ચાલીસ વર્ષ યોગસાધના કરી, શ્રી અરવિંદ જેમણે સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે પરમાત્માની પારલૌકિક દિવ્ય શક્તિને પૃથ્વી પર ઉતારી અને કાર્યાન્વિત કરી. કદાચ, આપના મનમાં કોઈ પ્રશ્ન ઊઠે કે આ હકીકતનું કોઈ પ્રમાણ ખરું? કોઈ સાબિતી છે? કોઈ પુરાવા વિના અમે કઈ રીતે માની લઈએ? તો... આ રહ્યો આપના સવાલનો જવાબઃ

તમે આ જ ક્ષણે, આ જ સમયે, અત્યારે, આ જ સ્થળે, અહીં જ એ દિવ્ય શક્તિને ગ્રહણ કરી શકો છો. આંખો બંધ કરી, આંતરમુખ થઈ, સંપૂર્ણ એકાગ્રતા કેળવો. આપના સહસ્રારચક્રમાંથી દિવ્ય શક્તિરૂપી ગંગાનું અવતરણ થતું આપ અત્યારે, આ પળે અનુભવી શકશો. આપણે તેને કઠિન કાર્ય માનીને બેઠા છીએ. બાકી આ પરાશક્તિ સૌને માટે સહજ સુલભ છે. વિલંબ આપણા તરફથી છે. પરમાત્મા તરફથી એક ક્ષણનો પણ વિલંબ નથી. જે રીતે આદિયોગી ભગવાન ભોલેનાથ શિવજીએ પવિત્ર ગંગાને તેમની જટામાં ધારણ કરેલ છે તે જ રીતે મહાયોગી શ્રી અરવિંદે પૃથ્વી પર પરાશક્તિનું અવતરણ કરેલ છે. તેથી જ, વિશ્વના આધ્યાત્મિક આકાશમાં શ્રી અરવિંદ સૂર્ય સમાન પ્રકાશિત છે.

**શ્રી અરવિંદની જીવનકથા** તા. 15 /ઑગસ્ટ/ 1872 ના રોજ

કોલકતામાં ડૉ. કૃષ્ણધન ઘોષ અને સ્વર્ણલતા દેવીના ઘરે શ્રી અરવિંદનો જન્મ થયો. પિતા તેમને અંગ્રેજ અફસર બનાવવા ઈચ્છતા હતા. તેથી જ શ્રી અરવિંદને બંગાળી, સંસ્કૃત વગેરે ભાષાઓથી દૂર રાખવામાં આવ્યા. ભારતીય સંસ્કૃતિ અને ધર્મશાસ્ત્રોનો સ્પર્શ' પણ ન થાય તેની કાળજી લેવામાં આવી. ઈંગ્લીશ જ તેમની માતૃભાષા રહી. પ્રાઈમરી એજ્યુકેશન માટે તેમને દાર્જીલીંગની એક કોન્વેન્ટ સ્કૂલમાં દાખલ કર્યા. સેકંડરી એજ્યુકેશન તેમણે સેન્ટ પૉલ સ્કૂલ-લંડનમાં અને હાયર એજ્યુકેશન તેમણે કેમ્બ્રીજ યુનિવર્સિટી-ઈંગ્લેન્ડમાં પ્રાપ્ત કર્યું. અહીં તેમણે ગ્રીક, લેટિન અને અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો. ફ્રેન્ચ, ઈટાલિયન, સ્પેનીશ, જર્મન વગેરે ભાષાઓ શીખ્યા. તેઓ સંસ્કૃત પ્રત્યે આકર્ષાયા. સ્વપ્રયત્નથી જ સંસ્કૃત શીખ્યા. વેદ, ઉપનિષદો, ભગવદ્‌ગીતા ઈત્યાદિ ધર્મગ્રંથોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. કોને ખબર હતી કે આ દિવ્ય બાળક મોટો થઈને ભારતનો સ્વાતંત્ર્યસંગ્રામમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે? મહાતપસ્વી બનશે? મનુષ્યજાતિના ઉધારક અને મુક્તિદાતા કહેવાશે?

મહારાજા સાથે મુલાકાત શ્રી અરવિંદ I.C.S.ની પરીક્ષામાં સફળતાપૂવ'ક ઊત્તીર્ણ થયા. તેમના પિતા તેમને કલેક્ટર બનાવવા ઈચ્છતા હતા. પરંતુ તેમના હૃદયમાં દેશભક્તિ છલોછલ ભરેલી હતી. તેઓ સ્વદેશ પાછા ફરવા માગતા હતા પરંતુ અંગ્રેજોની ગુલામી તેમને મંજૂર ન હતી. એ દિવસોમાં લંડન ખાતે તેમની મુલાકત વડોદરા રાજ્યના મહારાજા સૈયાજીરાવ ગાયકવાડ સાથે થઈ. મહારાજા શ્રી અરવિંદની અસાધારણ પ્રતિભાને પારખી ગયા. બરોડા સ્ટેટમાં મિનીસ્ટર તરીકે કાર્યભાર સંભાળવાનું નિમંત્રણ આપ્યું. શ્રી અરવિંદ જે સ્ટીમરમાં ભારત આવવાના હતા તે સ્ટીમર અકસ્માતે ડૂબી ગઈ. આ સમાચાર ભારત સુધી પહોંચ્યા. આ આઘાત તેમના પિતા સહી ન શક્યા. હાર્ટ ઍટેકને કારણે તેમનું અવસાન થયું. ત્યાર પછી સમાચાર મળ્યા કે શ્રી અરવિંદ સહી સલામત એક બીજી સ્ટીમરમાં મુંબઈ આવી પહોંચ્યા હતા.

**યોગસાધનાનો આરંભ** શ્રી અરવિંદ તેર વર્ષથી વધુ સમય વડોદરામાં રહ્યા. તેઓ એમ.એસ.યુનિવર્સિટીમાં અંગ્રેજી સાહિત્યના પ્રાધ્યાપક પણ હતા. ગુજરાતી સાહિત્યસમ્રાટ શ્રી કનૈયાલાલ મુન્શી તેમના વિદ્યાર્થી હતા. તે દિવસોમાં શ્રી અરવિંદ પાંચ કલાક પ્રાણાયામ તથા યોગસાધના કરતા. યોગી વિષ્ણુભાસ્કર લેલે સાથે શ્રી અરવિંદની મુલાકાત થઈ. ''કોઈ પણ વિચાર તમારા મનમાં પ્રવેશે, તે પહેલાં જ તેને મનની બહાર ફેંકી દો'' આ ટેકનીક શ્રી અરવિંદ યોગી લેલે પાસેથી શીખ્યા માત્ર ત્રણ જ દિવસની યોગસાધના પછી તેમને 'નીરવ બ્રહ્મ'ની અવર્ણનીય અનુભૂતિ પ્રાપ્ત થઈ. તેઓ પોતાના વતન કોલકત્તા પાછા ફર્યા.

**પરમાત્માનો આવિર્ભાવ** બહુ ઓછા લોકો જાણે છે કે શ્રી અરવિંદ ભારતના સ્વતંત્ર્ય સંગ્રામના સશક્ત સૂત્રધાર હતા. 15 મી ઑગસ્ટ 1872 માં શ્રી અરવિંદનો જન્મ થઈ ચૂક્યો હતો. તેમના જન્મદિવસે ભારત સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું તે માત્ર યોગાનુયોગ નહોતો, પરંતુ તેમની સંકલ્પશક્તિ અને યોગસાધનાનું નક્કર પરિણામ હતું. જ્યારે તેમણે **'वंदे मातरम्'** સામયિકના તંત્રીનો કાર્યભાર સંભાળ્યો ત્યારે તેમની કલમમાંથી આગ ઝરવા લાગી. બ્રિટીશ સરકારે તેમની ધરપકડ કરી. કોલકતાની અલીપુર જેલમાં તેમને કેદ કરી લીધા. શ્રી અરવિંદ જેલની યાતનાઓ સહેતા રહ્યા અને અંતે તેમણે ભૂખ-તરસ તેમ જ નિંદ્રા પર વિજય પ્રાપ્ત કર્યો. જેલમાં પણ તેઓ યોગસાધના કરતા રહ્યા, એટલે સુધી કે તેમનું આસન ધરતીથી એક ફૂટ ઉપર રહેતું હતું. જેલના સંત્રીઓ આ હકીકતના સાક્ષી બન્યા. શ્રી અરવિંદને પરમાત્માનો સાક્ષાત્કાર થયો. હવે આખું જગત વાસુદેવમય બની ગયું. સૃસ્ટિના કણ કણમાં શ્રીકૃષ્ણ પરમાત્માનાં દર્શન થયાં. શ્રી અરવિંદની અંદર શ્રીકૃષ્ણ ચેતનાનો અવિર્ભાવ થયો. સ્વામી વિવેકાનંદનો અવાજ તેમને માર્ગદર્શન આપતો રહ્યો. અનેક ચમત્કારિક ઘટનાઓ પછી તેમના વકીલ કેઈસ જીતી ગયા. તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. શ્રીકૃષ્ણે શ્રી અરવિંદને કહ્યું, ''ભારત સ્વતંત્ર થશે. અવશ્ય થશે. આ હેતુને સિદ્ધ કરવા માટે અન્ય નેતાઓ આવશે. તમારે તેનાથી પણ મહાન કાર્ય કરવાનું છે.'' આ રીતે, શ્રી અરવિંદને પોંડિચેરી જઈને યોગસાધના કરવાનો આદેશ મળે. તેમણે ૪૦ વર્ષ તપસ્યા કરી. અંગ્રેજી મહાકાવ્ય 'સાવિત્રી', 'દિવ્ય જીવન', 'ગીતાનિબંધો' આદિ ગ્રંથોનું સર્જન કર્યું. અને છેવટે, પરમાત્માની દિવ્ય શક્તિને પૃથ્વી પર અવતરિત કરવા માટે પોતાના દેહનું બલિદાન કર્યું. આધુનિક યુગના ભગવાન શિવને આપણા કોટિ કોટિ વંદન.

**શ્રી માતાજીની જીવનકથા** 'મિશમ્બિકા' શ્રી માતાજીનો જન્મ 21ફેબ્રુઆરી /1878માં ફ્રાન્સની રાજધાની પૅરિસમાં થયો હતો. તેમના પિતા મેરિસ અલ્ફાંસા એક અમીર બેન્કર હતા. તેમનાં માતા મટિલ્ડા ઈજીપ્તના રાજવંશમાં જન્મ્યાં હતાં. જ્યારે તેમના ઘરે એક અત્યંત સ્વરૂપવાન બાલિકાનો જન્મ થયો ત્યારે તેનું નામ રાખ્યું 'મીરા'. મીરાં કોઈ સાધારણ બાલિક નહોતી She was a divine child ધ્યાન તેને સહજ સિદ્ધ હતું. દેવોને દુર્લભ એવા દર્શનો મીરાંને થતાં. બાળપણમાં જ મીરાં જાણતી હતી કે સમગ્ર વિશ્વની જવાબદારી તેણે જ ઉઠાવવાની છે. મનમાં આવતા-જતા વિચારોને એ રીતે જોઈ શકતી જાણે કે પડદા પર કોઈ ફિલ્મ!

**દિવ્ય બાલિકા મીરાં** મીરાનું શિક્ષણ પૅરિસમાં થયું અભ્યાસ ઉપરાંત મીરાંને સંગીત, નૃત્ય, અભિનય અને ચિત્રકલાની તાલીમ મળી. તેની સ્કૂલમાં તેર વર્ષનો એક છોકરો છોકરીઓને પરેશાન કરતો. મીરાંએ તેનો પ્રતિકાર કર્યો. જ્યારે તેણે મીરાને મારવા હાથ ઉઠાવ્યો ત્યારે સાત વર્ષની મીરાંએ તેને જમીન પર પછાડી ધૂળ ચાટતો કરી દીધો. આટલી નાની બાલિકામાં આટલી શક્તિ ક્યાંથી આવી? કારણ કે મીરાં પરાશક્તિનો અવતાર હતી. સ્વયં પરમાત્મા આ દિવ્ય બાલિકાના શ્વાસેશ્વાસમાં પ્રત્યેક કોષમાં સહજ વિદ્યમાન હતા. ઘણી વખત તે સૂક્ષ્મ શરીરે ઊર્ધ્વગતિ કરતી. સૌને દુઃખ, યાતના અને પીડામાંથી મુક્ત કરતી. સૌને સાંત્વન, દિવ્ય આનંદ અને આશીર્વાદ આપતી. ખરેખર, શ્રીમાએ અનેક લોકોને દુઃખમુક્ત કર્યા છે અને હજુ પણ કરી રહ્યાં છે.

**રહસ્યમય જીવનપ્રસંગો** શ્રી અરવિંદે કહ્યું, "Those who choose God are chosen by God." કંઈક આવી જ ઘટના મીરાંના જીવનમાં બની. શ્રમદ્ ભગવદ્‌ગીતાનો ફ્રેન્ચ અનુવાદ મીરાંને વાંચવા મળ્યો. ગીતા અનુસાર

તેમણે યોગાભ્યાસ કર્યો. સ્વામી વિવેકાનંદનું પ્રખ્યાત પુસ્તક 'રાજયોગ' વાંચ્યું અને તેને અનુસર્યા. મા મીરાં ચિત્રકાર પણ હતા, સંગીતજ્ઞ પણ, અને મહાયોગિની બનવા સર્જાયેલ હતાં. તેમના મનમાં પ્રશ્ન ઉદ્દભવ્યો, ''જીવનમાં આટલું દુ:ખ, આટલી પીડા શા માટે? શું જીવન કદી દુ:ખમુક્ત ન બની શકે? તેમણે રહસ્યમય ગૂઢવિદ્યા Esoteric Science શીખવાનો નિર્ણય કર્યો. તેમણે શ્રી અને શ્રીમતી થેઓં પાસેથી અલ્જીરીયામાં બે વર્ષ આ તાલીમ લીધી. થેઓં દંપતિ પાસે અદ્ભુત શક્તિઓ અને સિદ્ધિઓ હતી પરંતુ તેનો ગર્વ પણ હતો. મિ. થેઓંને સૂક્ષ્મ જગતમાંથી એક એવો જીવનમંત્ર જોઈતો હતો કે જેના દ્વારા કોઈને જિંદગી આપી પણ શકે અને આંચકી પણ શકે. સૂક્ષ્મ જગતની યાત્રા દરમિયાન સૂક્ષ્મ દેહે મીરાંને આ મંત્ર મળ્યો. મિ. થેઓં તે સમયે મીરાંના સ્થૂલ દેહની રક્ષા કરી રહ્યા હતા. તેમણે મીરાંને આદેશ આપ્યો, ''એ મંત્ર મને આપી દે!'' થેઓં પૃથ્વી પર પ્રભુત્વ પામવા ઈચ્છતા હતા. મીરાં જાણતી હતી કે જો આ મંત્ર થેઓંના હાથમાં આવ્યો, તો અનર્થ થઈ જશે. મીરાં મૌન રહી. થેઓંને ગુસ્સો આવ્યો. હવે મીરાંએ થેઓનું અસલી સ્વરૂપ જોયું. તેમણે મીરાંને ધમકી આપી: તારી જિંદગી અત્યારે મારા હાથમાં છે. સ્થૂલ અને સૂક્ષ્મદેહને જોડનાર રૂપેરી તાર હું કાપી નાખીશ. પછી તું કદી તારા સ્થૂલ દેહમાં પ્રવેશી નહીં શકે. તો પણ મીરાં ડરી નહીં. જીવનમંત્ર ન મીરાંએ લીધો કે ન થેંઓને આપ્યો. સાચ્ચે જ થેઓંએ રૂપેરી તાર કાપી નાંખ્યો. હવે સ્થૂલ દેહમાં પ્રવેશવું અસંભવ હતું. એ થેઓંસર્જિત મૃત્યુ જ હતું. મીરાંએ થેઓંને સાંકેતિક ભાષામાં કહ્યું ''તમે જાણો છો આ કેટલું ભયાનક કૃત્ય છે?'' થેઓંને પોતાની ભૂલ સમજાઈ. થેઓંએ તેમની બધી જ આધ્યાત્મિક શક્તિ કામે લગાડીને રૂપેરી તાર ફરી જોડી આપ્યો. મીરાં સ્થૂલ દેહમાં પાછી ફરી.

**યુગપુરુષની તલાશ** મીરાં પાસે અનેક સિદ્ધિઓ હતી પરંતુ તે તેવું અંતિમ લક્ષ્ય નહોતું. ધ્યાન દરમિયાન મીરાંને એક યુગપુરષનાં દર્શન થતા મીરાં તેમને શ્રીકૃષ્ણના નામે ઓળખતી. તે સમયે મીરાં જાણતી ન હતી કે તે બીજું કોઈ નહીં પરંતુ ભારતના મહાયોગી શ્રી અરવિંદ હતા મીરાંના લગ્ન એક વિદ્વાન તત્ત્વચિંતક પૉલ રિચાર સાથે થયાં હતાં. ચૂંટણીપ્રચાર માટે પૉલ રિચાશ ફ્રેંચ સંસ્થાન પોંડિચેરી આવ્યા તે પહેલાં મીરાંએ તેમના હાથમાં એક પ્રતિક ચિત્ર મૂક્યું અને ભારતના એ યુગપુરુષની તલાશ કરવા વિનંતી કરી. પોલ રિચાર ભારતમાં શ્રી અરવિંદને મળ્યા. શ્રી અરવિંદે એ પ્રતીક ચિનું રહસ્ય સમજાવ્યું. આ રીતે મીરાંને તેના ગુરુ-તેના ભગવાન મળ્યા. મહાયોગી શ્રી અરવિંદના ચરણોમાં મીરાંએ તેનું જીવન સમર્પિત કરી દીધું. મીરાં રિચાર અને પોલ રિચાર કેટલાંક વર્ષો શ્રી અરવિંદની સેવામાં રહ્યા. ત્યાર પછી પોલ રિચાર ફ્રાંસ પાછા ફર્યા.

**પરાશક્તિનો આવિર્ભાવ** શ્રી અરવિંદે મીરાંને પૂર્ણયોગની અધિષ્ઠાત્રી તરીકે ઓળખી લીધાં. કોઈ જાણતું નથી એ કઈ પવિત્ર પળ હતી, કઈ પુનિત ઘડી હતી જ્યારે શ્રી અરવિંદે મીરાંને "The Mother" સંબોધન કર્યું પરંતુ તે ક્ષણથી જ મીરાં મા ભગવતી જગતજનની મીરાંબિકા બની ગયાં. કોષોના રૂપાન્તરની સાધના પછી શ્રી માતાજીની અંદર દિવ્ય પરાશક્તિનો આવિર્ભાવ થયો. "My liberty I ask for all, મુક્તિ મને માત્ર મારા માટે ન જોઈએ. મુક્તિ મને સૌને માટે જોઈએ.'' શ્રી અરવિંદે "The Mother" પુસ્તકમાં શ્રી માતાજીનાં ચાર સ્વરૂપો દર્શાવ્યા છે: મહાસરસ્વતી, મહાલક્ષ્મી, મહેશ્વરી તથા મહાકાલી.

**શ્રી માતાજીએ આપેલ વચનો** ''દિવ્ય માં''એ પોતાના બાળકોને વચન આપ્યાં છે, " I am your human mother" I am always with you" "But dont forget to call me. its by calling that my presence becomes effective." સમગ્ર વિશ્વમાં શ્રી માતાજી અને શ્રી અરવિંદના અસંખ્ય સાધકો છે. હું પણ એ દિવ્ય માની દીકરી છું. આ લેખના માધ્યમથી આપ સૌને અનુરોધ કરું છું કે જો આપ દુ:ખમુક્તિ ઈચ્છતા હો, જો આપ transformation ની ઝંખના સેવતા હો, જો આપના હૃદયમાં પ્રભુને પામવાની પ્યાસ હોય તો શ્રી માતાજીને સાદ કરો, પોકાર કરો, સાચા દિલથી આવ્હાન કરો. તત્ક્ષણ પ્રતિસાદ મળશે. શ્રી માએ વચન આપ્યું છે. "Every call is answered" શ્રી માતાજી આપની સહાયતા કરશે તેમાં કોઈ શંકા કે સંદેહ નથી. કરીને જુઓ જાતે અનુભવ કરો. **વિદ્વાન લભ્તે નરં**

**રૂપાન્તરનો રાજમાર્ગ**

આ કોઈ થિયરી કે શુષ્ક તત્ત્વજ્ઞાન નથી. આ કોઈ સંપ્રદાય નથી. શ્રી મા પ્રેમનો પર્યાય છે. Three Steps forwards the Mother : (1) Open yourself (2) Empty yourself (3) Dedicate yourself આ જરા પણ અઘરું નથી. સરળ છે. નાનું બાળક પણ કરી શકે બલ્કિ જે નાનું બાળક બની જાય તે જ આ કરી શકે. જે એક વખત પણ શ્રી મા સમક્ષ આવે છે, તેની જનમ-જનમની જવાબદારી શ્રી મા લે છે. તેને બંધનમુક્ત કરે છે. તેનું રૂપાન્તર કરે છે. તેની રક્ષા કરે છે. નિરર્થક જનોને delete કરે છે. દિવ્ય જીવન બક્ષે છે.

✠ ✠ ✠ ✠

પરિચય :

સ્વાતિબેન નવલકાન્ત જોષી M.A. B.ed. Entire English (Gold Medilist) ગુજ. રાજ્ય ટેક્સ્ટબુક કમીટીમાં લેખક/સંપાદક તરીકે કાર્ય કરેલ છે. નાટકોનું લેખન-નિર્દેશન કરેલ છે. (શાસ્ત્રીય સંગીત વિશારદ/કથ્થક નૃત્ય વિશારદ) હાલ, ઑરોમા ઈન્સ્ટીટ્યૂટ - અમરેલીની સંચાલક છું. વિદ્યાર્થીઓ પ્રત્યે હૃદયમાં અસીમ પ્રેમ અને વાત્સલ્ય છે. સંગીત, નૃત્ય, રસોઈ, ફોટોગ્રાફી, બાગબાની અને પ્રવાસનો શોખ છે, તેમ છતાં ઘર એ જ મારું સ્વર્ગ છે. મારો સાચો પરિચય એ જ છે કે હું એક ઋષિતુલ્ય પિતાની પુત્રી છું. હું એક પ્રબુદ્ધ છતાં પ્રેમાળ માતાની પુત્રી છું. શ્રી માતાજી તથા શ્રી અરવિંદની સાધિકા છું.

- અસ્તુ

| | | |
|---|---|---|
| સંદર્ભ ગ્રંથ | : | મહાયોગી શ્રી અરવિંદ |
| લેખિકા | : | શ્રી જ્યોતિબેન થાનકી |
| પાસવર્ડ છે | : | પ્રાર્થના |

ફિલ્મ યૂટ્યૂબ પર ઉપલબ્ધ છે
ધી મધર & શ્રી અરવિંદ
ઓરોમા પ્રોડક્શન હાઉસ - અમરેલી
સ્વાતિબેન નવલકાન્ત જોષી
ઓરોમા ઈન્સ્ટીટ્યુજ, અમરેલી
તા. ૩૦/જુલાઈ/૨૦૨૦ ગુરુવાર

# Sant Kavi Surdas...A visionary via Soul Insight!

**Prachi Dhanvant Shah**

''मैया मोरी मैं नहिं माखन खायो!
भोर भयो गैयन के पीछे, मधुवन मोहिं पठायो।
चार पहर बंसीबट भटक्यो, साँझ परे घर आयो ।।
मैया मोरी मैं नहिं माखन खायो ।''

*- Sant Surdas*

*"Maiyan Mori, Main Nahi Maakhan Khaayo"* This famous melody I am sure we all are aware of. Composed by Sant Kavi Surdas, beautifully amplifying the innocent play by Baal Gopal Lord Krishna. The beauty of this sonnet is the innocent play of Baal Gopal Krishna covering his mistake to convince his mother who saw him stealing maakhan (Butter). Kavi Surdas explained through his wonderful lyrics that Krishna's naïveté eventually convinced his mother Yashoda to believe that he did not steal any maakhan (Butter). The expression says it all!

***Bhakti and devotion*** are the intense glimmers of emotion. It is the pious form of love and is the eternal reflection of a soul's devoutness. I believe worship encompassed with love in the form of the soul's vulnerability towards selfless devotion as it is the emotion experienced, not just the action of profound accomplishment. Indian antiquity has bequeathed us lifetime chronicles of eminent saints and their distinguished devoutness in the form of bhakti. The insightful melodies composed by some of these legendary saints' smear ceaseless imprints.

Saints are the devout living spiritual souls prevailing in the human era. Their selfless spiritual accomplishments and deliverance have invigorated many lives and persuaded them the right path to liberation. They are the reflection of eternal bliss and mortality. One of such profound and pious devotees was Sant Surdas. Sant Surdas was a spiritual poet & musician devoted through his insightful bhakti towards Lord Krishna. Assumable to be born in the 14th Century his date of birth and place remains elusive. Not much is ascertained about his life-history. Although, some elements of history, illustrations, and assumptions intertwined together to exhibit the remarkable life journey of this legendary saint Surdas. His name itself reveals to be fascinating. Noone yet knows if Surdas was his actual name given at Birth. Because the name Surdas seems to be moreover as a designated name, wherein 'Sur' means melody and 'Das' means striver. Hence his name Surdas depicts his character as a Striver of melody. Besides, the word 'Das' also depicts a divine intimacy of his friendship and bond with Lord Krishna. His intense musical bhakti of devotion towards Lord Krishna is sculpted via his name Surdas.

Sant Surdas is believed to be hailing from the North part of India. Some narrations reveal he was born in Siri village near Delhi whereas some depict he was born in Vraj which is the auspicious terrestrial of the northern district of Mathura in India. This place witnesses close association with the existence of Lord Krishna. Surdas was born without eyesight in an indigent Brahmin family. Probably being dependent on his family by all means, without eyesight and not seeking love and attention from them, Surdas was compelled to leave his home at a very tender age of six years. Maybe this episode of his life reveals something... a child deprived of love and compassion certainly seeks something that would soothe his drifting waves of emotions. His soul searching for a serene affirmation to adhere to. So much to seek for... and so much to contribute in the form of devotion & bhakti.

Upon leaving his home, he encountered a troop of religious musicians and associated himself through their journey. Wandering around with them, music fascinated him, and bhakti gave him immense gratification. Living on the banks of Varanasi, he came across ***Vallabhacharya*** a proponent of *the* ***Shuddhadvaita*** **sect**, also known as ***Pushti Marga*** of Hindu religion. Surdas's life has been very much influenced by the teachings of illustrious scholar *Vallabhacharya.* Though being blind, Surdas's insight was immensely sharp and he was very intellectual. Seeing his dedication and inclination towards spiritual learnings, soon *Vallabhacharya* made Surdas his disciple. In no time he memorized virtuous *Shreemad Bhagvat Gita sar* & learned many Sanskrit hymns. He aspired and so nurtured himself with immense knowledge of Hindu philosophy. He was the devout contributor to the 'Bhakti Movement' – a religious movement that aimed for bhakti, an intense devotion towards a Hindu Deity, and proliferated Vaishnavism (a sect of Hindu Religion). Being the disciple of *Shri Vallabhacharya*, he was predominantly a proponent

of *Shuddhadvaita* school of *Vaishnavism* (also known as *Pushti Marg*). The philosophy of this stream of *Vaishnav* religion depicts spirituality through the celestial dance between Radha and Lord Krishna (***Rasleela***). The divine grace Lord Krishna & Radha beholds through their reverent love and affection which metaphors intense devoutness of a devotee.

While studying Hindu Philosophy, he was fascinated by the early life of Lord Krishna, specifically his childhood. The love and affection showered on young Krishna baalgopal by his mother Yashoda in Braj, his friends & Gopis, his beloved Radha was an alluring emotional twirl for Sudrdas himself. A poem and the melody are not just the compositions, but it is the emotion experienced and exhibited in the form of words. Each word in the verse is the intense droplet of passion and sentiment experienced by the poet. I assume, the care and love Surdas was deprived of in his childhood, aspired him to depict his emotions through Lord Krishna's childhood. Despite being blind, he could effortlessly depict Lord Krishna's childhood & life through his soul prescient and which he has exquisitely presented in the form of his poems. He had the vision through his soul, eyesight of wisdom, with which he could envisage Lord Krishna and his life. He ascertained soul connection with Lord Krishna through his insight and zeal. In the history of literature, it will not be wrong to claim that he was one of the prodigies who despite being blind, could pedantically portray such comprehensive and flamboyant details of Lord Krishna's life in the form his melodies and sonnets.

With his emotions, expressions, and devout bond towards Lord Krishna, his work is reflected in his fabrication of mainly three major compilations such as ***Sur-Saravali, Sahitya-Lahiri, and Sur-Sagar***. His verses were in Indian language identified as ***Brij Bhasha*** the dialect of which was understood to be very crude. Although in those days Sanskrit and Persian were the primary languages used. But when Surdas used *Brij* language in his poetic melodies, it achieved wider recognition and made this language sound sweeter & more appreciable.

His compilation of ***Sur-Saravali*** is assumed to be originally having one hundred thousand rhymes but most of it has been extinct. Through ***Sur-Saravali*** Surdas depicts the Indian festive celebration of Holi which is known to be the divine play of Lord Krishna and representing Krishna as the creator. The anthology of ***Sahitrya-Lahiri*** portrays intense bhakti & devotion towards Lord Krishna. The epitome of all compilations is ***Sur-Sagar***. As the name suggests, an 'ocean of melody', & its collection include exceptional poetic persona of Lord Krishna's life in detail. Although this assemblage is assumed to be containing originally hundred thousand poems, only eighty thousand of it is extant. Sant Surdas through his earnest bhakti was so emulsified with devotion and affection towards Lord Krishna that it felt as if he experienced a sincere mystical soul connect with Lord Krishna. Kavi Surdas has depicted every minute episode of Krishna in his melodies right from his childhood to adulthood such as Krishna's crawling as a toddler, his first baby steps, losing his first tooth, him uttering the first words, playing around with Gopis, and many more. He has also beautifully decorated his verses picturizing amorousness between Krishna and Radha such that it seemed as if he eye-witnessed every instant of it.

While browsing through the epitomic list of poems composed by Sant Surdas one can undoubtedly experience the emotion of love and piousness. The selfless countenance of Surdas through his illustrations enclosing every expression of Shree Krishna undoubtedly exhibits his serene bhakti towards Lord Krishna. While experiencing these verses we would emphatically be proliferated towards generous & pious spiritual observes. Love, affection, devotion & worship are all pathways to elate the soul towards spiritual gains be it through any religion and spiritual practices. Be it Lord Krishna or Tirthankara Bhagwaan Mahavir, when your soul is abided into sheer devoutness, the eventual yearning is to be just like them. One can experience the soul connect & aspire to be just like any deity or a supreme soul. This is the reason why Kavi Surdas could experience every instance of Lord Krishna's life and feel his emotions because he could submerge his soul into devoutness towards Krishna and cohere to his soul.

Through his verses, Kavi Surdas has endorsed the readers to clearly visualize every detail of Lord Krishna's childhood and life. The description is so intense and enumerated that it feels as though it was live. For instance, his poetic illustration of Krishna as a toddler is expressed so alluringly that the manifestation just strikes through the reader's heart. Allow me to present one of such poems illustrated by Kavi Surdas and the insight of my understandings.

मुख दधि लेप किए सोभित कर नवनीत लिए।

*Mukha Dadhi Lep Kiye Sobhit kar Navneet Liye,*

घुटरूनि चलत रेनु तन मंडित मुख दधि लेप किए।।

*Ghutruni chalata renu tan mandit mukha dadhi lep kiye.*

चारु कपोल लेल लोचन गोरोचन तिलक दिए ।

*Charu kapol lol lochan gorochan tilak diye,*

लट लटकनि मनु मत्त मधुप गन मादक मधुहि पिए।।

*Lat latkani manu matta madhup gan maadak madhuhin piye.*

कठुला कंठ वज्र केहरि नख राजत रूचिर हिए।
*kathula kantha vraj kehari nakh raajat ruchir hiye,*

धन्य सूर एकौ पल इहिं सूख का सत कल्प जिए।।
*Dhanya sur ekau pal ihi sukha ka sat kalpa jiye.*

In this poem, Sant Surdas expresses the instance of his childhood and exclaims that Shri Krishna despite being layered with curd and dust all over, his sight is solely amiable and captivating. He is yet a toddler and is crawling all around in maa Yashoda's veranda. His tiny little palms hold Makhan (butter), his body dusted with soil and mouth drooling with curd. His charming cheeks and eyes agile, his forehead shining bright with Tilak and exhibit curly hair. Further, Surdas emphasizes on the picturesque occurrence that when Baal Krishna crawls through, his curly hair swishes through his face touching his glorious cheeks just as a bee would swing after enjoying the sweetness of a flower. Baal Krishna's beauty is enriched with the garland around his neck and the pendant of lion nail. Kavi Surdas exclaims that whoever is privileged to visualize this scenic beauty of Lord Krishna, the purpose of his life would indeed be fulfilled and would be rewarding. This one sight of Baal Krishna, be it for fraction of second would be worthwhile to eternity, in comparison to living ten lives without this sight. The intensity of love and piety towards Lord Krishna is exemplary as expressed through this epic poem by Sant Surdas.

Prachi Dhanvant Shah
49, wood ave, Edison, N.J. 08820 U.S.A.
Contact : +1-9175825643
E-mail : prachishah0809@gmail.com

---

# અદ્વેતતાની અંતરની ભાવના એટલે આત્મા અને બ્રહ્મનો સમન્વય

**- તત્વચિંતક વિ. પટેલ**

આપણા ઉપનીષદનો અમર સંદેશ છે, કે આત્મા અને બ્રહ્મનો સમન્વય જ માનવ જાતીનુ સર્વોચ્ચ લક્ષ છે,અને જીવનનો ધ્યેય છે, આવો સમન્વય કરવા માટે આંતર સાધના એટ્લે નીદી ધ્યાસન જ સવોત્તમ ઉપાય છે ,આ માટે જ શંકરાચાર્યે નિદી ધ્યાસન કરવા પર જોર દિધુ છે, અને નીદી ધ્યાસન દ્વારા આંતરીક રીતે શુધ્ધ થઈ અહંકાર રાગ દ્વેશ, વાસના, કામના, ઇચ્છા, તૃષ્ણા, કષાયો વગેરેથી તો મુક્ત થવુ જ જોઇએ અને અંતરથી શુધ્ધ ત્યાગનો સ્વીકાર કરવા તેઓએ એમ કહ્યુ,છે ,કારણ કે આવો શુધ્ધ ત્યાગ જ સત્ય સ્વરુપ નિતી છે, શુધ્ધ આચરણ છે, અને શુધ્ધ નિતી શાસ્ત્ર છે,

આવા શુધ્ધ ત્યાગની વ્યાખ્યા આપતા શંકરા ચાર્યે કહ્યુ છે, કે માત્ર ઘર બાર છોડવા તે ત્યાગ તે સત્ય સ્વરુપ ફલીત થતો,જ નથી, તેમ જ માત્ર ગુણ અને અવગુણ છોડવા કે કષાયો છોડવા તે પણ શુધ્ધ ત્યાગ નથી, પણ શુધ્ધ અને સત્ય સ્વરુપ ત્યાગ એ છે, જેમા ટોટલી તમામ પ્રકારના પદાર્થના પકડની પકડ માથી ચીત્તને ટોટલી મુક્ત કરીને શુધ્ધ ચિત્ત કરી તે દ્વારા જીવનમા લોભ રહીત ચીત્તની શુધ્ધ વૃતિમા સ્થીર થઈ,આ રિતે ચિત્તને શુધ્ધ કરીને જીવવુ તેજ સત્ય સ્વરુપ ત્યાગ છે, એમ સ્પષ્ટ કહ્યુ છે, આવા સત્ય સ્વરુપ પદાર્થના પકડમાથી મુક્ત થવુ તે ત્યાગનુ ફળ આત્મ જ્ઞાન છે, અને જ્ઞાન એજ મુક્તી દાતા છે, મુક્તી છે, ,

આવો શુધ્ધ પકડથી ટોટલી ત્યાગ જ બ્રહ્મમા એકત્વ કરી આપે છે, પરમ તત્વ પરમાત્માનુ મિલન શક્ય બને છે, આત્માની અનુભુતી શક્ય બને છે, કારણ કે આવા શુધ્ધ ત્યાગથી ચીત્તમા શુન્યાવકાશ થઈ જાય છે,ચિત્તમા કાઇ રહેવા જ પામતુ નથી અને ચિત્ત શુન્ય થતા જ બ્રહ્મનો આવિર્ભાવ થાય છે, અને પરમ તત્વ ઉપલબ્ધ થઈ જ શકે છે, આમ ટોટલી પકડથી મુક્ત થઈ તે દ્વારા શુન્ય થવુ તેજ સાચો ત્યાગ છે, ,એમ કહ્યુ છે,

આમ ઘરબાર છોડી કોઇ આશ્રમોને, કોઇધર્મને કોઇ પુસ્તકને,કોઇ અનુયાઇઓને ,કોઇપદાર્થને ,કે કોઇ નાણાને કે લોભને પકડે છે તે સાચો ત્યાગ નથી, પણ જ્યારે ટોટલી પદાર્થની પકડથી માણસ મુક્તી પ્રાપ્ત કરે છે, તજ ચિત્તનો શુધ્ધ સાચો ત્યાગ .છે, આવા ત્યાગનો અર્થ જ પુર્ણ જીવનની શુધ્ધતા છે, જ્યા પુરી ચિત્તની અને જીવનની શુધ્ધતા અને શુન્યતા ત્યાજ બ્રહ્મનો આવીર્ભાવ અને પરમતત્વની ઉપલબ્ધી શક્ય છે, અનુભુતી શક્ય બને છે, ,,

માણસને પદાર્થે કે કર્મે કે કષાયોએ પકડેલ નથી, તેતો બધુ જ નિજીર્વ છે, નિજીર્વ વસ્તુમા પકડવાની કે છોડવાની શક્તી હોય શકે જ નહી, જે કાઇ પણ પકડ છે તે માણસે કર્તૃત્વમા સ્થીર થઇને ઉભી કરેલી બધી વૃતિને કારણે પદાર્થને,પોતાના ગુણ અવગુણને અને વસ્તુને માણસે જ પકડેલ છે, ને બંધનનો સ્વીકાર કરેલ છે, આ બંધન એ માનવ સર્જિત છે, જન્મથી કોઇ બંધન નથી, એટ્લે જે પોતે સમગ્ર જીવનમા જે કાઇ પકડેલ છે, તેનાથી પોતાએ જ મુક્ત થવુ એટ્લે જ મુક્તી છે,

એટ્લે જ્યા સુધી પદાર્થની માણસના ચિત્તમા પકડની વૃતિ હયાત છે, ત્યા સુધી બંધન ચાલુ જ છે, અને બંધન છે, ત્યા સુધી માણસની મુક્તી શક્ય જ નથી, કારણકે માણસની સ્વતંત્રતા નથી, બંધાયેલો જ છે, અને પુર્ણ રુપે સ્વતંત્રતામા જ આનંદ છે, અને એજ અદ્વેતતા છે . પરમ તત્વનુ મીલન છે, એજ બ્રહ્મની ઉપસ્થીતી છે ,એજ આત્મામા સ્થીરતા છે, આત્મ જ્ઞાનની ઉપલબ્ધી છે, એજ સત્ય ધર્મ છે, એજ સ્વભાવમા અને સ્વધર્મમા સ્થીરતા છે, એજ પરમ ચેતનાની જાગૃતતા છે. એજ સાક્ષી ભાવ છે, એજ પ્રજ્ઞાની

ઉપલબ્ધી છે, એજ શુન્યતા છે, એમ શંકરા ચાર્ય કહે છે, આમ પુર્ણ સ્વતંત્રતા એટલે જજીવનમા જે પદાર્થ પર ચિત્તની પકડની વૃતિ છે, અને આ વૃતિને કારણે પકડ ચાલુ છે, તેમાથી ટોટ્લિ મુક્ત થવુ તેજ મુક્ત છે ,પકડ્નો પુર્ણ અભાવ એજ પુર્ણ સ્વતંત્રતા છે, એજ પુર્ણ ત્યાગ છે, ,આમ ટોટલી પદાર્થની પકડથી મુક્ત થઈને શુધ્ધ ચિત્ત કરી જીવવુ એજ અદ્વેતતા છે, અને દ્વેતથી મુક્તી છે, એજ બ્રહ્મની ઉપસ્થીતી છે,પરમતત્વનુ મિલન છે, અનુભુતી છે,,

પરબ્રહ્મ, પરમતત્વ પરમાત્મા એક જ છે ,તે નિર્ગુણ છે, નિરાકાર છે, નિર્વિષેશ છે, અવ્યય છે, શાશવત છે, અને અકર્તા છે, સચ્ચીદાનંદ તેનુ સ્વરુપ છે, સત ચિત્ત આનંદ એવા અલગ અલગ તેના ગુણ નથી , નિર્ગુણ બ્રહ્મ સગુણ ભાસે છે, તેતો માત્રને માત્ર માયાના પ્રતાપે છે, સગુણ અને નિર્ગુણ એવા બે બ્રહ્મ નથી ,બ્રહ્મ એકજ છે, તેને શુધ્ધ ત્યાગ દ્વારા જાણવા અને તેમા સ્થીર થવુ એજ જીવનનો પરમ ધ્યેય છે,

શંકરા ચાર્ય ભગવાનના મત પ્રમાણે જગત ભ્રમ રુપ નથી, તેની વ્યાવહારિક સત્તા છે, બ્રહ્મ કે પરમતત્વ પરમાત્મા જ માયા સત્ય નથી, કારણ માણસ જ્યારે શુધ્ધ ત્યાગનો સ્વીકાર કરી, સત્ય સ્વરુપ ત્યાગમા સ્થીર થાય છે, શુન્ય થાય છે, તમામ પ્રકારની પકડમાથી મુક્ત થાય છે, ત્યારે તેનામા જ્ઞાનનો ઉદય થતાની સાથે જ માયા અદ્રશ્ય થાય છે, જ્યા સુધી માણસ શુધ્ધ ત્યાગમા સ્થીર નથી, ત્યા સુધી જ્ઞાનનો ઉદય નથી, ત્યા સુધી માયા છે, જ ,જિવ એ સાપેક્ષ સત છે, એ બ્રહ્મ કે પરમ તત્વ થી ભિન્ન નથી ,પણ અવિદ્યા અજ્ઞાન અને પદાર્થની પકડને કારણે જ પોતે પોતાને ભિન્નરુપે જુવે છે,તે અજ્ઞાનની નિશાની છે, દરીયાની તરંગ જેમ સમતાની સ્થીતીમા જ દરીયારુપ બની જાય છે ,તેમ માણસ સત્ય સ્વરુપ ત્યાગમા સ્થીર થાય છે,અને તમામ પ્રકાર્ની પકડથી મુક્ત થાય છે કે તુર્તજ જિવાત્મા પણ માયાનો લોપ થતાની સાથે જ બ્રહ્મ રુપ પરમતત્વ રુપ થઇ જાય છે, અને સત્ય સ્વરુપ ત્યાગને કારણે જ જિવાત્મા પરમાત્માથી બિન્ન છે, એવો મનનો ભ્રમ હોય છે, તે દુર થતા વેત જ બન્ને એક રુપ થઈ જાય છે, આનુ નામ જ મોક્ષ, નિર્વાણ છે, મુક્તી છે,આમ સત્ય સ્વરુપ પદાર્થના પકડની વૃતિનો ત્યાગ અને ચિત્તની અને અંતઃ કરણની અને સમગ્ર જીવનની શુધતા એજ જ મુક્તી છે,

# શ્રાવક અતિચારઃ પશ્ચાતાપની ગંગામાં સ્નાન કરીને પુનિત થવાની ગંભીર વૈજ્ઞાનિક પ્રક્રિયા

**ડૉ. અભય દોશી**

જૈન ધર્મમાં સાધુ શ્રમણ કે શ્રાવક સૌ કોઈ માટે વિવિધ આધાર ધર્મોનો ઉપદેશ કરાવો છે. ધર્મનું વૈચારિક કે તાત્વિક સ્વરૂપ મહત્વપૂર્ણ છે. વ્યક્તિની આસ્થાને ઘડવામાં વૈચારિક સ્વરૂપ મહત્વનો ભાગ ભજવે છે, તો સાથે જ આસ્થાની અભિવ્યક્તિ વિવિધ-આભારીના સંદર્ભે થાય છે. જૈનધર્મમાં આત્માના ગુણોના સંદર્ભે એ આત્માના નિર્મળ ગુણોની જ્ઞાનગુણ અજ્ઞાનથી ઢંકાયો છે, તેનું શુદ્ધ દર્શન મિથ્યાત્વથી મૂરઝાયું છે, તેનું સ્વ-સ્વભાવમાં રમણતારૂપ ચારિત્ર મોહથી મૂંઝાઈ અનેક કર્મોનો આશ્રવ અને બંધ કરાવે તેવી અશુભ ક્રિયામાં ડૂબેલો છે. તેનો અનાહારી સ્વભાવ દેહધાર...ને લીધે ભૂખ અને તરસથી પીડાઈ રહ્યો છે. તેનું અનંત વીર્ય આવરણોમાં ઢંકાઈ ગયું છે. આત્માના આ અપૂર્વ સામર્થ્યને પ્રગટ કરવા જ્ઞાની પુરુષોએ તે-તે ગુણોને પ્રગટ કરી આપે એવા ઉજ્જ્વળ આચારોનું સેવન કરવા કહ્યું છે. આ આચારોનું સેવન તે આત્માને વિશુદ્ધ કરનારો ધર્મનો મહામાર્ગ છે, જીવ આ માર્ગે ચાલવાનો પુરુષાર્થ કરે છે, પરંતુ પ્રમાદને વશ આ માર્ગે ચાલતા ચાલતા નાની-મોટી ભૂલો કરી બેસે છે. ક્યાંક માર્ગમાં જ્ઞાનનો અભાવ છે, તો ક્યાંક તેની શારીરિક ક્ષમતાનો અભાવ છે, તો ક્યાંક સંસારની વિવિધ જવાબદારીઓનું વળગણ છે. આવી નાની-મોટી ભૂલો જે કરાય છે, તેને 'અતિચાર' કહેવાય છે.

ખરેખર તો પાપનું સેવન કે અતિચારનું સેવન ન કરવું એ આદર્શ છે. ક્યારેક ભૂલ થાય તો તરત જ માફી માંગવી એ યોગ્ય છે. પરંતુ વ્યક્તિ કામની દોડમાં દરેક વખતે પશ્ચાતાપ કરી શકતો નથી, આથી પાપથી નિર્મળ થવા સવારે અને સાંજે બે વાર પ્રતિક્રમણ કરવાનું નિશ્ચિત કરાયું છે. જીવનની વ્યસ્તતાને લીધે રોજરોજ પ્રતિક્રમણ ન કરી શકનારા માટે તેમ જ રોજ પ્રતિક્રમણ કરનારને પણ વિશેષ શુદ્ધિ માટે દર પંદર દિવસે વિશેષ પાક્ષિક પ્રતિક્રમણની યોજના કરાઈ છે. એ જ રીતે ચાર મહીને ચૌમાસી પ્રતિક્રમણ તેમ જ વાર્ષિક પ્રતિક્રમણ સંવત્સરી પ્રતિક્રમણ રૂપે સુપ્રસિદ્ધ છે.

પંચાચારમાં ચારિત્રાચાર દ્વારા પાપકર્મોનો સંવર કરવાનો હોય છે. મનુષ્યજીવનમાં હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, સંગ્રહવૃત્તિ (પરિગ્રહ) એ મુખ્ય પાપ છે. આ પાપને રોકવા માટે પરમાત્માએ પાંચ વ્રતો બતાવ્યા છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-રૂપ મહાવ્રતો સાધુએ પૂર્ણરૂપે પાળવાના હોય છે. શ્રાવકો દેશાવિરતિ ધર્મને પાળનારા હોવાથી આ વ્રત અંશતઃ પાળવાના હોય છે. શ્રાવકોનો આ પાંચ વ્રતો અણુવ્રત તરીકે ઓળખાય છે. આ પાંચ અણુવ્રતો ઉપરાંત આ અણુવ્રતોની શુદ્ધિ માટે ત્રણ ગુણવ્રતો અને મહાવ્રતની તાલીમ (Training) માટે શીક્ષાવ્રતોનું આયોજન કરાયું છે.

આ પાંચ આચારો, બાર વ્રતો તથા સંલેષણા (સંલેખના)માં લાગેલા અતિચાર (દોષો)નું પ્રગટીકરણરૂપ પ્રતિક્રમણ (આલોચના પાયશ્ચિત) ખાસ કરીને પાક્ષિક, ચાતર્માસિક અને સંવત્સરી પ્રતિક્રમણમાં કરવાનું હોય છે. મૂળમાં તો શ્રાવક પોતે પોતાના દોષો જાહેર કરે અને ગુરુ એ અંગે પ્રાયશ્ચિત આપે એવું વિધાન હતું પરંતુ સમયને અભાવે તેમ જ સામુહિક પ્રતિક્રમણની વિધિ નિશ્ચિત થવાથી

આ દોષોનો એકરાર વ્યક્તિગત રૂપે શક્ય ન હોવાથી સંભવિત દોષોની એક યાદી ગદ્યરૂપે બોલવાનું ચલણ પ્રગટ્યું હશે. વિક્રમની બારમી-તેરમી સદીના કોઈ સાધુ યા સર્જકે આ યાદીને વ્યવસ્થિત કરી, સંમાર્જિત કરી 'શ્રાવક અતિચાર' એવું નામ આપ્યું હતું. જૂની ગુજરાતીમાં લખાયેલ આ ગદ્યમાં કાળક્રમે કેટલાક ફેરફાર થયા, જે વર્તમાનમાં 'અતિચાર' રૂપે પ્રસિદ્ધ છે.

આત્માના મુખ્ય પાચ ગુણોમાં જ્ઞાનગુણ સૌથી મુખ્ય છે. જ્ઞાનગુણથી જ દર્શન, ચારિત્ર આદિ અન્ય ગુણો પ્રાપ્ત કરી શકાય છે. અતિચારની ભૂમિકામાં આવશ્યકસૂત્રમાં રહેલ 'નાણમ્મિસૂત્ર' (અતિચારની આઠગાથા) રહેલ છે. આ સૂત્રમાં પણ જ્ઞાનાચારને પ્રથમ મૂકેલ છે. શાસ્ત્રકારોએ જ્ઞાનાચાર સંબંધી આઠ અતિચાર બતાવ્યા છે. આગમસૂત્રોના અધ્યયન માટે અમુક સમય નિશ્ચિત થયેલ છે. તે જ રીતે અન્ય-સૂત્રો માટે પણ કાળનું માર્ગદર્શન અપાયેલું છે. એ કાળ છોડીને અન્યકાળે સૂત્રનું વાચન કરવામાં આવે તો દોષ લાગે છે. જ્ઞાનપ્રાપ્તિમાં વિનયગુણની મુખ્યતા છે. એ જ રીતે બીજા આવશ્યક આચારોનું પાલન આવશ્યક છે. જે ગુરુ પાસે ભણ્યા હોય તેનો મહિમા કરવો જોઈએ. સૂત્ર અર્થ અને તેના તે બે થી ઉભય - (તદુભય) વિલક્ષણ રહસ્યને બરાબર સમજી સૂત્રોનો પાઠ કરવો જોઈએ. એ જ્ઞાનાચાર છે. આજના આધુનિકયુગમાં ગુરુ પ્રત્યેના વિનયનો અભાવ વ્યાપક બન્યો છે, ત્યારે આ વાત ખાસ સમજવા જેવી છે. કોરોનાના વ્યાપક ઉદભવ ને સમયે ઓનલાઈન-ટીચીંગ વ્યાપક બન્યું હોવાથી પ્રત્યક્ષ સંબંધને અભાવે વિનયનું દર્શન વધુ કઠિન થાય છે. સૂત્રકારે ગુરુ ઉપરાંત જ્ઞાનના સાધનોનો વિનય કરવાની વાત સાંકળી છે. આજના યુગમાં કાગળનો ખાવામાં કે અન્ય કાર્યોમાં થતો વિનિયોગ ખરેખર વિચારવા યોગ્ય અને ટાળવા યોગ્ય છે.

જ્ઞાનાચાર પછી દર્શનાચારમાં પરમાત્મદર્શન પરની દેવશ્રદ્ધાની મુખ્યતા દર્શાવતા ચાર આચારો દર્શાવ્યા છે. ત્યાર પછી બીજા ત્રણ આચારો સહધર્મી-સાધર્મિક સંબંધે છે. સાધર્મિકના ગુણની અનુમોદના કરવી, તેની શ્રદ્ધામાં આવતી કસોટી કે આર્થિક કટોકટીને સમયે માર્ગમાં સ્થિર કરવો, સાધર્મિકને પોતાના ભાઈથી પણ વિશેષ માની સ્નેહ કરવો. આ ત્રણ રીતે સાધર્મિક સાથેના સંબંધનું દિગ્દર્શન શાસ્ત્રકારોએ કરાવ્યું છે. સાધર્મિક વાત્સલ્ય નામના આચારના મૂળમાં વત્સ શબ્દ છે. જે ગાયનું વાછરડું એ મૂળ અર્થ છે. ગાય જે રીતે પોતાના વાછરડા પ્રત્યે સ્નેહની દૃષ્ટિ કરે, એમ શ્રાવકે સાધર્મિક પ્રત્યે સ્નેહવૃષ્ટિ કરવાની છે. આજના લૉકડાઉનના અતિ કપરા સમયમાં અનેક સાધર્મિકો આર્થિક-માનસિક રીતે પરેશાન થઈ રહ્યા છે, ત્યારે સહધર્મી પ્રત્યે વાત્સલ્ય અને સ્થિરીકરણની નદીની નહિ પણ જાણે ઉછળતા સાગરની આવશ્યક્તા છે. જિનેશ્વરદેવની પૂજા એ દર્શનાચાર છે, માટે દર્શનાચારના અતિચારમાં કહેવાયું છે; 'અધોતી અષ્ટપક પાખે દેવપૂજા કીધી' પુરુષોને માટે સીવ્યા વીનાનું ધોતીયુ પહેરવું, એ પૂજાની શાસ્ત્રોક્ત મર્યાદા છે. મુખ પર મુખકોશ અષ્ટપદ સૌએ બાંધવું આવ..... આજના સમયમાં ફેશનેબલ રૂમાલોમાં ઘણી વાર આઠ પદ થઈ શકતા નથી, એ અંગે ધ્યાન રાખવું આવશ્યક છે. અંતિમ આચાર પ્રભાવના જે પોતાના ઉજ્જવળ ધર્માચરણ - સમતા અને પરસ્પરના પ્રેમ દ્વારા શ્રાવકગણ કરી શકે છે.

અષ્ટપ્રવચનમાતાને સંયમજીવનની માતાસમાન ગણવામાં આવી છે. સાધુજીવનની માર્ગદર્શિકા સમાન આ આઠ આચારો સાધુઓએ નિત્ય પાલન કરવાનું હોય છે, જ્યારે શ્રાવકોએ સામાયિક પૌષધમાં તેનું પાલન કરવાનું હોય છે. પ્રથમ પાંચ સમિતિમાં અહિંસાધર્મનો સંદર્ભ મુખ્ય છે. બીજી ત્રણ ગુપ્તિઓ સાધકને બાહ્ય પૌદગલિક જગતથી અંતરમન તરફ વાળવાની સાધના છે. આજના યુગમાં પારિષ્ઠાપનિકા સમિતિનું પાલન ખૂબ કપરૂં બન્યું છે, એ સમયે અમદાવાદના પરમશ્રુતોપાસક બાબુભાઈ સરેમલજી બેડાવાળા (ફોન નં. દ્વારા પ્રકાશિત પુસ્તકો માર્ગદર્શક બની શકે એવા છે.

સમ્યક્ત્વ વ્રતનો સંબંધ દર્શનાચાર સાથે છે. એથી તેના કેટલાક અતિચારો સામાન્ય છે. સમ્યક્ત્વમાં પ્રાપ્ત થયેલી સાચી સમજણની રક્ષા માટે મિથ્યાદર્શની એના વ્રત કરવાની ના કહી છે. આ વ્રતોની યાદી પણ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ નોંધપાત્ર છે. તેમાં નૌળી નવમીનું વ્રત સામાન્ય પ્રજાએ એક વફાદાર નોળિયો કે જેણે બાળકને બચાવવા સર્પ માર્યો હતો, તેની યાદમાં ઉજવે છે. ધ્રૂવ આઠમ, પ્રેતબીજ આદિ વ્રતો આજે પ્રચલિત નથી. આ અતિચારોની યાદીમાં 'દરવેશ'નો ઉલ્લેખ દર્શાવે છે કે, આ અતિચારના વર્તમાનરૂપ લેખનસમયે ભારતમાં મુસ્લિમોનો પ્રદેશ થયો હતો, તેમ જ ચમત્કાર દ્વારા લોકોને પોતાની તરફ ખેંચવાની પ્રવૃત્તિ કરી રહ્યા હતા. સમ્યક્ત્વના અતિચારમાં અન્યદર્શનીઓના આચાર ન અપનાવવાની વાત છે, આથી કેટલાક લોકોને અતિચારકારની દૃષ્ટિ પક્ષપાતભરી હોય એવું લાગે, પરંતુ અવિચારકાર તીર્થંકરોને પણ સાંસારિક સુખ માટે પૂજવાની ના પાડે છે. અતિચારના લેખક કહે છે; ''જિન, અરિહંત ધર્મના આગાર વિશ્વાપકાર સાગર, મોક્ષમાર્ગના દાતાર, ઈસ્યા ગુણ ભણી ન મળ્યા, ન પૂજ્યા'' તીર્થંકરદેવોને ધર્મપ્રરૂપક, ધર્મદાતારૂપે પૂજવાની વાત કરી છે. સાથે જ, આ જગતમાં જે પણ જીવે મોક્ષગમન કર્યું છે, તેના મૂળમાં અરિહંત ભગવાન છે. એટલું જ નહિ, જગતમાં જે પણ સુકાર્યો થાય છે, તેના મૂળમાં અરિહંત ભગવાન રહેલા છે. જગતમાં સર્વ શુભતત્ત્વોની પાછળ અરિહંતદેવ રહેલા હોવાથી સૂત્રકારે યથાર્થ રીતે પરમાત્માને 'વિશ્વાપકારના સાગર' ઓળખાવ્યા છે. આ ઓળખાણ જેટલી દૃઢ બને તેટલું આપણું સમ્યક્ત્વ નિર્મળ બને.

વ્રતોમાં પ્રથમ વ્રત અહિંસા છે. જે સવ' વ્રતોમાં અગ્રેસર છે. જૈનધર્મની સૂક્ષ્મ દૃષ્ટિ એવી છે કે, નાનામાં નાના જીવો પર કરૂણા દૃષ્ટિ વરસાવી છે. સાથે જ ગૃહસ્થને આશ્રિત સેવકજનો તથા પ્રાણીઓ સાથે કેવો વ્યવહાર કરવો તેની માર્ગદર્શિકા પણ પહેલા વ્રતના અતિચારમાં અપાઈ છે. 'તેણે ભૂખે આપણે જન ઈશ્યા સેવકને ભૂખ્યો રાખીને જમવાની ના કહેનારા જૈનદર્શનમાં અહિંસા કેવી રગેરગમાં વ્યાપ્ત છે, તેનો અનુભવ થાય છે.

બીજા વ્રતમાં અસત્યનો ત્યાગ છે. ત્યાં પણ જૂઠું ન બોલવું એ

અસત્ય વચનથી આગળ વધી કોઈના રહસ્યને પ્રગટ ન કરવું તેને પણ શાસ્ત્રકારે અસત્ય જ ગણાવ્યું છે. એ જ રીતે ત્રીજા વ્રતમાં ચોરીના ત્યાગની સાથે જ રાજ્યવિરૂદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ છોડવા કહ્યું છે તે ઉપરાંત માલમાં ભેળસેળ આદિ અર્ધ-અસત્યોને પણ છોડવા કહ્યું છે. ચોથા વ્રતમાં શાસ્ત્રકારે પરસ્ત્રીના ત્યાગની સાથે જ અભદ્ર ક્રીડાઓ છોડવા કહી છે. પાંચમા વ્રતમાં જરૂરિયાતથી વધુ સંગ્રહ ન કરવા ભાર મૂકાયો છે. શાસ્ત્રકારે દર્શાવેલા વિવિધ ધનની યાદીમાં ધાન્યનું નામ નોંધપાત્ર છે. આપણા પૂર્વજો રોકડા રૂપિયા તો સાચવતા, પરંતુ એથી વધુ ઘરમાં બે-ત્રણ વર્ષ માટે અનાજ સાચવી રાખતા. રોકડા રૂપિયા કરતા અનાજનો સંગ્રહ વધુ મૂલ્યવાન હોઈ શકે, એ વાતનો અનુભવ ઓછેવત્તે અંશે લોકડાઉનમાં સૌ કોઈને થયો છે.

આ પાંચ મહાવ્રત પછી શ્રાવકના ગુણોમાં વૃદ્ધિ કરનાર ત્રણ ગુણવ્રતો દર્શાવ્યા છે. પ્રથમ ગુણવ્રતમાં દિશાઓનું પ્રમાણ નિશ્ચિત કરવા કહ્યું છે. બીજા ગુણવ્રતમાં ભોગોપભોગનું પરિમાણ કરવા કહ્યું છે. સાથે જ શ્રાવકની આજીવિકા પણ અહિંસક બને માટે પંદર પ્રકારના વ્યવસાયો છોડવા કહ્યું છે. આ વ્યવસાયો છોડવાનું પર્યાવરણ માટે પણ લાભદાયી છે. અનર્થદંડથી વિરમણ કરવારૂપ ત્રીજા ગુણવ્રતથી જીવ વિના કારણે થતાં પાપબંધથી અટકે છે. આજના યુગમાં ટીવી-વેબ સિરીયલો આદિ જોતાં સમયે ખાસ અનર્થદંડનો વિચાર કરવો.

એ પછી ચાર શીક્ષાવ્રતોની વાત કરાઈ છે. આ શીક્ષાવ્રતો સાધુજીવનમાંનો આસ્વાદ આપવા માટે પ્રયોજાયા છે. સાધકના જીવનમાં ક્રમશઃ ગુણોની વૃદ્ધિ થાય એ રીતે આ ચાર વ્રતોની યોજના થઈ છે. પ્રથમ સામાયિકવ્રતથી સાધકે સમજની વૃદ્ધિ કરવાની છે. સામાયકિ દ્વારા ૪૮ મિનીટની સ્થિરતા કરવાની શ્રાવક તાલીમ લે છે. દેશાવગાશિકમાં શ્રાવક છઠ્ઠાવ્રતમાં નિશ્ચિત કરેલા ક્ષેત્રોમાંથી પણ આ દસમા વ્રતમાં ક્ષેત્રમર્યાદા વધુ સૂક્ષ્મ કરી એક ઘર કે એક ખંડમાં સ્થિરતા કરી આત્મતત્ત્વમાં નિમજ્જન કરે એવી મૂળ વ્યવસ્થા હતી. વર્તમાનમાં દસ સામાયિકનો પ્રચાર છે. પરંતુ, મૂળ વ્યવસ્થા પુર્નજીવિત કરવી જોઈએ. પૌષધમાં આત્મગુણોની વૃદ્ધિ કરવાની હોય છે. પૌષધ ધારણ કરનારે ગપ્પા મારવાને સ્થળે સ્વાધ્યાયમાં વૃદ્ધિ કરે તો સાધકના આત્મિક ગુણોની વૃદ્ધિ થાય. બારમું અતિથિસંવિભાગ વ્રત પૌષધ ચોવિહાર ઉપવાસને પારણે ઠામ-ચોવિહાર એકાસણાથી થાય છે. તેની સાથે જ દીન દુઃખીઆનો ઉદ્ધાર કરવાથી ખરો અતિથિસંવિભાગ થાય છે. જ્યારે લૉકડાઉનને લીધે દેશનું અર્થતંત્ર ૨૩% થી વધુ નબળુ પડ્યું હોય, ત્યારે વસ્તુપાલ-તેજપાલ, ઝઘડુશા જેવા પૂર્વજોનું સ્મરણ કરી શક્મિંત જૈનો દ્વારા સાધર્મિકો તેમ જ અન્ય ગરીબોને સાચવવારૂપ વાસ્તવિક અતિથિ-સવિભાગનું વ્રત થવું જોઈએ. ત્યાર બાદ સંબેષણ (સંલેખના)ના અતિચારમાં આત્મશુદ્ધિ સિવાયનું લક્ષ્ય અંતિમ-આરાધનામાં ન પ્રવેશે તેની તકેદારી રાખવા કહી છે.

ચારિત્રાચાર સંબંધી બાર વ્રતોનો વિષય પૂર્ણ થયા બાદ પુનઃ પંચાચારમાં તપાચારની વાત કરાઈ છે. તપાચારમાં બાહ્ય તપને પ્રથમ દર્શાવ્યા છે. આમાં ઉપવાસાદિક તપશ્ચર્યામાં અન્ય-દર્શનીઓમાં વમન્ થવાથી જે રીતે વ્રત ખંડિત થાય છે, એવું જૈનોમાં નથી. પરંતુ અતિચાર અવશ્ય લાગે છે. માટે તપશ્ચર્યા કરનારે આગલા દિવસોમાં વિરેચન આદિ દ્વારા યોગ્ય દેહશુદ્ધિ કરીને તપ કરવાથી વમનાદિ અતિચાર નહિ લાગે, સાથે જ મનની પ્રસન્નતાની વૃદ્ધિ થશે. બાહ્ય-તપમાં કાયક્લેશનું નામ સાંભળી કેટલાક લોકો નારાજ થતાં હોય છે. પરંતુ સૈન્યમાં જોડાનાર જેમ કા ઠંડી-ગરમી આદિ વિવિધ પરિસ્થિતિમાં પોતાના શરીરને અનુકૂળ બનાવી દે છે, એ જ રીતે ઉપલી-ઉપલી ભૂમિકામાં પ્રવેશવા ઈચ્છતા સાધકે ઉપસર્ગ-પરિષહોનો સમભાવે મૂકાબલો કરી શકાય, માટે આસન, પ્રાણાયામ આદિના માધ્યમથી શરીરને સક્ષમ બનાવવું જોઈએ. જેથી સાધક કઠિન-પરિસ્થિતિમાં પણ સમતા જાળવી શકે.

અભ્યંતર તપમાં ચિત્તશુદ્ધિ માટે પ્રાયશ્ચિત આવશ્યક છે. વડીલોનો વિનય અને વૈયાવચ્ચ દ્વારા સાધક સ્વ-આત્માને જાણવામાં આગળ વધી શકે, તે જ ખરો સ્વ-અધ્યાય (સ્વાધ્યાય) છે. આ સ્વાધ્યાયથી પ્રાપ્ત થયેલ આત્મ-સ્વરૂપના જ્ઞાનથી ધ્યાન સિદ્ધ થાય છે. આ ધ્યાનથી કાયા પરનું મમત્વ જતાં કાયોત્સર્ગ સિદ્ધ થાય છે. અતિચારમાં કહેવાયું છે! કર્મક્ષ્ય નિમિત્તે લોગસ્સ દસવીસનાં કાઉસગ્ગ ન કીધાં' આત્માર્થી જનીએ પ્રતિક્રમણ સિવાય પણ આત્મ શુદ્ધિ અર્થે કાયોત્સર્ગની ટેવ પાળવા જેવી છે. જે અત્યારે વિશેષ પ્રચારમાં નથી. 'ધર્મધ્યાન શુક્લધ્યાન નધ્યાયાં.' અત્યારે આપણા બેફામ ભટકતા મનને શાંત કરવા અનિત્યાદિ બાર ભાવના તેમ મૈત્રી આદિ ચાર પરાભાવના માધ્યમથી ચિત્તવિશુદ્ધિ કરવા દ્વારા ધર્મધ્યાનમાં પ્રવેશ કરાવવો આવશ્યક છે. એ સિવાય અભ્યંતર તપના અતિચારો નિરંતર લાગી રહ્યા છે.

છેલ્લે વીર્યાચારમાં આત્માના ઉલ્લાસપૂર્વક ધર્મનું આચરણ ન કર્યું હોય એની ક્ષમા ચાહી છે. મન, વચન, કાયાના ઉલ્લાસથી ધર્માચરણ કરવાની વાત વીર્યાચાર સાથે ગૂંથાઈ છે. પરમાત્માની આજ્ઞાથી વિરૂદ્ધ આચરણ કર્યું હોય, કરવાયોગ્ય કર્તવ્ય ન કર્યું હોય, પ્રભુની વાતમાં વિશ્વાસ ન રાખ્યો હોય અને ઉત્સૂત્ર પ્રરૂપણા કરી હોય તેનો પશ્ચાતાપ કરાયો છે.

આમ 'અતિચાર' એ પ્રતિક્રમણ દરમિયાન સરળ ગુજરાતી ભાષામાં રજૂ થતી પાપવિશુદ્ધિની ગંભીર વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. શ્રાવકો થકી સાવધાનીથી આ સૂત્રનું શ્રવણ કરો, તેના અર્થ સમજે અને વર્ષ દરમિયાન થયેલા પાપોનું હૃદયથી પ્રાયશ્ચિત માગે, તો જીવન અવશ્ય ઉજ્જવળ બની જાય. પાપ આલોચવાની પ્રક્રિયા-પ્રાયશ્ચિત અને કયોત્સર્ગથી ચિલાતીપુત્ર અને દઢપ્રહારી જેવા પાપીજનોનો ઉદ્ધાર થયો હતો, તો આપણે પણ પશ્ચાતાપની ગંગામાં સ્નાન કરી પાવન થઈએ, સાધનામાર્ગમાં આગળ વધીએ.

શ્રાવક-અતિચારનું ગદ્ય પણ અભ્યાસયોગ્ય છે. આમ તો, અતિચાર સરળ-ગુજરાતીમાં છે. પરંતુ કેટલાક શબ્દો પ્રચારમાં ન રહેવાથી આજની પેઢીને સમજાતાં નથી, માટે તેના કઠિન શબ્દોની સમજૂતી અપાય તો આજની પેઢીને અતિચાર વધુ લાભદાયક બની શકે.

# પાપની કબૂલાત (કન્ફેસન) કરવાની રીત

થોમસ પરમાર

પ્રાયશ્ચિત સંસ્કાર એ ખ્રિસ્તી ધર્મનો એક સંસ્કાર છે તેને સમાધાન સંસ્કાર પણ કહે છે. આ સંસ્કારમાં વ્યક્તિએ પુરોહિત સમક્ષ પોતે કરેલા પાપની કબૂલાત કરીને પસ્તાવો કરવાનો હોય છે, પ્રાયશ્ચિત કરવાનું હોય છે. 'પાપમુક્તિ' આ એકજ શબ્દમાં ઈસુના જીવનકાર્યનો સાર આવી જાય છે. તેમણે લોકોને હૃદય પલટો કરવાની હાકલ કરી હતી. અને તેમની આગળ ઈશ્વરની ક્ષમા ધરી દઈ તેમનાં પાપ માફ કર્યા હતાં. ઈશુએ પોતાના શિષ્યો (પ્રેષિતો)ન કહ્યું હતું કે, ''તમને પવિત્ર આત્માની પ્રાપ્તિ થાઓ. તમે જો કોઈના પાપ માફ કરશો તો તે માફ થશે. તમે જો કોઈનાં પાપ ઊભા રાખશો તો અને ઊભાં રહેશો (યોહાન ૨૦:૨૩) દોષિતોને સંબોધતા ઈસુએ ઉચ્ચારેલા આ શબ્દો દ્વારા પ્રાયશ્ચિત સંસ્કારની સ્થાપના થઈ હતી તે સમયથી આજ સુધી ખ્રિસ્તી ધર્મ સભા (ધર્મસંઘ)માં એક યા બીજી રીતે પોતાની કબૂલાતના પ્રચલિત બની અને ઈશ્વરને નામે પ્રેષિતો (તે પછી ધર્મગુરુઓ કે પુરોહિતો) પાપોની માફી આપતા રહ્યા.

ધર્મસભાના ઈતિહાસ દરમ્યાન પાપોની કબૂલાત તથા એની માફી આપવાની રીતમાં ઘણા ફેરફારો થયા છે. શરૂઆતમાં પાપોની જાહેરમાં કબૂલાત કરવામાં આવતી હતી અને થોડાં સમય માટે ધર્મસંઘમાંથી પાપીઓને બહિષ્કાર કરવામાં આવતો હતો. પછીથી ખ્રિસ્તીઓની સંખ્યામાં ખૂબજ વધારે થવાથી પાપોની જાહેર કબૂલાતમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થવા માંડી અને ધીરે ધીરે ખાનગી એટલે કે એક પુરોહિતની સમક્ષ એકરારનો રિવાજ દાખલ થવા લાગ્યો. પાયશ્ચિત સાંભળનાર પુરોહિત એ ઈસુની જગ્યા લે છે અને ઈસુને નામે પાપોની માફી આપે છે. પુરોહિતની આગળ કરેલો એકરાર એ ઈશ્વરની આગળ કરેલા એકરારની નિશાની છે. ઉડાઉ પુત્ર, દીકરોની વાર્તામાં નાનો પુત્ર પોતાના ભાગની મિલકત લઈને ઘર છોડીને એશ આરામમાં જિંદગી જીવે છે ખુબ દુષ્કાળના સમયમાં તેની પાસે કશું જ ન રહેતાં તે પોતાના ઘેર પાછો ફરે છે ત્યારે પિતા પૂરા પ્રેમથી અને આનંદથી તેને વધાવી લે છે અને એ આનંદમાં મોટી મિજબાની યોજે છે. તેજ રીતે કોઈ વ્યક્તિ પાપમય જીવન ત્યજીને ઈશ્વરને પાપ માફ કરીને આવકારે છે 'જેમને પશ્ચાતાપની જરૂર નથી એવા નવ્વાણુ ધર્મપરાયણ માણસો કરતાં પશ્ચાતાપ કરનાર એક પાપી માટે સ્વર્ગમાં વધારે આનંદોત્સવ થશે .

વ્યભિચાર કરતાં પકડાયેલી પેલી સ્ત્રીનો લોકો પથ્થરો મારતાં હતાં ત્યારે એ સ્ત્રીને ઈસુના મુક્તિ આપનારા શબ્દો સાંભળવા મળ્યા. જા હવેથી પાપ શકરીશ નહિ (પોહળા ૮:૧૧) ઈસુના આ શબ્દોમાં ફક્ત હુકમ નથી પાણ એ હુકમનો અમલ કરવા માટેની શક્તિ પણ છે. જે કોઈ પ્રાયશ્ચિતમાં ઈસુને ચરણે પડીને પોતાના પાપોની માફી માગે છે તેમને પણ ઈસુના એ મુક્તિ આપનારા શબ્દો સાંભળવા મળશે.

સાચા પસ્તાવાનું ફળ કેવળ લાગણીનો ઊભરો નથી. જીવન સુધારવાનો મક્ક નિર્ણય છે. પ્રાયશ્ચિત સંહાર માં સૌથી જરૂરી પસ્તાવો છે. કરેલા પાપ માટે મનમાં દુઃખ ધરી તેમને ધિક્કારવાં અને સુધરવાનાં પાકો નિશ્ચય કરવો તે પસ્તાવો છે. પસ્તાવો હૃદયના ઊંડાણનો હોવો જોઈએ.

ભક્ત પ્રાયશ્ચિત માટે પુરોહિત પાસે પ્રાયશ્ચિતા કને જાય એ અગાઉ તેણે તૈયારીની પ્રાર્થના અને ચિત્તશોધન અર્થાત કરેલાં પાપનું સ્મરણ કરવાનું હોય છે.

તૈયારીની પ્રાર્થના

પ્રાયશ્ચિત કરતા પહેલાં ભક્તજને આ પ્રાર્થના કરવી હે પ્રભુ પવિત્ર આત્મા મારા અંતરમાં પધારો અને તમારો પ્રકાશ મોકલીને મારા મને જગતમાં વ્યાપેલા અંધારાં ઊલેચી નાખો. મારા અંતરચક્ષુના પડદા ખોલી નાખો. જેથી કરીને જો કરેલા પાપનો મને સાચો ખ્યાલ આવે તેમની ગંભીરતા અંગે અને તે બધાં અંગે હું ખરા દિલથી દુઃખી થઈ જાઉં. દિલગીરી વ્યક્ત કરું અને આત્માનું નવીકરણ કરીને સત્યના માર્ગે હિંમતભેર આગળ વધું.

**ચિત્તશોધન અથવા પાપનું સ્મરણ**

છેલ્લે કેટલાં અઠવાડિયા, મહિના પહેલા પાયશ્ચિત કર્યું તે સમયથી આજ દિન સુધી કરેલાં પાપનું સ્મરણ કરવાનું હોય છે. આ માટે પરમેશ્વરે આપેલી દસ આજ્ઞાઓનું એક પછી એક કરીને એ આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને કરેલાં પાપને યાદ કરો.

* હું ઈશ્વરને મારું સર્વસ્વ ગણું છું? કે પછી ધન્ન, સત્તા, મોટાઈ, ભોગવિલાસ વગેરે દુન્યવી વસ્તુઓને જ મારા દેવ ગણીને ચાલું છું? મેં પ્રાર્થના છોડી દીધી? મેં પ્રાર્થના કરતાં ખુશીથી બીજા વિચારો રાખ્યા? જો બીજા દેવદેવીઓની પૂજા કરી? ભૂતપ્રેતમાં માનું છું? રોગ મટાડવા કે બીજા લાભો મેળવવા તેમને રીઝવું છું? દોરાધાગા કરું છું? તેમની બાધા રાખું છું?

* હું ઈશ્વરનું નામ સારી રીતે લઉ છું કે ગમે તેમ? મેં ઈશ્વરનું નામ લઈને જૂઠા સોગન ખાધા?

* હું રવિવારે પવિત્ર ખિસ્તક્ષન (Mass) માં હાજર રહ્યો કે નહીં? તેમાં મેં ભક્તિથી ભાગ લીધો કે ગમે તેમ?

* મોટા મા-બાપ કે વડિલો સાથે હું કેવી રીતે વર્તું છું? તેમનો હુકમ માનું હું? તેમને માન આપું છું? તેથી સેવા કરું છું? ગરીબ, નબળા, અસહ્ય, અજાણ્યા કે વૃદ્ધોની ઉપેક્ષા કરું છું? મારા હાથ નીચેના માણસો સાથે હું કેવી રીતે વર્તુ છું? તેમને પૂરતો પગાર આપુ છું? મારું કામ નિષ્ઠાથી કે ખંતથી કરું છું? હું કામચોરી કરું છું? મારી ફરજો પ્રત્યે બેદરકાર રહું છું?

* હું મારા પડોશી ઉપર ખરેખર પ્રેમ રાખું છું. હું મારા સ્વાર્થ માટે કોઈનું અહિત કરું છું? મેં કોઈને માર્યો, ઠઠ્ઠા કર્યા, ગાળ ભાંડી કે શું? મે દ્વેષ, ક્રોધ, અદેખાઈ રાખી કે શું? મારી વાણી વર્તન દ્વારા હું ખોટો દાખલો બેસાડું છું? હું બદલો લેવાની કે વેર વાળવાની ભાવના રાખું છું?

* મારા શરીરને મેં પવિત્ર આત્માના પાવન મંદિર તરીકે જોયું છે? એને શુધ્ધ રાખવાનો મેં પ્રયત્ન કર્યો છે? મેં જાણી જોઈને ખરાબ વિચાર રાખ્યો કે ખરાબ વાતચીત કરી? મેં ખરાબ ચોપડી વાંચી કે ખરાબ કામ કર્યું?

* મેં ચોરી કરી? પૈસાની લેવડ દેવડમાં મેં દગો કર્યો છે? મેં જાણીજોઈને

કોઈને નુકસાન કર્યું છે? મેં પારકાના માલનો લોભ કર્યો છે? મેં ચોરેલો માલ રાખ્યો છે?

* હું જૂઠું બોલીને લોકોને છેતરું છું? નિંદા કે કૂથલી કરું છું? બીજાઓ વિશે મેં ખોટી વાતો ફેલાવી છે? ખોટા વહેમ ખુશીથી રાખ્યા? મે બીજાઓની ગેરઆબરૂ કરી?

* મારી દુષ્ટ વૃત્તિઓ જેવી કે, કામ, ક્રોધ, લોભ, અભિમાન, અદેખાઈ, ઈર્ષ્યા વગેરેને હું અંકુશમાં રાખું છું? દારૂ પીને જીવનની બરબાદી નોતરું છું?

* મારા જીવનમાં પડતી મુશ્કેલીઓ, કષ્ટો વગેરેને ધીરજપૂર્વક શાંતિથી સ્વીકારું છું?

પાપની કબૂલાત

આત્મનિરીક્ષણ કર્યા પછી ભક્તિભજન ધર્મગુરુ પાસે પ્રાયશ્ચિતતા ને જઈને પોતે કરેલા પાપની કબૂલાત કરે છે. મરજી પડીને જે બોલે છે કે તે બાપ મને આશીર્વાદ આપો કેમ કે મેં ઘણાં પાપ કર્યાં છે. આ અગાઉ કેટલા વખત પહેલાં પાયશ્ચિત કર્યું હોય તે જણાવવાનું હોય છે. તે પછી કરેલાં પાપ ધર્મગુરુને જાણાવે છે તેની કબૂલાત કરે છે બાદ ભક્તજન બોલે છે કે આ અને મારા આખા જીવનનાં પાપ માટે હું બહુ દુઃખી છું ને પાપની માફી માગું છું. ધર્મગુરુ એમ બોલીને પાપની માફી આપે છે.

પરમકૃપાળુ પરમેશ્વર ધર્મસભા દ્વારા તમને ક્ષમા અને શાંતિ બક્ષો અને હું તમને તમારા બધાં પાપની માફી આપું છું. પિતા, પુત્ર અને પવિત્ર આત્માને નામે આમીન પસ્તાવો.

ધર્મગુરુ ભક્તજનની પાપની માફી આપે એ દરમ્યાન ભક્તજને પસ્તાવા તથા નિશ્ચયની નીચેની પ્રાર્થના બોલવાની હોય છે.

હે મારા પરમેશ્વર તમે મારા પ્રેમાળ પિતા છો તમારી વિરુદ્ધ જઈને મેં પાપ કર્યાં છે. હું બહુ દુઃખી છું. કારણ કે મારાં પાપને લીધે જ ઈસુ ખ્રિસ્ત ... મરી ગયા. તેથી હું પાપને ધિકારું છું. તમારા પર પ્રેમ કરું છું અને ફરી કદી પાપ નહિ કરવાનો નિશ્ચય કરું છું.

ધર્મગુરુ, કહેશે કે, પ્રભુએ તમારા પાપ માફ કર્યા છે. શાંતિમાં જાઓ એ પછી ભક્તજન ધર્મગુરુનો આભાર માની વિદાય લે છે. ધર્મગુરુ ભક્તજનને જે શિક્ષા આપે તેનો અમલ કરવાનો હોય છે. શિક્ષામાં મોટે ભાગે અમુક સદ્કાર્યો કરવાનું જણાવે છે. અમુક પ્રાર્થના ધર્મગુરુ કરે તેટલી વાર કરવાની, અર્ચના અમુક દિવસ અઠવાડિયા કે મહિનાઓ સુધી જવાનું પવિત્ર શાસ્ત્રનું લાચન કરવાનું જણાવવામાં આવે છે.

આ રીતે પાપની કબૂલાતની ક્રિયા પૂરી થાય છે.


સંદર્ભ ગ્રંથો

ભક્તિમાર્ગ : ડૉ. એમ. ડાયસ ગીરી જે.એસ.જે. ૧૯૮૫

ઈશુ દર્શન : ફા. ફ્રાન્સિસ મેન્ડોન્સા એસ.જે (સંપાદક) ૧૯૯૦

દૂત જાન્યુઆરી ૧૯૭૫


# બૌદ્ધ ધર્મમાં પાપની આલોચના


ડૉ. જાગૃતિ નલિન ઘીવાલા


જૈન ધર્મમાં જેવી રીતે દિવસનાં અંતે તેમજ રાત્રીનાં અંતે પ્રતિક્રમણનું વિધાન છે, તેવી રીતે બૌદ્ધ ધર્મમાં પણ પાપોથી મુક્ત થવાનું વિધાન છે. બૌદ્ધ ધર્મમાં પ્રતિક્રમણ શબ્દ-પ્રયોગ નથી, પરંતુ પાપોની આલોચના સંબંધે-પ્રવારણા, પાપ-દેશના તેમજ પાતિમોક્ખ/પ્રતિમોક્ષ અને ઉપોસથ જેવા શબ્દોનો ઉલ્લેખ છે. ઉદ્દાનમાં તથાગત બુદ્ધ જણાવે છે કે, જીવનની નિર્મળતા તથા દિવ્યતા માટે પાપનાં આચરણની આલોચના કરવાથી વ્યક્તિ પાપના ભારથી હળવો બને છે.'

• પ્રવારણા : પ્રવારણા એ એક આલોચનાની વિધિ છે. બૌદ્ધ ધર્મમાં પ્રવારણાનું અતિ મહત્વ છે. આત્માની પરિશુદ્ધિ માટે પ્રવારણા આવશ્યક છે. આ પ્રવારણા વાર્ષિક હોય છે, અને જ્યારે વર્ષાવાસ પૂર્ણ થાય છે, ત્યારબાદ ભિક્ષુ સંઘ એકત્રિત થાય છે અને પ્રવારણાનું આયોજન કરે છે. પ્રવારણાનાં દિવસે પ્રત્યેક ભિક્ષુ જાણતાં-અજાણતાં થયેલા અપરાધો-દોષોનું સ્વયં ઊંડાણપૂર્વક નિરિક્ષણ કરે છે અને તે દોષોની સંઘ સમક્ષ કબુલાત કરે છે. દોષ અગર સાધારણ હોય તો સંઘ સમક્ષ કબુલાત કરતાં તેને દોષમુક્ત માનવામાં આવે અથવા તેનું યોગ્ય પ્રાયશ્ચિત આપવામાં આવે છે.

પ્રવારણા સમયે ભિક્ષુ સમ્મિલિત સંઘને વિનંતી કરે છે કે, મારા જે દોષ સંઘને જણાયા હોય, સંઘે સાંભળ્યા હોય કે સંઘને જેના વિશે શંકા હોય તે બધા દોષ મને બતાવે, ખરેખર એ દોષ મેં કર્યો હશે તો યોગ્ય પ્રાયશ્ચિત લઈશ. એવી વિનંતી સાથ જો સંઘમાંથી કોઈ દોષ બતાવે તો ભિક્ષુ તેનો સ્વીકાર કરી સંઘની માફી માંગે છે.

• પાપદેશના : 'બોધિચર્યાવતાર' ગ્રંથમાં આચાર્ય શાંતિદેવ જણાવે છે કે, 'રાત્રિનાં ત્રણ વાર અને દિવસના ત્રણ વાર 'સ્કંધ, પાપદેશના, પુણ્ય અનુમોદના તથા બોધિ પરિણમનની આવૃત્તિ કરવી આવશ્યક છે. જેથી કરીને જાણતા-અજાણતાં થયેલ સ્ખલનાઓનું શમન થઈ જાય છે.

• પાપદેશનાનાં બે પ્રકાર છે.

૧) પ્રકૃતિ સાવદ્ય : એવી પાપકારી પ્રવૃત્તિ જે સ્વભાવથી જ નિંદનીય છે. જેમ કે, હિંસા, જુઠ, ચોરી વગેરે...

૨) પ્રજ્ઞપ્તિ સાવદ્ય : એવી દોષિત પ્રવૃત્તિ જેમાં વ્રત ગ્રહણ કર્યા બાદ તેનો ભંગ થાય છે. જેમ કે, વિકાલ ભોજ, પરિગ્રહ વગેરે...

• પ્રતિમોક્ષ અને ઉપોસથ એ ભિક્ષુચર્યા અને ભિક્ષુસંઘનાં બે મહત્વના લક્ષણ છે. પાતિમોક્ખ/પ્રાતિમોક્ષનો સંબંધ ઉપોસથ સાથે છે. ઉપોસથની પ્રથા અન્ય સંપ્રદાયોમાં પણ હતી. પરંતુ ગૌતમ બુદ્ધે તેમાં નીતિ વિષયક આચાર-વિચારનું આરોપણ કર્યું હતું. પતિમોક્ખના પાઠ દરમ્યાન સભામાં ઉપસ્થિત સંઘ પાસે એવી અપેક્ષા રાખવામાં આવતી કે, તેમાં ઉલ્લેખિત અપરાધ કર્યો હોય તેઓ ઉઠીને તેનો સ્વીકાર કરે! પાપકૃત્યનો સ્વીકાર કરવાથી ચિત્ત તેમાંથી મુક્ત બને છે. તેને ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરવાથી મન તેમજ

નિમગ્ન રહે છે. અને સાધનામાં નિર્દેશી છે.

• પ્રતિમોક્ષ/પાતિમોકખ : જેમાં બૌદ્ધ ભિક્ષુ માટેનાં નિષેધાત્મક ૨૨૭ નિયમોનો સંગ્રહ છે. એ નિયમોનો દરેક ઉપોસથના દિવસે સંઘ સમક્ષ પાઠ કરવામાં આવે છે. 'પ્રાતિ'નો 'પ્રતિ' એટલે કે 'પ્રત્યેક' એવો અર્થ કરવામાં આવે છે. પ્રત્યેકની અલગ-અલગ મુક્તિ તે પ્રાતિમોક્ષ કે અપાતિમોકખ. પાતિમોકખનો સામાન્ય અર્થ પાપથી વિમુક્ત થવું'. પ્રત્યેક ભિક્ષુ પોતે કરેલા અપરાધનો નિયમાનુસાર સ્વીકાર કરીને તેમાંથી સ્વતંત્રપણે મુક્તિ મેળવે છે. એટલે કે દરેક ભિક્ષુ અલગ-અલગ સ્વયં પોતાના પાપનો આલોચનારૂપે સ્વીકાર કરી પાપથી વિમોક્ષ મેળવે છે.

આચાર્ય બુદ્ધઘોષ કહે છે કે, પ્રત્યેક ભિક્ષુ દ્વારા સ્વમુખે પાપનો સ્વીકાર તે પ્રતિમુખ'. આ રીતે પાતિમોકખનો મુખ્ય હેતુ પોતાના મુખે જ નિયમાનુસાર પાપનો સ્વીકાર કરવાનો છે. ભિક્ષુ અને ભિક્ષુણી સંઘ અનુસાર પાતિમોકખનાં બે વિભાગ છે. જેમાં ભિક્ષુ-ભિક્ષુણી સંબંધી નિયમોનો સંગ્રહ છે.

'ભિકખુ પાતિમોકખ' અને 'ભિકખુણી પાતિમોકખ'નાં સંદર્ભમાં સામાન્યતા-નિદાન, પારાજિક, સંઘાદિશેષ, અનિયત, નિસગ્ગિય, પાચિત્તિય, પાટિદેસનીય, સેખિય, અધિકરણ સમય આદિ નિયમો ઉપરાંત પ્રવજ્યા, ઉપસંપદા, શિષ્ય અને આચાર્યના ધર્મ, ચીવર, વર્ષાવાસ, પ્રવારણા વગેરે વગેરે નિયમો આપવામાં આવ્યા છે. આ નિયમોનું પાલન કરતાં કોઈ અપરાધ યા દોષ લાગ્યો હોય તો પ્રવારણાનાં દિવસે પાપોનો સ્વીકાર કરે અને જો અપરાધ સાધારણ હોય તો પાપોની કબુલાત સાથે તે દોષ મુક્ત બને છે, અથવા તો યોગ્ય પ્રાયશ્ચિત લે. આ પ્રમાણે વર્ષાવાસ દરમ્યાન થયેલા દોષોની કબુલાત વર્ષાવાસનાં અંતે સંપ્રિલિત સંઘમાં કરે. ત્યારબાદ સમયાંતરે વર્તમાને માત્ર વર્ષાવાસમાં થયેલા દોષોની જ નહીં, પરંતુ આખા વર્ષના દોષોની કબુલાત કરવામાં આવે છે.

• ઉપોસથ : બંને અષ્ટમી, પૂર્ણિમા અને અમાવસ્યા આ ચાર દિવસને 'ઉપોસથ દિન' કહે છે. આ દિવસોએ ભિક્ષુ-ભિક્ષુણીઓ એકત્ર થઈ ધર્મોપદેશ કરે છે. ઉપોસથનાં દિવસે દરેક ભિક્ષુ માટે પરિશુદ્ધશીલ હોવાનું આવશ્યક હોય છે. તે દિવસોએ જે ભિક્ષુ જાણતા-અજાણતાં થઈ ગયેલા પાપોની-અપરાધોની કબુલાત કરી શુદ્ધિ કરી ન હોય તે ભિક્ષુ ઉપોસથમાં ભાગ લઈ શકે નહીં.

ઉપોસથનાં દિવસે જે ભિક્ષુ પ્રતિમોક્ષનો પાઠ બોલે છે. તે પ્રમુખ ભિક્ષુને સંઘસ્થવિર, સંઘપિતા કે સંઘપરિણાયક કહેવામાં આવે છે. તે સંઘપિતા પ્રતિમોક્ષ સંવરમાં નિષ્ણાંત, ધર્મવિદ, સંતોષી અને ધ્યાનકુશળ હોય છે. જે સમગ્ર સંઘની ઉપસ્થિતિમાં અપરાધોની એક સુચિ કહે છે, જેને પ્રતિમોક્ષની આવૃત્તિ કહે છે. તે સુચિમાં દર્શાવિલા અપરાધોમાંથી કોઈપણ અપરાધ કોઈ ભિક્ષુથી થઈ ગયો હોય, તો તે-તે ભિક્ષુ તેની કબુલાત બાદ સંઘપિતા જે પાયશ્ચિત આપે તેનો સ્વીકાર કરે છે.

ઉપોસથ સમયે સમગ્રપણે સંઘ સંમિલિત થાય છે, સંઘ શબ્દમાં ભિક્ષુ અને ભિક્ષુણી ઉપરાંત જે પુરુષો અને સ્ત્રીઓ ધર્માચરણમાં સમય વ્યતીત કરે છે તેઓને અનુક્રમે ઉપાસક અને ઉપાસિકા' કહે છે. આ 'ઉપાસક અને ઉપાસિકા'ને આ દિવસે પાળવા માટે તથાગત બુદ્ધે આઠ નિયમો પણ દર્શાવ્યા છે તે

૧) પ્રાણાઘાત ન કરવો (૨) ચોરી ન કરવી (૩) અબ્રહ્મનું સેવન ન કરવું (૪) જુઠું ન બોલવું (૫) માદક પદાર્થોનું સેવન ન કરવું (૬) મધ્યાહન પછી ન જમવું (૭) મનોવિકાર ઉત્પન્ન થાય તેવી પ્રવૃત્તિઓથી દુર રહેવું (૮) ઉંચી અને મોટી પથારી પર શયન ન કરવું.

ઉપોસથ પાક્ષિક પરિશુદ્ધિની આવશ્યક પ્રક્રિયા છે અને પ્રવારણા વાર્ષિક શુદ્ધિ માટે વિશેષ આવશ્યક પ્રક્રિયા છે.

ડૉ. જાગૃતિ નલિન ઘીવાલા,
(M.A. M.Phil. Ph.D. in Jainism)
મો. ૯૯૨૫૭૩૬૦૩૧

સંદર્ભ :

૧) બૌદ્ધદર્શન અને સંસ્કૃતિની પરંપરા, લે.ડૉ. નિરંજના વોરા.

૨) બૌદ્ધદર્શન, લે. નગીનભાઈ શાહ, એસ.પી.યુનિ વલ્લભ વિદ્યા નગર

૩) બુદ્ધલીલા, મૂળ લે. ધ્રામાનંદ કૌશામ્બી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

# મિચ્છામિ દુક્કડમ્ એવં આલોચના

- ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

જહોન હંટર નામનો એક મહાન સર્જન થઈ ગયા. એ પોતે કોનિક એન્જાઈનના દોષથી પીડાતા હતા. તેમણે કહ્યું હતું કે મારુ જીવન એ બદમાશોના હાથમાં છે મને ગુસ્સો કરાવે છે. જ્યારે હું મરું ત્યારે મારું હૃદય તપાસજો મારા હૃદયને લોહી પહોંચાડતી ધમનીઓ લાકડા જેવા સખત બની ગઈ હશે.

અને બન્યું એવું કે એક દિવસ ધમનીઓ લાકડા જેવી સખત બની ગઈ. તેમના મતને અવગણીને લાગવગને લીધે લાયક નહિં એવી બીજી કોઈ એક વ્યક્તિને પસંદ કરવામાં આવી. પરિણામે એ ગુસ્સામાં ફાઈલ પછાડીને ઈન્ટરવ્યુ રૂમની બહાર નીકળ્યા અને બારણાની બહાર જ હંમેશા માટે ઢળી પડ્યા. એમના મરણ પછી એમની ઈચ્છા મુજબ હૃદય તપાસવામાં આવ્યું તો. સાચે જ એમની ધમનીઓ મુલાયમમાંથી સખત બની ગઈ હતી.

એનું તારણ આજે પણ 'રોયલ કોલેજ ઓફ ફિઝિસિયન્સ' લંડનના મ્યુઝિયમમાં છે. એમનું હૃદય ત્યાં ઉપરોક્ત વાત સાથે સાચવીને રાખવામાં આવ્યું છે.

જો જહોન હંટરને ગુસ્સાનું મારણ ક્ષમાપના છે એ ખબર હોત તો મારણ થાત? જવાબ છે ના તેઓ બચી જાત અને પોતાના જ્ઞાનનો કેટલાયને લાભ આપ્યો હોત.

ક્ષમાપના એ કોઈ સંપ્રદાય વિશેષ, સમાજ વિશેષ કે કોઈ વ્યક્તિવિશેષ

પૂરતી મર્યાદિત નથી પણ સાર્વજનિક, સાર્વભૌમિક અને ત્રૈકાલિક છે એટલે કે પ્રત્યેક વ્યક્તિ ક્ષમાપના કરી શકે છે. કોઈપણ ક્ષેત્રમાં રહેતા હોય એ પણ કરી શકે છે અને ત્રણેકાળ કોઈપણ સમય એવો નથી કે જ્યારે ક્ષમાપના ન કરી શકાય અર્થાત્ ક્યારેય પણ કરી શકાય છે. એક અલગ વાત છે કે જૈનદર્શનમાં એનું મહત્વ વધારે છે.

ક્ષમાપના માંગવા માટે જૈન ધર્મમાં જે શબ્દ વાપરવામાં આવે છે એ છે 'મિચ્છામી દુક્કડમ્' જેને સંસ્કૃતમાં **मिथ्या मे दुष्कृतम्** કહેવામાં આવે છે. કહેવામાં આવે છે એટલે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ નાશ પામો નિષ્ફળ થાઓ. દુષ્કૃતમ્ – એટલે નઠારૂ કર્મ, ખરાબ કામ, અધમ કૃત્ય, પાપકર્મ, અર્થાત્ જે કાર્યો કરવાથી સ્વ આત્માને અને પર આત્માને દુઃખ પહોંચે એ બધું દુષ્કૃત્ય છે. એ દુષ્કૃત્યમાં ૧૮ પ્રકારના પાપસ્થાનક, જ્ઞાનના અતિચાર, દર્શનના અતિચાર, ચારિત્રના અતિચાર, તપના અતિચાર, મિથ્યાના અવ્ર.... પ્રચાર કષાય તેમજ એ સિવાયના જે જે કાર્યો પાપનો બંધ કરાવે છે એ સર્વે દુષ્કૃતમ્ છે. એનું મિચ્છામિ દુક્કડમ્ કરતા પહેલા આલોચના કરવી જોઈએ. આલોચના–આમાંથી પોતાને કયા કયા દોષો લાગ્યા છે એની જાતે તપાસ કરવી જરૂરી છે. જેથી મિચ્છામી દુક્કડમ્ યોગ્ય રીતે થઈ શકે . એ આત્મ નિરીક્ષણની ક્રિયાને આલોચનાને નામે ઓળખવામાં આવે છે. આલોચના કર્યા પછી પ્રતિક્રમણ કરીને મિચ્છામી દુક્કડમ્ કરવાનું હોય છે.

ભગવાન મહાવીરની અંતિમ દેશના જે અસાર સંસારમાં સારરૂપ છે તેની 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'માં પ્રરૂપણ થયેલી છે. એમાં સમ્યક્ પરાક્રમ નામનું ૨૯મું અધ્યયન છે. એમાં આલોચનાની મહત્તા બતાવતા કહ્યું છે કે પોતાના દોષોને (દુષ્કૃત્યોને) ભાવોની શુદ્ધિપૂર્વક ગુરુદેવ સમક્ષ પ્રકાશિત કરવા એનું નામ આલોચના છે. આલોચનાના પ્રભાવથી માયા મિથ્યા અને નિદાન આ ત્રણે શલ્યો (આત્મામાં કાંટાની જેમ ચૂભનાર)નો પરિહાર થઈ જાય છે. કારણ કે આ ત્રણે શલ્યો મુક્તિમાર્ગના વિઘાતક છે અને અનંત સંસાર વધારનાર છે. જીવમાંથી જ્યારે આ શલ્યો દૂર થઈ જાય છે ત્યારે તેની અંદર ઘણી જ સારી સરળતાની વૃદ્ધિ થાય છે. તેથી મનમાં જે હોય તે જ કહે છે. તે જ કરે છે. છુપાવવા જેવી કોઈ વાત તેની અંદર રહેતી નથી. આવી હાલતમાં એ જીવને સ્ત્રીવેદ અને નપુંસકવેદનો બંધ થથો નથી તથા પૂર્વોપાર્જિત કર્મોની નિર્જરા થતી રહે છે આથી તે મુક્તિને પાત્ર બની જાય છે, આમ આ આત્મશુદ્ધિની વિશિષ્ટતમ સાધના છે. માયાદિ જતા રહેવાથી પોતાના દોષોનું પ્રકાશન સરળતાથી થઈ જાય છે.

તેમ જ આલોચનાથી હળવાશ પણ અનુભવાય છે. જેવી રીતે કોઈ મજૂર માથા પર ૫૦ કિલો વજન લઈને બે ગાઉ ચાલે ત્યારે કેટલો ભાર લાગે? અને જ્યારે દુકાન કે ઘરે આવીને ભાર નીચે મૂકે ત્યારે કેવી હળવાશ લાગે? એવી જ રીતે અનંતકાળથી આપણા નાજુક આત્મા પર કેટલા કર્મના થર રહેલા છે? આ થર ક્યારે દૂર થાય? લાખો, કરોડો, સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા કર્મોનો બોજો આપણા આત્મા ઉપર રહેલો છે. જો સમજપૂર્વકની આલોચના કરી હોય તો આ બોજો આશરાથી ઉતારી શકાય છે.

આલોચના શબ્દ લુચ્ ધાતુ પરથી બન્યો છે. લુચ્ એટલે જોવું આ=ચારે બાજુથી લોચના=લોચન કરવું સારી રીતે જોવું. સંસારરૂપ ભવવનમાં રખડતાં રખડતાં જાણ્યે અજાણ્યે ૧૮ પ્રકારના થાય, જ્ઞાનદિ અતિચારો, મિથ્યાત્વ, કષાય આદિને કારણે મારાથી જે જે દુષ્કૃત્યો થયા છે એને સારી રીતે જોવાના છે પછી એ દરેકનું મિચ્છામી દુક્કડમ્ કરતા જવાનું છે.

આ રીતે વિચારતા ખ્યાલ આવશે કે મિચ્છામિ દુક્કડમ્ નું ફલક કેટલું વિશાળ છે. આપણાં સગા સંબંધીઓ સાથે મિચ્છામી દુક્કડમ્‌ની આપ-લે કરીએ છીએ એ તો માત્ર એક નાનો એવો એનો હિસ્સો કે અંશ છે. બાકી તો ૧૯ પાપસ્થાનકમાં દરેક પાપસ્થાનક ઉપર આપણે વિચારણ કરવાની છે કે મારાથી આ પાપ થયું છે કે નહિ એના અર્થ વિવેચન વાંચતા ખ્યાલ આવશે કે આપણે આમાંનું કાંઈ સેવન કર્યું છે કે નહિ? એ જ રીતે જ્ઞાનદિ અતિચારો દરેક અતિચારોના અર્થ વિવેચનની સમજણ મેળવવાની જરૂર છે પછી એ રીતે મં જ્ઞાનમાં કયા દોષ લગાડ્યા છે જ્ઞાન કેવી રીતે ભણવું જોઈએ એમાં શું સાવધાની રાખવી જોઈએ વગેરેનું જ્ઞાન પણ મેળવવું જોઈએ.

શ્રાવક જીવનની ન્યૂનતમ યોગ્યતા સમક્તિ છે. શ્રાવક-જીવનની પૂ.સુ ભૂમિમાં સર્વાધિક મહત્વપૂર્ણ તત્ત્વ સમ્યક્દર્શન છે. જીવનમાં એકવાર સમક્તિ (સમ્યક્દર્શન)નો સ્પર્શ થઈ જાય તો મોક્ષનું રીઝર્વેશન થઈ જાય છે. સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યા પછી જ જીવ આત્મ વિકાસના આગળના પડાવ પર વધી શકે છે. એ સમ્યક્દર્શનના પાંચ દુષ્કૃત્યો અર્થાત્ અતિચાર બતાવવામાં આવ્યા છે માટે એ અતિચાર લાગ્યા હોય તો એનું મિચ્છામિ દુક્કડમ્ કરવાનું છે.

ભગવાન મહાવીરે જીવનને પ્રયોગિક બનાવવાની દૃષ્ટિથી શ્રાવકો માટે બાર વ્રતોની વ્યવસ્થા કરી છે. આ બાર વ્રતો પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતમાં વિભાજિત છે. એમાં વ્યાયવહારિક જીવનને હાનિ ન પહોંચે એ રીતે દેશ-કાળની અપેક્ષાએ છૂટછાટ રાખવામાં આવે છે. જેથી વ્યવહારિક જીવન સુચારુ રીતે ચાલી શકે. એ દરેક વ્રતોમાં એના દુષ્કૃત્યો અતિચાર રૂપે બતાવવામાં આવ્યા છે. તેમ જ શ્રાવક આજીવિકા માટે મહાપાપના અર્જન તરીકે ઓળખાતા ૧૫ પ્રકારના વ્યવસાયો જે કર્માદાન તરીકે ઓળખાય છે તેનો ત્યાગ કરી આમ બાર વ્રતનાં અતિચાર બરાબર અર્થસહિત કજાણીને એનું મિચ્છામિ દુક્કડમ્ કરવાનું છે. જીવન જીવવાની કળા તો ઘણી જગ્યાએ શિખવા મળે છે પરંતુ મરવાની કળા જૈદર્શનની વિશિષ્ટ દેન છે જે સંલેખનાને નામે ઓળખાય છે. બાર વ્રતોની જૈન આરાધના જીવન જીવવાની કળા છે તો શંલેખનાપૂર્વક જીવનયાત્રાની સમાપ્તિ એ મરવાની કળા છે. જેને ઉચ્ચ ધાર્મિક અનુષ્ઠાન માનવામાં આવે છે. એમાં જે અતિચારો છે એનું પણ મિચ્છામિ દુક્કડમ્ કરવાનું છે.

આ અતિચારોનું વર્ણન દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી આદિમાં કરવામાં આવ્યું છે. કદાચ નામ નિર્દેશ અલગ પણ મૂળ ભાવ એક જ હોય તથા સંખ્યામાં થોડો ક ફરક હોઈ શકે પણ મિચ્છામિ દુક્કડમ્ તો બધાએ કરવાનું જ હોય છે.

આ ઉપરાત બીજા જે જે દુષ્કૃત્યો છે. તે સર્વેનું મિચ્છામિ દુક્કડમ્ કરીને હળવાશ પ્રાપ્ત કરવાની છે.

મેં પણ મારા લખાણ દ્વારા કોઈને જાણતા અજાણતા મન, વચન, કાયાથી દુઃખ પહોંચાડ્યું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ
માહિત્ય વવંમમલં તમસઃ પર્સ્તાત્।
ત્વામેમ સજ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું
નાન્મઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર! પન્થાઃ ।।૨૩।।

ભાવાર્થ :- હે મુનીન્દ્રા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થવાથી આપનું સૂર્ય જેવું તેજસ્વી તેમ જ રાગ-દ્વેષ રહિત નિર્મળ રૂપ જોઈજ્ઞે ઋષિજનો આપને પરમ પુરુષ માને છે સમ્યક પ્રકારે આપનું શરણ ગ્રહણ કરવાથી મૃત્યુ ઉપર વિજય મેળવી શકાય છે. અર્થાત્ જગતના પ્રાણીઓ આપને પામીને જ મૃત્યુને જીતે છે એવું લાગે છે કે આ સિવાય બીજો કોઈ કલ્યાણકારી માર્ગ સંભવ નથી.

વિવેચન :- આચાર્યશ્રી પ્રસ્તુત શ્લોકમાં એક નવા ભાવ તરફ વળ્યા છે આ ભાવ તે અજર-અમર થવા માટેની મનુષ્યની જે ઝંખના છે અથવા મૃત્ંજય એવી નિરંતર સુખદાયી અવસ્થા છે તેના એક નિશ્ચિત ઉપાયરૂપે સીધો, સાદો સરળ અને સાધ્ય માર્ગનું નિરૂપણ કર્યું છે. એટલું જ નહિ આ માર્ગના આચાર્ય શ્રી પોતે જ પ્રવકતા છે એવું ન કહેતાં અનેક સિદ્ધ પુરુષો અને મુનિજનોએ પણ એને પ્રમાણભૂત માન્યું છે, એવી નિશ્ચય વાણીનો ઉદ્‌ઘોષ કરે છે.

પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રી કહે છે કે ખરેખર! આ એક એવા પરમ પુરુષ છે કે જેમણે અંધકારનો નાશ કરીને આદિત્યરૂપે સંસારને આલોકિત કર્યો છે. વળી દેવાધિદેવ પદથી પણ શોભાયમાન છે જે ભક્તજનો તેમનું સમ્યક્ રીતે અવલંબન સ્વીકારે છે તે મૃત્યુંજય બને છે. આમ કઠિન તપસ્યાથી ઉપલબ્ધ ન થાય તે શરણાગત થવાથી સહેજે પ્રાપ્ત થાય છે. એવા સરળ સાધનની પ્રેરણા આપી કવિશ્રીએ અહીં એક પ્રકારે ભક્તિયોગનો મહિમા પ્રગટ કર્યો છે.

આચાર્યશ્રીનું હૃદય ભક્તિથી પરિપૂર્ણ હોવાથી પ્રસ્તુત શ્લોકમાં દેવાધિદેવને '**भवन्तम्**' જેવા માનવાચક શબ્દને બદલે તેઓ 'ત્વામ' શબ્દથી સંબોધન કરી સ્તુતિનો પ્રારંભ કરે છે. એટલું જ નહિ તેઓશ્રી દેવાધિદેવને મુનિજનો, યોગીજનો, સાધક પુરુષો સ્વયં પરમ પુરુષ માને છે, એ રીતે સ્વીકારે છે એવી અભિવ્યક્તિ પણ કરે છે. આવા સિદ્ધપુરુષો જ્યારે પોતાનો સાર્વાંગીણ અભિપ્રાય આપે ત્યારે તેનું મૂલ્ય વ્યાપક અને અલૌકિક હોય છે. તેમના વચનોથી પૂજ્યતા પ્રગટે છે. તેમનો નિશ્ચયાત્મક નિર્ણય નિર્વિવાદ અને સત્ય હોય છે. કવિશ્રીએ પણ પ્રભુના આ વિશેષણને ઉચ્ચકોટિનું બતાવવા '**आमनन्ति**' શબ્દ પ્રયોગ કર્યો છે '**आमनन्ति**' નો અર્થ છે સાર્વભૌમ, સર્વપક્ષીય માન્યતા, અર્થાત્ મુનિજનોએ સર્વ દૃષ્ટિથી પ્રભુના ગુણોનું આખ્યાન કરીને, નિરીક્ષણ કરીને તેમને પરમ પુરુષ કહ્યાં છે. પ્રભુ જ્ઞાનદૃષ્ટિથી કે બીજા કોઈપણ ઉત્તમ ગુણોથી પરમપદને પામ્યા છે. હવે તેનાથી વધારે બીજી કોઈ ઊંચી અવસ્થા નથી. અંતિમ પરાકાષ્ટાએ પહોંચેલ પ્રભુને પરમ પુરુષ કહીને મુનિજનોએ સંતોષ માન્યો છે.

પ્રસ્તુત શ્લોકના બીજા પદમાં કવિશ્રીએ પરમાત્માને આદિત્ય કહીને સૂર્યનું અવલંબન લઈ પ્રભુના નિર્મળ સ્વરૂપનું આખ્યાન કર્યું છે એટલું જ નહિ તેમાં '**अमल**' પદનો ઉમેરો કર્યો છે જેથી સ્પષ્ટ થાય છે કે સર્વથા કર્મ મળથી રહિત એવા પ્રભુ સૂર્યની જેમ પૂર્ણપણે કેવળ જ્ઞાનના આલોકથી ચમકી રહ્યાં છે. સાધારણ દીવા વગેરેના પ્રકાશમાં અંધકારનો સંશ્લેષ થાય છે, પરંતુ સૂર્યના પ્રકાશમાં તો અંધકારનો સર્વથા અભાવ થઈ જાય છે. અને સંપૂર્ણ અંધકારરૂપી પ્રતિરોધીનો નાશ થવાથી પ્રભુને સૂર્ય જેવા અખંડ પ્રકાશવાન કહ્યાં છે.

પ્રસ્તુત શ્લોક્નું બીજું પદ '**आदित्य वर्णममलं तमसः परस्तात्!** જેનું મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મહારાજ સાહેબે એક અનોખું વિશ્લેષણ તેમ તત્વ સભર સંશોધનનું તારણ તેમની 'જિન ભક્તિ શતકમ્ સી.ડી.માં શ્રાવ્યરૂપે રજૂ કર્યું છે. જે યુ ટ્યુબમાં પ્રસારિત કરવામાં આવ્યું છે તે અહીં તેમના શબ્દોમાં રજૂ કરું છું.

આ શ્લોકમાં જોવા મળતો '**आदत्यवर्णम**'અને '**तमसः परस्तात्**' પદનો પ્રયોગ જૈન-અજૈન ઋષિ મુનિઓએ અનેક જગ્યાએ કર્યો છે, જાણે કે આ બહુ પ્રયુક્ત ભક્તિનું એક અભિન્ન-'યુનિવર્સલ' અંગ બની ગયું છે.

યજુર્વેદના નીચેના મંત્ર (૩૧/૧૮) સાથે સરખાવતાં

**वेदोहम् एतं पुरुष महान्तम्**
**आदित्यवर्णम तमसः परस्तात्।**
**तम एवं विदित्वा अति मृत्यु एपि**
**नान्यः पन्थाः विद्यते अयनाय।।**

ભાવાર્થ : વેદ જ્ઞાનદાતા પરમેશ્વરને કહી રહ્યા છે કે, જે સૂર્ય તુલ્ય પ્રકાશ સ્વરૂપ અજ્ઞાન-અંધકારથી પૃથક્ક સંપૂર્ણ સેવામાં પરમાત્માને જાણું છું, એવું જાણીને પણ દુઃખદાયી મૃત્યુને પાર કરી શકાય છે. આનાથી સારો બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

પ્રકાશ અને અંધકાર પરસ્પર વિરોધી હોવા છતાં બંનેનો શબ્દ પ્રયોગ અહીં સાથે સાથે અનિવાર્ય રૂપે થયો ન હોય તેમ જણાય છે. '**तमसो मा ज्योतिर्गमय।** અથવા '**अद नय' तमसस्परि ज्योतिष्यश्यन्त उतरम्**' (ઋગવેદ-૧-૫૦-૧૦) જેવી સૂક્તિઓ પણ એનો જ સંકેત કરે છે.

આચાર્યશ્રી સિધ્ધસેન દિવાકર કૃત 'વદેવાદ દ્વાત્રિંશિકા' માં પણ આ જ વિશે વિશેષ વિશાષણ પ્રયુક્ત છે.

**'महान्तमेन पुरुषं वेद्य', आदित्यवर्ण तमसः परस्तात्। (શ્લોક-૨૫)**

અર્થાત અંધકારથી પર, સૂર્ય જેવા પ્રકાશમાન વર્ણવાળા એ જ્ઞેય પુરુષને હું જાણું છું.

તેઓશ્રી વર્ધમાન શક્રસ્તવ'માં પણ આ જ વિશેષણ પ્રયોજે છે.

**'तमसः परस्तात् અને सवोदिता डड्दित्यवर्णाव'।**

તે પછી કલિકાલ સર્વજ્ઞ જેવા આચાર્ય હેમચંદ્રસૂરિજી તો પોતાના વીતરાગ સ્તોત્ર'માં સ્તોત્રનું મંગલાચરણ જ આ વિશેષણ-પદોથી કરે છે. તે આ મુજબ છે.

**यः पराशत्मा परं ज्योतिः परम परमेष्ठिनाम् ।**

**आदित्यवर्ण तमसः परस्तादाडडमनन्ति यम्।।**

ઉપરની દરેક સૂક્તિ પદોના અનયાસથી લાગે છે કે, **एकं सत् विप्राः बहुधा–वदन्ति'** એટલે કે પંડિત-પ્રાજ્ઞપુરુષો જે કહેવા માંગે છે તે એક જ છે, માત્ર વિવક્ક્ષા જુદી જુદી છે. એવું અર્થઘટન કરીએ તો અહીં પ્રયુક્ત વિશેષણ-પદ સાર્થક ઠરે છે.

શ્લોકનું ત્રીજું પદ તો ઘણું જ મહત્ત્વનું છે. કવિશ્રીએ મૃત્યુંજયી બનવાની પ્રક્રિયા પ્રગટ કરી છે. આવશયક સૂત્રના ચોથા આવશ્યકમાં ત્રણ ચાર શરણાની વાત કરી છે. કવિશ્રી પણ આ જ કથનનો ઉચ્ચાર કરે છે.છે. **'सरणं पव्वजामी'**। અર્થાત આપનું શરણું સ્વીકારું છું. પ્રભુનું શરણું અને મૃત્યુ પર વિજય એટલે કે સમ્યક્ ભક્તિરૂપી કારણ દ્વારા સિદ્ધરૂપી કાર્ય સિદ્ધ થવાથી મનુષ્ય મૃત્યુંજય પદ પ્રાપ્ત કરી શકે છે. જોકે મિથ્યાભાવે પ્રભુનો આશ્રય લેનાર જીવો પ્રભુને મેળવી શકતા નથી. પરંતુ સમ્યક્-જ્ઞાનદષ્ટિથી આત્માર્થી બનીને પ્રભુનું અવલંબન સ્વીકારે. તેનો જ કલ્યાણ માર્ગ ખૂલે છે.

આ પદમાં ઉપલભ્ય અર્થાત્ ઉપલબ્ધ શબ્દ પ્રયોગ થયો છે. લબ્ધિ અને ઉપલબ્ધિ આ બે ક્રિયા પ્રાપ્તિનાં અર્થમાં વપરાય છે.

તેનો સૂક્ષ્મભાવ એ છે કે જે તત્વ સ્વયં પોતાના ગુણો વડે પ્રાપ્ત થાય, તે લબ્ધિ છે. પ્રભુને નિમિત્તભાવે ગ્રહણ કરી તેમના સ્વરૂપની પ્રપ્તિ કરે, તે ઉપલબ્ધિ છે. અંતે તો ઉપલબ્ધિનું પરિણામ લબ્ધિ જ છે. ઉપલબ્ધિ એ લબ્ધિનો પૂરો ભક્તિભાવ છે. નામ અને રૂપથી પ્રભુને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરે ત્યારે જીવાત્મા પોતાના સ્વરૂપને પણ પ્રાપ્ત કરી શકે છે. અને આત્મ-લબ્ધિ પ્રાપ્ત થતાં જીવાત્મા મૃત્યુને જીતે છે. કારણ કે અમરતત્વને જાણ્યા પછી મરવાનું રહેતું નથી. અને આત્મા ન મરે તે જ મૃત્યુંજયી છે. અર્થાત મૃત્યુના ભયથી મુક્ત બની જાય છે. આમ અહીં કવિશ્રીએ સમ્યક્રૂપે પ્રભુની ઉપલબ્ધિ રૂપ નિમિત્તને ગ્રહણ કરી આત્મલબ્ધિનો બોધ કર્યો છે.

પ્રસ્તુત શ્લોકના અંતિમ પદમાં આચાર્યશ્રીએ ઊંડું દાર્શનિક વિવેચન કર્યું છે. કરતાં જણાવે છે કે શિવનું અવલંબન લેવાથી મૃત્યુને જીતી શકાય છે, શિવપદને મેળવી શકાય છે. તે સિવાય બીજો કોઈ કલ્યાણનો માર્ગ નથી. શિવપદ તે લક્ષ્ય છે અને સ્વયં શિવ ભગવાનનું અર્થાત્ દેવાધિદેવનું અવલંબન કરવું તે પંથ છે. એક શિવ છે અને એક શિવપદ છે અર્થાત્ સાક્ષાત દેવાધિદેવ અરિહંત રૂપે બિરાજ્યા છે તે શિવ છે. તેમના જ્ઞાન, દર્શનનું અવલંબન કરવું તે શિવપંથ છે. ત્યારબાદ સિદ્ધિરૂપી જે પદ આત્મામાં નિર્ધારિત છે તેને મેળવવું તે સાચું શિવકલ્યાણ છે. મૂળમાં શિવ છે. પંથમાં પણ શિવ અને લક્ષ્યમાં પણ શિવ છે. આ વિશત્રિવેણીને જે વરે છે તે પણ શિવરૂપ બની જાય છે. અહીં આવા સુંદર ભાવોને આચાર્યશ્રીએ વ્યક્ત કર્યા છે.

પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીએ લક્ષ્ય નિશ્ચિત કર્યું છે, એટલું જ નહિ તેને પ્રાપ્ત કરવા માટેના પંથનો નિર્દેશ પણ કર્યો છે. આત્મા સ્વયં શિવરૂપ છે. શિવપદમાં રમણ કરવાથી વિકારી ભાવો છૂટા પડતાં જાય છે. અને પ્રભુ શિવપદનું ઉચ્ચારણ કરી કવિશ્રી ભાવવિભોર બની આત્મજ્ઞાનની મસ્તીમાં આગળ વધી રહ્યાં છે.

ઋદ્ધિઃ- **ॐ ह्रीं अर्ह णमो आसी–विसाणं।**

મંત્રઃ- **ॐ नमः भगवती जयावती मम समीहितार्थ मोक्ष सोख्य कुरु कुरु स्वाहा! ॐ ह्रीं श्रीं कलीं सर्व सिद्याय श्रीं नमः।**

વિધિ-વિધાનઃ- શુભ યોગમાં પવિત્ર થઈ સફેદ વસ્ત્ર ધારણ કરી ઉત્તરાભિમુખ યંત્ર સ્થાપિત કરવું. મંગલકલશ રાખવું. તેમજ યંત્રની પૂજા કરી, ત્યારબાદ સફેદ માળા દ્વારા ચાર હજાર વાર ઋદ્ધિ મંત્રનું આરાધન કરવું.

ફલાગમઃ- સર્વ પ્રથમ સ્વશરીરની રક્ષા માટે એકસો આઠ વાર ત્રેવીસમી ગાથા, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવું. ત્યારબાદ જેને ભૂત-પ્રેતનું નડતર હોય તેને યંત્ર બાંધવું, તેમ જ મંત્ર દ્વારા ઝાડવાથી ભૂત-પ્રેત વગેરે નડતર દૂર થાય છે.

શ્રી ભક્તમાર સ્તોત્રની બાવીસ અને ત્રેવીસમી ગાથાનું આરાધન કરવાથી શું લાભ મળે છે તે દર્શાવતી એક પ્રાચીન કથા...

**-: શેઠ પુત્ર મહીચન્દ્રની કથા :-**

ભારત દેશમાં ઉજ્જૈન નગર પ્રસિદ્ધ ગણાય છે. કોઈ એક સમયે ત્યાં શ્રી ચન્દ્ર નામના રાજા રાજ્ય કરતા હતા. તેઓ ઘણા ન્યાયશીલ, જૈનધર્મી તેમજ પ્રજાપાલક હતા. આ નગરમાં મતિસાગર નામના એક નગર શેઠ હતા. તે ઘણા અનુભવી અને વિદ્વાન હતા. જેના કારણે રાજાએ તેમને મંત્રીનું કામ સોંપ્યું હતું. મતિસાગરને એક પુત્ર હતો. જેનું નામ મહીચન્દ્ર હતું.

એક દિવસ શ્રીચન્દ્ર રાજાએ બાળકો સાથે મહીચન્દ્રને રમતો જોયો. ત્યારે તેમણે મંત્રી મતિસાગરને કહ્યું, હે મંત્રી મહોદય! તમારું બાળક રમવા સિવાય બીજું કાંઈ અભ્યાસ કરે છે! વિદ્યાધન જ શ્રેષ્ઠ છે, વિદ્યા વગર જીવનની કાંઈ કિંમત નથી. માટે મહીચન્દ્ર માટે વિદ્યાભ્યાસની વ્યવસ્થા કરો 'રાજાની આ વાત સાંભળીને મંત્રીએ મહીચન્દ્રને રાજ્યના મોટા વિદ્વાન ગુરુને અભ્યાસાર્થે સોંપી દીધો.

મહીચન્દ્ર તીવ્ર બુદ્ધિવાળો હોવાથી થોડા જ વખતમાં ભણવામાં આગળ નીકળી ગયો. તેણે લૌકિક અને ધાર્મિક બન્ને પ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરી લીધી. એટલું જ નહિ શ્રી ભક્તામર સ્તોત્રનો તો તે ભક્ત જ બની ગયા.

સમય જતાં મહીચન્દ્ર ભણી-ગણીને હોશિયાર થઈ ગયો. વિદ્યાભ્યાસ પૂરો થતા તે રાજાના દરબારમાં ગયો. ત્યારે રાજાએ તેને આદરપૂર્વક માન-સન્માન આપી પોતાની પાસે બેસાડી ક્ષેમ-કુશલતા વગેરે પૂછ્યું. એટલું જ નહિ મહીચન્દ્રની વિદ્યામાં કુશળતા-ઉન્નતિ જોઈને તેઓ ખૂબજ પ્રસન્ન થયા. અને ઘણી બધી તેને ભેટ-સોગાદ આપી.

તે સમયે ઉજ્જૈનમાં એક ચંડીદેવીનું મઠ હતું. એકાદ સાંજના સમયે આ ચંડીમઠમાં એક જૈન મુનિ પધાર્યા અને કમલાસન આસનમાં સ્થિર થઈ ધ્યાનમગ્ન બની ગયા. અડધી રાત પસાર થઈ ગઈ. ત્યારે ચંડીદેવી ક્રોધિત બની જૈન મુનિ પાસે આવીને ધ્યાનમાં કેમ લીન થયો? આ મારો દરબાર છે! અહીં મારું રાજ્ય છે? હું બધાને હરાવી દઉં છું? આટલું બોલી તે પિશાચિનીએ નિસ્પૃહ એવા મહાત્મા પર સિંહ, વાઘ છોડ્યા, અગ્નિ વરસાવી અને ભયંકર ઉપસર્ગો આપવા લાગી. પરંતુ ધીર-વાર મુનિરાજ તો પોતાના ધ્યાન અને મુદ્રાથી બિલકુલ ડગ્યા નહિ.

આ વાતની જાણ રાજા શ્રીચન્દ્રને થઈ. ત્યારે તેમણે તરત જ મહીચન્દ્રને બોલાવીને કહ્યું, કે આ ઉપદ્રવને શાંત કરવા માટે તું જ સમર્થ છો. ત્યારે મહીચન્દ્રએ મુનિરાજની બાજુમાં જ એકાંત સ્થાનમાં બેસી બાવીસ અને ત્રેવીસમી જુગલ ગાથાનું સવિધિ સાથે આરાધન કર્યું. ત્યારે શાસનદેવી પ્રગટ થઈ કહેવા લાગી, હે વત્સ! શું ઈચ્છે છે! મહીચન્દ્રએ કહ્યું, હે દેવી મા! હું મારા માટે કાંઈ જ માંગતો નથી, પરંતુ અહીંનું વાતાવરણ શાંત થઈ જાય. જે આ મઠમાં નિવાસ કરવાવાળી પિશાચિનને કારણે ક્ષુબ્ધ છે.

ત્યારે દેવી બોલી સારું! વત્સ! જો હું તેને કેવી પાઠ ભણાવું છું?

જોતજોતામાં દેવીએ પોતાની આંખો બંધ કરી, મુખ ઉપર હાસ્ય લાવી, જમણો હાથ જ્યાં ઉપર કર્યો કે, ચંડીદેવીના હથિયાર પોતાની મેળે હાથમાંથી પડવા લાગ્યા. માયાવી ભૂત-પ્રેત તથા સિંહ, વાઘ વગેરે બધા હિંસક પશુઓ ભાગવા લાગ્યા. તેમ જ ચંડીદેવી, શાસનદેવીના ચરણ શરણમાં આવી કહેવા લાગી, હે દેવી! મને ક્ષમા કરો. ત્યારે દેવીએ જૈન સાધુની તરફ સંકેત કરી કહ્યું કે, એમની ક્ષમા માંગ.

એટલામાં સવાર થઈ ગઈ. મુનિરાજનું મૌન ધ્યાન પૂરું થયું અને તેઓ કહેવા લાગ્યા, હે દેવી! એમાં ચંડીનો કોઈ દોષ નથી. એમાં મારા અસાતા કર્મનું કારણ છે. બિચારી ચંડી તો બાહ્ય નિમિત્ત માત્ર છે. એને દયા કરી છોડી દો. કૃપાળુ મુનિરાજના કહેવાથી શાસનદેવીએ ચંડીને છોડી દીધી અને પોતાના સ્વસ્થાને ચાલી ગઈ. ત્યારબાદ ચંડીએ મુનિરાજના ઉપદેશથી જૈનધર્મનું સમ્યક્દર્શન અંગીકાર કર્યું. રાજાએ પણ મહીચન્દ્ર કુમારની ઘણી પ્રશંસા કરી અને જૈનધર્મનો જય જયકાર કર્યો.

♦ ♦ ♦ અસ્તુ.

---

# ચાણક્યનાં સુભાષિત સૂત્રો

**मूर्खेषु विवादो न कर्तव्यः ।**

'મૂરખા સાથે વિવાદ કરવો ના જોઈએ.'

મૂર્ખ માણસ બુદ્ધિ વગરનો હોય છે. બુદ્ધિ ન હોવાથી તે સારાસારનો વિચાર કરી શકતો નથી. પરિણામે પોતાની જાતને જ તે સાચી માને છે. પોતાના મત માટે તે હઠાગ્રહી હોય છે. ગમે તેની સાથે તે કલહ કરી બેસે છે. ગમે તેની સાથે તે ચર્ચામાં ઊતરે છે. ગમે તેનો તે વિરોધ કરે છે. આમ વિવાદ શબ્દના ચર્ચા, વિરોધ, કલહ એ બધા અર્થો મૂરખાને લાગુ પડે છે. સામાની સાચી વાત તે બુદ્ધિ ન હોવાથી સમજી શકતો નથી અને તેથી સ્વીકારતો નથી. તે જડ હોવાથી મૂરખને સમજાવવો નિરર્થક છે. સમજ હોય તેને જ સમજાવી શકાય

વિવાદ કે ચર્ચામાં મૂરખને જીતી શકાતો નથી. તેથી તેની સાથે ચર્ચા કરવી નકામી છે. તેનો અહં એટલો ઊંચો હોય છે કે તે બીજાની વાત સાચી માનવા તૈયાર નથી હોતો ઉપરથી તે કલહ કરે છે અને બુદ્ધિશાળી માણસ પર તે ગમે તેવા આક્ષેપો કરે છે. વિરોધ કરીને મૂરખ પોતાના મિત્રોમાં ઘટાડો અને શત્રુઓમાં વધારો કરે છે. પોતાનો મત સાચો એમ હઠથી માનનારા જડસુ માણસને બુદ્ધિશાળી માણસ કશું કરી શકે નહીં. મૂરખને આપેલો જડબાતોડ જવાબ પણ કારગત નીવડતો નથી. પરિણામે એનો એક જ ઉપાય બાકી રહે છે અને તે છે **दूरतः परिवर्जनम्** । અર્થાત્ તેનાથી દૂર રહેવું. તેને ઉપદેશ આપવાની ભૂલ કદી ન કરવી, કારણ કે **उपदेशो हि मूर्खाणां प्रकोपाय** । અર્થાત્ મૂરખને ઉપદેશ તેને ગુસ્સે કરી મૂકે છે. સૌથી સારો રસ્તો મૂરખ સાથે કામ ન પાડવાનો છે. મૂર્ખા સાથે વાદવિવાદ ન કરવાનો બોધ પ્રસ્તુત સૂત્રમાં રજૂ થયો છે.

**સૌજન્ય : લેખક : પી. યુ. શાસ્ત્રી**

---

મમાં કશું જ હોતું નથી હૃદય-હૃદય વચ્ચે.
વાણી જન્મે છે વિરહમાંથી,
હૂબહૂ વર્ણન જન્મે છે સાચા સ્વાદમાંથી.
જે ચાખી ચૂક્યો છે, તે જાણકાર;
જે માત્ર વર્ણવે તે ખોટ્ટાડો.
જે હજરાહજૂર થતા તમારું અસ્તિત્વ જ નામશેષ થઈ જાય
તેનું મૂળ સ્વરૂપ તમે કઈ રીતે વર્ણવી જ શકો?
વળી તમારું અસ્તિત્વહજુ જેના સ્વમાં છે (તેનું મૂળસ્વરૂપ તમે કઈ રીતે વર્ણવી શકો)?
વળી જે તમારી યાત્રાની નિશાનીરૂપે જીવંત છે (તેનું મૂળસ્વરૂપ તમે કઈ રીતે વર્ણવી શકો)?

**- રાબિયા**

**પૂજ્ય ભાઈ (નાથાલાલ હ. જોશી)ને પત્ર**

(અનુસંધાન કવર પાનું ૯૬થી)

દોરી જશે. સુખ શબ્દની ગેરહાજરી પંક્તિને કળાત્મક બનાવે છે સુખ-દુઃખમાં સમ રહેવાની સલાહ કરતાં આ જુદી અને વિશેષ વાત છે. નિરપેક્ષ વિશેષણ અતિ મહત્ત્વનું છે. આનંદનું એ ઉચ્ચતમ શિખર છે. ભાઈ; આ બે લઘુપંક્તિઓથી તો તમે અમારી દિશા બદલી નાખો છો. હવે અમારું ગંતવ્ય-સ્થાન સુખ નહીં પણ નિરપેક્ષ આનંદ જ હોઈ શકે! દુઃખમાંથી, અભાવમાંથી બોધ લેવાની અમને શીખ મળે છે. એ અમને આંતર-સભરતા પ્રાપ્ત કરાવશે. આંતર-સભરને દ્વંદ્વાત્મક સ્થિતિ સ્પર્શી જ કઈ રીતે શકે? દરેક નકારાત્મકતામાંથી બોધ લેવો શક્ય છે એટલે નિંદા, અપમાન પણ સ્નેહી છે. નિંદા હશે તો નિંદાને અતિક્રમી અનિંદ્યનું શરણ હશે. જ્યાં નિંદાયે નથી અને ખુશામત પણ નથી. અપમાન નથી અને માન પણ નથી. આ નથી અને તે પણ નથી. એ અ-ડોલ અવસ્થાની સ્થિતિ છે. ભાવની કેવી સુંદર પ્રસ્તુતિ! દેહમાં વસીને અડોલ અવસ્થાની અનુભૂતિ તો દેહની પ્રતીતિ છે, ઓળખ છે. કોઈ પણ સાધક માટે આવી અ-ડોલ અવસ્થાની પ્રાપ્તિ એ મહત્ત્વનું  શિખર છે.

ત્રીજા પરિચ્છેદમાં તો પ્રતિકૂળતા તીવ્રતમ રૂપ લઈને આવે છે. રોગ અને મૃત્યુ દુઃખની પરાકાષ્ઠા છે. મનુષ્યને થકવી, હંફાવી, પરાસ્ત કરી દેવા માટે એ આકાશમાં આકરી કસોટી કરે છે. અને એટલે એમને સ્નેહી કરતાંય નિકટનો દરજ્જો આપી, બંધુ કહી આવકાર્યા છે. માણસ શાશ્વત અમરતાની ઝંખના અને ભ્રમણા હોય છે. રોગ એ ભ્રમણાનો ભાંગીને ભુક્કો કરે છે. દેહની નશ્વરતા સ્પષ્ટ કરી આપે છે. આ ભંગુરતાનો પરિચય જ અમૃતનિર્ઝરની ખોજનું કારણ અને એ માટે પ્રેરક બની શકે છે એમ છે. ભાઈ, આ પ્રેરણામાં તમે દુઃખ-આનંદ, નિંદા-અડોલ અવસ્થા, રોગ-અમૃત એવા વિશિષ્ટ યુગ્મો, રચી, અમારી વિચારધારાનો પ્રવાહ પલટાવી નાખ્યો છે. દુઃખ કે શોક આવી પડે તો હવે આ પ્રેરણાના અમૃતનિર્ઝરમાં ઝબકોળાઈને અમે નિર્ભાર અને વિ-શોક થઈ શકીએ છીએ.

ભારતીય સંસ્કૃતિમાં ત્રણના અંકનો વિશેષ મહિમા છે. અહીં એ આકરાયો છે. ત્રણ પરિચ્છેદ, દરેક પરિચ્છેદની ત્રણ પંક્તિઓ. ચોથાંનાં થોથાંનાં થોથાંય આકલન ન કરી શકે એવી માનવીય પરિસ્થિતિને તમે ત્રણ પલગીઓમાં આંબી ગયા! આ પ્રેરણા જાણે એક પુષ્પની ત્રણ પંખુડીઓ, જાણે ત્રણ પુષ્પોની એક પંખુડી, જાણે ત્રણ પુષ્પોની ત્રણ પંખુડીઓ! એના મઘમઘાટે દુઃખ, અભાવ, નિંદા, અપમાન, રોગ, મૃત્યુથી અનભિજ્ઞ અમે ઉન્મત છીએ.

ફરી ભાવભર્યા વંદન,

**– કમલ વોરા**

(સાભાર સ્વીકાર : અનુરણન, ૨૦૧૮)

(પૂજ્ય ભાઈ - નાથાલાલ જોશીને લખેલા પત્રમાં જીવનનાં સૌંદર્ય-અનુભવ થાય છે.)

---

હું હોવામાં નથી
હું નથી આ દુનિયાનો કે નથી બાજુની દુનિયાનો
નથી હું આદમ-ઈવથી જન્મયો કે સ્વર્ગથી ઉતારી આવ્યો.

મારું સ્થાન સ્થાનરહિત છે, પગેરાવિહીન પગેરું.
ન આત્મા ન શરીર.

હું મારા પ્રિયતમનો છું ને જોયા છે એમાં
બે જગતને એક થઈ જતાં જેને હું પોકારું છું અને જાણું છું.
એ જ પહેલો અને છેલ્લો એ જ બહારનો અને અંદરનો,
ખાલી એ શ્વાસ લે તો માનવ.

- રૂમી (કોલમેન બાર્કસના અનુવાદના આધારે)

---

મારી છબી બનાવીને હું જો પિયાની પાસે ગઈ,
એની છબી જોઈને હું તો મારી ભૂલી જ ગઈ.

ઓળખ, તિલક-બધું છીનવ્યું રે, આંખમાં આંખ પરોવીને,
વાત નટખટ (હલકી) કહી દીધી રે, આંખમાં આંખ પરોવીને

વારિ વારિ જાઉં હું તો તને રંગ-રસિયા,
તારા જ રંગે રંગી રે, આંખમાં આંખ પરોવીને.

પ્રેમ-ભઠ્ઠીનો રસ પાઈને, મતવારી કરી દીધી રે,
આંખમાં આંખ પરોવીને.

ગોરા ગોરા હાથ અને લીલી લીલી બંગીડી,
હાથ પકડીને ઘરમાં ખેંચી રે, આંખમાં આંખ પરોવીને.

'ખુશરો' 'નિજામ' ને વારી વારી જાયે,
મને સોહાગણ કરી દીધી રે, આંખમાં આંખ પરોવીને.

**– અમીર ખુશરો (અનુવાદઃ મોના નાયક 'ઊર્મિ')**

# અતીતની બારીએથી....

## મુનિશ્રી સંતબાલજી

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
સંપર્ક : ૯૮૧૯૩ ૭૨૯૦૮

સંતબાલજી એવા ઘણા વિદ્વાન સાધુઓમાંથી એક હતા જેઓ પ્રબુદ્ધજીવનમાં નિયમિતપણે તેમના લેખનું યોગદાન આપતા રહ્યા હતા. જૈન દર્શન અને સાહિત્યના સારા અભ્યાસુ હતા. ઉત્તરાધ્યયન અને આચારંગ આગમોનો ગુજરાતી અનવાદ અને વિવેચના કરી છે. ભાલ-નલકાંઠા-ગુજરાતના પછાત પ્રદેશમાં ખાદી, ગ્રામોદ્યોગ અને ગ્રામ ઉન્નિતના કાર્યો શરૂ કરાવ્યા. સંતબાલજી એક પાક્ષિક ''વિશ્વ વાત્સલ્ય''નું સંપાદક રહ્યા. મુનિશ્રી સંતબાલજી ૭૯ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા. પ્રદુબદ્ધજીવનમાં તેમના લેખોની સૂચિ નીચે મુજબ છે. વિગતવાર વાંચન માટે visit http://prabuddhjeevan.in

| | | | |
|---|---|---|---|
| ૧. | સાંવત્સરિક પ્રતિક્રમણ અને જૈનો | ઓગસ્ટ | ૧૯૫૨ |
| ૨. | જૈન સાધુ-સાધ્વીઓને સંતબાલજી અને જૈન સમાજને લગતી બાબતો | ઑક્ટોબર-નવેમ્ર | ૧૯૫૨ |
| ૩. | ભૂદાન યજ્ઞ અને જૈન સાધુઓ | એપ્રિલ | ૧૯૫૩ |
| ૪. | સામુદાયિક આલોચનાની વેળાએ | સપ્ટેમ્બર | ૧૯૫૩ |
| ૫. | આજના સમાજને ભિક્ષાનિર્ભર સાધુસંસ્થાઓની જરૂર છે કે નહિ? | ડિસેમ્બર | ૧૯૫૩ |
| ૬. | જૈન અને ખેતી | જુલાઈ | ૧૯૫૪ |
| ૭. | જૈન દર્શન એટલે બે છેડાનો તાત્વિક સમન્વય | ઑક્ટોબર | ૧૯૫૪ |
| ૮. | સંઘ માટે ભાવિ કાર્યનું દિશાસૂચન | નવેમ્બર | ૧૯૫૪ |
| ૯. | સેવા દ્વારા ચિત્તશુદ્ધિ? | મે | ૧૯૫૫ |
| ૧૦. | ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનું સ્થાન | જુન | ૧૯૫૮ |
| ૧૧. | સંતબાલજીના સાનિધ્યમાં ત્રણ કલાક | જાન્યુઆરી | ૧૯૫૯ |
| ૧૨. | મુનિશ્રી સંતબાલજીના ઉપવાસ | સપ્ટેમ્બર | ૧૯૫૯ |
| ૧૩. | કરૂણાવિચાર વિરૂદ્ધ ઉપયુક્તતાવાદ | જુન | ૧૯૬૧ |
| ૧૪. | મુનિ સંતબાલજી આયોજીત સાધુ-સાધ્વી શિબિર | જાન્યુઆરી | ૧૯૬૨ |
| ૧૫. | મુનિ સંતબાલજીનો બાલોચિત શુદ્ધિપ્રયોગ | માર્ચ | ૧૯૬૨ |
| ૧૬. | મુનિશ્રી સંતબાલજીની વિલક્ષણ વિચારધારા | સપ્ટેમ્બર | ૧૯૬૫ |
| ૧૭. | અનેક બાળકોને જેણે અપનાવ્યા છે એવી એક સન્નારીની કહાની | ડિસેમ્બર | ૧૯૬૬ |
| ૧૮. | મુનિશ્રી સંતબાલ | એપ્રિલ | ૧૯૮૨ |

**FOR DETAILED READING OF ALL ABOVE ARTCLES, VISIT WEBSITE https://prabhuddhjeevan.in**



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# પૂજ્ય ભાઈ (નાથાલાલ હ. જોશી)ને પત્ર

કમલ વોરા

દુઃખ! અભાવ! તમારું સ્વાગત છે,
નિરપેક્ષ આનંદ તરફ દોરશો,
આંતર સભરતા પ્રાપ્ત કરાવશો.

નિંદા! અપમાન! તમો મારાં સ્નેહી છો,
અનિંદ્યને ચરણે પહોંચાડશો,
અડોલ અવસ્થાનો પ્રસાદ અપાવશો.

રોગ! મૃત્યુ! તમો પણ બંધુ છો,
દેહની નશ્વરતા લક્ષમાં લાવશો,
અમૃતનિર્ઝરની ખોજ કરાવશો.

– શ્રી નાથાલાલ હ. જોશી
પ્રેરણા : ૧૨૬, અમૃતમ્ ખંડ : ૧

૨૬ જૂન, ૨૦૦૫.

પરમ પૂજ્ય ભાઈ,
ભાવભર્યાં વંદન.

શાંત સરોવરમાં કંકર પડે અને જળ ખળભળતાં જ રહે એમ અમને પ્રતિકૂળતા વિહ્વળ કરી મૂકતી હોય છે. અમે ભયભીત થઈ કબૂતરની જેમ ફફડી ઊઠતા હોઈએ છીએ. દુઃખ ઘેરી વળે તે પહેલાં તો દુઃખની કલ્પના અને દુઃખની ફડક અમને વીંટળાઈ વળતી હોય છે. મનુષ્યને પ્રતિકૂળ પરિસ્થિતિ સતત ટાળવી હોય છે અને એ માટે એણે કલ્પના કરેલ વિપરીત વિકલ્પ – સુખ અને અનુકૂળતા તરફ એ દોટ મૂકે છે. એનો સમગ્ર ઉદ્યમ દુઃખને અળગું, આઘું રાખવામાં અને કલ્પિત, ઇચ્છિત સુખને પ્રાપ્ત કરવામાં કેન્દ્રિત થાય છે. એનું માનસ આ દ્વંદ્વાત્મક સ્થિતિ વચ્ચે કુંઠિત થતું જાય છે. આ કુંઠિતતા એના મનને, બુદ્ધિને અને છેવટે ચેતનાને કલુષિત કરે છે. પ્રતિકૂળતા-અનુકૂળતા, દુઃખ-સુખ એક જ સ્થિતિનાં અવિભાજ્ય પાસાં છે એવું ધીમે ધીમે અનુભવમાં આવતું જાય પછી બહુ બહુ તો દુઃખને સહન કરવાની શક્તિ યાચે છે અને આસ્થા ન હોય તો ફરી ભ્રામક પુરુષાર્થ અથવા પલાયનવૃત્તિને શરણે જાય છે.

ફૂલપાંદડીના પ્રહારથી કોઈ ખડકના ફૂરચેફૂરચા ઉડાડે એમ પ્રેરણા-૧૨૬ની પ્રથમ પંક્તિ અમારી આવી કુંઠિત મનોદશા પર પ્રહાર કરે છે,

દુઃખ, અભાવ! તમારું સ્વાગત છે!

તમારો કરુણાસભર, આર્દ્ર અવાજ સંભળાય છે. આ તો સાવ નોખો અભિગમ! અમે આશ્ચર્ય અનુભવીએ છીએ. અમે તો પ્રિયનું, વાંછિતનું સ્વાગત કરવાને ટેવાયેલા છીએ. દુઃખ, અભાવ તો અમારા માટે જાણે અણગમતી, આઘે રાખવાની, તરછોડી દેવાની વસ! બીજી પંક્તિ તરત જ અમારા આશ્ચર્યને.

અહોભાવમાં પલટી નાખે છે. આ પ્રેરણાના શબ્દો, શૈલી અને ભાવમાં નીતરતી તમારા વ્યક્તિત્વની ઋજુતા અમને ભીંજવી જાય છે.

સ્વાગતનો ભાવ પછીથી પ્રયોજાતા એક-એક ક્રિયાપદમાં ઝિલાયો છે. દુઃખનું સ્વાગત સુખની પ્રાપ્તિ માટે નથી. આ પંક્તિમાં સુખ-દુઃખના દ્વંદ્વાત્મક સંબંધને અતિક્રમી જવાની વાત છે. દુઃખ અમારી આંગળી ઝાલીને અમને નિરપેક્ષ આનંદ તરફ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૯૪)

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai – 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
Printed at Arihant Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 9223430415
Editor : Dr. Sejal M. Shah
Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai-400004.